# સ્વાધ્યાય

દીપોત્સવી

વિ. સં. ૨૦૨૨

પુસ્તક ૪

અંક ૧



• પંચાખ્યાન બાલાવબોધ'ની વડોદરા યુનિવર્સિટી લાયબ્રેરીના સંગ્રહની પ્રતિનું એક પાનું
(સમય અનુમાને ઈ. સ. ૧૫૮૦-૧૬૦૦)

સ્વાધ્યાય
અને
સંશોધનનું ત્રૈમાસિક

સંપાદક

ભોગીલાલ જ. સાંડેસરા

નિયામક, પ્રાચ્યવિદ્યા મન્દિર,
વડોદરા

પ્રાચ્યવિદ્યા મન્દિર
મહારાજા સયાજીરાવ વિશ્વવિદ્યાલય
વડોદરા

# સ્વાધ્યાય

પુસ્તક ૪: અંક ૧ નવેમ્બર, ૧૯૬૬

દીપોત્સવી વિ. સં. ૨૦૨૨

## અનુક્રમ

પૃષ્ઠાંક

૧. શિશુપાલ અને શાલ્વનો વધ—ઉપેન્દ્રરાય જ. સાંડેસરા ... ... ૧–૨૬
૨. વૃદ્ધિવિજયકૃત ઉપદેશમાલા બાલાવબોધ—ઉમાકાન્ત પ્રેમાનંદ શાહ ... ૨૭–૩૨
૩. જેઠમલકૃત 'નરસી મેતા ક્રી હુંડી'—જેઠાલાલ ત્રિવેદી ... ... ૩૩–૩૯
૪. કડખાની દેશી અને જૈન સાહિત્ય—હીરાલાલ ર. કાપડિયા ... ૪૦–૪૫
૫ કવિ લાવણ્યસમયકૃત 'નેમિનાથ હમચડી'—શિવલાલ જેસલપુરા ... ૪૬–૫૯
૬. શિવકુમાર જોશીની નવલકથાઓ—ચન્દ્રકાન્ત મહેતા ... ... ૬૦–૬૯
૭. ગુર્જર ઇતિહાસ અને સંસ્કૃતિ: કેટલાક વિચારો—ભોગીલાલ જ. સાંડેસરા ૭૦–૮૦
૮. મોઢજ્ઞાતિ: એક ઐતિહાસિક નોંધ—કનૈયાલાલ ભાઈશંકર દવે ... ૮૧–૯૭
૯. બે બૌદ્ધ પ્રતિમાઓ—કાન્તિલાલ ફૂ. સોમપુરા ... ... ૯૮–૧૦૦
૧૦. નગરા—રમણલાલ નાગરજી મહેતા ... ... ... ૧૦૧–૧૧૬
૧૧. પ્રાચીન ભારતમાં 'સફરમૈના' વિભાગ—સ્વ. વાસુદેવ શરણ અગ્રવાલ ... ૧૧૭–૧૨૨
૧૨. પીડા-દુઃખનું ક્રિયાવિજ્ઞાન—જે. ડી. પાઠક ... ... ... ૧૨૩–૧૩૫
૧૩. ગ્રન્થાવલોકન :
૧. પ્રાસાદમંજરી ... ... ... ... ૧૩૬–૧૩૭
૨ વોર્ડ નં. ૭ (નવલકથા) ... ... ... ... ૧૩૭–૧૩૯
૩. ચરિત્ર સાહિત્ય: સ્વરૂપ અને વિકાસ ... ... ... ૧૩૯–૧૪૧

# સ્વાધ્યાય

દીપોત્સવી, વિ. સં. ૨૦૨૨ પુસ્તક ૪

નવેમ્બર, ૧૯૬૬ અંક ૧


# શિશુપાલ અને શાલ્વનો વધ


ઉપેન્દ્રરાય જ. સાંડેસરા


## (૧) શિશુપાલવધ

જરાસંધ માર્યો ગયો. એટલે હવે પાંડવોએ રાજસૂય યજ્ઞની તડામાર તૈયારી કરવા માંડી. એના એક ભાગરૂપે અર્જુને ઉત્તર, ભીમસેને પૂર્વ, નકુલે પશ્ચિમ અને સહદેવે દક્ષિણ દિશાનો દિગ્વિજય કર્યો. તેમાં સહદેવે દિગ્વિજય કરતાં ચર્મણ્વતીના કિનારે જેને પૂર્વવૈરી વાસુદેવે બાકી રાખ્યો હતો—મારી નહોતો નાખ્યો, તે જમ્ભકના દીકરા ભોજને (આ દીકરાનું નામ 'ભોજ' હશે અથવા આહીર જાતિનો હોઈ 'ભોજ' કહેવાતો હશે) હરાવ્યો. (૨–૨૮–૭, ૮). એમ દિગ્વિજય કરતાં કરતાં તે સુરાષ્ટ્ર તરફ આવ્યો, અને સુરાષ્ટ્રાધિપતિ કૌશિકાચાર્ય આહૃતિને તાબે કર્યો. પછી ભોજકટનગરમાં રહેતા ભીષ્મકના મહામાત્ર રાજા રુકિમ તરફ, તથા સાક્ષાત્ ઇન્દ્રના મિત્ર રાજા ભીષ્મક તરફ દૂત મોકલી કર આપવાનો સંદેશો મોકલ્યો. એટલે આધુનિક શાસકો અને સત્તાઓ જેવા જ સગવડપંથી ભીષ્મકે તથા રુકિમએ, વાસુદેવના સામું જોઈને (ખરેખર તો શ્રીકૃષ્ણના પ્રભાવથી દબાઈને, પણ દેખાવ જાણે કે 'શ્રીકૃષ્ણ સાથેની સગાઈને, કારણે નમીને કર આપીએ છીએ' એવો કર્યો!) પ્રીતિપૂર્વક સહદેવની આજ્ઞા માન્ય કરી અને કરરૂપે રત્નો આપ્યાં હતાં.[૧] (૨–૨૮–૩૯ થી ૪૨).

નકુલ વાસુદેવે જીતેલી પશ્ચિમ દિશામાં, એટલે કે જે દિશામાં શ્રીકૃષ્ણે દ્વારકાનું રાજ્ય સ્થાપેલું તે દિશામાં દિગ્વિજય કરવા ગયેલો. દિગ્વિજય કરતાં રમઠો અને હારહૂણ રાજાઓને તાબે કર્યા પછી, ત્યાંથી જ વાસુદેવ પાસે દૂત મોકલ્યો, અને વાસુદેવે દશ રાજ્યોની સાથે તેનું શાસન સ્વીકાર્યું.[૨] (૨–૨૯–૧૧, ૧૨, ૧૯).

---

૧. જુઓ 'સ્વાધ્યાય', વસંતપંચમી અંક, સં. ૨૦૨૨ માં 'ભગવાન શ્રીકૃષ્ણનાં લગ્નો,' પૃ. ૧૭૧ થી ૧૭૩.

૨. स चास्य दशभी राज्यैः प्रतिजग्राह शासनम् । ૨–૨૯–૧૨ ગદ્ય

આ દશ રાજ્યો યાદવોનાં વિભિન્ન કુળોનાં હોવા સંભવ છે.

ચારે પાંડવ ભાઈઓ ચોમેર દિગ્વિજય કરીને, કરરૂપે મબલખ ધન લાવીને રાજ્યકોશને સમૃદ્ધ કરવા માંડ્યા. અને અહીં યુધિષ્ઠિરે અત્યંત સુંદર શાસન ચલાવ્યું. યુધિષ્ઠિરના સુરાજ્યનું વર્ણન કરતાં કવિ કહે છે: 'ધર્મરાજના રક્ષણથી, સત્યના પ્રતિપાલનથી, શત્રુઓના નાશથી પ્રજા સ્વકર્મનિરત થઈ—પોતપોતાની ફરજો બરાબર બજાવવા માંડી... ખાસ કરીને રાજ્યનાં સુંદર કાર્યોના પ્રભાવથી ગોરક્ષા, કૃષિ, વાણિજ્ય વગેરે સર્વ સમારમ્ભો (વ્યવસાયી સાહસો) ખૂબ વધી ગયા. ચોર, લૂંટારાઓ, ઠગો કે રાજાનાં પ્રિય પાત્રો પણ રાજા પાસે કે અંદરોઅંદર પણ મિથ્યા વાણી બોલતા નહોતા (કારણ તેમનો ગજ વાગે એમ જ નહોતો). કોઈ જાતની કુદરતી કે મનુષ્યકૃત આફતો આવતી નહોતી (કારણકે કૃષિ, આરોગ્ય અને નાગરિક ધર્મ તરફ એટલું વ્યવસ્થિત લક્ષ્ય અપાતું હતું). (એ જ પ્રમાણે સુયોગ્ય સંરક્ષણ વ્યવસ્થાને લીધે) રાજાઓ ખંડણી ભરવા જ આવતા હતા. બીજા (ચઢાઈ લઈને જીતવાના) કાર્ય માટે નહિ. અને એમ કોશ (ખજાનો) તથા કોષ્ઠ (ભંડાર) પરિપૂર્ણ થતાં, યુધિષ્ઠિરે રાજસૂય યજ્ઞ કરવાનો નિર્ણય કર્યો (૨-૩૦-૧ થી ૮).

રાજસૂય ચાલુ કરવા અંગેની મંત્રણા ચાલતી હતી, એ વખતે જ કેશિસૂદન કેશવ ધનના ઢગલા અને જાણે અક્ષય રત્નસાગર હોય એટલી બધી જાતજાતની ભેટો લઈને ઇન્દ્રપ્રસ્થ આવ્યા.[૧] ભરતોની રાજધાની ઇન્દ્રપ્રસ્થનગર શ્રીકૃષ્ણનું આગમન થવાથી, જેમ સૂર્ય વિનાનું (અંધારું) સ્થાન સૂર્યથી, અને વાયુ વિનાનું સ્થાન વાયુથી હર્ષિત થાય એમ આનંદિત થયું. વિધિપૂર્વક સત્કાર થયા પછી આરામથી બેઠેલા શ્રીકૃષ્ણને, યુધિષ્ઠિરે ભાઈઓ તથા ઋત્વિજોને સાથે રાખીને વિનંતી કરી: 'કૃષ્ણ! તમારે લીધે સમગ્ર પૃથ્વી મારે તાબે થઈ છે. તમારી કૃપાથી મને ઘણું ધન મળ્યું છે. હું હવે એ ધનને ઉત્તમ બ્રાહ્મણો અને અગ્નિને અર્થે વિધિપૂર્વક વાપરવા ઇચ્છું છું, તો આજ્ઞા આપો. અથવા ગોવિંદ! તમે જ યજ્ઞદીક્ષા લો. તમે યજ્ઞ કરશો એટલે હું નિષ્પાપ થઈશ. તમારી આજ્ઞા પ્રમાણે હું યજ્ઞ કરીશ.' (૨૦-૩૦-૧૦ થી ૨૨).

નિષ્કામ શ્રીકૃષ્ણે તો યુધિષ્ઠિરના સદ્દગુણોનાં વખાણ કરી કહ્યું: 'હે રાજશાર્દૂલ! તમે જ સમ્રાટપદને યોગ્ય છો. તમે જ તે મહાયજ્ઞ કરો. તમે યજ્ઞ કરશો એટલે અમે પણ કૃતકૃત્ય થઈશું. હું તો (સર્વના) કલ્યાણમાં રહું છું. માટે તમે જ એ અભીપ્સિત યજ્ઞ કરો. તમે મને જે કંઈ કાર્ય બતાવશો તે બધું હું તમારાં વચન પ્રમાણે કરીશ.' (૨-૩૦-૨૩, ૨૪).

શ્રીકૃષ્ણની ઉત્સાહવર્ધક પ્રેમાળ વાણી સાંભળીને, ખુશ થયેલા યુધિષ્ઠિરે અંતરનો આનંદ

---

૧. (क) શ્રીકૃષ્ણ ઇન્દ્રપ્રસ્થ આવતાં અગાઉ દ્વારકાના રક્ષણ માટે પિતા વસુદેવ આનકદુન્દુભિને બલાધિકારી (સંરક્ષણ વ્યવસ્થાના અધ્યક્ષ) તરીકે નીમીને નીકળ્યા હતા. ૨-૩૦-૧૨. જરાસંધનો વધ તથા પાંડવોના દિગ્વિજયને લીધે, પાંડવોના પરમ મિત્ર પોતાના ઉપર રોષે ભરાયેલા કોઈ શત્રુઓ દ્વારકા ઉપર હુમલો કરે તો તે સામે તકેદારી તરીકે આ વ્યવસ્થા કરેલી. શિશુપાલનો વધ કર્યા પછી, શાલ્વે દ્વારકા ઉપર ચઢાઈ કરી ભારે હુમલો કર્યો હતો જ. 'આરણ્યકપર્વ' अ. ૧૫, ૧૬ થી.

(ख) શ્રીકૃષ્ણનું વર્ણન કરતાં અહીં તેમને, 'હરિ, પુરાણ ઋષિ, વેદાત્મા, વિદ્વાનોને (યથાતથ) દશ્ય, ચરાચર જગતથી શ્રેષ્ઠ; આદિ, અંત, ભૂત, ભવિષ્ય અને વર્તમાનના નિયામક, સર્વ વૃષ્ણિઓના પ્રાકાર (સંરક્ષક), આપત્તિમાં અભયદાતા તથા અરિહા' કહ્યા છે. ૨-૩૦-૧૦ થી ૧૨.

વ્યક્ત કર્યો, 'મારો સંકલ્પ સફળ છે. મને (સમ્રાટપદની) સિદ્ધિ વરી જ ચૂકી છે, કારણ કે હૃષીકેશ ! મારી ઇચ્છા પ્રમાણે તમે અહીં આવી પહોંચ્યા છો.' (૨-૩૦-૨૫).

શ્રીકૃષ્ણની સંમતિ મળતાં યુધિષ્ઠિરે રાજસૂયની વ્યવસ્થા કરવા માંડી. સહદેવને યજ્ઞ-વ્યવસ્થાનો અધ્યક્ષ નીમ્યો. સત્યવતીના પુત્ર સાક્ષાત્ મૂર્તિમંત વેદ જેવા વેદવ્યાસ બ્રહ્મા થયા. ધનંજયગોત્રી સુસામા ઋષિ સામગાન કરનારા ઉદ્‌ગાતા થયા. બ્રહ્મનિષ્ઠ યાજ્ઞવલ્કય (સર° 'બૃહદારણ્યક–ઉપનિષદ્' ૩-૧. ત્યાં યાજ્ઞવલ્કય બ્રહ્મનિષ્ઠ છે.) અધ્વર્યુ થયા. પૈલ અને ધૌમ્ય હોતા થયા. આ ઋષિઓના શિષ્યો અને પુત્રો હોત્રગો (મદદનીશ હોતાઓ) થયા. આગંતુક મહેમાનો માટે ઉતારાઓ બાંધ્યા. યુધિષ્ઠિરે યજ્ઞદીક્ષા લીધી. યજ્ઞમાં આપવાનાં આમંત્રણ કાઢ્યાં. દેશવિદેશના બ્રાહ્મણો, રાજાઓ, વૈશ્યો અને માનાર્હ શૂદ્રોને[૧] (૨-૩૦-૪૧) આમંત્રણ આપ્યાં. હસ્તિનાપુરથી ભીષ્મ, દ્રોણ, ધૃતરાષ્ટ્ર, વિદુર, કૃપ અને કૌરવો વગેરે આમન્ત્રિતોને તેડી લાવવા માટે ખાસ દૂત તરીકે નકુલને મોકલ્યો. (૨-૩૦-૨૬ થી ૫૪).

ભીષ્મ, દ્રોણ, વિદુર અને કૌરવો સહિત આમન્ત્રિતો પધાર્યા. ('સભાપર્વ' અ. ૩૧). યુધિષ્ઠિરે બધાંનું પ્રેમપૂર્વક સ્વાગત કર્યું, અને સગાંસ્નેહીઓને યથાયોગ્ય કારભાર સોંપ્યો. પ્રેમાળ યુધિષ્ઠિરે ભક્ષ્ય, ભોજ્યના કાર્ય ઉપર દુઃશાસન, બ્રાહ્મણોના સત્કાર માટે અશ્વત્થામા, રાજાઓના સત્કાર માટે સંજય, થયેલાં તથા ન થયેલાં કાર્યોની દેખરેખ માટે ભીષ્મ-દ્રોણ, હિરણ્ય (સોના-મહોરો ?), સુવર્ણ અને રત્નોના અન્વેક્ષણ-મૂલ્યાંકન માટે તથા દક્ષિણા દેવા માટે કૃપાચાર્ય, ખર્ચ કરવા માટે સર્વધર્મવેત્તા વિદુર (એમનું શૂદ્રત્વ પાંડવોને માટે નગણ્ય છે, એ સ્પષ્ટ છે), અને ભેટો સ્વીકારવા જ્યેષ્ઠ અને શ્રેષ્ઠ સમજી દુર્યોધન (જુઓ ૨-૪૬-૨૩ થી), એમ જુદી જુદી વ્યક્તિઓને વિવિધ ખાતાંઓનો વહીવટ ભળાવી દીધો. ત્યાં બાહ્લિક, ધૃતરાષ્ટ્ર, સોમદત્ત અને જયદ્રથ જાણે બધાંના ઉપરી હોય એમ—સ્વામીવત્ મહાલતા હતા ! (૨-૩૨-૧ થી ૯). શ્રીકૃષ્ણને યજ્ઞના રક્ષણનું કાર્ય સોંપ્યું.[૨] યજ્ઞ રંગેચંગે ચાલુ થયો. દેવો ઈડા (યજ્ઞસાહિત્ય), આજ્ય (ઘી), અને

---

૧. (૧) સર° નેવું વર્ષની ઉંમરથી મોટો શૂદ્ર માનાર્હ ગણાય છે.—મનુ. ૨-૧૩૭.

(૨) પાંડવોના રાજસૂયમાં બીજા વર્ણના લોકો ઉપરાંત **'અન્તજો' કે 'અન્ત્યજો' પણ આવ્યા હતા, એમ દુર્યોધને કહ્યું છે,** ૨-૪૮-૩૩. **પણ ત્યાં અસ્પૃશ્યતાનું લેશ પણ ચિહ્ન કે અણસાર નથી માટે નોંધપાત્ર છે.**

૨. સર° तं तु यज्ञं महाबाहुरासमाप्तेर्जनार्दनः ।
रक्ष भगवाञ्शौरिः शार्ङ्गचक्रगदाधरः ॥ ૨–૪૨–૩૪

તે યજ્ઞ પૂરો થયો ત્યાં સુધી શાર્ઙ્ગચક્રગદાધર ભગવાન શૌરિ જનાર્દને તેની રક્ષા કરી હતી.

ક્ષેપક ૩૪૭ चरणक्षालने कृष्णो ब्राह्मणानां स्वयं ह्यभूत् । અને તેને લીધે પ્રચલિત થયેલી માન્યતા અનુસાર, શ્રીકૃષ્ણ બ્રાહ્મણોનાં ચરણ ધોવાના કાર્યમાં રોકાયેલા નહોતા. શ્રીકૃષ્ણ જરૂર અત્યંત નમ્ર હતા. પણ તેનો અર્થ એવો નહોતો કે બ્રાહ્મણોની વર્ણગત મિથ્યા શ્રેષ્ઠતાને તેઓ ટેકો આપતા હતા. પણ આ ક્ષેપક દ્વારા આવું કાર્ય તેમણે સ્વેચ્છાએ જ માથે લીધું છે, એવું જણાવીને બ્રાહ્મણોની વર્ણગત શ્રેષ્ઠતા સાબિત કરવાનો મિથ્યા પ્રયત્ન કરવામાં આવ્યો છે. આવા પ્રયત્નોએ હિન્દુસ્તાનને શ્રીકૃષ્ણના ઉપદેશનો અનાદર કરવામાં તથા ભૂલી જવામાં ભયાનક ફાળો આપ્યો છે.

આહુતિથી તૃપ્ત થયા. દેવોની જેમ જ બ્રાહ્મણો દક્ષિણા ( મહેનતાણું ), અન્ન અને ધન ( દાન )થી તૃપ્ત થયા ( ૨-૩૨-૧૦ થી ૧૮ ).

પછી યુધિષ્ઠિરને સમ્રાટપદે અભિષેક કરવાના દિવસે બ્રાહ્મણો રાજાઓ સાથે અન્તર્વેદીમાં ( યજ્ઞશાળામાં ) પ્રવેશ્યા ( ૨-૩૩-૧ થી ). એ વખતે ભીષ્મ પિતામહે યુધિષ્ઠિરને કહ્યું : 'રાજાઓનો તેમની યોગ્યતા મુજબ સત્કાર કરો. આચાર્ય, ઋત્વિજ, ( વેવાઈ પક્ષનો ) સંબંધી, સ્નાતક, પ્રિય મિત્ર અને રાજા એ છ અર્ધ્યયોગ્ય છે. એ દરેકને એકેક અર્ધ્ય આપો, અને તેમનામાં જે વરિષ્ઠ તથા સમર્થ હોય તેને પ્રથમ અર્ધ્ય આપો[૧] ( ૨-૩૩-૨૨ થી ૨૫ ).

યુધિષ્ઠિરે કોની પ્રથમ પૂજા કરવી તે માટે સલાહ માગી. ( ૨-૩૩-૨૬ ).

એટલે પિતામહ ભીષ્મે બુદ્ધિપૂર્વક નિર્ણય આપ્યો : 'જગતમાં વાર્ષ્ણેય શ્રીકૃષ્ણને અર્હણીયતમ ( પૂજ્યતમ ) માનવામાં આવે છે. એ જ જગત સમસ્તમાં તેજ, બલ અને પ્રરાક્રમથી જ્યોતિર્ધરોમાં જેમ ભાસ્કર પ્રકાશે છે, એમ પ્રકાશી રહ્યા છે. સૂર્ય વિનાનું સ્થાન જેમ સૂર્યથી પ્રકાશિત થાય, અને હવા વિનાનું સ્થાન જેમ હવાથી આહ્લાદક થાય એમ શ્રીકૃષ્ણને લીધે આપણી આ સભા તેજસ્વી અને આહ્લાદક છે.'[૨] ( ૨-૩૩-૨૭ થી ૨૯ ). એમ ભીષ્મે નિર્ણય આપતાં પ્રતાપી સહદેવે શ્રીકૃષ્ણને અર્ધ્ય આપ્યો. અને શ્રીકૃષ્ણે શાસ્ત્રોક્ત કર્મ પ્રમાણે તેનો સ્વીકાર કર્યો. પણ ચેદિરાજ શિશુપાલ[૩] ( જે જરાસંધનો એક વખતે સેનાપતિ હતો. ૨-૧૩-૯ ) વાસુદેવની આ પૂજા સાંખી શક્યો નહિ. એ તો સભા વચ્ચે ભીષ્મ, ધર્મરાજ અને શ્રીકૃષ્ણને મન ફાવે તેમ અપશબ્દો બોલવા લાગ્યો. ( ૨-૩૩-૩૦ થી ૩૨ ).

અસહિષ્ણુતાથી પાગલ જેવો થઈ ગયેલો શિશુપાલ ગર્જવા લાગ્યો, 'અહીં મોટા રાજાઓ બેઠા છે તેમાં આ વૃષ્ણિપુત્રને રાજપૂજા ઘટતી નથી. તેમ પાંડવોએ તેની પૂજા કરી તે પાંડવોને ય ઘટતું નથી. પાંડવો ! તમે અજ્ઞાની તથા મૂર્ખ છો, કારણ કે ધર્મ તો સૂક્ષ્મ છે. આ ભીષ્મ પણ ટૂંકી દૃષ્ટિનો છે. ( હે યુધિષ્ઠિર ! ) તારા જેવો ધાર્મિક માણસ પણ એને સારું લગાડવા માટે આવું કાર્ય કરે છે, એટલે તો ( આ વિષયમાં તારા નિર્ણાયક ) ભીષ્મ સત્પુરુષોના અપમાનને પાત્ર થાય છે. તમે લોકોએ સર્વ રાજાઓની વચ્ચે રાજા નહિ એવા દાશાર્હ કૃષ્ણની, પૂજાપાત્રની જ થાય

૧. અહીં સર૦ ઋષિ નારદના મનની ચિન્તા વર્ણવતા શ્લોકો ૨-૩૩-૧૧ થી ૨૧. એમાં 'આદિપર્વ' અ. ૫૮ થી ૬૧માં આવતી ભૂમિભાર ઉતારવાની પુરાણકથાઓનું સૂત્ર યાદ કરીને તથા આ સમર્થ રાજવીમંડળને જોઈને નારદ વિચારે છે કે, 'આ ક્ષત્રિયોનો નાશ કરીને નારાયણ શ્રીકૃષ્ણ ભૂમિનો ભાર ઉતારશે.' ચાલુ કથાસૂત્રથી આ પુરાણકથા અળગી પડે છે.

આ વિભાગમાં શ્રીકૃષ્ણને ( ૨-૩૩-૧૬ ), તથા 'આદિપર્વ'ની કથામાં બ્રહ્મા ને 'શંભુ' ( ૧-૫૮-૪૩ ) કહ્યા છે તે ધ્યાન ખેંચે છે.

૨. असूर्यमिव सूर्येण निवातमिव वायुना ।
भासितं ह्लादितं चैव कृष्णेनेदं सदो हि नः ॥ ૨-૩૩-૨૯.
સર૦ ૨-૩૦-૧૫

૩. 'ચેદિરાજ' એટલે ચેદિ જનપથના કોઈ ગામ કે ગામોનો રાજા એમ સમજવું. જેમકે પૌંડ્રક વાસુદેવ ચેદિનો રાજા હતો. ૨-૧૩-૧૭.

એવી પૂજા શા માટે કરી? હે ભરતર્ષભ! તું કૃષ્ણને સ્થવિર (વૃદ્ધ) માનતો હોય તો વૃદ્ધ વસુદેવની હયાતીમાં તેનો પુત્ર કેવી રીતે અર્ઘ્યયોગ્ય થયો? અથવા વાસુદેવ શુભેચ્છક અને અનુસરનારો છે તો દ્રુપદ હોવા છતાં માધવની પૂજા કેવી રીતે થાય? અને કૃષ્ણને આચાર્ય માનતા હો તો દ્રોણને મૂકીને કૃષ્ણને કેમ પૂજ્યા? કૃષ્ણને ઋત્વિજ[1] માનતા હો તો તો વિપ્ર દ્વૈપાયન અહીં હાજર છે! આ મધુસૂદન ઋત્વિજ, આચાર્ય કે રાજા નથી છતાં તેનું અર્ચન કર્યું તેમાં તેને સારું લગાડવા વિના બીજું શું કારણ છે?[2] વળી તમારે એ મધુસૂદન જ અર્ચનીય હતો તો આ રાજાઓને તેમનું અપમાન કરવા શા માટે તેડાવ્યા? અમે કંઈ યુધિષ્ઠિરના ભયથી, લોભથી કે સાન્ત્વનથી કર નથી આપતા, પણ એ ધર્મપ્રવૃત્તિ કરે છે, પાર્થિવત્વ ઇચ્છે છે (શિશુપાલ 'સમ્રાટ' શબ્દ બોલતો નથી એ નોંધપાત્ર) માટે અમે કર આપીએ છીએ, અને તે તો અમને ગણતો ય નથી! આ રાજાઓની સભામાં રાજ્યચિહ્નો વગરના કૃષ્ણને તેં અધર્મથી પૂજ્યો એ અપમાન નથી તો બીજું શું છે? ધર્મપુત્રનો 'ધર્માત્મા' એવો યશ અકસ્માત જ ફેલાયો છે. નહિ તો થોડા વખત પહેલાં જ જે ધર્મભ્રષ્ટ વૃષ્ણિવંશીએ રાજા જરાસંધને માર્યા હતા, તેની આવી પૂજા કોણ કરે? કૃષ્ણને અર્ઘ્ય આપવાથી આજે યુધિષ્ઠિરમાંથી ધર્માત્માપણું જતું રહ્યું છે અને કૃપણત્વ આવ્યું છે! (હવે ભીષ્મને સંબોધન કરતાં) જો આ દીન અને દુઃખિયારા કુન્તીપુત્રો બીતા હોય તોપણ તારે તો જાણવું જોઈએ ને. કે માધવ કઈ પૂજાને લાયક છે? અથવા હે જનાર્દન! આ કૃપણોએ આપેલી પૂજા માટે તું અપાત્ર છે, છતાં તેં એમાં કેમ સંમતિ આપી? નિર્જન સ્થાનમાં હવિષનો ટુકડો પામીને જેમ કૂતરો ખુશ થાય છે એમ તું નાલાયક છતાં પોતાની પૂજાનું બહુમાન કરે છે! જનાર્દન! પાંડવોએ આ રાજાઓનું અપમાન નથી કર્યું પણ તારું અપમાન કર્યું છે! નપુંસકને પરણાવવો અને આંધળાને રૂપ દેખાડવું એ જેમ અપમાન છે એમ રાજા નહિ એવા તારી રાજા તરીકેની પૂજા પણ અપમાન છે. રાજા યુધિષ્ઠિરને જોયો. ભીષ્મને ય જોઈ લીધો અને વાસુદેવ કેવો છે તે પણ બરાબર પરખી લીધો!' અને એવી રીતે બખાળા કાઢતો શિશુપાલ સભામાંથી બહાર જવા લાગ્યો. ('સભાપર્વ' અ. ૩૪).

ક્ષમાશીલ યુધિષ્ઠિર તેની પાછળ દોડ્યા. પોતાના જન્મજાત આભિજાત્યથી મીઠી વાણી બોલી તેને સમજાવવા માંડ્યા: 'હે મહીપાલ! નિરર્થક અધર્મ અને કલહ ન કરો. શાન્તનુપુત્ર

---

૧. શ્રીકૃષ્ણ ક્ષત્રિય હોવા છતાં પ્રાચીન વૈદિક પ્રણાલિ મુજબ ઋત્વિજ થઈ શકે, અને ઋત્વિજ થયેલા માટે તેમનો અહીં ઋત્વિજ તરીકે નિર્દેશ થયેલો છે.

સર° 'In the early Vedic period the priests formed a separate profession, but not a separate caste. Any Aryan could become a priest, and the priestly class was not necessarily superior to the warrior or the trading class.' 'Indian Philosophy' (Vol. I, by Dr. S. Radhakrishnan, 1962), p. 133. Also ref. pp. 124–136.

શ્રીકૃષ્ણ પોતે પણ ગુણકર્મના વિભાગથી જ વર્ણવિભાગને માનનારા છે. જાતિ એટલે જન્મથી નહિ.

૨. શિશુપાલના મોંઢામાં મુકાયેલ બીજા ઉપાલંભો માટે જુઓ 'સભાપર્વ' ક્ષેપક ૩૫૨, ૩૫૩; ક્ષેપકપરિશિષ્ટ ૧-૧૯, ૨૦.

ભીષ્મનો અનાદર ન કરો. તેઓ ધર્મ શું છે તે સમજે છે. અહીં તમારાથી વૃદ્ધતમ અનેક રાજાઓ છે. તેઓ પણ શ્રીકૃષ્ણનું પૂજન સહન કરે છે, તેમ તમે ય ખામોશ રહો. ચેદિપતિ! ભીષ્મ કૃષ્ણને તત્ત્વપૂર્વક બરાબર જાણે છે, તેવી રીતે તમે જાણતા નથી.' (૨-૩૫-૧ થી ૫).

પરંતુ કુરુવીર ભીષ્મે યુધિષ્ઠિરને વધુ પડતા નમ્ર થતા અટકાવ્યા, અને શિશુપાલને કંઈક પડકારતાં બોલ્યા: 'જે લોકવૃદ્ધતમ (=જગતમાં સર્વશ્રેષ્ઠ જ્ઞાની, અનુભવી) કૃષ્ણનું બહુમાન સત્કારતો નથી તેની આગળ વિનય કરવો કે તેને સમજાવવો એ અયોગ્ય છે.' (૨-૩૫-૬). એ પછી શ્રીકૃષ્ણે ભારતના લગભગ તમામ (જુલમી) ક્ષત્રિયોને જીતીને પછી તેમાંના ઘણાને ક્ષમા આપી છોડી મૂક્યા હતા તેની અછડતી યાદ આપી બોલ્યા : 'નિયમ મુજબ ક્ષત્રિય, બીજા ક્ષત્રિયને લડાઈમાં તાબે કરીને પછી છોડી મૂકે છે, તે તેનો ગુરુ ગણાય છે. રાજાઓની આ સમિતિમાં હું એવા એકે (જુલમી) રાજાને જોતો નથી જે યુદ્ધમાં સાત્વતીપુત્ર શ્રીકૃષ્ણના તેજથી જિતાયો ન હોય. આ અચ્યુત જનાર્દન કેવળ આપણે માટે જ પૂજ્ય છે એમ નથી, પણ ત્રણે લોકને માટે પૂજ્ય છે. એમણે અનેક મોટા ક્ષત્રિયોને યુદ્ધમાં જીત્યા છે (અને જગતને જુલમમાંથી બચાવ્યું છે તેથી) સમગ્ર જગત સંપૂર્ણપણે શ્રીકૃષ્ણમાં રહેલું છે. એથી તો આ સભામાં વૃદ્ધો હોવા છતાં હું બીજા કોઈને નહિ પણ શ્રીકૃષ્ણને જ પૂજું છું. (શિશુપાલ!) આવું બોલવું તને છાજતું નથી. તારી બુદ્ધિ આવી ન થાઓ. હે રાજન્! (યુધિષ્ઠિર!) મેં અનેક જ્ઞાનવૃદ્ધોને ઉપાસ્યા છે, અને એકઠા મળેલા તેઓની પાસેથી મેં ગુણવાન કૃષ્ણના સજ્જનોએ માન્ય કરેલા અનેક ગુણો સાંભળ્યા છે. વળી મેં એ બુદ્ધિશાળીએ જન્મથી માંડીને જે કર્મો કર્યાં છે, તે પણ અનેકવાર અનેક માણસો પાસેથી સાંભળ્યાં છે. હે ચેદિરાજ! અમે ભૂમંડળમાં સજ્જનોથી પૂજાતા અને ભૌમસુખાવહ—પૃથ્વીવાસીઓને સુખ આપનારા, એમને પૂજીએ છીએ, તે કંઈ મનના તરંગથી, સંબંધથી કે તેમણે કરેલા ઉપકારને લીધે પૂજતા નથી પણ તેમના યશ, શૌર્ય અને જયને (ભૌતિક યુદ્ધજય, ઇન્દ્રિયજય અને સ્વપરના મન્યુ ઉપરનો જય[1]) બરાબર સમજીને જ પૂજીએ છીએ. અમે અહીં (સભામાં) એક નાના બાળક સુદ્ધાંની પણ પરીક્ષા કરી નથી એમ નહિ; પણ ગુણોને લીધે વૃદ્ધોને પાછળ મૂકીને હરિને અર્ચ્યતમ માન્યા છે. દ્વિજોમાં જ્ઞાનવૃદ્ધ અને ક્ષત્રિયોમાં અધિક બળવાન પૂજ્ય છે. પૂજનીય ગોવિંદમાં આ બંને હેતુ રહેલા છે. વેદવેદાઙ્ગોનું વિજ્ઞાન-માત્ર સૈદ્ધાંતિક નહિ પણ અનુભવસિદ્ધ જ્ઞાન, અને અમાપ બળ એ બંનેમાં મનુષ્યલોકમાં બીજો કોણ કેશવથી શ્રેષ્ઠ છે? દાન, દક્ષતા, શ્રુત (વિદ્વત્તા), શૌર્ય, હ્રી (અકાર્યમાં લજ્જા), કીર્તિ, ઉત્તમ બુદ્ધિ, સંનતિ (નમ્રતા), શ્રી, ધૃતિ, તુષ્ટિ અને પુષ્ટિ અચ્યુત કૃષ્ણમાં રહેલાં છે. એવા આ સર્વ(ગુણ)સંપન્ન, આચાર્ય, પિતા, ગુરુ, પૂજ્ય અને અર્ચાને યોગ્યનું અમે અર્ચન કર્યું છે, તેને તમે સૌ (યજ્ઞમાં હાજર રહેલાઓ) સંમતિ અર્પો. હૃષીકેશમાં ઋત્વિજ, ગુરુ, વેવાઈ, સ્નાતક, નૃપતિ અને પ્રિયમિત્ર—આ સર્વ (પૂજાયોગ્ય)

---

૧. મન્યુ ઉપર મેળવેલો જય. અર્થાત્ મન્યુ એટલે પરોત્કર્ષ દેખીને થતો ઈર્ષ્યાસમુત્થિત ક્રોધ, અને દૈન્ય, શોક, અસૂયા વગેરે લાગણીઓ, તેના ઉપર મેળવેલો જય. જુઓ ૧-૧-૬૫, ૬૬, ૮૮, ૧૮૩; ૫-૨૯-૪૫, ૪૬; ૧૧-૧-૩૬ ઇ. વધુ વિગત માટે જુઓ 'ભારત-રત્ન' (ઉ. જ. સાંડેસરા, ૧૯૬૩), પૃ. ૧ થી.

ગુણો છે. માટે તે અચ્યુતનું અમે પૂજન કર્યું છે'[૧] (૨-૩૫-૬ થી ૨૧). પુરુષોત્તમ શ્રીકૃષ્ણનાં નરોત્તમ તરીકે આવાં યશોગાન કર્યાં પછી શ્રીકૃષ્ણના સમકાલીનોમાં જે થોડા નિર્મળ માણસો એમને પુરુષોત્તમ તરીકે એટલે કે:—

यस्मात्क्षरमतीतोऽहमक्षरादपि चोत्तमः ।
अतोऽस्मि लोके वेदे च प्रथितः पुरुषोत्तमः ॥ ૬–૩૭–૧૮ (ગીતા ૧૫–૧૮).

'એટલે હું ક્ષરને ઓળંગી ગયો છું અને અક્ષરથી (૧. અવિનાશી, ૨. અવ્યક્ત પ્રકૃતિ, ૩. સ્થિર રહેલો અંતર્યામી વગેરે 'અક્ષર'ના જુદા જુદા અર્થ કરવામાં આવ્યા છે. આમાંનો ગમે તે અર્થ અહીં કોઈક વધુ શ્રેષ્ઠની અપેક્ષાએ, બંધ બેસી શકે છે.) પણ ઉત્તમ છું, તેથી લોકોમાં અને વેદમાં હું 'પુરુષોત્તમ નામથી પ્રખ્યાત છું.'

—આવા પુરુષોત્તમ તરીકે એમનામાં રહેલા ઈશતત્ત્વને યથાર્થ સમજતા હતા, તેમાંના એક પિતામહ દેવવ્રત ભીષ્મે શ્રીકૃષ્ણને 'પુરુષોત્તમ' (પરમાત્મા) રૂપે વર્ણવતાં કહ્યું :[૨] 'શ્રીકૃષ્ણ જ વિશ્વની ઉત્પત્તિ અને લયના કારણભૂત છે. શ્રીકૃષ્ણને માટે જ આ વિશ્વ છે. એ અવ્યક્ત પ્રકૃતિ છે, સનાતન કર્તા છે, અને સર્વભૂતો કરતાં પર (=શ્રેષ્ઠ) છે, માટે અચ્યુત વૃદ્ધતમ છે. બુદ્ધિ, મન, મહત્, વાયુ, તેજ, જળ, આકાશ, પૃથ્વી અને ચતુર્વિધ (જરાયુજ, અણ્ડજ, સ્વેદજ અને ઉદ્ભિજ્જ) પ્રાણીઓ એ સર્વે કૃષ્ણમાં રહેલાં છે.[૩] આદિત્ય, ચન્દ્રમા, નક્ષત્રો, ગ્રહો, દિશાઓ અને ઉપદિશાઓ (ખૂણાઓ), એ બધું કૃષ્ણમાં સમાયેલું છે. આ શિશુપાલ નાદાન હોવાથી સમજતો નથી. એટલે બધે કૃષ્ણ માટે આવો જ બકવાદ કરે છે! જે બુદ્ધિશાળી ઉત્કૃષ્ટ ધર્મને શોધે છે—પરમાત્માને ખોળે છે, તે જ ધર્મને યથાર્થ નીરખી શકે છે. આ ચેદિરાજ જેવો (જડ માણસ) નહિ! આ નાનામોટા સર્વ રાજાઓમાં કોણ એવો છે જે શ્રીકૃષ્ણને પૂજ્ય માનતો નથી, અથવા

---

૧. ऋत्विग्गुरुर्विवाह्यश्च स्नातको नृपतिः प्रियः ।
सर्वमेतद्धृषीकेशे तस्मादभ्यर्चितोऽच्युतः ॥ ૨-૩૫-૨૧; સર° ૨-૩૩-૨૩.

૨. સર° 'જરાસંધવધ'માં ધર્મરાજ, શ્રીકૃષ્ણની સલાહ લેવાનો વિચાર કરતાં તેમની પ્રભુતા અને સામર્થ્ય વિષે તર્ક કરે છે તે. ૨-૧૨-૨૫ થી ૨૭.

૩. (૧) સર° ૨-૩૭-૧૪.

(૨) સર° भूमिरापोऽनलो वायुः खं मनो बुद्धिरेव च ।
अहंकार इतीयं मे भिन्ना प्रकृतिरष्टधा ॥ ૬-૨૯-૪ (ગીતા. ૭-૪).

આ ક્ષેત્ર અથવા 'ક્ષર પુરુષ' માટે જુઓ ૬-૩૫-૫,૬. (ગીતા. ૧૩-૫,૬).

વળી જુઓ अहं कृत्स्नस्य जगतः प्रभवः प्रलयस्तथा ॥ ૬-૨૯-૬ ગદ્ય (ગીતા. ૭-૬ ગદ્ય).

मत्तः परतरं नान्यत्किंचिदस्ति धनंजय ।
मयि सर्वमिदं प्रोतं सूत्रे मणिगणा इव ॥ ૬-૨૯-૪ (ગીતા ૭-૭).

'આખા જગતની ઉત્પત્તિ અને લયનું કારણ હું છું. હે ધનંજય! મારા કરતાં શ્રેષ્ઠ બીજું કંઈ નથી. જેમ (માળાની) દોરીમાં મણકા પરોવાયેલા હોય છે, તેમ આ બધું મારામાં રહેલું છે.'

કોણ એમને પૂજે એમ નથી?' અને અન્તે દઢતાભરી વીરવાણી સંભળાવી, 'આમ હોવા છતાં પણ જો શિશુપાલ આ પૂજાને અઘટિત માનતો હોય તો, એને જેમ ઠીક લાગે તેમ કરે (અમે કંઈ ડરતા નથી!)'[1] (૨-૩૫-૨૨ થી ૨૯).

પિતામહ ભીષ્મે વસ્તુસ્થિતિની સ્પષ્ટતા કરી દીધી. ત્યારબાદ યજ્ઞના વહીવટી અધ્યક્ષ સહદેવ ઊભા થયા. એમણે શિશુપાલસહિત શ્રીકૃષ્ણની અગ્રપૂજાના વિરોધી રાજાઓને પોતાનો પગ ઊંચો કરીને બતાવતાં પડકાર કર્યો: 'અમાપ પરાક્રમી કેશિહન્તા કેશવને મેં પૂજ્યા છે. જે રાજાઓ આ પૂજન સહન કરી શકતા ન હોય તે સર્વ બળવાનોના મસ્તકે હું આ મારો પગ મૂકું છું. મારા વચનનો તે સર્વ બરાબર ઉત્તર આપે (યુદ્ધમાં સામા આવી જાય). જે રાજાઓ મતિમાન છે તેઓ તો આચાર્ય, પિતા અને ગુરુ (આ સર્વની જેમ પ્રાણીમાત્ર પ્રત્યે વાત્સલ્ય રાખનારા) એવા પૂજ્ય અને પૂજાને માટે લાયક શ્રીકૃષ્ણની પૂજાને સંમતિ આપો.' (૨-૩૬-૧ થી ૪).

એ સમયે કોઈ બુદ્ધિમાન સજ્જન રાજા કંઈ બોલ્યો નહિ, અને (જાણે કે તેમના અંતરમાં) 'સારું થયું સારું થયું' એમ અગોચર વાણી થવા માંડી! અને (પૂજનને સંમતિ આપીને તેની પરિસમાપ્તિ કરતા હોય એમ) સર્વલોકવેત્તા, સર્વસંશયનિર્મોક્તા, ભૂત-ભવિષ્ય કહેનાર ઋષિ નારદે શ્રીકૃષ્ણને ચર્મ ઓઢાડયું.[2] (૨-૩૬-૫ થી ૭).

શ્રીકૃષ્ણનું પૂજન પતી ગયું. ત્યારબાદ સહદેવે બાકીના સત્કારયોગ્ય માણસોની પૂજાનું કામ સમાપ્ત કર્યું. એ દરમિયાન સુનીથ (શિશુપાલ)ની આગેવાની નીચે વિરોધી રાજાઓએ મંત્રણા કરી અને યુધિષ્ઠિરનો યજ્ઞ ભંગ કરવાનું નક્કી કર્યું. હાથમાં આવેલો શિકાર ખોઈ બેઠેલા સિંહોની જેમ ગર્જતા રાજાઓને જોઈને શ્રીકૃષ્ણ સમજી ગયા કે આ લોકો યુદ્ધનો સંકેત કરી રહ્યા છે. (યજ્ઞરક્ષા શ્રીકૃષ્ણે કરવાની હતી, તેથી એમણે આ ધ્યાન રાખ્યું છે.) (૨-૩૬-૮ થી ૧૫).

બીજી બાજુ આ રાજસાગરને રોષથી ખળભળી ઊઠેલો જોઈને, પ્રજાના કલ્યાણની ભાવનાવાળા યુધિષ્ઠિરે કુરુવૃદ્ધ ભીષ્મને પૂછ્યું: 'હવે શું કરવું? જેથી યજ્ઞમાં વિઘ્ન ન આવે અને પ્રજાનું કલ્યાણ થાય?' (૨-૩૭-૧ થી ૪).

ત્યારે શ્રીકૃષ્ણનું પરાક્રમ જાણતા ભીષ્મે ધર્મરાજને ધીરજ આપતાં કહ્યું, 'કુરુશાર્દૂલ! બીશ નહિ. (આ તો) કૂતરો સિંહને મારવાનું બીડું ઝડપે છે! મેં તો (કૃષ્ણસત્કારનો) નીતિ-વાળો કલ્યાણકારી માર્ગ પહેલેથી જ પસંદ કર્યો છે. સિંહ સૂતો હોય ત્યારે કૂતરાં ટોળાબંધ ભસે

---

૧. આ સાથે જુઓ 'સભાપર્વ'નું ક્ષેપક ૩૫૮ અને ૩૫૯; તથા 'સભાપર્વ' પરિશિષ્ટ ૧-૨૧. એની ૧૬૧૦ લીટીઓમાં નારાયણના અવતારો અને શ્રી કૃષ્ણનાં પરાક્રમોની સ્તુતિ છે.

૨. જુઓ 'સભાપર્વ' ક્ષેપક ૩૬૩. શ્રીકૃષ્ણને ચર્મ ઓઢાડતાં નારદના મુખમાં મુકાયેલું વચન. 'નારદે આ સુસ્પષ્ટ વચન કહ્યાં: 'જે મનુષ્યો કમલપત્રોથી શ્રીકૃષ્ણને પૂજે નહિ તેમને જીવતાં મૂએલાં જ જાણવાં. તેમની સાથે વાત પણ કરવી નહિ.'

આ વચનમાં રહેલો અને ભક્તિમાર્ગમાં પ્રસરેલો અસહિષ્ણુતા અને ઉચ્ચતાનો ભાવ ધ્યાન ખેંચે છે. કારણ શ્રીકૃષ્ણમાં આ બન્ને ભાવ નહોતા.

છે, એમ શ્રીકૃષ્ણ શાન્ત છે ત્યાં સુધી જ આ રાજાઓ ભસ્યા કરશે. જ્યાં સુધી સિંહ જેવા અચ્યુત સૂતેલા છે ( શાન્ત છે, અને જાગ્યા નથી ) અને હલ્લો નથી કર્યો, ત્યાં સુધી જ શિશુપાલ આ રાજાઓને સિંહ જેવા બહાદુર કર્યા કરશે. ખરેખર અધોક્ષજ કૃષ્ણ આ શિશુપાલનું તેજ લઈ લેવા ઇચ્છતા જણાય છે. એટલે તો એની અને આ રાજાઓની બુદ્ધિ ભમી ગઈ છે! યુધિષ્ઠિર! આ માધવ ત્રણે લોકમાં ચતુર્વિધ સર્વ પ્રાણીઓનાં જન્મમરણના કારણ છે. ' ( ૨-૩૭-૫ થી ૧૪ ).

ભીષ્મ પિતામહનાં વચનો સાંભળતાં જ શિશુપાલ ક્રોધથી ભભૂકી ઊઠ્યો અને ભીષ્મને જેમ ફાવે તેમ ગાળો ભાંડવા માંડ્યો ( ૨-૩૭-૧૫ ): ' તું વૃદ્ધ છે છતાં કુળકલંક છે. ( એમના નૈષ્ઠિક બ્રહ્મચર્ય ઉપર કટાક્ષ કરતાં કહે છે ) તું તો કૌરવશ્રેષ્ઠ ખરોને, એટલે હીજડાની જેમ રહેનારા તને આવાં ' ધર્મ ' વગરનાં વચનો બોલવાં બહુ શોભે છે! નાવની જોડે બાંધેલી નાવ, અને આંધળાની પાછળ જતા આંધળાની જેમ, જેનો તું આગેવાન છે, તે કૌરવો પણ તને અનુસરી રહ્યા છે! તેં આનાં ( શ્રીકૃષ્ણનાં ) પૂતનાવધ જેવાં કર્મોનાં વર્ણન કરીને મારા મનને વ્યથિત કર્યું છે. કેશવની સ્તુતિ કરતા અભિમાની અને મૂર્ખ એવા તારી જીભના સેંકડો કકડા કેમ થઈ જતા નથી! જેને સાવ અક્કલવિનાના લોકો પણ ધિક્કારી શકે એમ છે, એવા આ ગોવાળની તું જ્ઞાનવૃદ્ધ થઈને ભાટાઈ કરવા ઇચ્છે છે? એણે બાળપણમાં એક ( પૂતના જેવા ) પક્ષીને માર્યું, તથા જે યુદ્ધવિશારદ નથી એવા અશ્વ ( = કેશી ) અને વૃષભને ( = અરિષ્ટ ) માર્યા તેમાં આશ્ચર્ય પામવા જેવું શું છે? આણે ચેતનરહિત લાકડાના ગાડાને લાત મારી પાડી નાખ્યું તેમાં હે ભીષ્મ! એવી તે શી ધાડ મારી છે? કીડીના રાફડા જેવા ગોવર્ધન પર્વતનું તેણે એક સપ્તાહ સુધી ધારણ કર્યું ( = રક્ષણ કરીને આક્રમણ સામે ટકાવી રાખ્યો ) તેમાં મને કંઈ નવાઈ લાગતી નથી.[1] વળી ' પર્વતની ટોચ ઉપર ક્રીડા કરતાં તેણે બહુ અન્ન ખાધું હતું ' એમ તારી પાસેથી સાંભળનારા આશ્ચર્યચકિત થયા હશે ( હું નથી થયો ). આ કૃષ્ણે જે બળવાનનું ઘણું અન્ન ખાધું હતું તે કંસને એણે મારી નાંખ્યો તે કંઈ મહાઅદ્ભુત બનાવ નથી. હે કુરુકુલાધમ, અધર્મજ્ઞ ભીષ્મ! આ જે ' વાક્યો હું કહી રહ્યો છું તે વાક્યો તેં સજ્જનો પાસેથી ખરેખર સાંભળ્યાં નથી કે, સ્ત્રીઓ, ગાયો, બ્રાહ્મણો, જેનું અન્ન ખાધું હોય તેઓ અને જે શરણાગત હોય તેના ઉપર શસ્ત્રો ન ચલાવાય,[2] ધર્મિષ્ઠ સન્તો સજ્જનોને સદા આ આદેશ આપ્યા કરે છે, પણ તારે માટે તો એ મિથ્યા થયેલું જણાય છે. હું જાણે જાણતો ન હોઉં એમ તું કેશવને જ્ઞાનવૃદ્ધ, વૃદ્ધ અને મહાન કહીને તેની બડાઈ હાંકે છે. એ ગોહત્યારો અને સ્ત્રીહત્યારો હોવા છતાં કેવી રીતે સ્તુતિપાત્ર ગણાય?

---

૧. શક્રમહ ( ઇન્દ્રયજ્ઞ ) પ્રસંગે ગોવર્ધન પર્વત ( गोवर्धनः गवां छेदनस्थानम् । ગોવર્ધન એટલે ગાયોનું છેદનસ્થાન )માં આવેલા યજ્ઞકુંડમાં ગાયો હોમાતી. શ્રીકૃષ્ણે ગોવાળોના સુહૃદ તરીકે પ્રીતિના બળથી આ ગોવધ અટકાવ્યો અને સંભવતઃ પછીથી કર્મઠ પુરોહિતો તથા તેમના અનુયાયીઓના આક્રમણ સામે તેઓ ઝઝૂમ્યા. ' ગોવર્ધન ' અંગેની વિશેષ માહિતી માટે જુઓ ' બુદ્ધિપ્રકાશ ' (જુલાઈ ૧૯૬૫)માં આ લેખકનો લેખ ' ગોવર્ધન '.

૨. શ્રીકૃષ્ણે પૂતના, અરિષ્ટ, ચાણૂરમલ્લ અને કંસને માર્યાનો અહીં નિર્દેશ છે. તથા ભીષ્મ વિચિત્રવીર્ય માટે કન્યા અંબા હરી લાવેલા તેને વિચિત્ર સંયોગોમાં ત્યજી દેવી પડેલી અને એને અંગે જામદગ્ન્ય રામ સાથે યુદ્ધ થયેલું. તે હકીકતો સ્મરીને શિશુપાલ આક્ષેપ કરે છે. જુઓ ' સ્વાધ્યાય ', ( ઑગષ્ટ, ૧૯૬૫ )માં ' કંસ-ચાણૂરમર્દક ભગવાન શ્રીકૃષ્ણ '.

તું એને ' આ બુદ્ધિમાનોમાં શ્રેષ્ઠ છે, અને એ જ જગતનો પ્રભુ છે ' એમ કહે છે અને જનાર્દન તારા વચનથી પોતાને માટે આ વિશેષણો યોગ્ય માની બેસે છે; પણ એ બધું (એમ બોલવું અને એમ માનવું ) નક્કી જુઠ્ઠાણું છે. કોઈ ગાથા બહુ વખત ગાવામાં આવે તોપણ તેના ગાનારનું શાસન કરી શકતી નથી. એ તો ભૂલિઙ્ગ પક્ષીની જેમ પ્રાણીઓ પોતાની પ્રકૃતિને—સ્વભાવને જ અનુસરે છે.[1] ખરેખર, તારી આ પ્રકૃતિ અધમ છે, અને કૃષ્ણ જેમના પૂજ્યતમ છે, અને જેમનો તું માર્ગદર્શક છે તે પાંડવોની પ્રકૃતિ તો અધમતર છે. ધર્મવાણી બોલનારો તું અધર્મજ્ઞ છે, અને સજ્જનોના માર્ગથી ભ્રષ્ટ થયો છે. ભીષ્મ! પોતાને ધાર્મિક માનનારો કયો જ્ઞાનીશ્રેષ્ઠ તેં કર્યું એવું કામ કરે ?' (૨-૩૮-૧ થી ૨૦). આવી રીતે બખાળા

---

૧. (क) न गाथा गाथिनं शास्ति बहु चेदपि गायति ।
**प्रकृतिं यान्ति भूतानि भूलिङ्गशकुनिर्यथा** ॥ २-३८-१७; સર° ૨-૪૧-૧૮.

અહીં ઉલ્લિખિત ભૂલિઙ્ગ પક્ષીનું દૃષ્ટાંત શિશુપાલ ૨-૪૧-૧૮ થી ૨૩માં હવે પછી કહી સંભળાવે છે.

(ख) સર° सदृशं चेष्टते स्वस्याः प्रकृतेर्ज्ञानवानपि ।
**प्रकृतिं यान्ति भूतानि** निग्रहः किं करिष्यति ॥ ૬-૨૫-૩૩ (ગીતા. ૩-૩૩).

' જ્ઞાની પણ પોતાની પ્રકૃતિ પ્રમાણે વર્તે છે, પ્રાણીઓ પોતાની પ્રકૃતિને—સ્વભાવને જ અનુસરે છે, ત્યાં નિગ્રહ—પરાણે કરેલો સંયમ શું કરે ?'

શિશુપાલ અને શ્રીકૃષ્ણ બન્ને સમાન વચનનો આધાર ટાંકે છે. શિશુપાલ આ વચનનો રાગદ્વેષ વધારવામાં ઉપયોગ કરે છે. શ્રીકૃષ્ણ રાગદ્વેષ નિર્મૂળ કરવામાં. ટેવ એ સ્વભાવ નથી. સામાન્યપણે ટેવને સ્વભાવ માનીને આ વાક્યનો દુરુપયોગ થાય છે. શિશુપાલે એમ કર્યું છે. જ્યારે શ્રીકૃષ્ણ આત્માના ઊર્ધ્વગામી ( ઊંચે ચઢવાના ) અને અનાધૃષ્ય સ્વભાવનો ઉલ્લેખ કરે છે. એટલે એ પછી તરત જ કહે છે: ' ઇંદ્રિયોનો સ્વભાવ પતનશીલ છે :

इन्द्रियस्येन्द्रियस्यार्थे रागद्वेषौ व्यवस्थितौ ।
तयोर्न वशमागच्छेत्तौ ह्यस्य परिपन्थिनौ ॥ ૬-૨૫-૩૪ ( ગીતા ૩-૩૪ ).

' ઇન્દ્રિયોના વિષયોમાં, ઇન્દ્રિયોના રાગ અને દ્વેષ રહેલા છે. તેઓને વશ ન થવું. ( એ પ્રકૃતિ નથી એટલે તેમનો નિગ્રહ શક્ય છે જ. ) તેઓ તો આના—મનુષ્યના વાટપાડુઓ છે. આ કારણથી

तानि सर्वाणि संयम्य युक्त आसीत मत्परः ।
वशे हि यस्येन्द्रियाणि तस्य प्रज्ञा प्रतिष्ठिता ॥ ૬-૨૪-૬૧ ( ગીતા ૨-૬૧ ).

' એ સર્વેને ( ઇન્દ્રિયોને ) સંયમમાં રાખીને યુક્ત એટલે કે વશચિત્ત મનુષ્ય મારા પરાયણ થઈને બેસે. કારણ કે જેને ઇન્દ્રિયો વશ છે તેની બુદ્ધિ સ્થિર છે.'

એ પ્રમાણે ' સ્થિતપ્રજ્ઞદર્શન 'માં કહ્યું છે. જ્યારે ગીતાના જે ત્રીજા અધ્યાયમાં આ प्रकृतिं यान्ति भूतानि° કહ્યું છે તેના શ્લોક ૩૭ થી ૪૩માં આ વાટપાડુ શત્રુઓ રાગ-દ્વેષ અથવા કામક્રોધનો નિગ્રહ અને નાશ કરવાનું વિધાન કરવા સાથે यो बुद्धेः परतस्तु सः । ૬-૨૫-૪૨ ધ (ગીતા. ૩-૪૨ ધ) ' જે બુદ્ધિથી પણ પર છે તે આત્મા છે ' એમ કહીને આત્માની ઊર્ધ્વગામી ઐશ્વર્યવાળી પ્રકૃતિ (સ્વભાવ)નું વર્ણન કર્યું છે, પણ જેઓ શિશુપાલ જેવા નષ્ટચિત્ત મનુષ્યો છે, તેઓને માટે આ અધોગામી કામક્રોધવાળી ઇન્દ્રિયોની પ્રકૃતિ એ ' પ્રકૃતિ ' છે. ( સર° ૬-૨૫-૩૨ = ગીતા. ૩-૩૨ ).

કાઢતાં કાઢતાં શિશુપાલ ભીષ્મના ઉપર ઊતરી પડયો. ભીષ્મે ભાઈ વિચિત્રવીર્ય માટે વિવાહ કરવા હરણ કરી લાવેલી અંબાના પ્રસંગનો (કથા માટે જુઓ મ૦ ભા૦ 'આદિપર્વ' અ. ૯૬; અને 'ઉદ્યોગપર્વ'માં 'અમ્બોપાખ્યાનપર્વ' અ. ૧૬૯ થી), ભીષ્મની હયાતી છતાં અન્યદ્વારા પાંડુ–ધૃતરાષ્ટ્રનો જન્મ અને બાળક વિનાના એવા તેમના વૃથા બ્રહ્મચર્ય (!) ઉપર બર્બર આક્ષેપો કર્યા, અને પછી 'धर्मं चरत माधर्मं।' 'ધર્મ આચરો, અધર્મ ન કરો' એવું બોલતા એક દંભી હંસ સાથે ભીષ્મને સરખાવીને કહેવત ટાંકી, 'હે પત્રરથ! (હંસપક્ષી!) તારું અંતઃકરણ (દંભથી) ભરેલું છે. તું મિથ્યા (ધર્મ) ઉપદેશે છે, પણ (વિશ્વાસુ પક્ષીઓનાં) ઇંડાંના ભક્ષણરૂપી તારું અપવિત્ર કાર્ય તારા ઉપદેશથી વિરુદ્ધ થાય છે.' (૨-૩૮-૨૧ થી ૪૦).

શિશુપાલનો બકવાટ હજુ પણ આગળ વધ્યો. જરાસંધના વધનો ઉલ્લેખ કરીને એણે કહ્યું: 'હું જરાસંધને બહુ માન આપું છું, કારણ કે એણે 'આ દાસ છે' એવું ગણીને, કૃષ્ણ સાથે યુદ્ધ કરવા ઇચ્છયું નહોતું. ભીમઅર્જુનના (જરાસંધવધ સમયના વર્તનને) કાર્યને પણ 'એ સારું હતું' એમ કોણ માને છે? છીંડેથી પેઠેલા, કપટી બ્રહ્મવાદી કૃષ્ણે જરાસંધનો પ્રભાવ જોયો હતો. એ દુરાત્માને ધર્માત્મા જરાસંધે બ્રાહ્મણ જાણીને પ્રથમ પાદ્યાદિ પૂજન આપવા માંડયું ત્યારે તેણે લીધું નહોતું. જરાસંધના ભોજનના આમંત્રણને પણ પાછું ઠેલ્યું હતું.[૧] ઓ મૂર્ખ (ભીષ્મ)! જો તું એમ માનતો હોય કે આ કૃષ્ણ જગત્કર્તા છે, તો તે પોતાને કેમ સમ્યગ્ બ્રાહ્મણ સમજતો નથી? (અને તેણે જરાસંધનું પૂજન તથા ભોજનનું આમંત્રણ કેમ સ્વીકાર્યું નહોતું?) વળી મને આશ્ચર્ય તો એ વાતનું છે કે તું પાંડવોને સજ્જનોના માર્ગથી ભ્રષ્ટ કરે છે, પણ તેઓ તેને સારું માને છે! અથવા એમાં કંઈ અચંબો પામવા જેવું છે જ નહિ, કારણ કે એમને તારા જેવો સ્ત્રૈણ અને ઘરડો ભોમિયો મળ્યો છે!' (૨-૩૯-૧ થી ૮).

શિશુપાલની અસહ્ય ગાળો, મેણાં અને અવળવાણી સાંભળી ભીમસેન ચિડાયો અને શિશુપાલને મારવા માટે તલપી રહ્યો. અનુભવી ધીર પિતામહે તેને પકડીને વાર્યો. પરંતુ વાયરે ચઢેલા શિશુપાલે તો ભીમને ઉપરાછાપરી પડકાર ફેંકવા માંડ્યા.[૨] (૨-૩૯-૯ થી ૨૦).

શિશુપાલનાં ગર્વિષ્ઠ આહ્વાનોને જરાય લેખામાં ન લેતાં પિતામહ ભીષ્મે ભીમસેનને સમજ પાડતાં કહ્યું કે, 'શ્રીકૃષ્ણને આહ્વાન કરતી આ બુદ્ધિ શિશુપાલની નથી જ, પણ ખરેખર તો જગદ્ભર્તા શ્રીકૃષ્ણનો જ આ નિશ્ચય (હોય એવું લાગે) છે. આ કુલાંગાર જેવી રીતે મારા ઉપર આક્ષેપ કરે છે, એમ બીજો કોણ કરી શકે? પણ એનામાં જે આ હરિના તેજનો અંશ છે,

---

૧. સર૦ શ્રીકૃષ્ણે, વિષ્ટિપ્રસંગે દુર્યોધનનું ભોજનનું આમંત્રણ સ્વીકાર્યું નહોતું તે. ત્યાં એમણે પોતે કોઈ રીતે ધર્મનો ત્યાગ કરતા નથી એમ જણાવીને ઉમેર્યું હતું કે, 'હે રાજન્! ઉત્તમ પ્રેમસંબંધ હોય કે આપત્કાળ આવ્યો હોય તો પારકાને ત્યાં અન્ન જમાય, પણ તમે અમારા ઉપર ઉત્તમ પ્રીતિ ધરાવતા નથી, તેમ અમે અન્ન ન મળે એવી આપત્તિમાં આવ્યા નથી......' ૫-૮૯-૨૫; વધુ માટે જુઓ 'ભારત-રત્ન' (ભો. જ. સાંડેસરા, ૧૯૬૩), પૃ. ૨૩૬ થી.

૨. શિશુપાલ ત્રણ આંખો તથા ચાર હાથ સાથે જન્મ્યો હતો અને તેના એકસો અપરાધ ક્ષમા કરવાનું શ્રીકૃષ્ણે તેની માતાને વચન આપ્યું હતું, તે દંતકથા માટે જુઓ લેખના અંતે પરિશિષ્ટ.

તેને યશસ્વી હરિ પાછો લઈ લેવા ઇચ્છે છે[1] અને એટલે તો આ દુર્બુદ્ધિ વાઘની જેમ તાડૂકે છે.' (૨-૪૧-૧ થી ૪).

શિશુપાલ ભીષ્મનો આ તિરસ્કાર ન સાંખી શક્યો. એટલે ભીષ્મને ફરી ગાળો ભાંડવા માંડ્યો : 'ભીષ્મ ! બન્દીની જેમ તું જેની સતત ભાટાઈ કરે છે, તે કેશવનો પ્રભાવ, તેના દ્વેષી એવા અમારો હો ! તારે જો ભાટાઈ જ કરવી હોય તો આ જનાર્દન સિવાય બીજા (એનાથી શ્રેષ્ઠ) રાજાઓની અને બ્રાહ્મણોની કરને !' એમ બોલીને એણે બાહ્લિક, કર્ણ, દ્રોણ, અશ્વત્થામા, શલ્ય વગેરેનાં પ્રશસ્તિગીત ગાવાનો અનુરોધ કર્યો ! (૨-૪૧-૫ થી ૧૩; વળી જુઓ 'સભાપર્વ' ક્ષેપક પરિશિષ્ટ ૧–૨૩). અને પુનઃ ભીષ્મ જેવા બહુશ્રુત ધર્મજ્ઞને ધર્મવિચાર શીખવવા માંડ્યો : 'તેં ધર્મવાદી વૃદ્ધોનાં આ વચનો સાંભળ્યાં નથી એટલે હું શું કરું ? આત્મનિન્દા, આત્મસ્તુતિ, તથા પરનિન્દા અને પરસ્તુતિ આ ચારને આર્યો આચરતા નથી. આ અસ્તુતિપાત્ર કેશવની તું ભક્તિથી સ્તુતિ કરે છે, તેને કોઈ અનુમતિ આપતું નથી. ભોજ (કંસ)નાં ઢોર ચારનારા આ દુષ્ટ ભરવાડમાં સ્વેચ્છાએ તું આખા જગતનો સમાવેશ કેવી રીતે કરી શકે છે? અથવા આ તારી ભક્તિ નથી, પરન્તુ પૂર્વે કહ્યું છે તેમ ભૂલિઙ્ગ પક્ષી જેવી તારી પ્રકૃતિ (સ્વભાવ) છે. (૨–૪૧–૧૮; જુઓ ઉપર ૨–૩૮–૧૭નો સંદર્ભ). હિમાલયના પડખે ભૂલિઙ્ગ નામના એક પક્ષીનો 'સાહસ કરશો નહિ' એવો અર્થહીન અવાજ સતત્ કાને પડ્યા કરે છે પણ અક્કલવગરનું એ પક્ષી પોતે તો સિંહની દાઢમાં ચોંટેલું માંસ ખોતરી ખાવા ફરે છે ! એને એના જ સાહસનું ભાન નથી ! એ સિંહની મહેરબાનીથી જ જીવે છે, તે તો ખુલ્લું છે. એમ (ભૂલિઙ્ગ પક્ષી જેવો) તું પણ (સિંહ જેવા) આ મહારાજાઓની દયાથી જ જીવે છે !' (૨–૪૧–૧૫ થી ૨૩).

ચેદિરાજનાં આવાં કડવાં વચન સાંભળીને, એ શિશુપાલના જ સાંભળતાં ભીષ્મ બોલ્યા: 'જો હું આ રાજાઓની મરજી ઉપર જ જીવું છું, તો હું એમને એક તણખલાની તોલે પણ ગણતો નથી !' ભીષ્મની આ વીર વાણી સાંભળીને કેટલાક રાજાઓ રીસે ભરાયા, કેટલાક રાજી થયા અને કેટલાક ભીષ્મની નિન્દા કરવા માંડ્યા. વળી કેટલાક મહાચાપધારી રાજાઓ બોલવા માંડ્યા કે, 'આ પાપી ડોસો છકી ગયો છે, એને ક્ષમા ન ઘટે. બસ આ દુષ્ટને તો પશુની જેમ મારી નાખો (જેથી એને સ્વર્ગ ન મળે) ! અથવા બધા ભેગા થઈને એને સૂકા ઘાસની ગંજીમાં (જીવતો) સળગાવી દો !' (૨–૪૧–૨૪ થી ૨૮).

વિરોધી રાજાઓની આવી આગઝરતી વાણી સાંભળીને (સ્થિર) બુદ્ધિવાળા ભીષ્મે એમને

---

१. एष ह्यस्य महाबाहो तेजोंशश्च हरेर्ध्रुवम् ।
तमेव पुनरादातुमिच्छत्पृथुयशा हरिः ॥ २-४१-३.

સર° ગીતાવાક્ય

यद्यद्विभूतिमत्सत्त्वं श्रीमदूर्जितमेव वा ।
तत्तदेवावगच्छ त्वं मम तेजोंशसंभवम् ॥

૬-૩૨-૪૧ (ગીતા. ૧૦-૪૧) = વાયુ. ૨-૫-૧૩૬.

'જે જે વસ્તુ વિભૂતિમાન, શ્રીમાન (શોભાવાળી), અથવા ઊર્જિત (બળ અને ઉત્સાહવાળી) હોય તો તે મારા તેજના અંશથી જ થયેલી જાણ.'

કહ્યું : 'હે રાજાઓ ! આમ સામસામે થૂંક ઉડાડવાથી આનો છેડો આવે એમ મને લાગતું નથી. તેથી હું કહું છું તે સાંભળો. મને (શસ્ત્રાઘાતથી નહિ પણ) પશુની જેમ મારી નાખવો હોય અથવા સૂકા ઘાસની ગંજીમાં બાળી મૂકવો હોય તો તેમ કરો. મેં તો તમારાં મસ્તકને મારા પગ તળે ચાંપ્યાં છે ! જેને અમે પૂજ્યા છે તે ગોવિંદ આ ઊભા. જેને આજે મરવાની ઉતાવળ હોય તે આજે શાર્ઙ્ગ અને ગદાધારી શ્રીકૃષ્ણને પડકારે, અને તેમના હાથે મૃત્યુ પામીને એ દેવના દેહમાં પ્રવેશ પામે !' (૨-૪૧-૨૪ થી ૩૩).

પિતામહ ભીષ્મની રોકડી વાત સાંભળીને શિશુપાલે લડવાની ઇચ્છાથી વાસુદેવને આહ્વાન આપ્યું : 'જનાર્દન ! હું તને આહ્વાન કરું છું. મારી સામે યુદ્ધમાં ઊતર, એટલે તને પાંડવોની સાથે પૂરો કરી દઉં. રાજાઓની અવગણના કરીને જે પાંડવોએ દાસ, અરાજા-રાજા નહિ તેવા, તથા અપૂજ્ય એવા તને પૂજ્યની જેમ નાદાનીથી પૂજ્યો છે તેઓ સર્વથા વધ્ય જ છે એમ હું માનું છું.' (૨-૪૨-૧ થી ૪).

ક્રોધાગ્નિથી ભભૂકતો શિશુપાલ આમ ઝેરી વરાળો કાઢીને ગર્જતો હતો છતાં ધીર શ્રીકૃષ્ણે તો મૃદુ વાણીથી શિશુપાલની દુષ્ટતા ખુલ્લી પાડી : 'રાજાઓ ! આ યાદવીપુત્ર શિશુપાલ અમારો કટ્ટો શત્રુ છે. એ નૃશંસાત્મા અપકાર નહિ કરનારા યાદવોનું ભૂંડું કરે છે. અમને પ્રાગ્જ્યોતિષપુર ગયેલા જાણીને, અમારો ભાણેજ હોવા છતાં, (અને એ વખતે) જ્યારે ભોજરાજ (ઉગ્રસેન) રૈવતક પર્વત ઉપર ક્રીડા કરતો હતો ત્યારે, હે રાજાઓ ! આ ક્રૂરે દ્વારકા બાળી હતી. મારા પિતા વસુદેવના અશ્વમેધના યજ્ઞીય અશ્વને સૈનિકો સાથે છૂટો મૂકયો હતો, તે ઘોડાને યજ્ઞમાં વિઘ્ન કરવા માટે આ પાપી નિશ્ચયવાળો ઉડાવી ગયો હતો. સૌવીરમાં ગયેલા યશસ્વી બભ્રુની (અક્રૂર હોવા સંભવ છે) પત્નીને[1] તે અહીંથી જતી હતી ત્યારે-અકામા એવી તેને-આ હરી ગયો હતો. વળી મામાનું (વસુદેવનું) કાપી નાખવા આણે તપસ્વિની ભદ્રા વૈશાલીનું કપટથી કરુષના રાજા માટે હરણ કર્યું હતું.[2] માત્ર ફોઈના કારણે જ તેના આવા ઉપદ્રવ હું સહન કરું છું. (અત્યાર સુધી સૌ કોઈ આ જાણતું નહોતું) પણ સદ્ભાગ્યે આજે એ સર્વ રાજાઓની સામે ખડો છે. મારો અતિશય વિરોધ કરતો પણ તેને આજે આપ જુઓ છો. અને પરોક્ષ રીતે તેણે જ જે અપકાર્ય કર્યાં છે તે બધાં પણ આપ જાણો છો. પણ સમગ્ર રાજમંડલની વચ્ચે ગર્વથી વધપાત્ર થયેલા શિશુપાલે કરેલું આ ઉલ્લંઘન હું આજે સહીશ નહિ. મરવા ઇચ્છતા

---

૧. (૧) વસુદેવે અશ્વમેધ કરેલો. તેથી એમની સ્મશાનયાત્રામાં શબની પાલખીની આગળ તેમના અશ્વમેધ યજ્ઞનું છત્ર લઈ જવામાં આવ્યું હતું. ૧૬-૮-૨૧.

(૨) સૌવીરનો રાજા બભ્રુનો સસરો હતો. જુઓ 'હરિવંશ' ૨-૧૦૨-૧૯.

૨. આ ભદ્રા વૈશાલી તે વસુદેવનાં પત્ની ભદ્રા હોવા સંભવ છે. એ તથા બીજી દેવકી આદિ ત્રણ રાણીઓ વસુદેવની પાછળ સતી થયેલી. ૧૬-૮-૧૮ થી ૨૬. સર૦ 'સભાપર્વ' ક્ષેપક પરિશિષ્ટ ૧-૨૬માં વૈશાલીનું વસુદેવે વિવાહાર્થે માગું કર્યાનો નિર્દેશ છે. 'હરિવંશ' ૧-૩૫-૨માં વસુદેવની પત્નીઓનાં નામ ગણાવતાં વૈશાખી અને ભદ્રા એમ બે અલગ નામ ગણાવ્યાં છે, તેમાં કંઈક ભૂલ જણાય છે.

આ મૂર્ખે રુકિમણીની તૃષ્ણા કરી હતી, પણ શૂદ્રને જેમ વેદશ્રુતિ ન મળે તેમ તેને એ મળી નહોતી.'[1] (૨-૪૨-૫ થી ૧૫).

શિશુપાલનાં આવાં ભારે ઉશ્કેરણીજનક કાર્યો છતાં શ્રીકૃષ્ણની આ ન્યાય્ય, મૃદુ વાણી સાંભળીને સર્વ રાજાઓ શિશુપાલની નિન્દા કરવા લાગ્યા, પણ શિશુપાલ તો ખડખડાટ હસીને કટાક્ષમાં કહેવા લાગ્યો : 'કૃષ્ણ ! પૂર્વે મારે માટે નક્કી થયેલી રુકિમણી વિશે સંસદમાં—તેમાંય ખાસ કરીને રાજાઓની આ સંસદમાં વાત કરતાં તને શરમ નથી આવતી ? ખરેખર તારા વિના બીજો કયો પુરુષ સજ્જનો સમક્ષ પોતાની સ્ત્રીને અન્યપૂર્વા કહી શકે ?' અને પછી તિરસ્કારની ટોચે પહોંચીને, શ્રીકૃષ્ણને કંઈ પણ લેખામાં નહિ ગણતાં બોલ્યો : 'કૃષ્ણ ! તને શ્રદ્ધા હોય તો ક્ષમા કર અથવા ક્ષમા ન કર. તું રીસે ભરાય કે રાજી થાય એનાથી મને શું થવાનું હતું ?' (૨-૪૨-૧૬ થી ૨૦). [આ જીભાજોડી દરમિયાન બન્ને પક્ષે યુદ્ધની તૈયારી તો ચાલતી હતી અને છેવટે દ્વૈરથ યુદ્ધ થયું. જુઓ નીચે ૫-૨૨-૨૪ થી ૨૮.]

શિશુપાલ આમ બકવાદ કરતો હતો ત્યાં તો અમિત્રકર્ષણ ક્રુદ્ધ મધુસૂદને ચક્રથી એનું મસ્તક ઉડાવી દીધું અને વજ્ર (વિદ્યુત્) પડવાથી જેમ પર્વત ઊથલી પડે એમ શિશુપાલ ઊથલી પડ્યો. શિશુપાલ ઊથલી પડતાં ચકિત થયેલા રાજાઓએ, એના શરીરમાંથી ઉત્તમ તેજ નીકળીને (જાણે કે) સર્વલોક નમસ્કૃત કૃષ્ણને વન્દન કરીને તેમનામાં સમાઈ જતું જોયું.[2] (જાણે કે) વાદળ વિનાના આકાશમાંથી વૃષ્ટિ થઈ, વીજળી પડી અને ધરતી ડોલી ઊઠી ! આ બનાવ એટલી ઝડપથી બની ગયો કે બોલવાનો ય અવકાશ નહોતો, એટલે શ્રીકૃષ્ણને જોઈ રહેલા કેટલાક રાજાઓ કંઈ બોલ્યા જ નહિ. કેટલાક ક્રોધથી બે હાથ મસળવા લાગ્યા અને કેટલાક દાંતથી હોઠ પીસવા માંડ્યા ! (પછીથી હાલ બને છે એ રીતે) કેટલાક રાજાઓ ખાનગીમાં વાર્ષ્ણેયની પ્રશંસા કરવા માંડ્યા, કેટલાક ક્રોધ વ્યક્ત કરવા લાગ્યા અને કેટલાક મધ્યસ્થ રહ્યા ! (૨-૪૨-૨૧ થી ૨૮).

ત્યારબાદ પ્રસન્ન થયેલા મહર્ષિઓ, બ્રાહ્મણો અને મહાબળવાન રાજાઓ કેશવની સ્તુતિ કરતા તેમને શરણે ગયા—તેમને ટેકો આપવા લાગ્યા. (૨-૪૨-૨૯). યુધિષ્ઠિરે ત્વરાથી સત્કાર-પૂર્વક શિશુપાલનો અંતિમ સંસ્કારવિધિ કરાવ્યો અને એના પુત્રનો રાજ્યાભિષેક પણ કરી દીધો. (૨-૪૨-૩૦, ૩૧).

આમ શિશુપાલનું વિઘ્ન દૂર થતાં, વિપુલ ઓજસ્વી કુરુરાજ યુધિષ્ઠિરનો સર્વસમૃદ્ધિમાન યજ્ઞ પૂર્ણ થયો. આ યજ્ઞનાં (જરાસંધ તથા શિશુપાલ રૂપી) વિઘ્નો શાંત થયાં હતાં, એનો

---

૧. શ્રીકૃષ્ણના મુખમાં મુકાયેલ આ કહેવત न च तां प्राप्तवान्मूढः शूद्रो वेदश्रुतिं यथा ॥ ૨-૪૨-૧૫ ગદ્ય અડવી લાગે છે. તે શાથી એમ લાગે છે એ માટે જુઓ 'ભગવાન શ્રીકૃષ્ણનાં લગ્નો', 'સ્વાધ્યાય', વસંતપંચમી અંક, સં. ૨૦૨૨, પૃ. ૧૭૨, નોંધ ૨.

૨. (क) શિશુપાલવધના પ્રસંગ માટે જુઓ 'ભાગવત' ૧૦, अ. ૭૪. તેમાં સર૦ 'શિશુપાલનું તેજ શ્રીકૃષ્ણમાં પ્રવેશ્યું' એવો નિર્દેશ. 'ભાગવત' ૧૦-૭૪-૪૫.

(ख) 'દ્રોણપર્વ' ૧૫૬-૨૧ થી ૨૩માં શિશુપાલવધનું કારણ શ્રીકૃષ્ણ અર્જુનને કહે છે. '...તારી નજર આગળ જ મેં પરાક્રમી શિશુપાલને મારી નાખ્યો છે. તે પણ સર્વે દેવાસુરોથી સંગ્રામમાં જીતી શકાય એવો નહોતો...' આ ઉલ્લેખના સંદર્ભ તપાસતાં તે ખાસ મહત્ત્વનો જણાયો નથી.

સુખપૂર્વક આરંભ થયો હતો. ધનધાન્યથી ભરપૂર હતો. બહુ અન્ન અને ભોજનોવાળો હતો અને केशवेन सुरक्षितः । કેશવ તેનું રક્ષણ કરતા હતા. શાર્ઙ્ગચક્રગદાધારી ભગવાન શૌરિ જનાર્દને તેની સમાપ્તિ થતાં સુધી રક્ષણ કર્યું હતું. (૨-૪૨-૩૨ થી ૩૪).

યજ્ઞાર્થે અવભૃથસ્નાન થઈ ગયા પછી સમગ્ર રાજમંડળે યુધિષ્ઠિરને સમ્રાટ તરીકે સ્વીકાર્યા. ધર્મરાજે સર્વ રાજાઓને માનપૂર્વક વિદાય આપી.[૧] એ જ પ્રમાણે સર્વે વિપ્રો (અને બીજા મહેમાનો) પણ સત્કાર પામીને પોતાને સ્થાનકે ગયા. (૨-૪૨-૩૫ થી ૪૪). બધા ગયા પછી પ્રતાપી વાસુદેવે યુધિષ્ઠિરની વિદાય માગતાં કહ્યું: 'કુરુનન્દન! હું દ્વારકા જવાની રજા માગું છું. સદ્ભાગ્યે તમે ક્રતુશ્રેષ્ઠ રાજસૂય પરિપૂર્ણ કર્યો છે.' (૨-૪૨-૪૫, ૪૬).

શ્રીકૃષ્ણે આજ્ઞા માગતાં ધર્મરાજ સ્નેહપૂર્વક બોલ્યા: 'તમારા પ્રસાદથી હું રાજસૂય યજ્ઞ કરી શક્યો છું. તમારા જ પ્રસાદથી સમસ્ત રાજાઓ મારે તાબે થયા છે અને મને સુંદર નજરાણાં ધર્યાં છે.[૨] તમારા વિના અમને કદીય ચેન પડે એમ નથી. છતાંય તમારે દ્વારકાપુરી તો અવશ્ય જવું જ જોઈએ.' (૨-૪૨-૪૭ થી ૪૯). એમ યુધિષ્ઠિરની વિદાય લઈ અત્યંત વિનયી અને પ્રેમાળ શ્રીકૃષ્ણ યુધિષ્ઠિરને સાથે લઈને ફોઈબા કુન્તી પાસે પ્રીતિપૂર્વક ગયા. વિદાય માગી: 'ફોઈબા! આજે તમારા દીકરાઓને સામ્રાજ્ય મળ્યું છે. તેઓ સિદ્ધાર્થ અને વસુમાન થયા છે. એટલે તમે આનંદ કરો. તમે રજા આપો તો દ્વારકા જવાનો ઉત્સાહ કરું.' પછી શ્રીકૃષ્ણે બહેન સુભદ્રા અને સખી દ્રૌપદીની વિદાય લીધી. ત્યારબાદ યુધિષ્ઠિરની સાથે અન્તઃપુરમાંથી બહાર નીકળ્યા. સ્નાન કર્યું. જપ કર્યા. બ્રાહ્મણો પાસે સ્વસ્તિવાચન કરાવ્યું. એ પછી દારુક એમનો 'મેઘવર' નામનો સરસ બાંધણીવાળો રથ જોડીને હાજર કર્યો. મોટા ગરુડની ધ્વજાવાળા રથની પ્રદક્ષિણા કરીને મહામના પુંડરીકાક્ષ તેમાં બેઠા અને દ્વારવતી જવા નીકળ્યા. શ્રીમાન્ વાસુદેવને વળાવવા પાંડવ ભાઈઓ પગપાળા જ નીકળ્યા. થોડેક ગયા પછી શ્રીકૃષ્ણે રથ થોભાવ્યો. રાજસૂય પાછળ રહેલો આશય યાદ કરાવ્યો અને મહત્ત્વની સૂચના આપી:

अप्रमत्तः स्थितो नित्यं प्रजाः पाहि विशां पते ।
पर्जन्यमिव भूतानि महाद्रुम इवाण्डजाः ।
बान्धवास्त्वोपजीवन्तु सहस्राक्षमिवामराः ॥ २-४२-५८.

**'પ્રજાપતિ! અપ્રમત્ત રહીને સદા પ્રજાનું પાલન કરજો.** જેમ વરસાદથી

---

૧. રાજાઓને વળાવવા જનારાઓનો ઉલ્લેખ કરતાં પર્વત પ્રદેશના રાજાઓને દ્રૌપદીના પુત્રો, સુભદ્રાના પુત્રની સાથે વળાવવા ગયા એવો નિર્દેશ છે:

द्रौपदेयाः ससौभद्राः पार्वतीयान्महीपतीन् ॥ ૨-૪૨-૪૩ ગદ્ય.

૨. અહીં એક સુંદર ક્ષેપક છે:

कथं त्वद्गमनार्थं मे वाणी वितरतेऽनघ ॥ ક્ષેપક ૪૧૨:

'હે નિષ્પાપ! તમને જવાનું કહેતાં મારી જીભ કેવી રીતે ઊપડે?'

પ્રાણીઓ અને મહાવૃક્ષના આધારે (પક્ષીઓ વગેરે) 'અણ્ડજ પ્રાણીઓ જીવે છે, તથા દેવો જેમ સહસ્રાક્ષ ઇન્દ્રના આશ્રયે રહે છે, એમ તમારા બાંધવો પણ તમારા આશ્રયે જીવો.'

એવી રીતે પરસ્પર વાતો કરી એકબીજાની અનુજ્ઞા લઈને કૃષ્ણ-યુધિષ્ઠિર પોતપોતાને ઘેર ગયા. (૨-૪૨-૪૭ થી ૫૯).

ઇન્દ્રપ્રસ્થ ખાલી થઈ ગયું. સર્વ પરોણાઓ ચાલ્યા ગયા, પણ માત્ર દુર્યોધન અને શકુનિ એ બે માણસ જ ઇન્દ્રપ્રસ્થની દિવ્ય સભામાં રહ્યા, એવી વિશિષ્ટ નોંધ કવિએ મૂકી છે. (૨-૪૨-૬૦).

ઇન્દ્રપ્રસ્થમાં રહેલા દુર્યોધન અને શકુનિએ આ અત્યંત સુંદર, અદષ્ટપૂર્વ સભાને અનુક્રમે વિગતવાર જોઈ નાખી. આવી અનુપમ કારીગરીવાળી સભા કદીય ન જોઈ હોવાને લીધે, તથા પોતે વધુ પડતો અભિમાની હતો, એટલે સભાનું નિરીક્ષણ કરતાં એમાંનાં કૃતિમ અને સાચાં સ્થાનોની સમજ નહિ પડવાથી, દુર્યોધન અણસમજથી છેતરાઈને, વારંવાર અથડાયો અને કુટાયો; અને એ એમ ફસાઈ પડતાં તેને જોનારા ભીમ, અર્જુન, નકુલ, સહદેવ અને નોકરચાકરો તેને મદદ કરતા, પરન્તુ સાથે હસતા પણ ખરા. આ મશ્કરીથી અને પાંડવો પ્રત્યેની ઈર્ષ્યાથી બળતો દુર્યોધન બહુ ચિડાતો પણ પોતાની એ ચીડ તેણે છુપાવી રાખી. તેણે ઇન્દ્રપ્રસ્થમાં પાંડવો પ્રત્યેનો પ્રજાનો પ્રેમ, તેમનો અનુપમ મહિમા, સમૃદ્ધિ અને પરસ્પરનો પ્રેમભાવ જોયાં.[1] આને લીધે દુર્યોધન ઈર્ષ્યાથી બળતા અને ભાંગેલા હૃદયે હસ્તિનાપુર પાછો ફર્યો: (૨-૪૩-૧ થી ૧૮).

હસ્તિનાપુર જતાં દુર્યોધને મામા શકુનિ આગળ પોતાનો ઈર્ષ્યામૂલક પરિતાપ ઠાલવ્યો. એના દ્વેષપૂર્ણ સંભાષણમાં શિશુપાલવધનો ઉલ્લેખ કરતાં એણે કહ્યું, 'સાત્વતમુખ્ય કૃષ્ણે જ્યારે શિશુપાલને મારી નાખ્યો ત્યારે ત્યાં કોઈ મર્દ એની મદદે જવા ઊભો થયો નહોતો. રાજાઓ તો પાંડવોના (પ્રતાપરૂપી) અગ્નિથી બળી રહ્યા હતા, એટલે એ અપરાધ સહન કર્યો. નહિ તો કોણ સહન કરે? વાસુદેવે આ જે અયોગ્ય કર્મ કર્યું, તે તો મહાન પાંડવોના પ્રતાપથી જ કર્યું હતું!' (૨-૪૩-૨૨ થી ૨૪). દુર્યોધનની ઈર્ષ્યાનાં પડળવાળી આંખો વાસુદેવનો પ્રતાપ તો નથી જોતી, પણ પિતામહ ભીષ્મની આગેવાની પણ નથી જોતી!

આ સંભાષણના પ્રત્યુત્તરમાં પ્રથમ તો શકુનિએ દુર્યોધનને અવિચારી ઈર્ષ્યા કરતાં થોડોક વાર્યો. એને વારતાં પાંડવોના સહાયકો ગણાવ્યા, તેમાં 'વીર્યવાન વાસુદેવ'નો પણ નિર્દેશ કર્યો. (૨-૪૪-૩૯).

પણ ત્યારબાદ દુર્યોધને શકુનિ સાથે યોજના ઘડીને ધૃતરાષ્ટ્ર પાસે દ્યૂત રમવાની મંજૂરી મેળવી. વિદુરે તેનો વિરોધ કર્યો. ધૃતરાષ્ટ્રને વિદુરની સલાહ ઠીક લાગતાં દુર્યોધનને દ્યૂત રમવાનું

---

૧. દુર્યોધને અહીં જોયેલી શ્રીનું ધૃતરાષ્ટ્ર આગળ વર્ણન કર્યું હતું. તે માટે જુઓ 'સભાપર્વ' અ. ૪૫ થી ૪૯. તેમાં અ. ૪૮નું ક્ષેપક ૪૭૭ શ્રીકૃષ્ણનો ઉલ્લેખ આ વિશિષ્ટ રીતે કરે છે:

'વાર્ષ્ણેય વાસુદેવે કિરીટી અર્જુનનું બહુમાન કરતાં ૧૪૦૦૦ શ્રેષ્ઠ હાથીઓ આપ્યા હતા, કારણ પાર્થ કૃષ્ણનો આત્મા છે અને કૃષ્ણ કિરીટીના આત્મા છે. કૃષ્ણ જે કહે તે અર્જુન નિઃસંશય કરે જ. કૃષ્ણ ધનંજય માટે સ્વર્ગને પણ ત્યજી દે. તેવી જ રીતે પાર્થ પણ કૃષ્ણ માટે પ્રાણ સુદ્ધાં ઓવારી નાખે.'

પડતું મૂકવા વિનંતી કરી. (આજ્ઞા નહિ !) ત્યારે ધૃતરાષ્ટ્ર ઉપર ત્રાગું કરીને દુર્યોધને અંતરનું ઝેર ઓક્યું. એમાં સભા જોતાં પોતે ઠગાયેલો તેની વાત કરી, અને ચઢવણી કરવા માટે, તે સમયે પોતાની મશ્કરી કરનારાઓમાં બીજાઓ ઉપરાંત **શ્રીકૃષ્ણ અને દ્રૌપદીનાં નામ પણ મૂકી દીધાં !** (૨–૪૬–૩૦). ખરેખર વસ્તુસ્થિતિ તો એ હતી કે **કૃષ્ણ ઇન્દ્રપ્રસ્થમાં જ નહોતા !** પછી આગળ ચાલતાં યુધિષ્ઠિરના અભિષેકનું વર્ણન કરતાં એણે કહ્યું કે, 'પૂર્વકલ્પમાં જે શંખને પ્રજાપતિએ ઇન્દ્ર માટે લીધો હતો, જેને વિશ્વકર્માએ ૧૦૦૦ નિષ્કથી—સુવર્ણની મહોરોથી શણગાર્યો હતો, તેનાથી જ્યારે કૃષ્ણે યુધિષ્ઠિરને અભિષેક કર્યો ત્યારે મને અંધારાં આવી ગયાં હતાં !... એ વખતે ત્યાં મંગળ માટે સેંકડો શંખ ફૂંકવામાં આવ્યા ત્યારે રાજાઓએ નમન કર્યું. આ જોઈને મારાં તો રૂંવાં ઊભાં થઈ ગયાં, અને જેઓ નિસ્તેજ હતા તેઓ તો ભોંય પર પડી ગયા. ત્યારે ધૃષ્ટદ્યુમ્ન, પાંચ પાંડવો, સાત્યકિ અને કેશવ, એ અન્યોન્ય પ્રિય કરનાર આઠ જણ રાજાઓની અને મારી આ હાલત જોઈ ને ખૂબ હસ્યા હતા !' (૨–૪૯–૧૪ થી ૧૯; આ કંડિકા સાથે સર૦ ૨–૪૫–૨૭ થી ૩૨ અને ત્યાંનું ક્ષેપક ૪૪૨. રાજસૂય સમયે શ્રીકૃષ્ણ અને પાંડવો વગેરેએ પોતાની મશ્કરી કરી હતી, એમ દુર્યોધન કહે છે, પરંતુ વિગતો તપાસતાં તે પણ હકીકતનું વિકૃતીકરણ લાગે છે. જુઓ નીચેની કંડિકામાં 'આદિપર્વ'નો સંદર્ભ).

* * *

'આદિપર્વ'માં 'અનુક્રમણીપર્વ' અ. ૧-૮૪ થી ૯૧માં રાજસૂયનું સંક્ષિપ્ત વર્ણન છે. તેમાં જરાસંધ તથા શિશુપાલના વધનો ઉલ્લેખ કર્યા પછી, દુર્યોધનને પાંડવોની સમૃદ્ધિ જોવાથી પેદા થયેલા ઈર્ષ્યાસમુત્થિત મન્યુનો નિર્દેશ છે. એ પછી 'જ્યાં સંભ્રમથી પડવા જેવા થઈ ગયેલા દુર્યોધનની, વાસુદેવની સમક્ષ ભીમસેને અનભિજાતવત્–ગામઠી રીતે હાંસી કરી હતી,' એવી હકીકત છે. આ નિર્દેશ ઉપરથી એવું સાફ દેખાય છે કે, શ્રીકૃષ્ણે દુર્યોધનની કોઈ રૂપમાં મશ્કરી નહોતી કરી. પરંતુ અભિષેક પ્રસંગે જ્યારે દુર્યોધન ઈર્ષ્યાથી વ્યાકુળ બનેલો ત્યારે શ્રીકૃષ્ણની હાજરીમાં ભીમે તેની મશ્કરી કરેલી.

* * *

મહાયુદ્ધ અગાઉ, પાંડવોની છાવણીમાં વિષ્ટિકાર્ય માટે સંજયને મોકલતાં, ધૃતરાષ્ટ્રે ભાષણ કર્યું તેમાં શિશુપાલનો આ પ્રમાણે ઉલ્લેખ છે: '(રાજસૂયમાં) રાજાઓની મધ્યે સૂર્યની જેમ તપતા શિશુપાલને, યુદ્ધમાં ન ખાળી શકાય એવો અને શ્રેષ્ઠ ધનુર્ધારી માનીને, બળાત્કારે મારી નાખ્યો હતો, અને (વિરોધી) ક્ષત્રિયોનો ઉત્સાહ તોડી નાખ્યો હતો. જે શિશુપાલનું કરુષરાજ વગેરે રાજાઓ માન વધારતા હતા તે શિશુપાલને યાદવોનાં યશમાન વધારનાર કૃષ્ણે યુદ્ધમાં ભેદી નાખ્યો હતો. સુગ્રીવ વગેરે ઘોડાઓ જોડેલા રથમાં બેઠેલા કેશવને અસહ્ય માનીને, સિંહને દેખીને ક્ષુદ્ર મૃગો નાસી જાય એમ એક શિશુપાલ સિવાય બીજાઓ નાસી ગયા હતા. ત્યારે એ ઝડપથી વિજયની આશાએ દ્વૈરથયુદ્ધમાં વાસુદેવની સામે રણે ચઢ્યો હતો, પણ કૃષ્ણના હાથે રોળાઈને, વાયુએ ઉખાડી નાખેલા કર્ણિકાર વૃક્ષની જેમ એ ભોંય પર ઢળી પડ્યો હતો.' (૫-૨૨-૨૪ થી ૨૮).

રાજસૂયમાં આતતાયી શિશુપાલનો વધ કરવાની ફરજ પડી, પરંતુ એ બનાવમાંથી શ્રીકૃષ્ણ અને પાંડવોએ બોધપાઠ લીધો કે, ધર્મનું રૂપ લીધેલી સામાજિક રૂઢિને યોગ્ય સંદર્ભમાં બદલી

શકાય. મૂળ ધર્મતત્ત્વ એક રહે, છતાં એ અંગેના ક્રિયાકાંડો ફરતા જ રહે. એમણે એ રીતે અર્ઘ્યપૂજનની રૂઢિ બદલી પણ ખરી. મહાયુદ્ધ પછી યુધિષ્ઠિરે અશ્વમેધ આરંભ્યો તે અંગેનો દિગ્વિજય કરી પાછા વળતાં અર્જુને શ્રીકૃષ્ણ ઉપર યુધિષ્ઠિરને કહેવા સંદેશો મોકલ્યો, 'કૃષ્ણ! યુધિષ્ઠિરને તમારે યોગ્ય સમયે, મારું આ વાકય કહેવું: 'આપણે ત્યાં બધી બાજુએથી રાજાઓ આવશે. તેઓની (જેમ આવતા જાય એમ) એકે એકે પૂજા કરજો. હવે આપણે એમ જ કરવું જોઈએ. હે માનદ! મારા વતી યુધિષ્ઠિરને આટલી વિનંતી કરજો, જેથી અગાઉ (રાજસૂયના) અર્ઘ્યપ્રદાન સમયે થઈ હતી.તેવી (શિશુપાલના વધ જેવી) વિનાશકારી કટોકટી ઊભી ન થાય. ધર્મરાજે આમ જ કરવું જોઈએ અને તમારે તેમાં અનુમતિ આપવી જોઈએ. જોજો, રાજાઓના દ્વેષને કારણે આ પ્રજાઓ ફરીથી નાશ ન પામે...' (૨૪-૮૮-૧૩ થી ૧૭). શ્રીકૃષ્ણે આ સંદેશો ધર્મરાજને નિવેદન કર્યો. જો કે યુધિષ્ઠિરે તો પ્રથમથી જ રાજાઓના સત્કારની અર્જુને સૂચવેલી અને શ્રીકૃષ્ણે અનુમોદેલી આ રીત પ્રમાણે પૂજા-સત્કાર કરવાનું ચાલુ કરી દીધું હતું (૧૪-૮૮-૧ થી ૩), અને તેથી અશ્વમેધની શાન્તિપૂર્વક પૂર્ણાહુતિ થઈ હતી.

* * *

રાજસૂય અને શિશુપાલવધને લગતા મહાભારતના આ પ્રકરણમાં શ્રીકૃષ્ણ ત્રણે લોકને પૂજ્ય એવા માનવોત્તમ, ઉપરાંત જેમનામાં ઈશિતત્ત્વ તેની સર્વ ઋદ્ધિ સહિત વિલસી રહ્યું છે તેવા પુરુષોત્તમ—પરમાત્મા તરીકે પણ નિરૂપાયા છે. અર્થાત્ એમણે જગતનું શાસન કરનાર ઋત—ધર્મતત્ત્વનું પોતાનામાં સર્વોત્તમ પ્રકટીકરણ કર્યું હતું એમ સ્વીકારાયું છે. સંભવતઃ એ વખતના સંસ્કૃત ભારતીય સમાજને જાણીતા એવા સર્વ પ્રદેશોના જુલ્મી શાસકોને એમણે ડારીને વશમાં લીધા, તથા શિષ્ટસંપ્રતિપત્તિસત્રો જેવી દીર્ઘ ધર્મપરિષદો દ્વારા સમાજના શિષ્ટ પુરુષોમાં—કોઈ પણ ધર્મપરંપરાના સદ્ગુણી પુરુષોમાં, મૂળભૂત ધર્મતત્ત્વ વિશે ઐક્ય સાધેલું.[૧] એ પછી પિતામહ ભીષ્મ જેવી નિર્મલ ઋજુ વ્યક્તિઓ એમને આ રીતે, પરમાત્મતત્ત્વના આવિષ્કાર, પરમાત્માના અવતાર, ચરાચર જગતથી શ્રેષ્ઠ સનાતન જ્યોતિ પુરુષોત્તમ તરીકે (સર° ગીતા. ૧૫–૧૮) ઓળખી ગઈ હશે તથા એ રીતે એમને સત્કારતી અને પૂજતી હશે.

શ્રીકૃષ્ણના પ્રતાપી વ્યક્તિત્વનું એક બીજું ઉજ્જવળ પાસું અહીં વધુ તેજસ્વી રૂપમાં વ્યક્ત થાય છે. શ્રીકૃષ્ણ પોતાની સામે થયેલી વ્યકિતગત દુશ્મનાવટની ઉપેક્ષા કરતા, પણ સામાજિક દુશ્મનાવટની ઉપેક્ષા કદી ન કરતા. તેમણે કંસ-ચાણૂરને મારેલા તે યાદવસંઘના શત્રુ હતા માટે. જરાસંધની એમણે રાજનીતિ મુજબ ઉપેક્ષા કરી. પણ એણે પુરુષમેધનું આયોજન કરતાં, એ ભયંકર ક્રૂર કાર્ય અટકાવવા માટે, રાજાઓને છોડાવવા માટે, એમણે ગણત્રીપૂર્વકનું ભારે જોખમ ઉઠાવી જરાસંધનો વધ કર્યો. શિશુપાલ પણ જ્યાં સુધી વ્યક્તિગત ગાળાગાળી કરતો હતો ત્યાં સુધી શ્રીકૃષ્ણે એને કંઈ કર્યું નથી, એનું દુષ્કૃત્ય સહન કર્યું છે. એનાં અગાઉનાં ઘણાં અપકૃત્યોની પણ ક્ષમા આપી છે, પરંતુ જ્યારે એણે યુદ્ધનું આહ્વાન કર્યું, અને રાજસૂયને ભયમાં મૂકયો, એટલે કે ધર્મસામ્રાજ્યના સ્થાપનમાં વિઘ્ન કર્યું,[૨] ત્યારે પોતે રાજસૂયના રક્ષક

૧. જુઓ: 'શ્રીકૃષ્ણનાં શિષ્ટસંપ્રતિપત્તિસત્રો', 'સ્વાધ્યાય' સં. ૨૦૨૧, અક્ષયતૃતીયા અંક.

૨. ''ધર્મરાજ્ય' એટલે કોઈ સંપ્રદાય પરસ્ત રાજ્ય નહિ પણ જેમાં ધર્મ એટલે કે સાર્વજનિક ઉત્કર્ષ સાધવાની સુવિધા અને તત્પરતા હોય એવો સુવ્યવસ્થિત વહીવટ ધરાવતું સામ્રાજ્ય.

હતા, યુદ્ધનો લલકાર થયો હતો અને પુરુષમેધની પરંપરાના યજમાન જરાસંધનો સમાજદ્રોહી સેનાપતિ ( શિશુપાલ ) ફાવે તો ધર્મદ્રોહ થાય, આ કારણોથી શિશુપાલને યુદ્ધમાં માર્યો છે.

શ્રીકૃષ્ણ ક્ષમા કરતા પણ એમની ક્ષમા દક્ષ અને બળવાનની છે એ અહીં સ્ફુટ થાય છે. કુરુસંસદમાં વિષ્ટિ માટે ગયેલા શ્રીકૃષ્ણને કેદ પકડવાનું કાવત્રું કરતાં દુર્યોધનને શ્રીકૃષ્ણ તેના મળતિયાઓ સહિત કેદ પકડીને મારી નાખી શકે એમ હતા, છતાં ધર્મમર્યાદા ન લોપવા માટે જ એમણે કંઈ કર્યું નહોતું. એ પ્રસંગમાં એમનાં દક્ષતા, ક્ષમા, સમયજ્ઞતા, પ્રભુતા વગેરે દેખાય છે ( 'ઉદ્યોગપર્વ ' અ. ૧૨૮ ). તેની એક ઝલક અહીં પણ દેખાઈ છે.

રાજસૂયની પૂર્ણાહુતિ પ્રસંગે શ્રીકૃષ્ણની ઉંમર આશરે ૪૫ થી ૪૮ વર્ષની વચ્ચે હોવા સંભવ છે. ખાંડવદાહ પ્રસંગે એમની ઉંમર ૩૧ વર્ષની હશે. ( જુઓ ' સ્વાધ્યાય ' સં. ૨૦૨૧, અક્ષયતૃતીયા અંકમાં ' શ્રીકૃષ્ણનાં શિષ્ટસંપ્રતિપત્તિ સત્રો ' ). તે પછી સભાનિર્માણ અને રાજ્ય-વ્યવસ્થા કરતાં પાંડવોને આશરે દશથી બાર વર્ષ થયાં હોય, તથા રાજસૂય કરવા અંગેની મંત્રણા, તૈયારી અને દિગ્વિજયમાં સારો એવો સમય પસાર થયો હશે અને રાજસૂય યજ્ઞ સંપૂર્ણ કરતાં ઓછામાં ઓછાં બે વર્ષ તો થાય જ,[1] તે ઉમેરતાં આ સરવાળો ૪૫ ઉપર તો સહેજે પહોંચી જાય. યુધિષ્ઠિર ફરીથી દ્યૂતમાં હાર્યા પછી પાંડવો વનવાસે ગયા ત્યારે શ્રીકૃષ્ણની ઉંમર ૫૧ની હતી એ લગભગ ચોક્કસ છે એટલે આ બધું જોતાં ઉપરનું અનુમાન યોગ્ય ભાસે છે.

* * * *

રાજસૂય જેવા મહાયજ્ઞની વિધિની ખાસ કશી માહિતી મહાભારતમાં આવતી નથી ! તેવી જ રીતે 'આશ્વમેધિકપર્વ'માં પાંડવોના અશ્વમેધ યજ્ઞની વિધિની પણ માત્ર નામની જ માહિતી આવે છે. એટલે એમ જણાય છે કે મહાભારતના વિદ્વાન કર્તા-સંપાદકોને આ વિધિઓ પ્રત્યે ઉપેક્ષા છે.

## ( ૨ ) શાલ્વવધ

રાજસૂયમાં શિશુપાલનો વધ થતાં, તેનો મિત્ર માર્તિકાવત પ્રદેશનો અને સૌભ નગરનો રાજા શાલ્વ ગુસ્સે ભરાયો તેથી એણે શ્રીકૃષ્ણની ગેરહાજરીમાં દ્વારકાને અરક્ષિત માનીને તેના ઉપર ચઢાઈ કરી. ( શાલ્વ રાજસૂયમાં આવેલો ૨–૩૧–૯. એ શિશુપાલના પક્ષનો હોઈ, તેનો વધ થતાં, ડરથી અને વેર લેવાના બેવડા ઈરાદાથી યજ્ઞસમારંભ છોડીને ઇન્દ્રપ્રસ્થમાંથી નીકળી ગયો હશે. રાજસૂય યજ્ઞ ઓછામાં ઓછાં બે વર્ષ સુધી તો ચાલે જ. એટલે તે દરમિયાન શ્રીકૃષ્ણ દ્વારકા આવી શકે નહિ, અને સહેલાઈથી વેર વાળી શકાય ). પરન્તુ દીર્ઘદર્શી શ્રીકૃષ્ણે પિતા વસુદેવને બલાધિકારપદે ( સંરક્ષણકાર્યના ઉપરી તરીકે ) નીમીને દ્વારકાના સંરક્ષણની વ્યવસ્થા કરી હતી.

1. RĀJASŪYA :—' This is strictly not a purely soma sacrifice, but it is a most complex ceremony extending over a very long period ( more than two years ) and comprising a number of separate iṣṭis ( like the one to Anumati ), Soma sacrifices ( like Pavitra ) and animal sacrifices ( KĀT. XV. 1-3 ). Vide History of Dharmaśāstra Vol. II–II (Dr. P. V. Kane, 1941), p. 1214 .

( જુઓ ૨–૩૦–૧૨ ). દ્વારકાને અન્ન-બળતણના ભંડારો, મળમૂત્ર-વિસર્જનની જોગવાઈવાળાં યોદ્ધાઓનાં નિવાસસ્થાનો, બુરજો, અનેક પ્રકારનાં શાસ્ત્રાસ્ત્રો, યન્ત્રોથી સુસજ્જ સુરંગ વગેરે ખોદકામ કરનારાઓ, યુદ્ધવાદ્યો, લોખંડના રક્ષણવાળા રથમાર્ગો વગેરેથી સજાવવામાં આવ્યું હતું. યુદ્ધશાસ્ત્ર અનુસાર 'સાર' નામનું કેન્દ્રવર્તી થાણું ( જ્યાંથી તાજી કૂમક અને પુરવઠો મોકલી શકાય ), હુમલો કરનારું સૈન્ય (उत्क्षिप्तगुल्माः અં૦: Combat troops), હયદળ, પાયદળ અને ગજદળ સુસજ્જ રાખેલાં હતાં. ( શાલ્વની ચઢાઈનો ભય લાગતાં ) સૈનિકો અને લોકો ગફલતમાં ન રહે તે માટે ( પ્રમાદથી બચવા ) ઉગ્રસેન, ઉદ્ધવ વગેરે પ્રમાદથી રક્ષણ કરનારાઓ તરફથી સંપૂર્ણ સુરાનિષેધ જાહેર કરવામાં આવ્યો હતો, કારણ કે જો લોકો ગફલતમાં રહે તો શાલ્વ ફટકો મારી જાય. આ કારણે મદ્યનિષેધ કરવા ઉપરાંત આનર્ત પ્રદેશના (દ્વારકાના યાદવરાજ્યમાંના) સર્વે નટ, નર્તક, ગવૈયાઓને ધનભંડારોના રક્ષકોએ દેશનિકાલ કર્યા હતા.[1] ( સામાન્યતઃ મનોરંજન પૂરું પાડતો આ કલાકારવર્ગ ધનને અયોગ્ય માર્ગે વેડફાવનાર અને અનેક વખત 'કલા'ના નામે અધોગામી વૃત્તિઓને પોષીને પ્રમાદને ઉત્તેજન આપનાર બને છે. જાસૂસીને પણ એમાં મોકળું મેદાન મળે છે. આવાં કારણોસર ગીતનૃત્યપ્રિય યાદવોએ પણ સાવચેતીને ખાતર આ લોકોને હદપાર કર્યા છે ). ( નદી, નાળાં અને ખાડીઓ ઉપરના ) પુલો તોડી પાડવામાં આવ્યા. નાવો ફેરવવાની મનાઈ કરવામાં આવી. ખાઈઓમાં ખીલા ભરી દેવામાં આવ્યા. પાણીપુરવઠાનાં સ્થાનોની તથા અમ્બરીષકોની ( = રાંધવાનાં કડાયાં, એટલે કે સેનાની રસોઈ બનતી હોય તે સ્થાનોની ? ) આજુબાજુની કોશ કોશ સુધીની જમીન વિષમ કરી દેવામાં આવી. જો કે દ્વારકાનો દુર્ગ કુદરતી રીતે જ વિષમ અને સુરક્ષિત હતો; એમ છતાં તેને સારી રીતે સમારીને આયુધોથી સજ્જ કરવામાં આવ્યો હતો. અને જ્યારે સૌભરાજ ચઢી આવ્યો ત્યારે કોઈ પણ માણસ પરવાના વિના દ્વારકાની બહાર જઈ શકતું નહોતું કે અંદર આવી શકતું નહોતું.[2] દરેક શેરી, લત્તા અને ચોક, ચૌટામાં લશ્કર ગોઠવવામાં આવ્યું હતું. સેનાને પૂરતું વેતન અને ભોજન મળ્યું હતું. આયુધો અને વસ્ત્રો ( 'યુનિફોર્મ' અર્થ હોવા સંભવ છે ) આપવામાં આવ્યાં હતાં. બહાદુરી માટેનાં વિશિષ્ટ સમ્માન આપવામાં આવતાં હતાં. ત્રાંબાના નાણાનો પગાર કોઈનેય નહોતો મળતો ( અર્થાત્ સોના કે ચાંદીનું નાણું પગાર પેટે મળતું ). કોઈનો પણ પગાર ચઢયો નહોતો, કોઈને પણ લાગવગથી કે પરાક્રમની કસોટી કર્યા વિના સેનામાં ભરતી કરવામાં આવ્યો નહોતો. ( 'આરણ્યક' अ. ૧૬ ).

આવા સુસજ્જ આનર્ત પ્રદેશ અને દ્વારકા ઉપર શાલ્વ ત્રાટકયો. તુમુલ યુદ્ધ મચ્યું. શ્રીકૃષ્ણના પુત્રો ચારુદેષ્ણ, સામ્બ વગેરેએ શાલ્વના સૈન્યને હરાવ્યું. એથી શાલ્વ એના સૌભ નામના વિમાનમાં બેસીને લડવા આવ્યો. (વર્ણન ઉપરથી લાગે છે કે, આ વાહન હાલ જે અર્થમાં 'એરોપ્લેન' સમજાય છે એવું નહોતું; પરંતુ એ સમયે યુદ્ધમાં વપરાતા રથો કરતાં,

---

૧. आनर्ताश्च तथा सर्वे नटनर्तकगायनाः ।
बहिर्विवासिताः सर्वे रक्षद्भिर्वित्तसंचयान् ॥ २-१६-१४.

२. न चामुद्रोऽभिनिर्याति न चामुद्रः प्रवेश्यते ।
वृष्ण्यन्धकपुरे राजंस्तदा सौभसमागमे ॥ ३-१६-१९.

અસામાન્ય વધુ ઊંચાઈ ધરાવતું વાહન હશે. 'હરિવંશ' ૨-૫૩-૮ થી ૧૫માં આ સૌભને 'મન અને વાયુવેગી ઘોડાઓથી ખેંચાતો દિવ્ય રથ' કહ્યું છે.) એ જોઈને દ્વારકાનું સૈન્ય વ્યાકુલ થયું, પણ પ્રદ્યુમ્ને વ્યવસ્થિત કરીને લડાઈની આગેવાની લીધી (અને એકલો આગળ ધસ્યો) ('આરણ્યકપર્વ' અ. ૧૭).

શાલ્વે પ્રથમ વિમાનમાં બેસીને અને પછી પ્રદ્યુમ્નના ધસારાથી અકળાઈને રથમાં બેસીને યુદ્ધ કરવા માંડયું. તેમાં શરૂમાં શાલ્વ મૂર્ચ્છા પામ્યો, પણ પછી પ્રદ્યુમ્ન મૂર્છિત થતાં ('આરણ્યકપર્વ' અ. ૧૮), તેમનો સારથિ રથને રણક્ષેત્રમાંથી દૂર લઈ ગયો. થોડી વારમાં ભાન આવતાં પ્રદ્યુમ્ને, પીછેહઠ કરવા માટે સારથિને ઠપકો આપ્યો. સારથિએ, સારથિની યુદ્ધ-કાલીન ફરજ 'મૂર્છિત રથીનું રક્ષણ કરવું' તે, અને એકલા પ્રદ્યુમ્ને આવી હાલતમાં આખી સેના સામે લડવાનું હતું તે દર્શાવીને ખુલાસો કર્યો. પરંતુ પ્રદ્યુમ્ને આ પીછેહઠથી થનારી હાંસી અને અપકીર્તિનો ખયાલ કરીને કહ્યું: 'મારી કે મારા જેવાની ધિક્કારભરી વાણીમાં હાંસી થાય તે તો મરવા કરતાંય વસમું છે. માટે હે સૌતિ! પુનઃ પીછેહઠ કરીશ નહિ.'[1] અને એ પછી પોતાના ઉપર સંરક્ષણની જવાબદારીનો ભાર મૂકીને યુધિષ્ઠિરના રાજસૂયમાં ગયેલા શ્રીકૃષ્ણ, બીજા યાદવ વડીલો અને યુવાનોના ઠપકાનો ખયાલ કરીને પ્રદ્યુમ્ન અકળાયા, મરણિયા બન્યા અને સારથિને યુદ્ધક્ષેત્રમાં કૂચ કરવા હુકમ કર્યો. ('આરણ્યકપર્વ,' અ. ૧૯).

પ્રદ્યુમ્નના સારથિએ રથ હાંકવામાં અને પ્રદ્યુમ્ને યુદ્ધ કરવામાં અદ્ભુત કુશળતા બતાવી શાલ્વને હરાવ્યો; અને જે શાલ્વ ચઢી આવ્યો ત્યારે 'ક્યાં છે વૃષ્ણિકુલાધમ મૂર્ખ વાસુદેવ? એનો દર્પ હું હમણાં જ ઉતારી નાખીશ. મારી પ્રતિજ્ઞા છે કે કંસ-કેશીને મારનાર, એ ક્ષુદ્ર, પાપી, વિશ્વાસઘાતી, મારા ભાઈ શિશુપાલનો વધ કરનારને યમરાજને ઘેર વળાવીને જ હું પાછો જઈશ. એ (કૃષ્ણ) ક્યાં છે? ક્યાં છે?......' વગેરે પ્રલાપ કરતો હતો, તેને પ્રદ્યુમ્ને બહાદુરીથી ભગાડી મૂક્યો.[2] ('આરણ્યકપર્વ' અ. ૨૦; શાલ્વના પ્રલાપો માટે 'આરણ્યકપર્વ' અ. ૧૫).

હવે રાજસૂય યજ્ઞસમારંભ પૂરો થતાં શ્રીકૃષ્ણ દ્વારકા આવ્યા. એમણે યુદ્ધના વિનાશથી નિસ્તેજ બનેલી દ્વારકા જોઈ. ઘણા જુવાનો માર્યા ગયા હતા, સ્ત્રીઓ નિસ્તેજ હતી. વેદનો સ્વાધ્યાય બંધ થઈ ગયો હતો. ઉદ્યાનો ઓળખાય નહિ એવાં ખેદાનમેદાન થઈ ગયાં હતાં. ('આરણ્યકપર્વ,' અ. ૧૫ અને અ. ૨૦). દ્વારકાની આવી બેહાલ અવસ્થા અંગે પૂછપરછ કરતાં કૃતવર્માએ શાલ્વની ચઢાઈનો સંપૂર્ણ વૃત્તાંત કહ્યો. એટલે શ્રીકૃષ્ણે આહુક (રાજા ઉગ્રસેન) અને સંરક્ષણાધ્યક્ષ પિતા આનકદુન્દુભિ વસુદેવને આશ્વાસન આપ્યું. યાદવાગ્રણીઓને સાવધ

---

૧. धिग्वाचा परिहासोऽपि मम वा मद्विधस्य वा ।
मृत्युनाभ्यधिकः सौते स त्वं मा व्यपयाः पुनः ॥ ૩-૧૯-૨૩.
સર° ગીતાવચન:
अकीर्तिं चापि भूतानि कथयिष्यन्ति तेऽव्ययाम् ।
संभावितस्य चाकीर्तिर्मरणादतिरिच्यते ॥ ६-૨૪-૩૪ (ગીતા. ૨-૩૪).

૨. અહીં કવિએ કરેલા પૌરાણિક વર્ણન મુજબ 'ધાતાએ શાલ્વનું મૃત્યુ શ્રીકૃષ્ણના હાથે થવાનું નિર્માણ કર્યું હોઈ, પ્રદ્યુમ્ને ઇન્દ્ર, કુબેર વગેરે દેવોની વિનંતીથી તેને જવા દીધો હતો!' ('આરણ્યકપર્વ', ૨૦-૨૦ થી ૨૭)

રહેવા જણાવ્યું અને શાલ્વનો વધ કરવાનો નિર્ણય જાહેર કર્યો, 'તમે જાણી લો કે હું શાલ્વને મારવા જાઉં છું. હું તેને માર્યા વિના દ્વારકા પાછો નહિ ફરું. સૌભસહિત શાલ્વને મારીને હું તમને ફરી મળીશ.' પછી એમણે શત્રુઓને થથરાવતો ત્રણ સ્વરમાં વાગતો રણદુન્દુભિ વગડાવ્યો. વીર નરોએ શુભેચ્છા વ્યક્ત કરી. સ્વસ્તિવાચન કરાવ્યું, આહુકને (ઉગ્રસેનને) પ્રણામ કર્યા. સૈન્ય અને સુગ્રીવ ઘોડા જોડેલા રથમાં બેઠા. શંખપ્રવર પાઞ્ચજન્યના ઘોષથી દિશાઓને ગજાવી મૂકી અને ચતુરંગિણી સેના સાથે કૂચ કરી. માર્તિકાવત ગયા, ત્યાંથી શાલ્વ સમુદ્રમાંના કોઈ બેટમાં નાસી ગયેલો તેની પૂંઠ પકડી. લડાઈ ચાલી. શ્રીકૃષ્ણે દિવ્ય બાણો છોડવા માંડ્યાં. તેનાથી શાલ્વની સેનામાં ખુવારી થતી, પણ યાદવસેનાની સૌભ ઉપર કશી અસર થતી નહોતી, કારણ સૌભ એક કોશ જેટલું ઊંચે હતું (શાલ્વ બેટમાંના કોઈ ડુંગર ઉપર સૌભમાં બેઠો હશે. એટલે વચમાં સમુદ્રની ખાડી અને ડુંગરની ઊંચાઈ એ બંને કારણથી યાદવી સેનાનાં અસ્ત્રો સૌભ સુધી પહોંચતાં નહિ હોય). એટલે યાદવ સૈનિકો તો જાણે નાટકશાળામાં પ્રેક્ષકો નાટક જોતા હોય એવી રીતે સિંહનાદો અને તાળીઓના ગડગડાટથી શ્રીકૃષ્ણને ઉત્તેજિત કરવાની કામગીરી બજાવતા હતા ! ('ततस्ते प्रेक्षकाः सर्वे रङ्गवाट इव स्थिताः। हर्षयामासुरुच्चैर्मां सिंहनादतलस्वनैः ॥ ३-२१-२६ ). શ્રીકૃષ્ણે એકલાએ જ શાલ્વની સેનાની ભારે ખુવારી કરીને ગોદૂધ, મોગરો, ચન્દ્ર, મૃણાલ અને રૂપા જેવા શ્વેત રંગના પાઞ્ચજન્યને બરાબર સામર્થ્યપૂર્વક વગાડ્યો. સુરક્ષિત મોરચામાં ઊંચાઈ ઉપર હોવા છતાં ભારે ખુવારી થઈ એટલે શાલ્વે માયાયુદ્ધ (= કપટયુદ્ધ) શરૂ કર્યું. શ્રીકૃષ્ણે **પ્રજ્ઞાસ્ત્રનો** પ્રયોગ કરીને એ માયાસ્ત્રને (પવન જેમ) દર્ભ અને રૂને (ઉડાડી મૂકે) એમ ઉડાડી મૂક્યું.[1] ('આરણ્યકપર્વ,' અ. ૨૧ ).

વળી શાલ્વે વિશિષ્ટ માયાથી (= કપટ અને ઇન્દ્રજાલ) શ્રીકૃષ્ણના પિતા વસુદેવને, દ્વારકા ઉપર ચઢાઈ કરીને શાલ્વે મારી નાખ્યા છે એવો સંદેશો શ્રીકૃષ્ણ ઉપર મોકલ્યો. સાથે જ વસુદેવને મારી નાખવાનું દૃશ્ય પણ ભજવી બતાવ્યું. શ્રીકૃષ્ણ થોડી વાર મૂંઝાયા. સાત્યકિ, બલરામ, પ્રદ્યુમ્ન વગેરેને નિંદી નાખ્યા. વળી કદાચ એ બધા પણ માર્યા ગયા હશે એવું ધાર્યું અને ખૂબ વિહ્વળ થઈને બેભાન જેવા થઈ ગયા. થોડી જ વારમાં સંજ્ઞા મેળવીને શ્રીકૃષ્ણ પ્રબુદ્ધ (જાગૃત) થયા. આ 'માયા' છે એવો નિર્ણય કર્યો અને શાલ્વ ઉપર ભારે હલ્લો કર્યો. ('આરણ્યકપર્વ,' અ. ૨૨ ).

શાલ્વે પણ સામે એવો જ જોરદાર હલ્લો કર્યો અને એક પળે તો શાલ્વ જીતતો હોય એમ લાગ્યું. શ્રીકૃષ્ણના કુશળ સારથિ દારુકે એમને વિનયપૂર્વક ઉત્સાહિત કરીને પ્રેર્યાઃ 'આ શાલ્વને બરાબર નિહાળી લો. હવે એને અવગણશો નહિ. એના પ્રત્યે કોમળતા કે પ્રેમભાવ હોય તો ત્યજી દો. એને મારી જ નાખો. જીવવા ન દો. બળવાન મનુષ્યે દુર્બળ મનુષ્યની પણ અવગણના

---

૧. શ્રીકૃષ્ણ કહે છે :

एवं माया विकुर्वाणो योधयामास मां रिपुः । ૩–૨૧–૩૫ કખ
ततो नाज्ञायत तदा दिवारात्रं तथा दिशः ।
ततोऽहं मोहमापन्नः प्रज्ञास्त्रं समयोजयन् ।
ततस्तदस्त्रमस्त्रेण विधूतं शरतूलवत् ॥ ૩–૨૧–૩૭.

આ શ્લોકથી સામાન્યતઃ અજાણ્યું એવું 'પ્રજ્ઞાસ્ત્ર' નામનું કપટને દૂર કરતું અસ્ત્ર જાણવા મળે છે.

ન કરવી. શત્રુ પોતાના સ્થાનમાં બેસી રહ્યો હોય તોપણ તેની ઉપેક્ષા ન કરવી. આ તો યુદ્ધના મેદાનમાં ઊભો છે. હવે ફરી સમય વેડફાય નહિ એનું ધ્યાન રાખો. આણે જ દ્વારકાને અસ્તવ્યસ્ત કરી નાખી છે, માટે એને મારી નાખો...' ('આરણ્યકપર્વ' અ. ૨૩-૧ થી ૨૫). શ્રીકૃષ્ણે સારથિને સહેજ થોભવા જણાવી, અચૂક, દિવ્ય, અભેદ્ય, અતિશય સામર્થ્યવાળું, સર્વ આઘાતોને ખમી શકનારું, મહાતેજસ્વી, દુશ્મનોનો ઘાણ કાઢનારું, તીક્ષ્ણ ધારવાળું, કાલ અન્તક અને યમરાજ સમું અગ્નિનું પ્રિય અસ્ત્ર સુદર્શન ચક્ર[1] અભિમન્ત્રિત કર્યું (=બુદ્ધિપૂર્વક નિયોજ્યું), અને 'સૌભને તથા અહીં મારા શત્રુઓ છે તેમને મારી નાખ', બોલીને ભારે સામર્થ્યથી સૌભ ઉપર ફેંક્યું. કુશળતાથી ફેંકાયેલા સુદર્શને સૌભને કરવતની જેમ બે ભાગમાં વહેરી નાખ્યું અને સૌભ મહેશ્વરે તોડી નાખેલા ત્રિપુરની જેમ ભોંય પર પડ્યું.[2] ચક્ર શ્રીકૃષ્ણના હાથમાં પાછું આવ્યું. શ્રીકૃષ્ણે ફરી તેને કચકચાવીને વેગથી, ગદા લઈને ઘૂમતા શાલ્વ ઉપર ફેંક્યું. ચક્રે શાલ્વને ચીરી નાખ્યો. શાલ્વ માર્યો જતાં, શ્રીકૃષ્ણનાં બાણોનો માર ખાતું ખાતું શાલ્વનું સૈન્ય નાસી ગયું. આમ શ્રીકૃષ્ણ વિજય મેળવીને સુહૃદોને પ્રસન્ન કરતા પુનઃ આનર્તમાં આવ્યા. ('આરણ્યકપર્વ' અ. ૨૩-૧ થી ૪૦; સર° 'ભાગવત' ૧૦, અ. ૭૬, ૭૭માં શાલ્વવધની કથા).

* * * *

વનમાં ગયેલા પાંડવોને મળવા આવેલા શ્રીકૃષ્ણનાં પરાક્રમો વર્ણવીને સ્તુતિ કરતાં અર્જુન કહે છે કે, 'તમે સૌભપતિ શાલ્વને માર્યો છે અને સૌભને તોડી નાખ્યું છે.' ('આરણ્યકપર્વ' ૧૩-૨૯; (=ફે. 'સભાપર્વ' ક્ષેપક પરિશિષ્ટ ૧-૨૧, લીટી ૧૫૪૬). આ નિર્દેશ શાલ્વ સાથેના ઘર્ષણથી અજ્ઞાત અર્જુન કરે છે તેથી આશ્ચર્યજનક લાગે છે. ('આરણ્યકપર્વ' ૧૩-૧૩ થી ૩૬ સુધીના શ્લોકો સાથે 'સભાપર્વ' ક્ષેપક પરિશિષ્ટ ૧-૨૧, લીટી ૧૫૩૬ થી ૧૬૧૨ સરખાવતાં 'સભાપર્વ'નું ક્ષેપક 'આરણ્યકપર્વ'ના પ્રસ્તુત ભાગનું વિસ્તૃતીકરણ હોય એવું લાગે છે.)[3]

---

૧. आग्नेयमस्त्रं दयितं° । ૩-૨૩-૨૮ગ. જુઓ 'આદિપર્વ' ૨૧૬-૨૧ જેમાં અગ્નિએ ખાંડવદાહ પ્રસંગે શ્રીકૃષ્ણને ચક્ર આપેલું તે :

वज्रनाभं ततश्चक्रं ददौ कृष्णाय पावकः ।
आग्नेयमस्त्रं दयितं स च कल्योऽभवत्तदा ॥ ૧-૨૧૬-૨૧.

૨. સૌભની ગતિનો ઉલ્લેખ કરતાં એવો નિર્દેશ આવે છે કે

ततः प्राग्ज्योतिषं गत्वा पुनरेव व्यदृश्यत ।
सौभं कामगमं वीर मोहयन्मम चक्षुषी ॥ ૩-૨૩-૯.

(શ્રીકૃષ્ણ યુધિષ્ઠિરને અહેવાલ આપે છે તેમાં): 'હે વીર! ઇચ્છાગતિ કરનારું સૌભ મારાં ચક્ષુને મૂંઝવતું પ્રાગ્જ્યોતિષ તરફ જઈને ફરીથી દેખાયું.'

પ્રાગ્જ્યોતિષનો આ ઉલ્લેખ નરકાસુરના અસમ પ્રદેશમાં આવેલા નગરનો નહિ, પરન્તુ પશ્ચિમ ભારતમાં આવેલા કોઈ નગરનો હોય એમ લાગે છે. સૌરાષ્ટ્રના દરિયાકાંઠા નજીક આવેલું 'પ્રાચી' સંભવી શકે?

૩. સર° 'હરિવંશ' ૨, અ. ૧૦૨માંની 'નારદસ્તુતિ'. આ સ્તુતિ પણ કેટલેક સ્થળે અક્ષરશઃ મળતી છે.

'આરણ્યકપર્વ'નો પ્રસ્તુત ભાગ લખનાર ભક્તકવિએ 'કૃષ્ણનેત્ર' તથા 'નર' અર્જુન, 'નારાયણ' શ્રીકૃષ્ણને ઉદ્દેશીને ચોક્કસ હેતુપૂર્વક આ બધું વર્ણવે છે, એવી રીતે ચિત્રણ કર્યું છે. તેથી આશ્ચર્યજનક લાગવા છતાં અસંગત નથી.

* * * *

કૌરવોની સંસદમાં દૂત સંજયે અર્જુનનો સંદેશો નિવેદિત કર્યો. તેમાં અર્જુને કહેલું કે, 'માયાને લીધે ભયંકર અને આકાશસ્થ શાલ્વની સાથે આમણે (શ્રીકૃષ્ણે) યુદ્ધ કર્યું હતું અને (શાલ્વે ફેંકેલી) શતઘ્નીને (= શક્તિ–પં. નીલકંઠ) સૌભના દરવાજામાં જ (દડાની જેમ) બે હાથે પકડી લીધી હતી. એમની સામે કયો મનુષ્ય ટક્કર લઈ શકે?' (૫–૪૭–૭૩); 'ભાગવત' ૧૦–૭૭–૧૨, ૧૩માં 'શાલ્વે શ્રીકૃષ્ણના સારથિ ઉપર ભયંકર શબ્દ કરનારી શક્તિ ફેંકી હતી, પણ શ્રીકૃષ્ણે બાણોથી તેના સેંકડો ટુકડા કરી નાખ્યા હતા', એવી વિગત છે, તે મહાભારત સાથે મળે છે. 'ભાગવત' ૧૦, અ. ૭૬, ૭૭માંની શાલ્વવધની કથા મહાભારત સાથે ઘણે અંશે મળે છે.

* * * *

શ્રીકૃષ્ણની વિષ્ટિપ્રસંગે કુરુસંસદમાં શ્રીકૃષ્ણનાં પરાક્રમો વર્ણવતાં વિદુરે કહ્યું હતું: 'સૌભના દરવાજામાં દ્વિવિદ નામના વાનરે કેશવને પથરાઓનો વરસાદ વરસાવી ઢાંકી દીધા હતા, અને સર્વ યત્નથી પરાક્રમ કરીને માધવને કેદ કરવા ઇચ્છતો હતો, પણ એમને પકડી શક્યો નહોતો'. (૫-૧૨૮-૪૧, ૪૨).

દ્રોણના મૃત્યુ પછી શોક કરતા ધૃતરાષ્ટ્ર વાસુદેવનાં દિવ્ય કર્મોનું કીર્તન કરતાં બોલ્યા: 'દુરાસદ (જેમનો સામનો કરવો મુશ્કેલ) શાલ્વે રક્ષેલા, મજબૂત અને શાલ્વથી સુરક્ષિત દૈત્યપુર સૌભને માધવે પરાક્રમથી સમુદ્રના કિનારે તોડી પાડ્યું છે.' (૭-૧૦-૧૪).

'શાન્તિપર્વ'ના 'નારાયણીય'માં નારદ ઋષિને પોતાના અવતારો વર્ણવતાં ભગવાન નારાયણ કહે છે: '...પછી હું સર્વ સૌભનિવાસીઓને હણીશ.' (૧૨-૩૨૬-૮૭ ગદ્ય).

* * * *

શાલ્વવધના નિરૂપણમાં ઇતિહાસ અને પૌરાણિક દંતકથાઓ બન્નેનું વિલક્ષણ મિશ્રણ છે. દ્વારકાના સંરક્ષણની જોગવાઈઓ આજે પણ એટલી જ કામ લાગે એવી છે. પ્રમાદ—ગફલતથી બચવા મદ્યનિષેધ, અને નટ, નર્તક, ગાયકોને ધનભંડારના રક્ષણ માટે દેશનિકાલ કરવામાં આવ્યા છે તે, અને રાજમુદ્રા—પરવાના વિના કોઈ દ્વારકાની અંદર કે બહાર આવી—જઈ શકતું નહોતું તે, કોઈ પણ જાગૃત પ્રજા માટે સદૈવ યાદ રાખવા જેવું છે. લશ્કરમાં ભરતીથી માંડીને, વેતન અને બહાદુરી માટેનાં વિશિષ્ટ સમ્માનની પ્રથા, ગમે તે દેશ અને સમયનાં સંરક્ષણદળોની નિષ્ઠા અને ઉત્સાહ પ્રજ્વલિત રાખે એવી છે.

સારથિઓ રથી યોદ્ધાની સંભાળ લેતા અને જરૂર પડ્યે દોરવણી પણ આપતા. શ્રીકૃષ્ણ જેવાને પણ દારુક શિખામણ આપી, પોરસ ચઢાવીને પ્રેરે છે. 'આરણ્યકપર્વ'માંના પ્રદ્યુમ્ન અને તેના સારથિ વચ્ચેના સંવાદ, તથા શ્રીકૃષ્ણ અને દારુક સારથિ વચ્ચેના સંવાદમાં આ વસ્તુ

અત્યંત સ્પષ્ટ થાય છે. તેથી ભગવદ્ગીતા પણ એવી રીતે સારથિ શ્રીકૃષ્ણે, રથી અર્જુનને કહી છે, તે યથાયોગ્ય છે, કુશળ સારથિની એ ફરજ છે.

શાલ્વના માયાયુદ્ધથી શ્રીકૃષ્ણ અતિવિહ્વળ થઈને બેભાન જેવા થઈ ગયા અને પછી જાગૃત થયા વગેરે ચિત્રણ બીજાં યુદ્ધોમાંનાં એમના ચરિત્રચિત્રણથી જુદું પડે છે, તેથી તરત ધ્યાન ખેંચે છે, અને ખાસ નોંધપાત્ર પણ છે.

'એરોપ્લેન 'ની જેમ આકાશમાં ફરતા સૌભ વિમાનનું વર્ણન કેવળ કવિકલ્પના છે, એ કહેવાની ભાગ્યે જ જરૂર હોય.

*　　*　　*　　*

એક તરફ શ્રીકૃષ્ણ શાલ્વ સાથેના યુદ્ધમાં અને તે પછી દ્વારકાની પુનર્રચનામાં રોકાયા હતા; ત્યારે બીજી તરફ હસ્તિનાપુરમાં મનુષ્યમાં રહેલી લોભ અને ઈર્ષ્યાની વૃત્તિઓમાંથી ઉદ્ભવેલો ઘોર કાંડ ભજવાતો હતો—દ્યૂત અને દ્રૌપદીવસ્ત્રહરણનો.

# પરિશિષ્ટ

## શિશુપાલની જન્મકથા

અવિનયી શિશુપાલ ઉપર હુમલો કરવા તલપી રહેલા ભીમસેનને વારતાં, ભીષ્મ પિતામહે આ કથા કહી છે. મહાભારતના સંપાદક કવિઓએ શિશુપાલ અંગેની કોઈ પ્રાચીન લોકવાર્તાના આધારે એને અહીં ગોઠવી છે. જ્યાં ગોઠવી છે ત્યાં એ બંધબેસતી નથી અને થીંગડા જેવી છે. તદુપરાંત અસ્વાભાવિક પણ એટલી જ છે, છતાં સમીક્ષિત વાચનાએ સ્વીકારી હોઈ તેનો સાર અહીં આપ્યો છે.

શિશુપાલ જન્મ્યો ત્યારે તેને ત્રણ આંખો અને ચાર હાથ હતા અને એ ગધેડાની જેમ ભૂંક્યો હતો. આ કુલક્ષણ જોઈને તેનાં માબાપ ગભરાયાં. એના પિતા ચેદિરાજ (દમઘોષ)ને ઉદ્દેશીને અશરીરી વાણી—આકાશવાણી થઈ: 'આ તારો દીકરો શ્રીમાન અને બલવાન છે, માટે બીશ નહિ અને એને ઉછેરજે. તેનું મૃત્યુ હમણાં નથી, જો કે તેનો મારનાર જન્મી ચૂક્યો છે.' આ સાંભળીને તેની માતાએ એ અદશ્ય સત્ત્વને પૂછ્યું કે 'મારા આ પુત્રને કોણ મારશે?' ત્યારે અન્તર્હિત સત્ત્વે ફરી કહ્યું કે, 'જેના ખોળામાં બેસતાં એના વધારાના બે હાથ ખરી પડે, અને લલાટમાંનું ત્રીજું લોચન અંદર સમાઈ જાય તે આના મૃત્યુનું કારણ થશે.' (૨-૪૦-૧ થી ૧૦).

એ પછી આ બાળકની આ વિકૃતિની અને આકાશવાણીની હકીકત સાંભળીને તેને જોવા માટે દેશદેશાવરથી અનેક રાજાઓ આવવા માંડ્યા. એવામાં એક વખત સંકર્ષણ અને જનાર્દન ત્યાં આવ્યા. શ્રીકૃષ્ણનાં ફોઈ (શ્રુતશ્રવા) એ બન્નેને આવકાર આપીને પુત્રને કૃષ્ણના ખોળામાં મૂક્યો. તરત જ શિશુપાલના બે હાથ ખરી પડ્યા, અને આંખ કપાળમાં સમાઈ ગઈ. ત્રાસ પામેલી ફોઈએ કૃષ્ણ પાસે, 'હે મહાભુજ! ભયથી પીડાતી મને વર આપ. તું દુઃખિયાંનો દિલાસો છે. બીનેલાને અભય આપનાર છે,' એમ સ્તુતિપૂર્વક વર માગ્યો કે, 'મહાબલી! શિશુપાલના અપરાધોને તું ક્ષમા કરજે.' (૨-૪૦-૧૧ થી ૨૧).

શ્રીકૃષ્ણે વરદાન આપ્યું : ‘ ફોઈ ! વધયોગ્ય એવા તમારા આ પુત્રના એકસો અપરાધો ( ઘણા અપરાધો ) હું સહન કરીશ. માટે શોક ન કરશો. ’ ( ૨-૪૦-૨૨ ).

કથાનો સમારોપ કરતાં ભીષ્મે કહ્યું : ‘ આવી રીતે આ મન્દબુદ્ધિ શિશુપાલ ગોવિન્દના વરદાનને કારણે છકી ગયો છે, એટલે આહ્વાન કરે છે. ’ ( ૨-૪૦-૨૩ ).

શ્રીકૃષ્ણમાં રહેલા અપ્રતિમ સહનશીલતા અને નમ્રતાના ગુણોને આ કથા મુગ્ધભાવે ઉઠાવ આપે છે. તેથી એ રીતે મહાભારતના સંપાદક કવિઓએ અહીં એને ગોઠવી હોય એમ જણાય છે. શ્રીકૃષ્ણના ચરિત્રસૂત્રને એનાથી ખાસ લાભ થતો હોય એમ લાગતું નથી.

# વૃદ્ધિવિજયકૃત ઉપદેશમાલા બાલાવબોધ

ઉમાકાન્ત પ્રેમાનન્દ શાહ

અમદાવાદમાં દેવશાના પાડાના ભંડારમાં ઉપદેશમાલાના ગુજરાતી બાલાવબોધની એક પ્રતિ છે. તેમાં મૂળ ગાથાઓ ઉપર ટબો છે અને ગાથાઓ અંગે દૃષ્ટાન્તકથાઓ વિસ્તારપૂર્વક ગદ્યમાં છે. પ્રતિ શુદ્ધ, ઘણી સારી સ્થિતિમાં કાગળ ઉપર છે. કુલ ૨૧૦ પાનની આ પ્રતિનું છેલ્લું પાન બીજા પાનથી બહેજ જુદું પડે છે. એ પ્રતિના મૂળ પાનને કોઈ કારણસર બદલી નવું લખી મૂકવામાં આવ્યું લાગે છે. એ પૃ. ૨૧૦ અ ઉપર ફક્ત બે લીટીનું લખાણ છે :

याणमाणाणं । त खमऊ मज्झ सव्वं । जिणवयणणविण्णिग्गया वाणी ( પછી લાલ શાહીમાં ) ॥ ४४ ॥ इति श्री उपदेशमा( બીજી લીટી )ला सूत्र संपूर्ण ॥ संवत् १७६५ वर्षे आसु सुदि ५ तिथौ गुरुवासरे ॥ पं० श्री षीमाविजय ग० वाच.

આ બે લીટીના અક્ષરો સુંદર છતાં આગલા પાનાઓના કરતાં સહેજ મોટા અને ઊભા મરોડના હોઈ બારીકીથી જોનાર તુરત એ તફાવત પકડી શકે એવા છે. ૫૪૪મી કડીનો જે ભાગ આ પાન ઉપર છે તે ઉપરનો ટબો ઉતાર્યો નથી; તેમ જ છેલ્લી લીટીમાં वाच એટલું જ લખી નાર્થં લખવું ચૂકી ગયા છે.

આ પ્રતિ મૂળ કોઈ લોંકાગચ્છના સાધુના હસ્તક હતી એમ માનવાને સબળ કારણ છે કેમ કે, એમાં જે ચિત્રો છે તેમાં કેટલાક સાધુઓનાં ચિત્રો મોંએ મુહપત્તિ બાંધેલાં અને રંગીન ચાદર ઓઢેલાં છે. કાલક્રમે આ પ્રતિ અન્ય સાધુ મહારાજના હસ્તક આવ્યા પછી એઓએ મૂળ છેલ્લું પાનું બદલાવી પોતાનું નામ લખાવ્યું લાગે છે. મૂળ પ્રતિનું છેલ્લું પાનું લાંબી પ્રશસ્તિ સહ હોવા સંભવ છે.

જૈન હસ્તપ્રતોના અનુભવી વિદ્વાનો જાણે છે કે કેટલીક પ્રતોમાં મૂળ માલિકનું નામ હોય તેને શાહીથી દાબી દઈ ઉપર અથવા બાજુમાં નવા માલિકનું નામ લખેલું મળે છે; ઉપરાંત મૂળ પ્રશસ્તિ રહેવા દઈ નીચે નવા દાતા અને સાધુ મહારાજ જેને એ પ્રતિ ફરી અર્પવામાં આવે તેમના ઉલ્લેખવાળી જુદી પ્રશસ્તિ પણ ઉમેરાય છે. જામનગરની. પ્રાચીન કલ્પસૂત્રની પ્રતિ ઇ. સ. ૧૫૫૮માં લખાયેલી છે તે સાથેની કાલક કથા પણ તે જ ઢબની સાથે લખાયેલી છે. છતાં કાલક કથા પાછળથી બીજા હાથમાં ગઈ હશે ત્યારે એની પ્રશસ્તિનું પાનું બદલી નવી પ્રશસ્તિ લખાઈ છે, તે સ્પષ્ટ છે. એટલે ઉપદેશમાલા બાલાવબોધની આ પ્રતિ માટે તેમ બન્યું હોવાનો ઘણો સંભવ છે.

આ પ્રતિ પછી બીજા હાથમાં જવાથી વળી નાના અક્ષરે કાળી શાહીમાં બે લીટી વચ્ચે ઉમેરાયું છે કે सौभाग्यविमलनी वाचनार्थं ।

આ પ્રતિના હાંસિયામાં પાને પાને જે એકસરખું સુશોભન છે તે જાતનું સુશોભન સંવત્ ૧૭૪૪ની શ્રીધાર ગ્રામે લખાયેલી એક હરિબલ ચોપાઈની પ્રતિમાં પણ છે, પણ એ પ્રતિનું સુશોભન આના જેટલું સુરેખ દોરાયેલું નથી. એટલે સંવત્ ૧૭૪૪ અથવા તેથી પહેલી લખાયેલી ઉપદેશમાલાની આ પ્રતિ ગણવામાં આવે તો વાંધો નથી.

વૃદ્ધિવિજયકૃત ટબાવાળો બાલાવબોધ અને તેમાંની કથાઓ સારો પ્રચાર પામી, આવકાર પામ્યાં હોય તેમ લાગે છે. ખાસ કરીને જતિઓમાં, લોંકાગચ્છના સાધુઓના સંગ્રહમાં એની ઘણી પ્રતિઓ મળે છે. યતિશ્રી હેમચન્દ્રજીએ વડોદરાના પ્રાચ્યવિદ્યામન્દિરને ભેટ આપેલા સંગ્રહમાં પણ આની પ્રતિઓ છે. કેટલીક પ્રતિઓમાં અંતે પ્રશસ્તિકાવ્ય છે જે ગ્રન્થકર્તાની પ્રશસ્તિનાં છે. સંવેગી સાધુસમુદાયના સંગ્રહોમાં પણ આની પ્રતિઓ મળે છે તેમાં પણ આ પ્રશસ્તિકાવ્યો મળે છે તેની નોંધ સદ્ગત શ્રી મોહનલાલ દલીચંદ દેસાઈએ, જૈનગૂર્જર કવિઓ, વૉ૦ ૩, ભાગ ૨, પૃ. ૧૬૨૭-૨૮ પર ઉતારી છે. તે મુજબ સત્યવિજયના શિષ્ય, તપાગચ્છના વૃદ્ધિવિજયે આ બાલાવબોધ સં. ૧૭૨૩માં (ઈ. સ. ૧૬૬૭માં) સુરત મુકામે રચ્યો હતો.

એટલે દેવશાના પાડાના ભંડારની પ્રતિ સં. ૧૭૨૩ પહેલાંની તો ના જ હોઈ શકે. એ પ્રતિનું ગદ્યલખાણ તત્કાલીન બોલીને અનુસરે છે. હસ્તપ્રતમાં, કોઈ કોઈ શબ્દો પડી માત્રામાં લખાયેલા છે. આ ગદ્યકૃતિમાં, ‘કહવાઇં છઇં,’ ‘જગનેં વિષઇં,’ ‘તપનઇં વિષઇં,’ ‘જગનૈ વિષેં,’ ‘તેહનેં વિષેં એકાગ્રહ ચિત્ત છૈ જેહનું,’ ‘કેડેં લાગા હિંડેં,’ ‘કહે છઇં,’ ‘પાથરતો દીઠો,’ ‘મનમાહે ચીંતવ્યું,’ ‘ગૃહેં આવી’—જેવાં જૂની ગુજરાતીનાં રૂપ મળે છે. આ જ બાલાવબોધની જે નકલો થઈ (એટલે સં. ૧૭૬૫ પછી, સં. ૧૮૦૦ આસપાસ અને તેની પછી) તેમાંની, યતિશ્રી હેમચન્દ્રજીના સંગ્રહવાળી વડોદરા પ્રાચ્ય વિદ્યામન્દિરને મળેલી પ્રતોમાં આ જ બાલાવબોધમાં ભાષાનું સ્વરૂપ તત્કાલીન બોલી પ્રમાણે બદલાયેલું જોવામાં આવ્યું છે.

દેવશાના પાડાની પ્રતિ જે અનુમાને સં. ૧૭૨૫ થી ૧૭૪૦ વચ્ચે લખાઈ હોવા સંભવ છે તેમાં મૂળ લેખકની ભાષાનું સ્વરૂપ જળવાયું હોવાનો ઘણો સંભવ છે. એ પ્રતિ મૂળ જેને માટે લખાઈ તેમના હાથમાંથી બીજા હાથમાં સં. ૧૭૬૫માં જાય તેની વચ્ચે ઓછામાં ઓછો આશરે પચીસેક વર્ષનો ગાળો તો માની શકાય. એટલે દેવશાના પાડાના ભંડારની પ્રતિ સં. ૧૭૪૦ અથવા તેથી સહેજ પહેલાંની ગણી, તત્કાલીન અને કદાચ મૂળ લેખકના પણ, ગુજરાતી ગદ્યલખાણનું સ્વરૂપ જાણવા માટે અહીં એમાંથી થોડોક ઉતારો આપ્યો છે.

મુનિશ્રી જિનવિજયજીએ ‘પ્રાચીન ગુજરાતી ગદ્યસંદર્ભ’માં શ્રી સોમસુંદરસૂરિકૃત, સં. ૧૪૮૫ આસપાસ રચાયેલા ઉપદેશમાલા બાલાવબોધના ઘણા ઉતારા આપ્યા છે. શ્રી. પ્રો. ડૉ. ટી. એન. દવેએ કોરંગ ગચ્છના નન્નસૂરિએ સં. ૧૫૪૩માં રચેલા ઉપદેશમાલા બાલાવબોધને પ્રસિદ્ધ કરી, એની ભાષાના સ્વરૂપની વિસ્તૃત ચર્ચા કરેલી છે. એટલે આ બાલાવબોધનો ઉતારો ગુજરાતી ગદ્યના સ્વરૂપના વિકાસના અભ્યાસીઓને, ખાસ કરીને વાક્યરચના—Syntax-ના અભ્યાસીઓને, કામમાં આવશે એ આશાએ અહીં આપ્યો છે.

શ્રી. મોહનલાલ દેસાઈની નોંધ પ્રમાણે છાણી અને ચાણસ્મામાં અનુક્રમે વિ. સં. ૧૬૭૩ અને વિ. સં. ૧૬૯૪માં લખાયેલા એક.અજ્ઞાત કર્તૃક અન્ય ઉપદેશમાલા બાલાવબોધ ( ૫૦૦૦ ગ્રન્થ પ્રમાણ )ની નકલો છે. એટલે એ ગદ્ય વિ. સં. ૧૬૭૩ = ઈ. સ. ૧૬૧૬ અથવા તે પહેલાનું હોઈ તેનું સ્વરૂપ જાણવાનું બાકી રહેશે. તે પ્રસિદ્ધ કરવું જરૂરી છે. મુનિશ્રી જિનવિજયજીના 'પ્રાચીન ગૂજરાતી ગદ્યસંદર્ભ'માં વિ. સં. ૧૩૩૦, સં. ૧૩૩૬, સં. ૧૩૫૮–૫૯, સં. ૧૩૬૯, સં. ૧૪૧૧, સં. ૧૪૫૭-૬૯, સં. ૧૪૬૬, સં. ૧૫૦૦ આદિ સમયના ગદ્યના નમૂનાઓ છે. તે અને ઉપર નોંધેલા નમૂનાઓ તેમ જ શ્રી. દેસાઈએ નોંધેલા બાલાવબોધના અન્ય નમૂનાઓ, અને શ્રી. ડૉ. સાંડેસરાએ પ્રસિદ્ધ કરેલા પંચાખ્યાન, વર્ણકસમુચ્ચય, તેમ જ ષષ્ટિશતક-બાલાવબોધ વગેરેની મદદથી વિક્રમના ચૌદમા સૈકાથી માંડીને વિક્રમના અઢારમા સૈકાના અંત સુધીના ગુજરાતી ગદ્યના સ્વરૂપની નવેસરની વિગતવાર વ્યવસ્થિત ચર્ચા હવે હાથ ધરાશે એવી આશા છે.

વૃદ્ધિવિજયના બાલાવબોધમાં કુલ ૭૧ કથાઓ આપેલી છે. દેવશાના પાડાવાળી પ્રતિના પૃ. ૧૭૭ब થી શરૂ થતી "જમાલીયાનો દૃષ્ટાંત" નામની કથા નીચે મુજબ છે. ( અહીં આપેલા ઉતારામાં મૂળ પ્રતિમાં જ્યાં જ્યાં વિરામ સ્થાને લાલ શાહીથી એક દંડ કરેલો છે તે અહીં ઉતાર્યો છે. આ રીતે બોલીમાં વાક્ય તોડીને વિરામ કરવામાં આવતો કે કેમ અને આ જાતના વિરામોનો હેતુ કયા સ્વરૂપનો હતો તે વિચારવા જેવું છે. અન્ય બાલાબોધોમાં પણ આવા જે વિરામો હોય તે તે મુજબ જ છાપી પછી તુલનાત્મક અભ્યાસ કરીને જ નિર્ણય કરી શકાય. )

## [ જમાલીયાનો દૃષ્ટાંત ]

હવઇં જે કોઇ પોતાનો હિત અનુષ્ટાંન ન કરઇં। વીતરાગની આજ્ઞા લોપઇં। તે નિંદ્યા પ્રતઇં પામઇં તે ઉપરિ જમાલીયાનો દૃષ્ટાંત ॥ અત્ર કથા ॥

કુંડણપુર નગરનેં વિષઇં જમાલી નામિં ક્ષત્રીપુત્ર વસઇં। તેહનઇં શ્રી મહાવીરની પુત્રી સુદર્શના પરણાવી છઇં। બીજી પણિ રાજકન્યા પરણ્યો છઇં। તે સંઘાતઇં વિષયસુખ ભોગવઇં છઇં। એહવઇં એકદા શ્રી મહાવીર આવી સમોસર્યા। જમાલી વાંદવા ગયો। દેશના સાંભલી। પ્રતિબોધ પાંમી। સંસાર અસાર જાણી। માતાપિતાની આજ્ઞા માંગી। મહામહોત્સવ સહિત પાંચસઇ કુમર સંઘાતઇં। શ્રી મહાવીર પાસઇં દીક્ષા લીધી। સુદર્શના રાણીઇં પણિ પ્રતિબોધ પાંમી। ઘણી સ્ત્રી સંઘાતઇં દીક્ષા લીધી। તે પાંચસઇં રાજકુમર ભગવંતઇં જમાલીનઇં શિષ્ય-પણિં આપ્યા। અનુક્રમિંઇ ગ્યાર અંગ ભણ્યા છઠ્ઠ અઠ્ઠમાદિ દુઃક્કર તપ કષ્ટ કરતાં। એકદા ભગવંત પાસઇં। અલગા વિહાર કરવાની આજ્ઞા માંગી। પણ ભગવંતઇં નાપી। તદા વિગર આજ્ઞાઇં વિહાર કરતો પાંચસઇં શિષ્યનઇં પરિવારઇં।'શ્રાવસ્તી નગરીનઇં વિષઇં કોઠ્ઠકવન માહે ઊતર્યા। એહવઇં એકદા જમાલીનઇં શરીરઇં મહાજ્વર ઊપનો। બેંઠો રહી ન સકઇં। તદા। શિષ્યનઇં કહ્યું સંથારો પાથરો। તદા.। શિષ્યઇં સંથારો પાથરવા માંડ્યો। વલી વેદના ષમી ન સકેં। તદા। બીજી વાર પૂછ્યું। કાં શિષ્ય સંથારો પાથર્યો। શિષ્યઇં કહ્યું હા સ્વામી પાથર્યો। પોતઇં આવી જોઇ તો હજી પાથરઇં છઇં। તે દેષિ બોલ્યો। તૂં સંથારો નથી પાથરી રહ્યો અનઇં પાથર્યો કહ્યો। એહવું ષોટું વચન તૂં કિમ બોલ્યો। તદા તે શિષ્ય બોલ્યો। સ્વામી હું ષોટો નથી બોલ્યો। જે એ ભગવંતનું વચન છેં। જે કરવા

માંડયું તે કરયું કહીઇં। તદા। ગુરુ બોલ્યો હે શિષ્ય એ વચન ભગવંત ષોટું બોલ્યા। જે એ પરતષ વિરુદ્ધ વચન દીસેં છઇં। જે તઇં કહ્યું સંથરો પાથરચો। અને મ્હેં આવી જોયો તો હજી પાથરતો દીઠો ઈહાં હાથનું કાંકણુ જોવું તિહાં અરીસાનું સ્યું કાર્ય છઇં। તે માટઇં કાંમ પૂરું થયા પછી કામ કરયું કહીઇં। તદા વલી શિષ્ય બોલ્યા। સ્વામી માર્ગિ ચાલણુ પુરુષનઇં ચાલ્યો કહીઇં છઇં। થોડઇ ભાજન ભાગઇં। ભાગું કહીઇં છઇં। થોડઇં વસ્ત્રઇં ફાટઇં ફાટું કહીઇં છઇં। તિમ કરવા માંડયું તે કાર્ય કરયું કહીઇં। ઈત્યાદિ અનેક યુક્તિ કહી દેષાડી। પણિ તે ગુરુ ન સમઝેં। તદા। શિષ્યઇં જાણ્યું એ અયોગ્ય જે માટઇં। ઈણિઇં વીતરાગનું વચન ઊથાપ્યું। પોતાનું મત થાપ્યું। એ નિહ્નવ થયો। ઈમ જાંણી કેતલાએક શિષ્ય। ભગવંત પાસઇં આવ્યા। પછઇં જમાલી નિરોગી થયો થકો પોતાનો મત થાપતો વિહાર કરતો। ચંપા નગરીનઇં વિષઇ। ભગવંત પાસઇં આવ્યો। ભગવંતનઇં કહઇં। હું તુમ્હારા શિષ્યની પરઇં છદ્મસ્થ નથી। હું જિન કેવલી છું। તદા શ્રી ગૌતમસ્વામીઇં પૂછ્યું। તૂં કેવલી છઇં। તો કહઇં નઇં। લોક સાસ્વતો છઇં અસાસ્વતો છઇં। જીવ સાસ્વતો છઇં કઇં અસાસ્વતો છઇં। એહવું પૂછ્યું। તદા। જમાલીઇં ઉત્તર ન દેવરાણુ। અણુબોલ્યો મૌન કરી રહ્યો। તદા। ગૌતમ કહઇં। સાંભલિ તૂં કેવલી નાંમ ધરાવઇં છઇં અનઇં કહી નથી સકતો। પણિ હું છદ્મસ્થ થકો કહું છું તે સાંભલી। લોક દ્રવ્યથી સાસ્વતો છઇં અનઇં। ઉત્સર્પિણી અવસર્પિણી કાલ પ્રમાંણઇં અસાસ્વતો છઇં તે માટઇં લોક સાસ્વતો પણિ કહીઇં અનઇં અસાસ્વતો પણિ કહીઇં। તિમ જીવ દ્રવ્યથકી સાસ્વતો છઇં અનઇં દેવતા મનુષ્ય તિર્યંચ નારકી ગતિ આશ્રી અસાસ્વતો છઇં। તે માટઇં જીવનઇં સાસ્વતો પણિ કહિં અનઇં અસાસ્વતો પણિ કહીઇં। એ વચન અસદ્દહતો જમાલી તત્રથી વિહાર કરતો૨। શ્રાવસ્તી નગરીનઇં વિષઇં કોષ્ટક વનમહિ ઊતરચો અનઇં સુદર્શના સાધ્વીઇં પણિ જમાલીનું મત અંગીકાર કરચો છઇં। તે પણિ નગરમાહે ઢંક નાંમિં કુંભકાર ભગવંતનો શ્રાવક છઇં। તત્ર ઊત્તરી છઇં। લોક આગઇં પોતાના ભર્ત્તારનો મત પ્રરુપઇં છઇં। તે ઢંકઇં પણિ સાંભલ્યું। મનમાહે ચીંતવ્યું। જોઓ ભાઈ ભગવંતની પુત્રી અનઇં કર્મ્મનઇં વસઇં ષોટું પ્રરુપઇં છઇં। તો એ મહાસતીનઇં હું કોઈક ઉપાઇં પ્રતિબોધું ઇમ ચિંતી। એકદા। પ્રહરમાહે સજ્ઝાય કરઇં છઇં। એહવઇં ઢંક શ્રાવકઇં લઘૂ લાઘવી કલાઇં કરી। એક અંગારો સાડી ઊપરઇં નાંષ્યો। સાડીઇં સાડીઇં અથવા તીન કાંણા પડચા તે દેષી બોલી। ભો માનુભાવ। શ્રાવક તુહ્મચો એ સ્યું કીધું હ્મારી આષી સાડી બાલી। તદા ઢંક બોલ્યો। સાધ્વીજી એહવું ન બોલો। એ તો ભગવંતનો મત છઇં। જે બલવા માંડચો તે બલ્યો કહીઇં અનઇં તુહ્મારઇં મતઇં તો આષી સાડી બલી રહ્યા પછી બલી કહયો। એકબઇં છિદ્ર પડચાં બલી કિમ કહી તો માંનો ભગવંતનું વચન ષરું। ઇમ શ્રાવકની બુદ્ધિ સાધ્વી પ્રતિબોધ પાંમી ભગવંતનું વચન ષરું માંનીનઇં જમાલીનઇં કહ્યૂં। માંનો ભગવંતનું વચન ષરું તે તુહ્મારું મત પ્રત્યક્ષ ષોટું દીઠું। ઘણુંઇ સમઝાવ્યું પણ સમઇં તિણઇં મોહની કર્મ્મનઇં ઉદયઇં કરી નઇં માંન્યું। પછઇં સાધ્વી ભગવંત પાસઇં આવી મિચ્છામિ દુક્કડ દીધૂં। ચારિત્ર પાલી કેવલજ્ઞાંન પાંમી મોક્ષિ પુંહતી। જમાલી પણિ ચારિત્ર પાલી અંતઇં ૧૫ દિનનું અણુસણ કરી મરી કિલ્બિષીઓ ઢેઢદેવતાપણિં ઊપનો તત્રથી ઘણો સંસાર ફિરી મોક્ષિં જાસ્યઇં। ઇમ જે વીતરાગનો વચન ઊથાપઇં તે ઇહલોકિં નિંદ્યા પામઇં માઠીં નીચગતિ પામઇં ઘણો સંસાર લઇં તે માટઇં વીતરાગનું વચન સાચો સદ્દહવું ॥ ઇતિ શ્રી જમાલી ઋષિની કથા ૬૯મો દૃષ્ટાંત સંપૂર્ણ ॥

## [ દઢ પ્રહારિનો દૃષ્ટાંત ]

( મૂળપ્રતિ પૃ. ૮૦ અ થી ૮૧ અ )

હવે જે સાધૂ જાંણ્યો છે । અભવ્ય તે આક્રોશાદિ હીલણાદિ ષમેં તે ઊપરિં દઢપ્રહારિનો દૃષ્ટાંત દેષાડઈ છઈ અત્ર કથા ॥

માકંદી નાંમિં નગરનઈં વિષઈં ॥ સમુદ્રદત્ત નાંમિ વપ્ર વસઈં છઈં । તેહનઈં સમુદ્રદત્તા નાંમિં સ્ત્રી છઈં તિણઈં એક પુત્ર જનમ્યો । તે મોટો થાઈં તિમ₂ અન્યાય કરઈં । લોકનઈં મારઈં ચોરી જારી કરઈં ષાદ્ય અષાદ્ય ષાઈં । કોહની સીષ ન માનઈં । માબાપનઈં લેષઈં ન ગિણઈં । બ્રાહ્મણપુત્ર જાણી સહૂ એ ગર્ઝ કરઈં । તિમ₂ મહા અન્યાય કરઈં । ઊદમાદીઅ યોગ્ય થયો । તદા । નગર મધ્યે ઘણું ઘણું અસમંજસ કરાતા જાંણ્યો । તદા રાજાનઈં ક્રોધ ચડચો । કોટવાલનઈં કહીનઈં નગર બાહર કાઢચો । તે જઈ એક ભીલની પાલઈં પલ્લીપતિનઈં મિલ્યો । તિણઈં પુત્ર કરી રાખ્યો । સર્વ ગૃહની સંપદા ભલાવી । એહવું ( ? નું ? ) * નામ કુંઅર પણઈં રહઈં ઘણા પ્રાણી જીવનઈં નિર્દયથિકો દઢ થાઈં મારઈં । તે માટઈં લોકઈં મિલેં દઢપ્રહારી । એહવું નાંમ દીધૂં । એકદા દઢપ્રહારી ઘણા ચોર લેઈ । કુશસ્થલ ને( ? ન )ગર લૂંટવા આવ્યો । એહવઈં એ નગરનઇ વિષઈં । એક દલદ્રી દેવશર્મ્મા નાંમિં વિપ્ર વસઈં છઈં । તિણઈં તેહિજ દિનનઈં વિષઈં ઘણઈં ઈજ મનોરથઈં ષીર રંધાવી । નદીઈં સ્નાન કરવા ગયો । એ હવેં । એક ચોર તે વિપ્રનઈં ગૃહઈં પેસી ષીરની હાંડી લેઈ ગયો । તે દેષી બાલક રોદન કરતો થકો જઈ પોતાના પિતાનઈં કહ્યું । તદા તે વિપ્ર ગૃહેં આવી રીસ ચઢાવી । મોટી ભોગલ લેઈ ચોરનઈં મારવા ધાયો । વિપ્ર ચોર લથોબથ થયા । તદાઃ દઢપ્રહારિં આવી વિપ્રનઈં ષડ્ગે કરી મારચો । તે દેષી આતમી ગૃહની ગાય ચોરનઈં મારવા ધાઈ । તે ગાયનઈં પિણ દઢપ્રહારઈં ષડ્ગઈં કરી મારી । તદા વિપ્રની સ્ત્રીઈં વિપ્ર મારચો જાંણીનઈં રોદનં વિલવિલતી । ચક્ષૂ આંસૂ ઝરતી વિલાપ કરતી ઘણી ગાલ દેતી નીસાસા મુંકતી । તે ગર્બ્ભવતી અબલા નિરધારી ઘર બાહિર આવી । એતલઈં તેહનઈં પણિ દઢ પ્રહારઈં ષડ્ગનો પ્રહાર ઉદર ઉપર કરચો । ગર્બ્ભ નીકલી પડચો । તેહ તડફડતો દેષી નિર્દહતો ષણિક મનમાહે દયા ઊપની । હૈ હૈ ધિગસ્તુ હો મુઝનઈં । નિઃકારણ અબલા ગર્બ્ભવતી મારી । એ બાલક ગાય વિપ્રની પણિ હત્યા મુઝનઈં લાગી । એ એકે [ ૮૧ અ ]કી હત્યા નિશ્ચય નરગના ફલ આપઈં । અનઇ એ વલી એ બાપડાં બાલક માયબાપ વિના કિમ નોધાર રહસ્યૈ । એ અષૂટઈં મરસ્યે । તો એહનઈં પણિ હત્યા મુઝનઈં લાગસ્યઈં તો હવઈં મુઝનઈં દુર્ગતિ પડતાં કુણ આધાર થાસ્યઈ એહવું ચિંતવતાં । એક સાધ નગરમાહેથી બાહિર આવતો દીઠો તેહનઈં વાંદી આતમી પાપ કહ્યાં કહો સ્વામી એ ચ્યાર હત્યાનાં પાતિકનો છૂટકો કિમ થાઈં । તદા સાધ કહઈં । જિનધર્મ્મ આદ્દરી દિક્ષા લેઇ । આકરો તપં કષ્ટ કીધાં છૂટીઈં । ઇમ સાધનો ઉપદેશ સાંભલી દિક્ષા લેઇ એવો અભિગ્રહ લીધો । યદા લગઇ એ ચ્યાર હત્યા સાંભરઈં । તિહાં લગઈં । અન્નપાંણી ન લેવું । ઇમ અભિગ્રહ કરી । તેહિ જ નગરનઈં દ્વારઈં કાઉસગ્ગ કરી રહ્યો । પછઈં નગરના લોક જાતાં આવતાં । તે હત્યા સંભારી₂ તર્જ્જની કરિં । ઈટ ઢેષાલા પત્થર પ્રમુખઈં

* મૂળમાં "વું" વંચાય છે, લહિયાની ભૂલ હોવા સંભવ છે, સાચો પાઠ "એહનું" હશે. બીજી લીટીમાં "એહવું નામ દીધું" એ શબ્દો આવે છે તેથી લહિયાએ ભૂલમાં એ શબ્દો ઉપર વાંચી ઉતારી ફરી નીચે લખ્યા હોય. એટલે "એહવું નાંમ" એ શબ્દો અહીં ભૂલમાં ઉતાર્યા હોવાનું વધુ સંભવિત છે.

મારઇં । ગાલ દીઇં । તે સર્વ ષમઇં । રીસ નાંણુઇં । યદા । યદા કંઠિ લગઇં । ઇટ ઢેષાલા પૂરાઇ સાસ મુંદ્વા[ ? ઝા ] ઈ તો જાંણુઇં । તદા । તત્રથી કાઉસ્સગ્ગ પારી । નગરનઇં બીજી પોલઇં તત્ર જાઇ કાઉસ્સગ્ગ કરઇં । તત્ર પિણુ તિમ જ લોક મારઇં । તદા વલી વલી તત્રથી ત્રીજી પોલી જઇ કાઉસ્સગ્ગ કરઇં । ઇમ ચ્યારે પોલિં ફિરતો કાઉસ્સગ્ગ કરતાં । નગર લોકની ગાલિ પારિ ષમતાં અન્નપાંણી પાષઇં ૭ મહિના થયા પિણુ નીયમ ન લાગો । વિશુદ્ધ ધ્યાંનઇં કરી ઘાત કર્મ્મ ચ્યાર ક્ષય કરી । કેવલજ્ઞાંન પામ્યો । ઘણાં જીવનઇં પ્રતિબોધ પમાડી । દઢપ્રહારી મહામુનીશ્વર મોક્ષિં પુંહતા । ઇમ બીજા પણિ આક્રોશાદિક ઉપશર્ગ્ગ ષમેં તેણે પોતાનાં પાતિક ધોઇ ઈમ કરેં તે સંસારને વિષેં ભવ ભવનેં ફિરઇં । ઇતિ દઢપ્રહારી મુની કથા ૩૯ ।

# જેઠમલ્લકૃત 'નરસી મેતા કી હુંડી'

જેઠાલાલ ત્રિવેદી

વૈષ્ણુવ ભક્તિના ઉત્થાનની સાથે ભારતના ભિન્ન ભિન્ન પ્રદેશોમાં અનેક ભક્ત કવિઓ પેદા થયા. ગુજરાતમાં પણ કૃષ્ણભક્તિના ગાયક ભક્ત કવિ નરસિંહ મહેતાએ પ્રગટ થઈ ભક્તિ-રસની રેલ રેલાવી. તેમની કવિતા માત્ર ગુજરાતમાં જ નહિ પણ રાજસ્થાન અને મધ્યપ્રદેશમાં પણ પ્રચલિત થઈ છે. એ ભક્ત કવિના જીવનપ્રસંગોને વણી લેતાં કાવ્યો પણ ગુજરાત બહારના પ્રદેશોમાં રચાયાં છે.

'નરસિંહ મહેતાની હુંડી' ઉપર ગુજરાતીમાં અનેક કાવ્યો મળે છે. તેવી જ રીતે રાજસ્થાન અને મધ્યપ્રદેશમાં પણ '**नरसी की हुंडी**' ઉપર કવિતા રચાઈ છે અને લોકપ્રિય બની છે. રતના ખાતી (ખાતો રતનો)નું હિંદીમાં રચેલું 'नरसीजी को माहेरो' (सं. १७१६) તો જાણીતું છે. તેનાથી પણ સાતેક વર્ષ અગાઉ નાગપુરના કવિ જેઠમલ્લે '**नरसी मेता की हुंडी**' લખી છે તે ધ્યાનપાત્ર છે.

રતના નામના કવિએ રચેલી રાજસ્થાનમાં પ્રચલિત 'नरसी की हुंडी,' "મરુ ભારતી"ના જાન્યુઆરી ૧૯૬૧ના અંકમાં શ્રી ગોવિંદજી અગ્રવાલ દ્વારા પ્રગટ થઈ છે. તે રતનો 'ખાતો રતનો' હોવાનું અનુમાન કરી શકાય. હુંડીને અંતે કવિનો નામોલ્લેખ આ રીતે મળે છે :—

"હુંડી મહિમા રતનો કહૈ, લખ ચૌરાસી ન્યારો રહૈ।"

રચના સાલ મળતી નથી.

રાજસ્થાન ગુજરાત વચ્ચે અમુક સાંસ્કૃતિક તથા ભાષાવિષયક સામ્ય જાણીતું છે. રાજસ્થાનની મીરાં ગુજરાતની પણ કવયિત્રી ગણાય છે તે રીતે નરસિંહ મહેતાની હુંડીના પ્રસંગ ઉપર રાજસ્થાનમાં કવિતા લખાય તે આશ્ચર્યજનક નથી, પણ મધ્યપ્રદેશના નાગપુરમાં તે વિષે કાવ્યરચના થાય તે સવિશેષ નોંધપાત્ર ગણાય. આથી સંવત ૧૭૧૦માં નાગપુર નગરમાં વાસ કરનાર જેઠમલ્લે લખેલી "**नरसी मेता की हुंडी**" નરસિંહ મહેતાના અભ્યાસીઓ માટે અવલોકનીય ગણાય.

નરસિંહ મહેતાના એક ચરિત્રકાર પાટણનિવાસી વિશ્વનાથ જાની અને નાગપુરનિવાસી જેઠમલ્લ કવિ સમકાલીન છે. જેઠમલ્લની રચેલી હુંડીમાં નરસિંહના મુખમાં મૂકેલી સ્તુતિનો વિસ્તાર જોતાં તે સાચા હૃદયનો ભક્ત હોવાનું અનુમાન થાય છે. તે પોતાને 'હરિ ભક્તનકો દાસ' કહે છે તે પણ આ વાતને પુષ્ટિ આપે છે.

જેઠમલ્લકૃત '**नरसी मेता की हुंडी**' પંડિત શ્રીધર શિવલાલજી દ્વારા સને ૧૮૮૫માં મુંબઈથી શિલાછાપમાં પ્રગટ થયેલી. શિલાછાપમાં દેશી કાગળ ઉપર છાપેલા એ ગુટકામાં બીજાં પણ ભક્તિવિષયક હિંદી કાવ્યો આપેલાં છે. પ્રસ્તુત કૃતિ ગુજરાતમાં લગભગ અજ્ઞાત છે અને

આ પુસ્તક હાલ દુષ્પ્રાપ્ય છે. એટલે જેઠમલ્લની એ રચના અભ્યાસીઓને સુલભ થાય તે માટે અત્રે રજૂ કરી છે.

ઉપર ઉલ્લેખ કરેલી રતના કવિની 'નરસી કી હુંડી'માં જ્યાં જેઠમલ્લ સાથે શાબ્દિક સામ્ય જણાયું છે ત્યાં પાદનોંધમાં તેનો ઉલ્લેખ કરેલો છે. લખાવટની શુદ્ધિ સિવાય મૂળ પાઠમાં કાંઈ ફેરફાર કરવામાં આવ્યો નથી.

## અથ નરસી મેતા કી હુંડી

(પ્રારંભ)

શ્રી ગણેશાય નમઃ ॥

(ચૌપાઈ)

શ્રી ગણપતિ કૌં પહિલિ ધ્યાવૌં । જબ નરસી કી હુંડી ગાવૌં ॥
પરમ ભક્ત મ્હેતા હૈ નરસી । રામભજન મેં બુદ્ધિ હૈ સરસી ॥ ૧
નિસિદિન રામકૃષ્ણ ચિત ધરૈ । જૂઠી દંતકથા નહિ કરૈ ॥
જા કો હૈ જૂનાગઢ વાસ । રામભજન મેં રહૈ હુલાસ ॥ ૨
જહાં આયે સાધુજન હોય । વાસો લેકર રહિયા સોય ॥
પ્રાત જાગ પૂંછત હૈ તહાં । કૌન લિખત હૈ હુંડી યહાં ॥ ૩
એક મસકરૈ કીની હાંસી । સુણજ્યો હો તીરથકા વાસી ॥
ઘર મૈતા નરસીકી જાવૌ । ચાહે જિતની હુંડી લિખાવૌ ॥ ૪
ઉનકા 'ધનંકો છેડો નાહીં । બહુતેરી લક્ષ્મી ઘરમાંહીં ॥
જબ સાધુ પૂછત ઘર આયે । નરસીજી ઘર બૈઠા પાયે ॥ ૫
'રામ રામ' સાધૂ બોલે જબૈ । પાંવા ધોક નરસીહી વીતવૈ ॥
ઉજ્જલ જલ સોં પાંવ પષારે । ઉંચે આસન પર બૈઠારે ॥ ૬
પાંવ પષાલ લિયો ચરણામૃત । ધન ધન અપનો ભાગ્ય વષાણુત ॥
શ્રદ્ધા માફક કરી રસોઈ । પાય લિપી સાધુજન હોઈ ॥ ૭
ચલૂ કરી આરામ કરાયો । નરસી પગચંપી કૌં આયો ॥
સાધૂ કૌં પૂછત હૈ ઐસી । મો પર કિરપા કીની કૈસી ॥ ૮
સાધૂ બોલે બાત બણાય । નરસીજી સૂણિયો ચિત લાય ॥
સંગ ન મિલૈ ચલૈ નહિં સાથ । હમ પાસે રુપયા સૌ સાત ॥ ૯
રોક રુપૈય્યા ઘરમેં ધરૌ । નગર દ્વારિકા હુંડી કરૌ ॥ *
સોચત નરસી કહા કછુ ઈનકૌં । કરમ ભોગ ભેજે હૈ જિનકૌ ॥ ૧૦

* સરખાવો :—"દ્વારાવતી નૈ હુંડી કરો, રોક રૂપયા ઘરમેં ધરો।"

—(રતનાકૃત "નરસી કી હુંડી")

મેરે તો હરિનામ અધારા । યેહી વિણજ કરી વ્યૌપારા ॥
અબ હરિકી અસ્તુતિ કરત હૈ । તા સૂમરે સબ કામ સરત હૈ ॥ ૧૧

ગજકી સહાય કીવી તતકાલ । ગરુડ છાડ ધાયે ગોપાલ ॥
પરસી સિલા ચરણ રજધારી । ગોતમ નાર અહલ્યા તારી ॥ ૧૨

પિરથી અસુર ડૂબાઈ જબૈ । વારાહ દંત ઉઠાઈ તબૈ ॥
હિરણાકુષ જબ ષરો રિષાયો । નૃસિંહરૂપ પ્રહલાદ બચાયો ॥ ૧૩

ચાર માસ તુમ બલિકે દ્વાર । આપ પધારે શ્રી કરતાર ॥
મારયૌ પાપી રાવણ સહી । લંક વિભીષણ કૂં તુમ દઈ ॥ ૧૪

સુતસનેહ હરિ નામ ઉચારયૌ । અજામેલ સો પાપી ત્યારયૌ ॥
આઠૌ જામ પઢાતી કીર । ગનકા ત્યારી શ્રી રઘુવીર ॥ ૧૫

જૂઠા બોર ભિલ્લિણી હાથ । આપ આરોગે શ્રી રઘુનાથ ॥
ભેજી કંસ પૂતના આઈ । બણી રૂપ અતિ સુંદરતાઈ ॥ ૧૬

શ્રી મુષમૈં જબ હાંચલિ દીનૂ । તાકો પ્રાણ સોષત વલીનૂ ॥
સકટાસુર રાક્ષસ જબ આયો । બૈઠો ગાંઢૈ બદન છિપાયૌ ॥ ૧૭

દીવી લાત કન્હૈયા લાલ । મારયૌ પાપી કૂ તતકાલ ॥
તિરણાસુર અતિ ગરદ ઉઠાઈ । નંદ ગાંવમેં ધૂમ મચાઈ ॥ ૧૮

લેકર કાન્હ ગયો આકાસ । મુષ્ટી માર કિયો તબ નાસ ॥
બાલપણોં મેં માટી ષાઈ । માત યશોદા મારણ આઈ ॥ ૧૯

'દેષ માત, મૈં કછુ ન ષાયો' । તીન લોક મુષમેં દરસાયો ॥
દેષ યશોદા વિષ મૈં ભરી । પલ મૈં માયા દૂર કરી ॥ ૨૦

( દોહા )

પય ઉફણતો દેષકર । ગઈ યશોદા દોર ॥
પીછે દધિકી માંથની । ફોડી નંદકિશોર ॥ ૨૧

રીષ ભરી માતા જબૈ । સુતકૌં પકસૌ ધાય ॥
ઊષલ સૂં બાંધ્યો તબૈ । નંદનંદન વ્રજરાય ॥ ૨૨

દો રૂષનકે બીચ મેં । ઊષલ ષૈંચ્યો જાય ॥
નલ કૂબર હોતા જિકા । ટૂટ પરચા વૃછ રાય ॥ ૨૩

નારદજી કો સરાપ હૌ । દૂર ભયો તતકાલ ॥
ચઢ વિમાન સુરપુર ગયા । તિનકો કિયા નિહાલ ॥ ૨૪

વચ્છાસુર વચ્છો ભયો । રૂપ કપટકો ધાર ॥
શ્રીકૃષ્ણ વાકૌ મારિયો । પટકૌ પાવ પછાર ॥ ૨૫

વરુણ લે ગયો નંદકો । યમુના માય ડબોય ॥
પિતા સાચ જાણી તબૈ । કૃષ્ણ છુડાયે મોય ॥ ૨૬

(ચૌપાઈ)

ચોરે ચીરજ લૈ ધનશ્યામ । વ્રજવાસિન કે પૂરણકામ ॥
ઋષિપતની કે કર કે તીવણુ । આપ આરોગે જુગ કે જીવણુ ॥ ૨૭
જલ જુમના કો મોટો ભાગ । જા મૈં નાથો કાલીનાગ ॥
વચ્છા ગુવાલ્યા બ્રહ્મા લીના । નંદલાલ ફેર સબ કીન્હા ॥ ૨૮
વરસ એક લાગી સબ માયા । વ્રજવાસી કછુ લક્ષણ પાયા ॥
કોપો ઇન્દ્ર વ્રજપર જબ હી । ગોપી ગ્વાલ બચાયા તબ હી ॥ ૨૯
ધન ધન વ્રજ કે ગોપી ગ્વાલ । સદા વેલે તુમ ઉન સંગ ખ્યાલ ॥
નિસા સરહ અરુ બાલા સાથ । રાસ રમે હૈ શ્રીગોપીનાથ ॥ ૩૦
અક્રુર સાથ મધુપુરી આયે । લોગ નગરકા અતિ સુષ પાયે ॥
કુબજા સંગ તુમ રમે કૃપાલા । ક્રીડા કીની શ્રીગોપાલા ॥ ૩૧
હાથી હત્યૌ કુવલયાપીડ । જિનકો કંસ ચઢાયૌ ભીડ ॥
જાણુ બૂજ કે ભલો ષિલાયો । પકડ સૂંડ કર દૂર બગાયો ॥ ૩૨
મુષ્ટિ ચાણુર હતા હોય મલ્લ । કુસ્તી કર મારચા એક પલ્લ ॥
પાપી કંસ હત્યો મહારાજ । ઉગ્રસેનકૌં દીયૌ રાજ ॥ ૩૩
આઠ ભઈ તુમ યૈં પટરાની । એક નેં એક અધિક મનમાની ॥
અંતરજામી દ્વારકાનાથ । ઉનકો હૈ મેરે સિર હાથ ॥ ૩૪

(દોહા)

અતિ સુંદર હૈ રૂકિમણી । લક્ષ્મી કો અવતાર ॥
સતભામા કો માન હૈ । જા મોતીસૂં પ્યાર ॥ ૩૫
કાલિંદી નામન જીતી । ભદ્રાજી સેં હેત ॥
મિત્રવૃંદા અરુ લક્ષ્મણા । કુલકો સોભા દેત ॥ ૩૬

(ચૌપાઈ)

પારિજાત સુરપુરસૂં લ્યાયે । સત્યભામા ઘર આણ રુપાયે ॥
ભ્રમ ઉપજ્યો નારદકૌં જબે । મહલૌં મહલ પધારે તબૈ ॥ ૩૭
વિપત સુદામાકી તુમ હરી । ઘરમેં ઋદ્ધિસિદ્ધિ બહુવિધ કરી ॥
અગ્નિ અજીરણ હો ગેઈ તબૈ । બનષંડી મેં ચરાઈ જબૈ ॥ ૩૮
જિગ્ય રાજા પાંડવકો કિયો । થાલી માજણકો તુમ રિયો ॥
જબ જબ બોલ્યો જો શિશુપાલ । થાલી ફૈંક હત્યો તતકાલ ॥ ૩૯
જબ દ્રોપદીકી કીની ભીર । વસ્ત્ર બધાયો ઘટચો ન ચીર ॥
સરાપ દેન પાંડવ કો આયે । વનમેં ઋષિકૌં બોત અઘાયે ॥ ૪૦

દાસ વિદુર કો મોટો ભાગ । અતિ પ્રીતિ સૌં પાયો સાગ ॥
ભીષમ કો પણ રાષ્યો જબૈ । ભીડ પડી ભારથ મૈં તબૈ ॥ ૪૧

પરિક્ષિત કી તુમ કીની સહાય । ગર્ભવાસ મેં લિયો બચાય ॥
યુદ્ધ ભારત મૈં અતિ ષપાય । ટીટોડીકા અંડા બચાય ॥ ૪૨

મિત્રાચારી કિયો હૈ પારથ । જાકો આપ જિતાયૌ ભારથ ॥
પાંડવ કો અશ્વમેધ કરાયૌ । અતિ પ્રીતસૌં હેત જિતાયૌ ॥ ૪૩

મદ્ય પિયા જાદુ મિલ સબહી । તો ઇચ્છા મૌં પ્રગટે તબહી ॥
ઉદ્ધવ કો તુમ જ્ઞાન સિખાયે । કૃષ્ણરૂપ પ્રભુધામ સિધાયે ॥ ૪૪

તેરા ગુણ કો કહા વિચાર । સુર તેતીસ ન પાયો પાર ॥
મૈં હૂં દીન ઔર નહિ હાત । આપ કહીજે દીનાનાથ ॥ ૪૫

તુમ અનેક ભક્તનકૌં ત્યારો । સંતહેત બહુ કારજ સારો ॥
મૈં શરણાગત આયો તેરી । તુમ પતંગ્યા રાષો મેરી ॥ ૪૬

ગદગદ હોય પ્રેમમૈં પાગ્યૌ । અબ હુંડી લિષણેકૌં લાગ્યૌ ॥
નગર દ્વારિકા સિધ શ્રી । સુભ સુથાન જહાં બસૈ હરિ ॥ ૪૭

શ્રી સહાજી સાંવલહૂ નામ । જિનકૌં નરસી કરૈ પ્રનામ ॥
તુમ પરતાબ ચૈન હૈ યહાં । અતિ આનંદ ચાહિ જે વહાં ॥ ૪૮

પાન કપૂર આરોગણ લીજે । ડીલોકા બહુ જતન કરીજે ॥
ડીલાં પાછૈ સારી બાત । મુદ્રા ગિણજ્યો ડીલાં સાથ ॥ ૪૯

અપરંચ સમાચાર સેં કામ । હુંડી સિકાર દીજ્યો દામ ॥
હમ રાષ્યા સાધુજન પાસા । સાહ જોગ તુમ દીજો ષાસા ॥ ૫૦

સાત સહકા રૂપયા લીના । નેમે જાકા સાઢા તીના ॥
પૂણા દોય ચોગણા કીજો । દેષત સબા દામ ગિણ દીજો ॥ ૫૧

મિતિ માસ સંમત યરુ દીનૂ । લિખ શિરનામૂ કોઠો કીનૂ ॥
હુંડી સાધુ લીની જબૈ । નરસી ઉનકો બોલ્યા તબૈ ॥ ૫૨

હાતાં સાંવલ સહાકે દીજ્યૌં । તુરત રુપયા આપણા લીજો ॥*
કાટી મજલ પહુંચ્યા જહાં । નગર દ્વારકા સાંવલ તહાં ॥ ૫૩

જાકર ભેટે શ્રી રણછોડ । પાપ ગયે તબ તનકે કોડ ॥
તીરથવાસી પૂંછત જહાં । સાંવલ સહા રહત હૈં કહાં ॥ ૫૪

કોઇ બતાયો ઉનકો વાસ । સાંવલ પર હુંડી હમ પાસ ॥
લોગ નગરકા ઐસી કહૈ । સાંવલ સહા યહાં નહિ રહૈ ॥ ૫૫

---

* સરખાવો :—"સાંવલસાને કહિયો રામોરામ । દેખત હુંડી દેગો દામ ॥"
(રતનાકૃત 'નરસી કી હુંડી')

કોઉ ઠગારે પાસ ઠગાયેં । તુમ તો હુંડી ષોટી લાયે ॥
જે જન કરો બેગ તુમ જાવો । ઉસી ઠગારેકૂં પકડ બંધાવો ॥ * ૫૬

ઉપજી જીવકોં બડી ઉદાસી । પાછા ચાલ્યા તીરથવાસી ॥
કોસ દોય તીન જબ આયા । બૈઠે થાક બિરછ કી છાયા ॥ ૫૭

ભયો જીવમેં હરષ ઉછાહ । જબ હી આયો સાંવલ સાહ ॥
'રામ રામ' કર બૈઠો આગો । હાલ હગીગત પૂછણુ લાગો ॥ ૫૮

સાધૂ બોલે મધુરી વાણી । કહા કહૂ કછુઅ ગત ન જાણી ॥
સાંવલ પર હુંડી હમ લ્યાયેં । જાકે દામ કછૂ નહિ પાયે ॥ ૫૯

અબ પીછા નરસી પૈં જાવા । ર્જિત ઈસકી ષૂબ ગમાવા ॥
જબ બોલે તુમ સારો કામ । સાંવલ સાહ હમારો નામ ॥ ૬૦

વસૂં દ્વારકા અતહી છાનૈ । કોઇક હરિકો સેવક જાનૈ ॥ ×
હુંડી કાઢો રુપયા લીજે । પરચો ષાવો જે જન કીજે ॥ ૬૧

જબ સાધુજન ભયે ષુસાલ । હુંડી કાઢ દીધી તતકાલ ॥
ગાંઠ રુપિયા બાંધ્યા જબૈ । સાંવલકો પૂછત હૈ તબૈં ॥ ૬૨

કહા સાષ અરુ કહા પીછાણુ । નરસીકા તુમ કરો બખાણુ ॥
સાંવલ કહૈ સાધુ ગુણુ લીજૈ । નરસી મેરા સષા ગણિજૈ ॥ ૬૩

મૈં સેવક નરસી કો તની । ઉનકી મો પર કીરપા ઘણી ॥
ઉનકો ખેંચ્યો હૂં બિક જાણી । અધિકી ઓર કહાં દરસાણી ॥ ૬૪

મનમેં આયો આનંદ ઉછાહં । કાગદ લિષિત હૈ સાંવલ સાહ ॥
સિદ્ધ શ્રી જૂનાગડ વાસ । વિરાજમાન હો હરિકા દાસ ॥ ૬૫

સરળ ઓપમા લાયક કરૂં । તા પર શ્રી અષ્ટોત્તર ધરૂં ॥
જિનકા હૈ નરસીજી નામ । ચરણુકમલ પર કરૂં પ્રણામ ॥ ૬૬

કૃપા તમારી સુષ હૈ યહાં । અતિ આનંદ ચાહિયે ઉહાં ॥
ષાન પાન ચિત નીકે આણૂં । મુદાર ઢીલાં પાછૈ જાણૂં ॥ ૬૭

સદા કરત હો હમ પર દયા । જાહિ ભાંતિ રાતિયો મયા ॥
હુંડી તુમારી સાધુ લ્યાયે । જિનકો દામ લિયે પરષાયે ॥ ૬૮

---

* આ કડીને મળતી રતનાકૃત 'નરસી કી હુંડી'માં નીચેની પંક્તિઓ મળે છે :

"સાંવલ સા શહરમેં નથી; ઉલટી હુંડી ક્યે કથી ॥"

"પાંચ સાત રલ પાછા જાઓ, ઘર નરસી કે ડેરા લાઓ ॥"

× સરખાવો:—"નગર જાના નગર બાસ, મ્હાને જાણે કોઈ નરસી સો દાસ :।"

—(રતનાકૃત "નરસી કી હુંડી")

હેત કરો તુમ આનંદ અપાર । હુંડી લિષજો વારંવાર ॥
ઇણ વિધિ કાગદ લિષિયોં જબૈ । સોંપ્યો સાધુજનકો તબૈ ॥ ૬૯

યહ દીજો નરસી કે હાથ । એક જુબાની કીજો બાત ॥
દૂજી ચિતમૈં કભી ન આણો । સાંવલ કૌં સેવક હી જાણો ॥ ૭૦

ઐસી બાત પરસ્પર ભઇ । વિદા હુએ સાધુજન સહી ॥
ફિરત ફિરત જૂનાગઢ આયે । સેંઠ આગલી ચિતમૈં લ્યાયે ॥ ૭૧

સાધૂજન કર આગો કિનૂ । કાગદ સાંવલ તુમકો દીનૂ ॥
ઇસકા સમાચાર તુમ બાંચો । મિત્ર તુમારો સાંવલ સાચો ॥ ૭૨

કાગદ લિયો જબૈ તતકાલ । વાચત નરસી ભયે કુસાલ ॥
ધન ધન સાધુ તુમકો હિયો । તુમ સાંવલકો દરસણ કિયો ॥ ૭૩

ઇસ વિધ કીની ભક્તકી સાહ । હુંડી સિકારી સાંવલ સાહ ॥
કબીર કે ઘર બાદલ લ્યાયો । ધના ભક્ત કો ષેત નિપાયો ॥ ૭૪

રાણૈ વિષકો પ્યાલો ભરયૌ । ચરણામૃત કો નામ ધરયૌ ॥
મેલ્યો દાસી હાતે જબૈ । મીરાંબાઈ પી ગઈ તબૈ ॥ ૭૫

સુષ ઉપજ્યો પીબત પરમાણ । સહાય કરી જબ શ્રી ભગવાન ॥
ષીચ આરોગ્યો શ્રી જદુરાય । નરસીકી હુંડી સિકરાય ॥ ૭૬

(સોરઠા)

નગર **નાગપુર** વાસ । નામ **જેઠમલ્લ** જાણિયે ॥
હરિભક્તનકો દાસ । **સંવત સતરાસો દસ ઉપરૈ** ॥ ૭૭

**સમો ઐઠે ગુરુવાર । જ્યેષ્ઠ સુકલ પષ અષ્ટમી** ॥
હરિગુણ કિયો ઉચાર । જો બાંચૈ સીષૈ સુણૈ ॥ ૭૮

॥ ઇતિ નરસી મેહેતા કી હુંડી સંપૂર્ણમ્ ॥ શ્રીરસ્તુ ॥

જેઠમલ્લની હિંદી ભાષાની લઢણ પણ ગુર્જર કે મારુ-ગુર્જર ભાષાના અભ્યાસીએ નોંધવા જેવી છે. કેટલાક શબ્દો અને લઢણો ગુર્જર ભાષાની અતિ સમીપતા બતાવે છે.

નરસિંહ મહેતાના જીવનને લગતી પ્રસ્તુત કવિતા તથા બીજી તેવી જ હિંદી પદ્ય-રચનાઓને પ્રેરવામાં તે જ વિષયની મધ્યકાલીન ગુર્જર કવિતાનો કંઈ ફાળો હશે ખરો ? અભ્યાસીઓ સમક્ષ આ પ્રશ્ન રજૂ કરીને જ વિરમું છું.

# કડખાની દેશી અને જૈન સાહિત્ય '

હીરાલાલ ર. કાપડિયા

આજથી સાઠેક વર્ષ ઉપર એટલે કે હું બારેક વર્ષનો હોઈશ ત્યારે પહેલી જ વાર "કડખા તણી એહ દેશી" પંક્તિ વાંચ્યાનું મને સ્ફુરે છે, જ્યારે આ પંક્તિ તો એ પૂર્વે પણ મારા સાંભળવામાં તો આવી જ હશે. વાત એમ છે કે અહીં—સુરતમાં વર્ષમાં બે વાર "શ્રીપાલ રાજાનો રાસ" સામુદાયિક સ્વરૂપે વાંચવાની વર્ષોજૂની પ્રથા હતી. એ મુજબ મારાં સ્વ. માતાપિતા આ રાસ અમારા નાણાવટના ઘરમાં મહોલ્લાની કોઈ કોઈ વ્યક્તિના સાથપૂર્વક વાંચતાં હતાં અને કિશોરાવસ્થાથી મેં પણ એમાં ભાગ લેવા માંડ્યો હતો.

ન્યાયવિશારદ ન્યાયાચાર્ય યશોવિજયગણિનાં જીવન અને કવનને અંગે **યશોદોહન** નામનું પુસ્તક તૈયાર કરવાનું કાર્ય મેં હાથ ધર્યું. તે પૂર્વે મેં આ લેખના શીર્ષકથી અંકિત એક લેખ તૈયાર કરી એક સામયિક ઉપર મોકલવા વિચાર રાખ્યો હતો. લેખ લખી એ મોકલાયો હોય તો એ છપાયો નથી. ગમે તેમ એ ગેરવલ્લે ગયો છે એમ થોડા વખત ઉપર **યશોદોહન**ને લગતી મારી નોંધો તપાસતાં જાણવા મળ્યું છે. એટલે આજે આ લેખ લખું છું અને એમાં જે ન્યૂનતા કે સ્ખલન જણાય તે દૂર કરવા સહૃદય સાક્ષરોને સાદર વિજ્ઞપ્તિ કરું છું.

**સાર્થ ગૂજરાતી જોડણી કોશ** (તૃતીય આવૃત્તિ)માં 'કડખો' શબ્દ છે. એમાં આને 'હિન્દી' ભાષાનો શબ્દ કહ્યો છે અને એનો અર્થ 'દુહા જેવી એક વીરરસની રચના' કરાયો છે. વિશેષમાં અહીં 'કડખો બોલનાર ભાટ' અર્થમાં 'કડખેર' શબ્દ અપાયો છે.

ભગવદ્ગોમંડલ (ભા. ૬, પૃ. ૧૮૭૪)માં નીચે મુજબ લખાણ છે:—

"કડખો (પિંગળ) એક માત્રામેળ છંદ; (૨) કાવ્ય; (૩) વર્ણન; (૪) સ્તુતિ-ગાન વખાણ; વીરોની પ્રશંસા માટેનું લડાઈનું ગીત; યુદ્ધનું ગીત. તે સાંભળીને વીરોને લડવાની ઉત્તેજના આવે. 'બંદીજન કડખા આવે, શૂણી શૂરા શીશ કપાવે'—ભજનાવલિ."

સ્વ. મોહનલાલ દલીચંદ દેશાઈએ **જૈન ગૂર્જર કવિઓ** (ભા. ૩, ખંડ ૨, પૃ. ૧૮૩૩-૨૦૮૨)માં ૨૩૨૮ નાની દેશીઓની અને પૃ. ૨૦૮૩-૨૧૦૪માં ૧૨૩ મોટી દેશીઓની અનુ-ક્રમણિકા આપી છે. એમાં પૃ. ૧૮૬૪, ૧૮૬૫ અને ૧૮૮૯માં તેમ જ [1]**સજ્જન સન્મિત્ર**માં કેટલીક કૃતિઓ કડખાની દેશીમાં રચાયાનો ઉલ્લેખ જોવાય છે. મુખ્યતયા એના આધારે હું જૈન કૃતિઓનાં નામ વગેરે આ લેખમાં સૂચવું તે પૂર્વે 'દેશી' અંગે થોડુંક કહીશ.

**પર્યાયો**—ઢાલ (ળ) [2]ચાલ અને વલણ એ દેશીના પર્યાયો ગણાય છે.[3]

---

૧. આ પુસ્તક ઈ. સ. ૧૯૧૩માં અંબાલાલ ગોવર્ધનદાસે મુંબઈથી છપાવી પ્રસિદ્ધ કર્યું છે.

૨. 'ચાલ'નો આ અર્થ **સા.** ગૂ. જો.માં. નથી અહીં 'ઢાલ' એટલે ગાવાની ઢબ એમ કહ્યું છે. દેશી અને વલ(ળ)ણના અન્ય અર્થ અપાયા છે. પણ તે પ્રસ્તુત અર્થ, હોવા વિષે શંકા રહે છે.

૩. જુઓ **જૈ. ગૂ. ક.** (ભા. ૩, ખંડ ૨, પૃ. ૧૮૩૩).

**રાગ**—'દેશી' જુદા જુદા રાગમાં ગવાય છે. જેમ કે આસાઉરી (આશાવરી), રામગ્રી અને સોરઠ.

**છંદ**—'દેશી' માટેનો છંદમાત્રામેળ છે.

**ધર્મબુદ્ધિ-પાપબુદ્ધિ ચોપાઈ**—આ હર્ષકલ્લોલના શિષ્ય **ચન્દ્રકીર્તિ**એ વિ. સં. ૧૬૮૨માં બે ખંડમાં રચી છે. એના **પ્રથમ** ખંડની ઢાલ કડખાની દેશીમાં છે. એ 'રામગ્રી' રાગમાં ઝૂલણાને મળતી આવે એ રીતે ગવાય છે. આ ચોપાઈ અપ્રકાશિત છે, એટલું જ નહિ પણ એની હાથપોથી મને હજી સુધી તો જોવા મળી નથી એટલે આ સંબંધમાં વિશેષ માહિતી આપી શકતો નથી.

**સીતારામ ચોપાઈ**—**સ**કલચન્દ્રના શિષ્ય **સ**મયસુન્દરગણિની આ વિ. સ. ૧૬૮૨, ૧૬૮૬ કે ૧૬૮૭ની રચના છે. એ નવ ખંડમાં વિભક્ત છે. એ દરેક ખંડમાં કેટકેટલીક ઢાલ છે. એમાંનું થોડુંક લખાણ કડખાની દેશીમાં છે. દા. ત. નિમ્નલિખિત કડી:—

"સુણો શ્રીરામ લંકાપુરી છે જિહાં,
વદે વિધાધરા હાથ જોડી;
દૈત્ય રાવણ, તિહાં રાજ્ય પામે સદા,
કોઈ ન સકે તસ માન મોડી."

[1]**ચતુર્વિંશતિગીત** યાને **ચોવીસી**—આ 'ખરતર'ગચ્છના **જિન**રાજસૂરિની મોડામાં મોડી વિ. સં. ૧૬૯૪ની રચના છે. આમાં **ઋ**ષભદેવાદિ ચોવીસ તીર્થંકરોને લગતું એકેક સ્તવન છે; અને એ પૈકી બીજું સ્તવન જે [2]**અ**જિતનાથને અંગે છે, એમાં ચાર કડી છે એ બધી કડખાની દેશીમાં છે અને એ 'સોરઠ' રાગમાં ગવાય છે. એની આદ્ય કડી નીચે મુજબ છે:—

"તાર કિરતાર સંસારસાગર થકી,
ભગત જન વિનવે રાતદિવસે;
અવર દ્વારાંતરે જાઈ ઊભા રહ્યા,
તાહરો પણ ભલો નાહિ ય દીસે.—૧"

**વિજય શેઠ-વિજયા શેઠાણીનો રાસ**—આ રાસ વિ. સં. ૧૬૯૬માં ૩૧ ઢાલમાં **રા**જરત્ને રચ્યો છે. એઓ **જ**યરત્નના શિષ્ય થાય છે. **પ્ર**સ્તુત રાસની ૨૨મી ઢાલ કડખાની દેશીમાં હશે; જો કે જૈ. ગૂ. ક. (ભા. ૩, ખંડ ૨, પૃ. ૧૮૬૫માં) વિજય શેઠ સ. ૨૨" એવો ઉલ્લેખ છે અને એથી તો બિજય શેઠની કોઈ સજ્ઝાયનો ૨૨મો અંશ અભિપ્રેત હોય એમ લાગે છે. **પ્ર**સ્તુત કૃતિની હાથપોથી તપાસાય તો નિર્ણય થઈ શકે.

**પાર્શ્વનાથચરિત્રપ્રબન્ધ**—આ 'શંખેશ્વર' પાર્શ્વનાથને લગતી કૃતિના **પ્ર**ણેતા

---

૧. આ ચોવિસી-વીશી સંગ્રહમાં છપાયેલ છે.

૨. એમને લગતું સ્તવન "૧૧૫૧ સ્તવન મંજૂષા" (પૃ. ૯૪)માં પણ છે.

જ્ઞાનકુશલ છે. એઓ કીર્તિકુશલના શિષ્ય થાય છે. એમણે આ કૃતિ વિ. સં. ૧૭૦૭માં ચાર ખંડમાં રચી છે. એ ચોથા ખંડની બીજી ઢાલ કડખાની દેશીમાં છે. આ કૃતિ અપ્રકાશિત છે. એટલે એની હાથપોથી જોયા વિના વિશેષ કહી શકાય તેમ નથી.

**શાન્તિનાથ રાસ**—આ માણિક્યસાગરના શિષ્ય જ્ઞાનસાગરે વિ. સં. ૧૭૨૦માં ૨૨૦૫ શ્લોકમાં રચ્યો છે. એની ૨૫મી ઢાલ કડખાની દેશીમાં છે, અને એ 'આસાઉરી' રાગમાં ગવાય છે. એ ઝૂલણાને મળતી આવે છે. આ રાસ અપ્રકાશિત છે એટલે એની હાથપોથી જોવા મળ્યે વિશેષ કહી શકાય.

**અઢાર પાપસ્થાનક સજ્ઝાય**—આ હર્ષકુશલના શિષ્ય કેસરકુશલની વિ. સં. ૧૭૩૦ની રચના છે. એમાં ૧૯ ઢાલ (?) હશે. એ પૈકી દસમી કડખાની દેશીમાં છે એમ **જૈ. ગૂ. ક.** (ભા. ૩, ખંડ ૨, પૃ. ૧૮૬૫)માં ઉલ્લેખ છે. આમાં પૃષ્ઠ ૧૮૬૫માં આની નિમ્નલિખિત એક જ પંક્તિ અપાઈ છે:—

"મ કરિ હો જીવ! દિનરાત પરતાંતિ તું."

**સજ્જનસન્મિત્ર**—(પૃ. ૬૦૦-૬૦૧)માં "[1]પરનિન્દાવારક હિત શિખામણની સજ્ઝાય" જે છપાયેલી છે તેમાં આ પંક્તિ તેમ જ અન્ય પંક્તિઓ પણ છે. આ સજ્ઝાયમાં ૯ કડી છે. એ બધી કડખાની દેશીમાં છે. એ ઝૂલણાને મળતી આવે છે. પ્રથમ કડી નીચે મુજબ છે:—

"મ કર હો જીવ! પરતાંત દિનરાત તું, આપણો વાંક નયણે ન દેખે;
તિલસય પારકા દોષ હોવે જીકે, તેહ કરી દાખવે મેરુ લેખે.—મ કર૦ ૧"

[2]**શ્રીપાલ રાજાનો રાસ**—વૈયાકરણ વિનયવિજયગણિએ વિ. સં. ૧૭૩૮માં રાંદેરમાં આ રાસના ત્રીજા ખંડની પાંચમી ઢાલની વીસમી કડી સુધી રચના કર્યા બાદ એમનો સ્વર્ગવાસ થતાં આ રાસની પૂર્ણાહુતિ ન્યાયાચાર્ય યશોવિજયગણિએ વિ. સં. ૧૭૩૮માં કે પછી મોડામાં મોડી વિ. સં. ૧૭૪૫માં તો કરી જ હતી. આ ન્યાયાચાર્યે ચોથા ખંડની ચોથી ઢાલ પૂર્ણ કડખાની દેશીમાં રચી છે એમ એની નિમ્નલિખિત અંતિમ કડીગત "પૂર્ણ કડખા તણી એહ દેશી" પંક્તિ ઉપરથી જાણી શકાય છે:—

"ખંડ ચોથે હુઈ ઢાલ ચોથી ભલી,
પૂર્ણ 'કડખા' તણી એહ દેશી,
જેહ ગાવે સુજસ એમ નવપદ તણી,
તે લહે સવિ શુદ્ધલેશી—ચં૦ ૨૧."

---

૧. આથી અરાઢ પાપસ્થાનકો પૈકી સોળમું 'પરપરિવાદ' અભિપ્રેત હોય તો આ દસમી નહિ પણ સોળમી સજ્ઝાય ગણાય.

૨. આ રાસ સંબંધી મેં કેટલીક બાબતો **વિનયસૌરભ** (પૃ. ૫૯-૬૩)માં તેમ જ **યશોદોહન** (પૃ. ૧૭, ૨૧, ૨૩, ૪૯, ૫૯, ૧૦૧-૧૦૬ અને ૧૬૧)માં રજૂ કરી છે.

આ ઢાલમાં ૨૧ કડી છે. એની પહેલી કડી નીચે મુજબ છે :—

"ચંગ રણરંગ મંગલ હુઆં અતિઘણાં,
ભૂસિ રણતૂર અવિદૂર વાજે;
કૌતુકી લાખ દેખણ મલ્યા દેવતા,
નાદ દુંદુભિ તણે ગયણ ગાજે—ચં૦ ૧"

આ સમગ્ર ઢાલ **શ્રી**પાલ અને એમના કાકા **અ**જિતસેન વચ્ચેના યુદ્ધને લગતી છે. એ 'વીર'રસનું સુંદર જ્વલંત ઉદાહરણ પૂરું પાડે છે.

**ઉપમિતિભવપ્રપંચાકથા રાસ**—આ રાસ **શા**ન્તિહર્ષના શિષ્ય **જિ**નહર્ષે **ઉર્ફે જ**સરાજે ૧૨૭ ઢાલમાં વિ. સ. ૧૭૪૫માં રચ્યો છે. એની ૫૭મી ઢાલ કડખાની દેશીમાં છે. એ "આસાઉરી" રાગમાં અને ઝૂલણાને મળતી આવે એ રીતે ગવાય છે. આની ૫૭મી ઢાલની પહેલી કડી પણ રજૂ કરવા માટે એની હાથપોથી મળવી જોઈએ. આ મહત્ત્વની કૃતિ અત્યાર સુધી અપ્રકાશિત રહી છે તે શોચનીય ગણાય.

[1]**અશોક-રોહિણી-રાસ-ધી**રવિમલના શિષ્ય **જ્ઞા**નવિમલસૂરિએ આ રાસ ૩૧ ઢાલમાં સુરતના એક ભાગરૂપ ગણાતા સૈયદપુરામાં "યુગ-મુનિ-મુનિ-વર્ષ"માં અર્થાત્ વિ. સં. ૧૭૭૨ કે વિ. સં. ૧૭૭૪માં રચ્યો છે. એની ૨૯મી ઢાલ કડખાની દેશીમાં છે. એમ એ ઢાલને મથાળે ઉલ્લેખ છે. આ ઢાલમાં ૨૭ કડી છે. પહેલી કડી નીચે મુજબ છે :—

"શ્રી અશોકચન્દ્ર મુનિરાજ નિજ કાજમાં
સારતી વારતી સકલ દોષા;
ધારતાં આણ જિનરાજની નિજ શિરે,
શુદ્ધ જિનવચન ઘોષા—શ્રી૦ ૧"

આ ૨૯મી ઢાલમાં 'મોહ' ભૂપતિ અને ચારિત્રધર્મ નૃપતિનાં સૈન્યો વચ્ચેનો સંગ્રામ વર્ણવ્યો છે.

**શ્રીપાલ રાસ**—આ કોઈકની વિ. સં. ૧૮૨૬ની કૃતિમાં ૧૭મી ઢાલ કડખાની દેશીમાં રચાઈ હશે એમ લાગે છે. **ને**મવિજયે વિ. સં. ૧૮૨૪માં શ્રીપાલરાસ ૪૫ ઢાલમાં રચ્યો છે. એની ૧૭મી ઢાલ અત્ર અભિપ્રેત તો નથી ?

[2]**પુણ્યની સજ્ઝાય**—આ ૭ કડીની કોઈકની રચના છે. એ કડખાની દેશીમાં છે. એની પહેલી કડી નીચે મુજબ છે :—

---

૧. જુઓ આનંદકાવ્યમહોદધિ (મૌક્તિક ૧)માં પ્રકાશિત "અશોકચન્દ્ર તથા રોહિણી રાસ, (પૃ. ૩૦૬). અહીં સાથે સાથે "અંગ રણરંગ મંગલ હુઆ અતિ ઘણાં, ભૂરિ રણતૂર અવિદૂર વાજે"નો પણ ઉલ્લેખ છે.

૨. પુણ્યને બદલે 'પુન્ય' એવા શબ્દભેદપૂર્વક આ સજ્ઝાય સ. સ. (પૃ. ૬૦૨-૬૦૩)માં છપાઈ છે. એને મથાળે "કડખાની દેશી" ઉલ્લેખ છે.

"પુણ્ય કર પુણ્ય કર પ્રાણીઆ !
પુણ્ય કરતાં સયલ રિદ્ધિ;
વૃદ્ધિ કનકની કોડી કર જોડી કહે,
લાચ્છી લીલા લહે ધર્મબુદ્ધિ—પુણ્ય૦ ૧."

[1]**ચેતનને શિખામણની સજ્ઝાય**—આ અજ્ઞાતકર્તૃક જણાતી સજ્ઝાયમાં પાંચ કડી છે. એ બધી કડખાની દેશીમાં છે. આદ્ય કડી નીચે પ્રમાણે છે :—

"ચતુર ! તું ચાખ મુજ હિતશીખ સુખડી,
બાપડા, વિષય કાં મૂઢ ! મંડે—
વિષયલંપટપણે રાતદિન નવિ ગણે,
ક્રોધ મદ માન માયા ન છંડે—ચ૦ ૧"

[2]**ભાવનામહિમા સજ્ઝાય**—આ પાંચ કડીની સજ્ઝાય કોઈએ કડખાની દેશીમાં રચી છે. પહેલી કડી નીચે મુજબ છે :—

"વિમલ કુળ કમલનાં હંસ તું જીવડા,
ભુવનના ભાવ ચિત્ત જો વિચારી;
જેણે આ મનુજ ગતિ રત્ન નવિ કેળવ્યું,
તેણે નરનારીમણિ કોડી હારી.—વિમલ૦ ૧"

[3]**અનિત્ય ભાવનાની સજ્ઝાય**—આ કોઈકે સાત કડીમાં કડખાની દેશીમાં રચેલી સજ્ઝાય છે. એની પહેલી કડી નીચે પ્રમાણે છે :—

"મૂંઝ મા મૂંઝ મા મોહમાં જીવ તું,
શબ્દ વર રૂપ રસ ગંધ દેખી,
અથિર તે અથિર તું તનુ જીવિતં,
ભાવ્ય મન ગગન હરિચાપ પેખી. મૂંઝ૦ ૧"

[4]**'મંડોવરા' પાર્શ્વનાથ જિનસ્તવન**—આ કનકવિજયે પાંચ કડીમાં કડખાની દેશીમાં રચેલું સ્તવન છે. એમણે અંતિમ કડીમાં "વિબુધવર કહાનજી ગુરુ વખાણી" એમ કહ્યું છે. એ ઉપરથી એમ લાગે છે કે 'કહાનજી' એ કર્તાના ગુરુનું નામ હશે. પ્રસ્તુત સ્તવનની પહેલી કડી નીચે મુજબ છે :—

---

૧. આ સં સ. (પૃ. ૬૦૬)માં છપાયેલી છે.

૨. આ. સજ્ઝાય સ. સ. (પૃ. ૬૦૬–૬૦૭)માં છપાઈ છે.

૩. આ સમગ્ર સજ્ઝાય સ. સ. (પૃ. ૬૦૭–૬૦૮)માં છપાઈ છે.

૪. આ સ્તવન સ. સ. (પૃ. ૧૦૩–૧૦૪)માં છપાવાયું છે. અહીં 'કડખાની દેશી, પ્રભાતિ ચાલમાં' એવો ઉલ્લેખ છે.

"તાર મુજ તાર ત્રિભુવનધણી!
પાર ઉતાર સંસારસ્વામી;
પ્રાણ તું પ્રાણ તું શરણ આધાર તું,
આત્મારામ મુજ તુંહિ સ્વામી—તાર૦ ૧"

[1]**વિજયપ્રભસૂરિસ્વાધ્યાય**—આ સાત પદ્યોની સંસ્કૃત કૃતિ ન્યાયાચાર્યે રચી છે. એ ગેય કાવ્ય છે અને કેટલાકને મતે એ કડખાની દેશીમાં રચાયેલું છે. આથી કરીને હું એનું આદ્ય પદ્ય અહીં ઉદ્ધૃત કરું છું :—

"श्रींविजयदेवसूरीशपट्टाम्बरे
जयति विजयप्रभःसूरिरर्कः ।
येन वैशिष्ट्यसिद्धिप्रसङ्गादिना
[2]नितगृहे योगसमवायतर्कः ॥ १ ॥"

આમ હાલ તુરત તો કડખાની દેશીમાં રચાયેલી મનાતી એક સ્વતંત્ર સંસ્કૃત કૃતિની તેમ જ ગુજરાતીમાં આ દેશીમાં રચાયેલી સ્વતંત્ર તથા આંશિક—પ્રાસંગિક અર્થાત્ ગ્રંથાંશરૂપ કેટલીક કૃતિઓની નોંધ મેં લીધી છે. એમાં કર્તાએ પોતે પોતાની રચનાને કડખાની દેશીમાં રચ્યાનો ઉલ્લેખ કર્યો હોય તો તેમ કરનાર ન્યાયાચાર્ય યશોવિજયગણિ છે એમ ઉપલબ્ધ સાધનો જોતાં જણાય છે.

કડખાની દેશીમાં ગુજરાતી રચનાઓ કરવાનો પ્રારંભ વિ. સં. ૧૬૮૨માં તો થયો હતો. એ ધીરે ધીરે વિકસતો ગયો. કડખાની દેશી દ્વારા કરાતી રચનાનો વિષય યુદ્ધ જ છે—'વીર'-રસનું જ આલેખન છે એમ કોઈ માને તો તે બરાબર નથી. મને તો એમ લાગે છે કે લાગણીની ઉત્કટતા દર્શાવવા માટે–પછી એ ભક્તિને લગતી હોય તો તે માટે પણ આ દેશીનો ઉપયોગ કરી શકાય તેમ છે. એ માટે યોગ્ય રાગની પસંદગી કરાઈ હોય તો રચના વિશેષ ખીલે.

કડખાની દેશીમાં સ્વતંત્ર કૃતિ તરીકે તેમ જ કોઈ કોઈ કૃતિના એક અંશરૂપે જેટલું લખાણ મળી શકે તે બધું એક પુસ્તિકારૂપ પ્રસિદ્ધ થવું ઘટે. તેમ થતાં આ લખાણનો છંદની દૃષ્ટિએ સાંગોપાંગ વિચાર કરવો સુગમ થઈ પડશે. 'કડખો' એ જો હિન્દી જ શબ્દ હોય તો આ દેશીમાં કઈ કઈ મહત્ત્વપૂર્ણ કૃતિ હિન્દીમાં રચાઈ છે તેની તપાસ કરાવી જોઈએ.

---

૧. આનો પરિચય મેં **યશોદોહન** (પૃ. ૩૪૪૯, ૧૦૫, ૧૭૨–૧૭૩ અને ૧૮૧)માં આપ્યો છે. આ કૃતિ વિવિધ સ્થળેથી પ્રકાશિત થઈ છે. પરંતુ આ નામથી તો આ કૃતિની નોંધ **જિનરત્નકોશ** (વિભાગ ૧)માં નથી.

૨. આ ક્રિયાપદ છે. એમાં 'નિ' ઉપસર્ગ છે.

# કવિ લાવણ્યસમયકૃત 'નેમિનાથ હમચડી'

## ( ર. સં. ૧૫૬૪ )

**શિવલાલ જેસલપુરા**

કવિ લાવણ્યસમયનો જન્મ વિ. સં. ૧૫૨૧માં અમદાવાદમાં થયો હતો અને વિ. સં. ૧૫૮૯ સુધી તેઓ હયાત હતા. તેમના જીવન અને કવન વિશેની માહિતી સ્વ. મણિલાલ બકોરભાઈ વ્યાસે 'વિમલપ્રબંધ'ના ઉપોદ્ઘાતમાં, સ્વ. મોહનલાલ દલીચંદ દેસાઈએ 'જૈન ગૂર્જર કવિઓ' ભાગ ૧, ૨, ૩માં, મુનિ શ્રી. વિજયધર્મસૂરીએ 'ઐતિહાસિક રાસસંગ્રહ' ભાગ ૨ની પ્રસ્તાવનામાં, શ્રી. કનૈયાલાલ મુનશીએ 'નરસિંહયુગના કવિઓ'માં તથા ડૉ. ધીરજલાલ ધનજીભાઈ શાહે 'વિમલપ્રબંધ—એક અધ્યયન'માં આપી છે. આ પછી અમદાવાદના લાલભાઈ દલપતભાઈ ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિરમાંથી પ્રાપ્ત થયેલી હસ્તપ્રતોને આધારે લાવણ્યસમયના જીવન અને કવન વિશે વધુ માહિતી મારા તરફથી 'નેમિરંગરત્નાકર છંદ'ના ઉપોદ્ઘાતમાં આપવામાં આવી છે.

લાવણ્યસમયે પ્રબંધ, રાસ, છંદ, સંવાદ, હમચડી, બારમાસી, વિનતિ, સજ્ઝાય, સ્તવન, વિવાહલો, હરિયાળી વગેરે વિવિધ પ્રકારની નાનીમોટી ચાલીસ કૃતિઓ રચી છે. આ બધી કૃતિઓ સાંપ્રદાયિક રંગે રંગાયેલી છે, છતાં વિવિધ છંદ અને ભાષા પરના પ્રભુત્વ, ચિત્રાત્મક વર્ણનશક્તિ, અલંકારો અને સામાન્ય વિધાનોથી વિષયને દીપ્તિવંત બનાવી મૂકવાની સહજ કળા, પ્રસંગોપાત્ત દેખા દેતા શબ્દચાતુર્ય, સમૃદ્ધ સમાજદર્શન અને ઊભરાઈ જતા ભક્તિભાવથી તેમની કેટલીક કૃતિઓ આકર્ષક નીવડે છે. આમ, લાવણ્યસમય મધ્યકાળના પ્રતિભાશાળી અને નરસિંહયુગના સમર્થ કવિ છે. પ્રથમ પંક્તિના જૈન કવિઓમાં તેમનું સ્થાન ઘણું ઊંચું છે.

લાવણ્યસમયની આવી કૃતિઓમાં 'નેમિનાથ હમચડી' કેટલીક દૃષ્ટિએ નોંધપાત્ર છે. યાદવ રાજા સમુદ્રવિજય અને એમની પત્ની શિવાદેવીના પુત્ર, જૈનોના બાવીસમા તીર્થંકર, નેમિનાથ લગ્ન કરવા ઇચ્છતા નહોતા, પણ એમના કાકાના પુત્ર અને વયમાં એમનાથી મોટા શ્રીકૃષ્ણની પત્નીઓએ એમને વસંતખેલ કરીને માંડ લગ્ન કરવા માટે મનાવ્યા. રાજા ઉગ્રસેનની રૂપવતી પુત્રી રાજિમતી કિંવા રાજુલ સાથે એમનું લગ્ન નક્કી કરવામાં આવ્યું, પણ નેમિનાથની જાન લગ્નમંડપ પાસે આવી ત્યારે જાનૈયાના જમણ માટે એકત્ર કરવામાં આવેલાં અનેક પશુઓને એમણે જોયાં. આ રીતે થનાર હિંસાની કલ્પના આવતાં નેમિનાથના હૃદયમાં વૈરાગ્ય ઉત્પન્ન થયો અને લગ્ન કર્યા વિના જ, વલવલતી રાજિમતીને મૂકીને તેઓ પાછા ફર્યા. માંડવેથી પાછા ફર્યા બાદ ગિરનાર જઈ, તપ દ્વારા એમણે મુક્તિ પ્રાપ્ત કરી અને રાજિમતીએ પણ નેમિનાથની પાછળ જઈ આત્મસાધના દ્વારા જ્ઞાન પ્રાપ્ત કર્યું. આ પ્રસંગનું અનેક જૈન કવિઓએ રાસ, ફાગુ, બારમાસી અને વિવાહલાના સ્વરૂપે વર્ણન કર્યું છે.' લાવણ્યસમયે એને હમચડીનું સ્વરૂપ આપ્યું છે. હમચડી અથવા હમચી એ વેગવાન સમૂહનૃત્યનો એક પ્રકાર છે. આવા નૃત્યને ઉપયોગી

કાવ્યો રચાયાં તેને પછી આ વિશિષ્ટ નામે ઓળખવામાં આવ્યાં છે. 'નેમિનાથ હમચડી'માં વેગવાન નૃત્યની શક્યતા રહેલી છે, તે સાથે તેને અનુરૂપ સંગીત માટે છટાદાર, ૨૮ માત્રાના હરિગીતિકા છંદનો ઉપયોગ તેમાં થયેલો છે. મધ્યકાલીન શિષ્ટ–લિખિત સાહિત્યમાં આ કાવ્ય-પ્રકારના નમૂના ભાગ્યે મળે છે, ત્યારે આ કૃતિ એનો એક સુંદર નમૂનો પૂરો પાડે છે. ઉપરાંત ૮૪ કડીના આ નાના કાવ્યમાં પ્રસંગચિત્રો અને ભાવચિત્રોનું તેમ જ કેટલાક મૌલિક અને મનોહર અલંકારોનું સરસ સંયોજન થયેલું છે. લગભગ આખી કૃતિ આંતરપ્રાસથી ભરપૂર છે અને તેમાં વરતાતો આયાસનો અભાવ કવિના ભાષાપ્રભુત્વ માટે માન ઉત્પન્ન કરે છે. પાપ વિશેની મધ્યકાલીન માન્યતાઓ અને તત્કાલીન વસ્ત્રાભૂષણો તથા ખાનપાનને લગતી કેટલીક માહિતી પણ એમાં ગૂંથી લેવામાં આવી છે. કૃતિની રચના વિ. સં. ૧૫૬૪માં થઈ છે અને તેની જૂનામાં જૂની હસ્તપ્રત સં. ૧૬૦૦ આસપાસની મળી છે. એટલે સોળમા શતકની જૂની ગુજરાતી ભાષાની ખૂબીઓ અને સમૃદ્ધિની દૃષ્ટિએ, ખાસ કરીને ગુજરાતીની સાથે તેમાં થયેલી હિંદી અને મરાઠીના વિનિયોગને કારણે, એ નોંધપાત્ર છે.

આમ એક વિશિષ્ટ કાવ્યપ્રકાર તરીકે, મધ્યકાલીન ભાષા અને સંસ્કૃતિના અભ્યાસની દૃષ્ટિએ, તેમ જ કંઈક અંશે શુદ્ધ કાવ્યત્વની દૃષ્ટિએ 'નેમિનાથ હમચડી' વિશિષ્ટ ભાત પાડતી હોવાથી તેની સમીક્ષિત વાચના અહીં રજૂ કરી છે.

એ માટે અમદાવાદના લાલભાઈ દલપતભાઈ ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિરની નીચેની ચાર હસ્તપ્રતોનો ઉપયોગ કરો છે:

૧. **अ**: સંસ્થાના હસ્તપ્રતસંગ્રહમાં આ હસ્તપ્રતનો ક્રમાંક ૩૪૪૫ છે. તેમાં ૨૬×૧૧ સે. મિ.ના માપનાં કુલ ચાર પત્ર છે. દરેક પત્રની આગળપાછળ ૧૩ લીટી લખેલી છે, માત્ર ચોથા પત્રની પાછળ ૧ લીટી લખેલી છે. અક્ષરો કાળી શાહીમાં તથા દંડ અને કડીઓના ક્રમાંક લાલ શાહીમાં લખેલા છે. આખીયે પ્રત દેવનાગરી લિપિમાં, પડીમાત્રામાં લખેલી છે. પત્ર ૧માં આગળ-પાછળ પત્રની વચ્ચે ચોરસમાં લાલ ટપકાં કરેલ છે, જ્યારે પત્ર ૨ અને ૩ની આગળપાછળ તથા પત્ર ૪ની આગળની બાજુએ વચ્ચે કળશાકૃતિમાં લાલ ટપકાં કરેલાં છે. પ્રતમાં પુષ્પિકા કે લેખનસંવત નથી.

૨. **ब**: આ હસ્તપ્રતનો ક્રમાંક ૬૨૧૧ છે. એમાં ૨૬×૧૧·૨ સે. મિ.ના માપનાં કુલ ત્રણ પત્ર છે. પત્ર ૧ની આગળપાછળ ૧૫ લીટી, પત્ર ૨ની આગળ ૧૩ અને પાછળ ૧૪ લીટી તેમ જ પત્ર ૩ની આગળ ૧૫ અને પાછળ ૧૪ લીટી લખેલી છે. લખાણ સળંગ છે, માત્ર બીજા પત્રની આગળપાછળ વચ્ચે કળશાકૃતિ છે. આખીયે પ્રત કાળી શાહીમાં, દેવનાગરી લિપિમાં, ખડીમાત્રામાં લખાયેલી છે ને તેનો લેખનસમય સં. ૧૬૩૫ના શ્રાવણ સુદિ ૨ ને ગુરુવાર છે.

૩. **क**: ૨૭×૧૧ સેં. મિ.ના માપનાં પાંચ પત્રની આ હસ્તપ્રતનો ક્રમાંક ૬૮૧ છે. પ્રથમ ચાર પત્રમાં આગળપાછળ ૧૧ લીટી અને છેલ્લા પત્રની આગળની બાજુએ ૫ લીટી લખેલી છે. પાંચમું પત્ર પાછળના ભાગમાં કોરું છે. ચાર પત્રની આગળપાછળ વચ્ચે કળશાકૃતિ છે. પ્રત દેવનાગરી લિપિમાં શરૂઆતમાં પડીમાત્રામાં અને પછીથી ખડીમાત્રામાં લખાયેલી છે.

અક્ષરો તથા કડીઓના ક્રમાંક કાળી શાહીમાં છે, પણ દંડ લાલ શાહીમાં છે. આ પ્રતમાં પણ પુષ્પિકા કે લેખનસંવત નથી.

૪. ड : સદરહુ સંસ્થાની આ હસ્તપ્રતનો ક્રમાંક ૭૭૨ છે. તેમાં ૨૭.૫×૧૧.૫ સેં. મિ.ના માપનાં કુલ ત્રણ પત્ર છે. છેલ્લા પત્રમાં આગળની બાજુની ૧૧મી લીટીથી નેમિગીત લખાયેલું છે. આખીયે પ્રત કાળી શાહીમાં, દેવનાગરી લિપિમાં, ખડીમાત્રામાં લખાયેલી છે. કોઈ પત્રમાં વચ્ચે કળશાકૃતિ કે સ્વસ્તિક નથી, અક્ષરો નાના છે. પત્ર ૧ની આગળપાછળ અનુક્રમે ૧૬ અને ૧૭ લીટી તથા પત્ર ૩ની આગળ પાછળ ૧૭-૧૭ લીટી લખેલી છે. આ પ્રતમાં પણ પુષ્પિકા કે લેખન સંવત નથી.

પ્રત क અને ड, પ્રત ब પછી લખાયેલી લાગે છે. પ્રાચીનતાની દૃષ્ટિએ, તેમાં લેખનસંવત નથી છતાં, अનું સ્થાન પ્રથમ આવે છે. તેથી તેનો પાઠ કૃતિના મુખ્ય પાઠ તરીકે સ્વીકાર્યો છે અને બાકીની ત્રણ પ્રતોનાં પાઠાન્તરો નોંધ્યાં છે. છતાં વાચનામાં મૂળના દંડને સ્થાને અર્વાચીન અર્થાનુસારી વિરામચિહ્નો મૂક્યાં છે, અને પ્રતમાં કેટલીક કડીના ક્રમાંક બેવડાયા છે તથા કેટલીક કડીના ક્રમાંક લખવામાં આવ્યા નથી, તેથી ક્રમાંક નવેસરથી આપ્યા છે.

## મૂલ કાવ્ય

સરસ વચન દિઉ સરસતી રે, ગાયસુ નેમિકુમારૂ;
સામલવન સોહામણઉ રે, રાજમતી—ભરતારૂ રે,
યાદવ કેરો રાઉ રે, ત્રિભુવણ તોરા ગુણ હું ગાઉં રે.
હમચડી હેલિ રે, મુખિ નેમિજીનામ મ મેલ્હિ રે,
મોરી બહિનડી રંગ રેલિ રે;
સામલીઆ સરિસી ગેલિ રે, રિમિઝિમિ હમચડી હેલિ રે,
માંડવડઇ નાગરવેલિ રે. ૧

નવ જોઅણ જે નગરી પુહુલી, લાંબી જોઅણ બારા,
સાયરતીરિઇ દ્વારિકા રે, સોરઠડી—સિણગારા રે. ૨

---

૧–૧. बकड ગાઇસુ નેમિકુમારો.

૧–૨. ब સામલવન્ન. बड સોહામણુ, क સોહામણા. बक ભરતારો.

૧–૩. बकड કેરા. ઉત્તરાર્ધ—ब ત્રિભુવન કેરુ રાઉ રે, તોરા ગુણ હું ગાઉં રે. क તોરા ગુણ હું ગાઉં રે, ત્રિભુવન કેરા રાઉ રે. ड ત્રિભુવન કેરા નાહુ રે.

૧–૪. ब ન મેલ્હિ રે, ड ન મેલિ રે.

૧–૫. ड મોરી બહિનડીયા.

૧–૬. ब રમિઝમિ. क સામલીયા. ઉત્તરાર્ધ નથી. ड સરસી. ઉત્તરાર્ધ નથી.

૧–૭. कडમાં આ ચરણ નથી.

૨–૧. क જોયણ. बड પહુલી, क પુહલી. क જોયણ. बकड બારો.

૨–૨. ब સાયરતીરિ, क સાયરતીરઇ. ब સોરઠી. ब સિણગારો, क સણગારો, ड સિણગારૂ.

રાજ કરઇ જિહાં દેવ મુરારી, જમલા દસઇ દસારૂ;
સમુદ્રવિજય-ઘરિ દેવિ શિવા રે, જનમ્યા નેમિકુમારૂ રે. ૩

લહુઅ લગઈ જે લક્ષણવંતુ, માયતાય મન મોહઇ,
કલા બહુત્તિરિ પરવરીઉ રે, જાણિ સિરોમણિ સોહઇ રે. ૪

એક વાર અલવેસરૂ રે કૂંઅર ચંચલિ ચડીઉ,
રમત રમંતુ હાઉલિ પહુતુ, આયુધશાલાં અડીઉ રે. ૫

'રહુ રહુ અલગા નેમિ નરેસર, એ આયુધ કુણ સાહઇ?'
રષવાલઉ બહુ બોલઇ બરવઇ, 'હરિ વિણ હાથ ન વાહઇ રે.' ૬

તેણિ વચનિ મનિ કુંઅર હસતુ [અ]લવિંઇ બલ દેષાડઇ,
ચઉપટ મલ તવ ચતુર્ભુજ કેરૂં ચંચલ ચક્ર રમાડઇ રે. ૭

ગદા ઊડાડઇ, ગયણિ ભમાડઇ, કોડિ સિલા ઊપાડઇ,
પણ[છ] ચડાવઇ, ધનુષ નમાડઇ, સબલઉ શંખ વજાડઇ રે. ૮

તિણિ નાદિઇં ઘણુ પર્વત ઢલીઆ, સાયર સવિ ષલભલીઆ;
અંબર ગાજઇ, તરૂઅર ભાજઇ, શેષ નાગ સલસલીઆ રે. ૯

---

૩–૧. ब રાજ કરઇ જિહાં દસઇ દૂઆરી જમલા દેવ મુરારી. कड તિહાં દેવ, જિમલા, દસારો.

૩–૨. क જન્મા, નેમિકુમારો રે.

૪–૧ ब લગઇં બહુ. क લક્ષણવંતઉ. મનિ.

૪–૨ वड બહુત્તરિ, क બુહુત્તરિ. बकड જાણ. क સરોમણિ.

૫–૧ क કુયર

૫–૨ क રમતુ, પુહુતુ

૬–૧ क નેમિ જિણેશર, ड નેમિ જિણેસર. क ઇહ આયુધ. ब કુણ સરમઇ.

૬–૨ ब રષવાલુ, कड રષવાલા.

૭–૧ क વચને, ड તિણિ વચને. क કુયર હસીઉ, ड કુંઅર હસીઉ. बड અલવિં, क અલવઇ.

૭–૨ क ચુપટ, કેરુ. बक ચંચલિ. ब ચક્ર ભમાડઇ રે.

૮–૧ क ગદા ઊલાલઈ, ड ગદા ઊડાડિ. ड ભમાડિ. ब શિલા ઊપાડઇ, क સલા ઊલાલઇ, ड સિલા ઊપાડિ.

૮–૨ कड પણચ. ब ધનુષ ભમાડઇ; कड ધનુષ નમાવઇ. बड સબલુ, क સબલ. क વજાવઇ રે.

૯–૧ ब નાદિં, ड નાદઇ, ड પરબત. बड ઢલીયા. ड સવિ ડલડલીયા.

૯–૨ ब સલિસલીયા.

ગજશાલાં ગજબંધન ત્રુટ્ટઇ, કુટ્ટઇ ગોરસ-ગોલી;
એક પડઇ, ઇક લડથડઇ, ઇમ ધરણી ધંધોલી રે. ૧૦

ચતુર્ભુજ ચિંતઇ, 'શંખ ઇસિઉ પૂરિઉ કેણિ નવેરુ?
કિસિઉં ભઇ, હરિ હું નહી રે, અવતરીઉં અનેરુ રે.' ૧૧

બલભદ્ર બોલઇ, 'તું હરિ રે, અવર ઇણિ સંસારી;
નેમિકુમરં ક્રીડા કરઇ રે, બલવંત બાલ બ્રહ્મચારી રે.' ૧૨

માયતાય નિતુ નિતુ કહઇ રે, નેમિ ન પરણઇ નારી,
તે કિમ લેસિઇ રાજ તુમ્હારૂં, સુણિ સુણિ દેવ મુરારી રે.' ૧૩

મિલીઆ બાંધવ માલાષાડઇ, કાન્હઅડઇ કર તોલિઉ,
નેમિકુમરિ કર [વાલીઉ]* રે, હરિ હાસઇ હીંડોલિઉ રે. ૧૪

હરિ ચિંતઇ, 'મોરુ બંધવ બલીઉ, ઇક પદમિનિ પરિણાવું;
સમુદ્રવિજઇ મોરુ પીતરીઉ રે, દેવી શિવા હરષાવું રે.' ૧૫

સોલ સહસ અંતેઉરી રે, શ્રીપતિ સવિ બોલાવી;
કરી અદભુત સિણગારડા રે, ગોપી ગોરડી આવી રે. ૧૬

કસકા ચરણા ચોલમજીઠા, કસકા ઘુગ્ઘરીઆલા,
કસકા છાયલિ છઇલ સુ છલીઆ, કસકા ચરણા કાલા રે. ૧૭

---

૧૦-૧ ब ત્રુટઇ, क ત્રોડઇ, ड ત્રૂટઇ. कड કૂટઇ. क નવરસગોલી.

૧૦-૨ बकड એક લડથડઇ રે.

૧૧-૧ ब શંષ ઇસ્યું રે, क સંષ કિસિઉ. क કુણઇ નવેરુ, ड કુણિં નવેરઉ.

૧૧-૨ ब કિસઉં ભઇ, क કિસિ ભઇ.

૧૨-૧ कड બલિભદ્ર. ब ન એણઇ સંસારી. ड અવર નહીં સંસારે.

૧૩-૨ बक લેસિ, ड લેસઇ. ड તહ્મારું.

૧૪-૧ क મલીયા. बक બંધવ. ब તોલ્યુ, ड માલાષાડઈ મલીયા બંધવ. કાનૂડઇ કર તોલઉ.

૧૪-૨ ड નેમિકુમર; હાસિ.

૧૫-૧ क ચંતઇ, ड ચિંતિ. बकड એક. कड પદમનિ. क પરણાવું. ક પરણાવો.

૧૫-૨ बड સમુદ્રવિજય. ब હરિષાવુ રે, क હરષાવો રે.

૧૬-૨ ब શિણગારડુ રે. ड ઉદભત.

૧૭-૧ क કિસકા ઘૂંઘરીઆલા, ड કસકા ઘૂઘરીઆલા.

૧૭-૨ ब કસકે છાયલિ છયલિ સુ છલીઆ, ड કસકે છાઇલ છઇ સૂ છલીઆ. क કિસકા ચરણા क કસકે ચરણા.

* અર્થદૃષ્ટિએ વધારે ઉચિત લાગવાથી बकड પ્રતનો આ પાઠ મુખ્ય પાઠ તરીકે પસંદ કર્યો છે. ब પ્રતમાં 'તોલુ' પાઠ છે

કસકે પહિરણિ પીત પટઉલી, કસકે રાતા રંગા,
કસકે પહિરણિ સેત 'સિંગારા, કસકે ચીર સુચંગા રે. ૧૮

કસકે ઉર વરિ નવસર હારા, ઝાલિ તણા ઝબકારા;
રંગિ સૂં રૂડલા સોવન ચૂડલા, પાય ઝાંઝર ઝમકારા રે. ૧૯

કાલા કાંચૂ કમલ-સ-કુંઅલા, કસકા યજ લાષીણા;
માણિકમોતી ચૂડલા બઇઠા, કસકા કમષા ઝીણા રે. ૨૦

પીન પયોહર અમીઅ-ઘડુલા, અધર સુવિ દ્રુમચોલા;
દંતવલી દાડિમકુલી રે, મુષિ તાજા તંબોલા રે. ૨૧

નિરમલ નાશા સરલ તીષાલી, ભમહિ ભુઅંગમ-કાલી;
આંજી દો આંષડી, મસ્તકિ રાષડી, વેણિ સું ફુલતી આલી રે. ૨૨

ષરીઅ સું ષીટલી, હાથિ વીંટલી, હરિષા હરિણાલંકી;
જંઘા જુંઅલી કદલીથંભા, રંભા રૂપિ કલંકી રે. ૨૩

તપઇ સું ત્રોટડી, માનિઇં મોટડી, [કોટડી] કોડિ સિંગારૂ;
ઉઢણી ઘાટડી રંગચી માટડી, મયણચી વાટડી વારૂ રે. ૨૪

પીઅલી પનઉતી કુંકુમ લોલા, સહજિ સુરંગા રોલા;
પાય પાઘડલાં કંચણ કડલાં, [ક]રણ જિસ્યા હીંડોલા રે. ૨૫

---

૧૮-૧ क કિસકે પહિરણિ. बड પટુલી, क પટોલી. क કિસકે.

૧૮-૨ कड કિસકે પહિરણી. बकड સિણગારા. કિસકે ચીર સુરંગા રે.

૧૯-૧ ड ઉરિ વરિ.

૧૯-૨ ब સોવિન; ड રંગિ સુરંગા સોવિન ચૂડા. ब પાએ; क પય ઝમઝમકારા રે.

૨૦-૧ क કમલસકૂયલા, ड કમલસકુંલા.

૨૦-૨ ब ચૂડલ બઇઠા, क ચૂડિલઇ બઇઠાં, ड ચૂડે બઈઠા. क હિસકા કમષા.

૨૧-૧ ब પીણ. ब અમીય ઘડુલડા, क અમીરસગડોલાં, ड અમીરસઘડૂલા.

૨૧-૨ ड દાડિમકલી રે.

૨૨-૧ ब ભુમહિ, क ભમહ. क ભૂંયંમકાલી.

૨૨-૨ ब વેણિ સું ફૂંમતીઆલી રે, क વેણિ સ ફૂબતીયાંલી રે, ड વેણિ તે ફુંબતીઆલી રે.

૨૩-૧ कड હરષી હરણાલંકી.

૨૩-૨ ब જુઅલી, क જૂંયલી.

૨૪-૧ क માંનિ, ड માનઇ. क સણગારા, ड સિણગારા.

૨૪-૨ क રંગકી માટડી.

૨૫-૧ बक પીયલિ. बकड પનુતી. बकड કુંકમ, कड રોલા. क સહિજ, ड **સહિજિ.**
ड સુરંગા ચોલા.

૨૫-૨ ब પાયે, ड પાએ. ब પાડગલાં, क પાગડાં, ड પાગડલા, ब કંચિણિ કડલાં, क સોવિન
કડલાં. क જસ્યા, ड જિશા.

સિરિ સઈથા સીંદૂરીઆ રે, સોનાનાં માદલીઆં;
અવલાસવલા બહિરષા રે, બાહુંડલી બિહું વલીઆ રે. ૨૬

નિલવટિ ચંદ્ર સુ ચહુઢીઉ રે, કાનડે નાગ વિલાયા;
પાય લગાડ્યા વીંછીઆ રે, સુરપતિ સેવ મનાયા રે. ૨૭

કસકે હાથિ કમલચા નાલા, કસકે ચંપકમાલા,
કસકે કરિ છઇ ચંદનસીપા, કસકે કાલા વાલા રે. ૨૮

હંસલાગમણી ચંદલાવયણી [ મૃગલાનયણી ]* નારી,
રિમિઝિમિ નેઉરી, અમર અંતે ઉરી, ગોપી સિવિ સિણગારી રે. ૨૯

કરિ વાલાકા વીજણા રે, વલી વસંતિઇં વાસ્યા રે,
[ ફૂલદડા કરિ ફૂટડા રે, પાન કપૂરિ પાસ્યાં રે. ']* ૩૦

નાગલોકની કન્યા નાઠી, રૂપિઇં રંભા ત્રાઠી;
કાન્હઅડા મનિ કઉતિગ ભાવિઉં, ઇસિઉ અંતેઉર આવિઉ રે. ૩૧

કાન્હઅડઇ તવ કૂડ કમાયું, નેમિકુમર તેડાવ્યા,
અવસર આજ વસંતનુ રે, અંતેઉરી ભલાવ્યા રે. ૩૨

વારૂ વન રુલિઆમણાં રે, આંબા રાયણ રૂડા;
કોઇલિ કરઇ ટહૂકડા રે, રાતી ચાંચઇ સૂડા રે. ૩૩

---

૨૬–૧ कड સરિ. ब સઇંથા, क સંથુ. क સીંદૂરીઉ રે.

૨૬–૨ क બાહુડી, ड બાંહડીઇં. कड બહુ વલીયાં રે.

૨૭–૧ बक નલવટિ. ब ચંદ, क ચંદલુ. ब ચહુટીઉ, कड ચઉઢીઉ. बकड કાને. ब વલાયાં. क વિલાયાં.

૨૭–૨ ब પાયે, कड પાઈ વલાયાં. ड સેવ મનાવ્યા રે.

૨૮–૧ क કિસકે, કિસકે, ड કમલકા નાલા.

૨૮–૨ क કિશકે, કિસકે.

૨૯–૧ પ્રત अમાં આ શબ્દ ખૂટે છે. પ્રત बમાંથી એ મૂકયો છે. क ચંદલાવદણી.

૨૯–૨ ड રમિઝમિ રમિઝમિ અંતેઉરી રે, ઇમ ગોપી સિણગારી રે.

૩૦–૧ ब વસંતઇ, क વંસતે, ड વિસેષિ. क વાશા.

૩૦–૨ * આ પંક્તિ પ્રત अમાં નથી. કડીમાં બે પંક્તિઓ હોવી જોઈએ, એ રીતે बનો પાઠ મુખ્ય પાઠ તરીકે લીધો છે. ड કુટરા. क કપૂરઇ વાશાં રે, ड કપૂરિઇં વાશા.

૩૧–૧ ब રૂપિં, ड રૂપિ.

૩૧–૨ बड કુતિગ, क કુતિક. क ભાવ્યું. क ઇસી અંતેઉરી આણી રે.

૩૨–૧ ड કાન્હડિ. क કમાઉં

૩૨–૨ ब અંતેઉરીનઇ, ड અંતેઉર.

૩૩–૧ क રલીઆંમણાં, ड રલીયામણા

૩૩–૨ ब કોઈલ. बड ચાંચિ.

દ્રાષ તણા છઇ માંડવા રે, નવરંગી નારંગી;
ચિહુ પંખિ તરુ મુરીઆં રે, ચઉષંડી છઇ ચંગી રે. ૩૪

ચડવડ ચતુર્ભુજ આવીઆ રે, ગોપી સવિ સનકારી,
નેમિકુમર ભલાવીઆ રે, વલીઆ દેવ મુરારી. ૩૫

ગોપી લોપી લાજઇડી રે, લાછિ વડી પટરાણી,
આલિ કરઇ ઊંછાંછલી રે, બોલઇ બાંગડ વાણી રે. ૩૬

ષડોષલી છઇ મોકલી રે; રાણી રાઉલ વાઈ,
હરષિ હસઇ હાસાં કરઇ રે, દેઉર સિઉં ભઉજાઇ રે. ૩૭

કમલનાલ ભરિ, છાંટઇ ચંદ્રાઉલી, રાહી રાષઇ સાહી,
રૂપ દિષાડઇ રૂષિમિણિ રે, 'કિમ જાસિઉ હમ વાહી રે?' ૩૮

રૂપવંત રૂપિણિ ઇમ બોલઇ, 'સુણિજ્યો વાત હમારી,
માયતાય કાં દૂહવઉ રે? નેમિ ન પરણઉ નારી રે!' ૩૯

દિઇ ફરંગટ નઇ સરંગટ ષેલઇ, બોલઇ બાંગડ બોલઃ
'નેમિકુમર નવયૌવનિ પહુતા, ના રસ કાંઇં નિટોલ રે!' ૪૦

સોલ સહસનાં વંછિત પૂરઇ બંધવ દેવ તુહ્મારુ,
નેમિકુમર, તુહ્મે હીઇ ન લાજઉ! માનઉ બોલ અહ્મારુ રે.' ૪૧

---

૩૪–૧ ड છિ.

૩૪–૨ क તરૂઅર મુરીઆં રે. ड ચુષંડી, છિ.

૩૫–૧ ड આવીયા. ब સિવિ. ड સણગારી.

૩૫–૨ ड ભલાવીયા; વલીયા.

૩૬–૧ बकड લાજડી રે.

૩૬–૨ ड અલવિ કરી, क બંગડ.

૩૭–૧ बड રાઉલ વાહી.

૩૭–૨ क હરષિ સ્યું હાસાં કરઇ રે, ड હરષિ હાસાંહસું કરઇ રે. क ભ્રુજાઇ, ड ભુજાઇ.

૩૮–૧ ब કમલનાલિ. ड છાંટિ. क રાષી રાહી સાહી. ड રાષિ.

૩૮–૨ क દેષાડઇ, ड દેષાડિ. क રુષમણી, ड રુકમણી. क કિમ જાસી અમ્હ વાહી રે, ड કહઇ કિમ જાસિઉ વાહી રે.

૩૯–૧ ब રૂપવંતિ. ड રૂપણિ. क સુણિયો, ड સુણયો. क અમ્હારી.

૩૯–૨ बकड કાંઈ દૂહવુ રે. बड પરણુ.

૪૦–૧ कड દિ.

૪૦–૨ ब પુહુતા. ब નીરસ.

૪૧–૧ क વાંછિત. ब પૂરિઇ. क તુમારુ.

૪૧–૨ क તમ્હે, ड તમે. बड હઈઇ. बक લાજુ. बकड માનુ.

નેમિકુમર વર દાક્ષિનિ પડીઆ, રાણી સવિ સપરાણી,
હા ન કહી તિમ ના ન કહાણી, 'માનિઉ માનિઉ' જાણી રે. ૪૨

ગોપી સિરખી સવિ મનિ હરખી, હરિનઇ જાણ કરાવિઉં,
માયતાય ભાઈ ભાણેજા, કુટુંબ સહૂ હરષાવિઉં રે. ૪૩

નેમિકુમર વર પરણેસિઇ રે, હોસિઇ હરષ અપારૂ,
મુનિ લાવણ્યસમય ઇમ બોલઇ, એ પહિલઉ અધિકારૂ રે. ૪૪

## પ્રથમ અધિકાર સમાપ્ત

નેમિકુમર પરણાવિસિઉં રે, કાહ્ન તણઇ મનિ કોડો,
ઉગ્રસેન--ઘરિ રાજમતી રે, યૌવનિ સરિષી જોડો રે. ૪૫

હરિ પહુતુ ઘરિ ઉગ્રસેન કેરઇ, વેગિ વીહ્વા મેલિઉ,
પાન ફૂલ તંબોલ દીઇ, સાજન હરષિ ભેલિઉ રે. ૪૬

બિહું ઘરિ ધબ ધબ ધુંસર પડીઆ, મંડપિ મંડપ છાયા;
કે રમઇતા કંદોઇ તેડયા, વર પકવાન કમાયા રે. ૪૭

મોટાં મંદિર મોદક ભરીઆ, ષાજા ષડકે ચડીઆ,
કૂર ઉસાઇ પહિતિ નીપાઈ, પોઢા પાપડ વડીઆં રે. ૪૮

સોવન કરવી દીઈ અબોષણ, સાજણ હરષિ ભરીઆ;
મંડપિ બઇઠા દાન દીઇ રે, ઇંદ્ર જિસ્યા અવતરીઆ રે. ૪૯

---

૪૨–૧ ब દાક્ષિણ, क દાષિન, ड દાષિણિ. ब પડીઉ, क પાડીઆ, ड પડીયા.

૪૨–૨ क હા નિ કહી. क કહવરાણી. क માન્યું માન્યું જાણી રે. ड માનિઉ માનિઉ બોલઇ રે.

૪૩–૧ ब સહીઅર. बकड સરષી. ड સવે મિલી રે હરિનિ જાણ કરાવિઉ.

૪૪–૧ बक પરણેસિ, ड પરણસઇ. क હોસિ, ड હોસઇ. बड અપારો, क અપાર.

૪૪–૨ कड પહિલુ. बड અધિકારો. क અધિકાર.
क ઇતિ પ્રથમ અધિકાર.

૪૫–૧ ब પરણેસિઇ, क પરણાવિસુ. ड નેમિકુમર છઇ રૂઅડા રે કાન્હતણઈ મનિ કોડો,
क મનિ કોડે.

૪૫–૨ ब સરષી.

૪૬–૧ क પુહતુ. ड વેગઇ. कड વીવાહ.

૪૬–૨ ड પાનફૂલફોફલ. क ભેલ્યુ રે. ड સાજ હરષિ વલીઉ રે.

૪૭–૧ क બિહુ ઘરિ બિહુ ઘરિ ધુસટ પડીઆ. ड ધવ ધવ.

૪૭–૨ ब કરમઇ તાં કંદોઈ, ड કરમિ તા કંદોઈ. क પકવાન કરાવ્યા રે.

૪૮–૧ क મોદિકિ, ड મોદિક.

૪૮–૨ ब પહિતિં નીપાઇં, क પહિજ નીપાઈ. ड પાપડ વણીયા રે.

૪૯–૧ बकड સોવિન. ब દીજઇ, कड દેઈ. क અબોષણ, ड સાજન હરષઇ.

૪૯–૨ ब જસ્યા, क જિસા.

રૂપા કેરી આડણી. રે, સોવન થાલ સુરંગા;
વિતપતિઆલાં વાટલાં રે, મેહલ્યા ચાકલ ચંગા રે. ૫૦

પોઢી પાંતિઇં ભૂધર ભોલા, ખારિક ષરમાં દ્રાષ,
વર વરસોલાં વાટલી રે, ફલહુલિ વાની લાષ રે. ૫૧

માંડી મુરકી મોદક મોટા, ષરહર ષાજાં ચૂરીઆં,
સોવન થાલ સોહામણા રે, સોઇ પકવાનિ પૂરીઆ રે. ૫૨

સાલિ દાલિ ઘૃત સાલણાં રે, વાટલ ભરી આ વાટો,
કૂર તણા છઇ કરંબલા રે, ઘોલ તણા ઘણુ માટો રે. ૫૩

કર ચોષાલા ચીરિ લૂહિઆં, દીધાં ફોફલપાનો.
બાવનિચંદનિ છાંટણાં રે, ચાલઇ યાદવ જાનો રે. ૫૪

મંડપિ મોટા ચંદ્રુઆ રે, તલીઆ તોરણ બારી,
નેમિકુમર વર પરણેસિઇ રે, રાજલિ રાજકુમારી રે. ૫૫

ખાંતિઇં ષૂંપ ભરિઉ ષૂણાલઉ, નેમિકુમર વર સોહઇ,
ચડીઉ મયગલ મલપતઇ રે, તેજિઇં ત્રિભુવન મોહઇ રે. ૫૬

કાને કુંડલ ઝલહલઇ રે, પહિરિઆ સવિ સિણગારો;
લૂણ ઉતારઇ બહિનડી રે, ધન ધન નેમિકુમારો રે. ૫૭

---

૫૦-૧ कड સોવિન.

૫૦-૨ क વટપતીઆલા, ड વતપતીચાલા. क મેલ્હા.

૫૧-૧ बक પાંતિ, ड પાંતઇ. कड ભંભર ભોલા. क ષારકિ, ड ષારિકિ.

૫૧-૨ ड વરસોલાં વલી વાટલી રે. ड ફલુહલિ વાના.

૫૨-૧ बकड મરકી. कड ચૂરચાં.

૫૨-૨ कड સોવિન. क સો. क પકવાંનિ, ड પકવાનઇ. क પૂરચા, ड પૂરચાં.

૫૩-૧ क ભરી આં વાટો.

૫૩-૨ क ઘોલ તણા છઇ માટો રે.

૫૪-૧ ड ચીરઇ.

૫૪-૨ क બાવનચંદન, ड બાવનાચંદન. ड જાન.

૫૫-૧ ड તલીયાતોરણ.

૫૫-૨ ब પરણેસિ, क પરણેવાનુ, ड પરિણેવા રે. ब રાજલિ રાજકુંઆરી રે, क રાજમતી ભરતારો રે, ड રાજમતી ભરતારૂ રે.

૫૬-૧ बक ષાંતિ. क ભરયૂ. बकड ષૂણાલુ.

૫૬-૨ ब મઇગલ; તેજિ ત્રિભોવન. क ચડુ મયગલ દીપતુ રે તેજિ ત્રિભુવન મોહઇ રે. ड ચડિ મયગલિ દીપતુ રે તેજઇ ત્રિભુવન મોહઇ રે.

૫૭-૧ बड પહિરયા. ब સણગારો, क શણગારો.

૫૭-૨ ड નેમિકુમારૂ રે.

મંગલ બોલઇ જાંદ્રણી રે, આપઇ વંછિત દાનો,
છપન કોડિ યાદવ મિલ્યા રે, બલવંત બલભદ્ર-કાહ્નો રે. ૫૮
ગણ ગંધ્રવ ઘણ જોવા મિલીઆ, ગાઇં ગીત રસાલા,
થાનકિ થાનકિ અપછર નાચઇ, વાજઇ ભુંગલ તાલા રે. ૫૯
મસ્તકિ છત્ર સોહામણાં રે, ચંગા ચમર ઢલાવઇ,
ઇંદ્ર ઊતારઇ આરતી રે, નેમિજી તોરણિ આવઇ રે. ૬૦
શાલક બાલક સાહમા ચડીઆ, તે સવિ પડીઆ ષોટા,
લોકે હસીઆ, ષૂણે ષિસીઆ, નેમિ તણા ગુણ મોટા રે. ૬૧
સોનાનઇ સિંઘાસણિ બઇઠી ઉઠી ગણિ છઇ મૂડઉ,
જય જય કરતી ઝબકઇ ઊઠી, નેમિકુમર વર રૂડઉ રે. ૬૨
જાલીઆલી ઝાલિ ઝબૂકઇ, બઇઠાં માણિકમોતી;
હિઅડઇ હરષી, નયણે નિરષી, નેમિ તણું મુખ જોતી રે. ૬૩
વેણીદંડે વાસગ જીતા, વયણે જીતા ચંદા,
નયણિ હરાવ્યાં હરિણલાં રે, જીહડી અમીકંદા રે. ૬૪
ઘૂઘરીઆલી ઘાટડી રે, પહિરિઆં છઇ પાનેત્રો;
આરીસે મન મોહીઆં રે, આંજીઆં દો નેત્રો રે. ૬૫
કાંચલડી—કસ બઇસતી રે, રોલાના છઇ રંગો,
સવિ સિણગાર સુહાવતાં રે, ફુરકિઉં દક્ષિણ અંગો રે. ૬૬

---

૫૮–૧ क જાનણી, ड જાદ્રણી.
૫૮–૧ ड મલ્યા રે; બલિભદ્ર.
૫૯–૨ ड ગણ ગંધ્રવ તવ જોવા મિલીયા; રસાલો.
૫૯–૨ ब વાજઇ ભૂંગલભેરી તાલ રે, कड વાજઇ ભુંગલનાદો રે.
૬૧–૧ क સાલક; સામ્હા.
૬૧–૨ कड ષૂણઇ. बक ષસીઆ, ड ખસીયા.
૬૨–૧ સંહાસણિ. ब મૂંડુ, क મૂડુ.
૬૨–૨ ड ઝબકિ ઊઠી. बड રૂડુ.
૬૩–૨ ब હઇડઇ, ड હીયડઇ, क નરષી.
૬૪–૧ बड વેણીદંડઇ, ब વાસિગ, क વાશિગ. कड જીતુ. ड જીતુ ચંદો.
૬૪–૨ ब નયણે. ब હરણલાં. ब જીભડી. ब અમીયના કંદા રે, क અમીઅના કંદા, ड અમીયના કંદો રે.
૬૫–૧ ब પહિરયાં.
૬૫–૨ क આરીસઇ. बड મોહતી રે, क મોહીઉં રે.
૬૬–૧ ड કાંચલડી કસમસતી સોહઇ. क રંગા રે.
૬૬–૨ क શણગાર. ब સોહાવતાં રે, कड સોહામણાં રે. क ફરકઇ. क અંગા રે, ड જિમણું અંગો રે.

પસુઅ-વિલાપ સુણી રથ વાલિઉ, પસુઅ તણું દુખ ટાલિઉં,
દેઈ દાન ચડીઉ ગિરનારી, ઝૂરઇ રાજલિ નારી રે. ૬૭

કંકણુ ફોડઇ, હિઅડું મોડઇ, ત્રોડઇ નવસર હારો,
ષિણિ ષિણિ લોડઇ, બે કર જોડઇં, જંપઇ નેમિકુમારો રે. ૬૮

આઘીપાછી થાઅઇ માછી જવ જલ દેષઇ થોડું,
'સામલીઆ કાં વલીઆ વેગિઇં? નવ ભવ નેહ મ છોડુ રે.' ૬૯

વાટઇ લોટઇ, ઊભી ઉટઇ નેમિકુમરનઇં કોડે,
સૂનઇ હિઅડઇ સાદ કરઇ રે, રહી રહી ઊભી ટોડે રે: ૭૦

'ચંદા વિણુ સી ચાંદ્રિણી રે? પાસા વિણુ સી સારિ?
મયગલ વિણુ સી હાથિણી રે? પ્રિયડા વિણુ સી નારિ રે? ૭૧

'હંસ વિહૂણી હાંસલી રે, માંડ[વડા] વિણુ વેલ્યો,
કંથ વિહૂણી ગોરડી રે, કિસિઉં કરેસિઇ ગેલો રે?' ૭૨

'કઇ મઇં મોડયા કર કસા રે? કઇ મઇં બોલા મરમો?
કઇ મઇં સાડી ઝાટકી રે? કીધાં કૂડાં કરમો રે?' ૭૩

'કઇ મઇં રિષિ સંતાપીઆ રે? માઇ વિછોહિઆં બાલો?
કઇ મઇ રતન વિણાસીઆં રે? દીઆં અજુગતી આલો રે?' ૭૪

---

૬૭-૧ क પસૂપોકાર, ड પસૂઅપોકાર. क વાલ્યુ. क પસૂઅ તણાં દુષ ટાલ્યા, ड પસુઅ તણાં દુષ ટાલ્યાં.

૬૭-૨ ब ગિરિનારી, ड ગિરનારઇ.

૬૮-૧ ड કંકણુ ભંજઇ. ब હઇડું, ड હઇઅડું.

૬૮-૨ क ક્ષણિ ક્ષણિ. ड લોટઇ. बड બિ કર.

૬૯-૧ ब થાઇ.

૬૯-૨ ब વેગિં, क વેગિ, ड વેગઇ. ड છોડો.

૭૦-૧ कड કોડઇ.

૭૦-૨ ब હીઇડઇ, ड હઇઅડઇ. बक ટોડઇ.

૭૧-૧ ब ચંદ્રા, कड ચંદ્ર. ક વિણા, ड વિના. ब ચાંદણી, क ચાદ્રણી, ड ચાંદ્રણી. ब વણ.

૭૧-૨ क હાથણી.

૭૨-૧ ड વેલો.

૭૨-૨ ड કંત, क કિસું. ब કરેસિ, क કરેસ્યું, ड કરેસે. क ગેલ્યો.

૭૩-૧ कड બોલ્યા મર્મો.

૭૩-૨ कड કર્મો રે.

૭૪-૧ ब રષિ, क રુષિ. बकड માય. क વિછોહ્યા, ड વિછોડયાં.

૭૪-૨ ब દીધાં અજુગતાં આલો રે, ड દીધાં કૂડાં આલો રે.

'કઇ મઇં દ્રહ ફોડાવીઆ રે? કઇ મઇ પરધન લીધાં?
કઇ મઇં કાંઇ કામણ [કીધાં]? અણગલ પાણી પીધાં રે?' ૭૫

'કઇ સંખારા ઊલટિઆ રે? સરોવર ફોડી પાલિ?
શીલ પાલિઆં સાંચિલાં રે? મોડી તરુઅર-ડાલિ રે?' ૭૬

'સહગુરુ-ગુરુણી નવિ સંતોષ્યાં? સાતઇ ષેત્ર ન પોષ્યાં?
સંપતિસા સૂં દાન ન દીધાં? થાપિણિ મોસા કીધા રે?' ૭૭

અડવડતી પડતી આષડતી, ચડતી ગઢ ગિરનારી,
નેમિ જિણેસર નયણે દીઠા, રંજી રાજલિ નારી રે. ૭૮

'નવ ભવ કેરી તોરી નારી, કાં મેલ્હી નિરધારી?
નેમિ જિણેસર, જોઉ વિચારી, સાર કરુ હમારી રે.' ૭૯

ત્રિગઢ બઇઠઉ ત્રિભુવન–રાજા, દીપઇ નવલા દિવા,
ચઉસઠિ ઇંદ્ર કરઇ છઇ સેવા મુગતિ તણાં ફલ લેવા રે. ૮૦

રાજમતી કહઇ બે કર જોડી, 'મ કહુ આડાષોડી,
સામલવન, તૂં સ્વામી મોરા, પાય ન છોડૂં તોરા રે.' ૮૧

નેમિ જિણેસરિ નેહલુ પાલિઉ, દુરગતિનુ ભય ટાલિઉ.
રાજમતીનાં વંછિત ફલીઆં, બે જણ મુગતિઇં મિલીઆં રે. ૮૨

---

૭૫–૧ कड ફોડીઆ રે.

૭૫–૨ ब કઇ મઇં કામ કો હીણ કીધાં. कड કામણ કીધા.

૭૬–૧ क સંષારઉ ઊલટુ રે. ब પાલો રે, क પાલ્યો.

૭૬–૨ ड સીલ ન પાલ્યાં સાચલાં રે. ब. ડાલો રે.

૭૭–૧ ब સહિ, ड સદ.

૭૭–૨ कड થાંપણિ.

૭૮–૨ ब નયણે દેષી, ड નયણે નરખ્યા. ड ઠારી રાજલિ.

૭૯–૧ ड મૈલી. ब નરધારી.

૭૯–૨ ड કરઉ. ब હમ્મારી, क અમ્હારી, ड અહ્યારી.

૮૦–૧ बकड ત્રિગઢઇ, ब બઇઠુ, ड બઇઠા, ब ત્રિભોવન. ब નવલ દિવાજા.

૮૧–૨ ब સામલવન્ન. ब સામી.

૮૨–૧ बड જિણેસર. ड પાલુ. ब દુર્ગતિનુ, ड દુર્ગતિના. ड ભઇ ટાલુ.

૮૨–૨ મુગતિં મલીઆં રે, ड મુગતિ મિલીઆં રે.

હમચી હમચી હમચી લો રે, હમચી છઇ ચઉરાસી;
મુનિ લાવણ્યસમય ઇમ બોલઇ, હમચી હરષિ વાસી રે. ૮૩

સંવત પંનર ચઉસઠઇ રે, ગાયઉ નેમિકુમારો;
મુનિ લાવણ્યસમય ઇમ બોલઇ, વરતિઉ જયજયકારો રે. ૮૪

---

૮૩–૧ बकड હમચડી. क ચુરાસી.

૮૩–૨ લાવણ્યસમઇ. ब હર્ષિઇં, ड હરષઇ.

૮૪–૧ क ચઉસઠિ. बड ગાયા, क ગાયુ.

૮૪–૨ ब લાવણ્યસમઇ.

આ પછી—

પ્રત अમાં 'ઇતિ શ્રી નેમિનાથ હમચી સમાપ્તઃ છ॥છ॥'

પ્રત बમાં 'ઇતિશ્રી નેમિનાથ હમચી સમાપ્તઃ॥ સંવત ૧૬૩૫ વર્ષે શ્રાવણ સુદિ ૬ ગુરુ મુ૦ ગોવ્યંદ લખિતં સાધવી શ્રી જયચૂલા પઠનાર્થં । શુભં ભવતુઃ શ્રીઃ । શ્રીઃ'

પ્રત कમાં 'ઇતિશ્રી નેમિનાથ હમચી સમાપ્તા। શુભં ભવતુ ॥ શ્રી॥'

પ્રત डમાં 'ઇતિ હમચી સમાપ્ત॥'

# શિવકુમાર જોષીની નવલકથાઓ

ચન્દ્રકાન્ત મહેતા

સ્વાતંત્ર્યોત્તર કાળમાં આપણને જે ઊંચી કોટિના નવલકથાકારો પ્રાપ્ત થયા છે તેમાં શિવકુમાર જોષીનું નામ પહેલી હરોળમાં છે. છેલ્લાં દશ વર્ષમાં એમણે આપણને ચાર નવલ-કથાઓ આપી છેઃ 'કંચુકીબંધ,' 'અનંગરાગ,' 'શ્રાવણી' અને 'આભ રૂવે એની નવલખધારે.' એમની નવલકથાઓ એમને આપણા નવલકથાકારોમાં ઊંચું સ્થાન અપાવે એવી હોવા છતાં, વિવેચકોએ તથા સાહિત્યના ઇતિહાસકારોએ એમની ઉપેક્ષા કરી છે, એવું મને લાગે છે. એનું એક કારણ મને એ લાગે છે, કે એમની પહેલી કૃતિ 'કંચુકીબંધ' અને બીજી કૃતિ 'અનંગરાગ'ના નામકરણે પરંપરાની ઉપાસના કરનારા આપણા વિવેચકોને ભડકાવ્યા, અને કંઈક સમજણથી, કાંઈક અણુસમજ તથા ગેરસમજને પરિણામે એમની કૃતિઓ અશ્લીલ છે એવો પૂર્વગ્રહ એમને વિષે બંધાઈ ગયો. બીજી તરફ એમની કૃતિઓમાં આધ્યાત્મિક વાતાવરણ, ભક્તિભાવનું નિરૂપણ વિશેષ લાગવાથી નવા વિવેચકોએ એમની કૃતિઓને પરંપરાનું સમર્થન કરતી માની એમાં રહેલી શ્લીલતાને કારણે, એમાં રહેલી આધ્યાત્મિકતા પ્રત્યેના એમના પક્ષપાતી વલણને કારણે, એમની ઉપેક્ષા કરી. પરંતુ નિષ્પક્ષપાત દૃષ્ટિએ વિચારતાં એમની કૃતિઓમાં, એક તરફ આધ્યાત્મિકતા તરફનો પક્ષપાત છે તો બીજી તરફ જોતાં, જીન્સીવૃત્તિઓનું, આધુનિક આત્માનુરાગી વૃત્તિનું સમભાવથી નિરૂપણ થયું છે, અને લેખકે બંને તત્ત્વોનો સમન્વય કરવા પ્રયત્ન કર્યો છે.

એમની પ્રથમ કૃતિ 'કંચુકીબંધ'માં નાયક મહેશ અને નાયિકા ઉમા, બંડખોર અને નવી ભાવનાઓવાળાં લાગે છે. જૂનાં પરંપરાગત મૂલ્યો એમને સ્વીકાર્ય લાગતાં નથી. મહેશ ઉમાને કહે છે "મને રૂઢ માનસ પસંદ નથી." (પૃ. ૨૦) વળી કહે છે, "શા માટે જીવનમાં મળી એટલી ક્ષણો માણી ન લેવી?" (પૃ. ૨૩) મહેશ એનો શું થાય એવા પ્રશ્નના ઉત્તરમાં ઉમા કહે છે, "મહેશ મારો શું થાય? મારો સ્વામીનાથ, મારો પતિ, મારું બધું જ." (પૃ. ૩૩૯) અહીં મહેશ તથા ઉમાનાં વિધિસર લગ્ન થયાં નથી, લૌકિક દૃષ્ટિએ તો મહેશ ઉમાનો જાર છે. તેમ છતાં, એ મહેશને પતિ તરીકે ઓળખાવે છે, ત્યાં સમાજ સામેની બંડખોર વૃત્તિનાં આપણને દર્શન થાય છે. એમાં ડાકબંગલામાં મહેશ તથા ઉમાની કામક્રીડાનું વર્ણન પણ રૂઢિચુસ્ત માનસવાળાને નાકનાં ટેરવાં ચઢાવવાં પડે એવું છે. એ વાત સાચી, પરંતુ લેખકે આખરે તો ઉમા દ્વારા, માતૃભાવનાનો જ વિજય દર્શાવ્યો છે, અને સ્ત્રીની મંગળ ભાવનાનું સુભગ દર્શન કરાવ્યું છે. એ મહેશને કહે છે, "જ્યારે બે કુમળા હોઠ મારી છાતીએ અડક્યા, ઓહ મહેશ! એ જ પળે હું મારી કાયાની અને મનની ઘોર યાતના વીસરી ગઈ. દુનિયાએ મારી પર ગુજારેલા અત્યાચારની વાત મને યાદ ન આવી, સાચું કહું મહેશ!, તારી જુદાઈ સહન કરવાનું આશ્વાસન મને દીપકની સોબતથી મળ્યું હતું. એક બાજુ મારામાં રહેલી તારા પ્રેમને માટે ઝંખતી તારી

પ્રેમિકા મને તાણી રહી છે, તો બીજી બાજુ બધાનો ત્યાગ કરવા પ્રેરતી મા તરીકેની ન વારી શકાય તેવી ખેંચ છે." (પૃ. ૩૮૨). અને આખરે મા તરીકેની લાગણીનો વિજય થાય છે. આમ લેખકનું ઢળાણ માતૃત્વ તરફ સવિશેષ છે. વળી, મહેશ સુપ્રીતિને કહે છે. "તને નથી લાગતું સુપ્રીતિ, કે આપણે આપણાં જીવનમૂલ્યો વગર સમજે ભૂલી બેઠાં છીએ?"

"આપણે એટલે આપણે—આધુનિક કહેવડાવતાં સ્ત્રીપુરુષો." અહીં પણ એમણે નવાં જીવનમૂલ્યો પ્રત્યેની એમની અશ્રદ્ધા સ્પષ્ટ રીતે વ્યકત કરી છે. આમ છતાં, એમણે, નવાં મૂલ્યોને સમજવાનો પ્રયત્ન પણ કર્યો છે, અને સુપ્રીતિ જ્યારે લગ્ન વિના, મહેશ પાસે બાળકની માગણી કરે છે, ત્યારે સુપ્રીતિ તરફ આપણા હૃદયમાં પૂરી સહાનુભૂતિ લેખક જન્માવી શક્યા છે, અને મહેશ તથા સુપ્રીતિના મૈત્રીસંબંધને એમણે બિરદાવ્યો છે. આ કૃતિમાં ડાકબંગલામાં મહેશ તથા ઉમાની કામક્રીડાનું વર્ણન આવે છે; પણ, એ વર્ણન ઉમામાં જે ભાવપરિવર્તન થાય છે, એ પ્રેયસી મટીને સહસા માતા બની જાય છે તેના સાધનરૂપે એ પ્રસંગ ને એ વર્ણન આવશ્યક છે એ તો કોઈ પણ પ્રસંગયોજના વિષે જેને જરા જેટલી પણ સમજણ હોય તે સમજી શકે એમ છે. એમની બીજી કૃતિ અનંગરાગમાં પણ એમણે નવાં અને પરંપરાગત મૂલ્યો વચ્ચેનું ઘર્ષણ દર્શાવ્યું છે. એમાં નાયક પ્રેમલ તથા નાયિકા અનુરાધા ક્રાન્તિકારી છે. એમને પરંપરાગત મૂલ્યો હરગિજ મંજુર નથી. પ્રેમલ લગ્નને કપરું અકારણ બંધન ગણે છે, એકેએક ક્ષણ માણવા માટે છે, માણી શકાય એમ છે એમ માને છે. જીવનનાં સ્થાપિત મૂલ્યોની પરવા કરવી જોઈએ એવું એ ક્યારેય માનતો નહોતો, એની અને પોતાની જરૂરિયાત પ્રમાણે મૂલ્યો બદલવાં પડે તો બદલવાં એવી ખુમારીથી એ જીવનને જોતો. એ તો ગર્વથી કહે છે, "અંતરથી હું બોહેમિયન—ખાનાપીના ને ખેરસલ્લામાં માનનારો છું. ઠાવકાઈ અને વ્યવહારૂતા માત્ર means to an end ચોક્કસ પરિણામ લાવવા સાધન માત્ર છે." (પૃ. ૫૧). "મારું સૌભાગ્ય મને મળતું હોય તો સામાના કમભાગ્યની હું પરવા કરતો નથી. શું થાય એવો મારો સ્વાર્થી સ્વભાવ છે." (પૃ. ૫૩) વળી એ કહે છે, "કોણ જાણે કેમ પણ મને તો અતૃપ્તિમાં જ મઝા આવે છે. દુનિયાની કોઈ પણ ચીજ મને મળે તો પણ હું તો અતૃપ્ત જ રહેવાનો. અતૃપ્ત જ રહેવા માગું છું. મને અજંપાની પરિસ્થિતિ ગમે છે, મને એ અજંપો જ જાણે જીવતો રાખે છે. કડવી કોફી કે તુરો દારૂ પ્રથમ વાર ન ભાવે પણ ધીરેધીરે એનો સ્વાદ કેળવાય ને પછી તો સ્વાદે વ્યસન બની જાય, તેમ અજંપાની મને લત લાગી છે." (પૃ. ૫૬-૫૭). આ રીતે અદ્યતન યુવકમાં જે અશ્રદ્ધા, જે અજંપો, જે વ્યક્તિત્વની છિન્નભિન્નતા દૃષ્ટિએ પડે છે, પરંપરાને તોડવાની જે કટિબદ્ધતા છે તે આપણને નાયક પ્રેમલમાં દૃષ્ટિએ પડે છે. નાયિકા અનુરાધા પણ એ જ પંથની પ્રવાસી છે. એ પણ કહે છે, "મારી બાના ખાસ આશ્રય પામેલા જ્યોતિશ્રીએ ભાખ્યું છે, કે હું ચાળીશ વર્ષનું જ આયુષ્ય ભોગવવાની છું. એ હિસાબે સોળ વર્ષ બાકી રહ્યાં. જેની મારે ક્ષણેક્ષણ માણવી છે અને જીવનમાં માણી શકાય એવી ચીજવસ્તુઓના મારી સમક્ષ ઢગલેઢગલા દેખાય છે." (પૃ. ૬૯) પોતાનું સ્વાતંત્ર્ય પોતાની મૂઠીમાં જ છે એવા આત્મવિશ્વાસ સાથે ધરતી પર વિચરનારી એ સ્ત્રી છે. એની બહેન સુમેધા જોડે ચર્ચા કરતાં એ કહે છે, "ઘણાનું ઘડતર એવું હોય છે, કે સારો સંગાથ એને પૂરતો ન લાગે, કોઈ વાર જરૂરનો પણ ન લાગે. વ્યક્તિએ વ્યક્તિની જરૂરિયાત જુદી હોય છે. સારી વસ્તુ દરેકને માફક આવવી જ જોઇએ એવું થોડું છે?...અહમને કારણે તો હું હું છું અને ગમે તે

ભોગે હું હું મટવા માંગતી નથી." (પૃ. ૩૩૪). અહીં એમણે નવીનતમ પેઢીને, એમની વિચારસરણીને, સમભાવથી સમજાવવા પ્રયત્ન કર્યો છે, છતાં, એ સ્વીકારવું જોઈએ કે 'કંચુકી-બંધ'માં એમનું જે વલણ સ્થાપિત મૂલ્યોની જાળવણીનું દર્શાવાયું છે તે અનંગરાગની ઘટનાઓના આયોજનમાં વિશેષ સ્પષ્ટપણે દેખાય છે. પ્રેમલ જે પરંપરાને સ્વીકારતો નથી, એટલું જ નહિ પણ એને પરંપરાગત મૂલ્યો તરફ નફરત પણ છે તે, જ્યારે એની પ્રિયતમા અનુરાધાને, એને છૂટાછેડા મળતાંવેંત જ એ પોતાની દૈહિક પ્યાસ છીપાવવા વળગે છે, અને અનુરાધા એનો ત્યાગ કરે છે, ત્યારે એ જ પ્રેમલની મનની સ્થિતિ આલેખતાં લેખકે જણાવ્યું છે કે "એનું ચાલત તો એનામાં જાગેલા પેલા પશુને કોરડે કોરડે વીંઝી નાંખત એટલી એની જાત પર ઘૃણા થઈ આવી." (પૃ. ૪૨૯). અહીં લેખક પણ માનવમાં રહેલા પશુને કોરડે વીંઝવા માગતા હોય એમ લાગે છે, કારણ કે અનુરાધાનું જે પરિવર્તન લેખકે યોજ્યું છે, અને પ્રેમલ એને પંચગની મળવા જાય છે, ત્યારે પ્રેમલનો એ જે રીતે તિરસ્કાર કરે છે, અને એને જાકારો આપે છે. એ માંદી હોવા છતાં, એને ઉઠવાબેસવા માટે પ્રેમલ એને ટેકો આપવા જાય છે, તેને તરછોડી કાઢે છે, અને કહે છે, "પેલી ફ્લીટ સ્ટ્રીટની સીડી, ચઢવાથી કે કાલીઘાટ પાછળની રસુલનની ગલીમાં આંટા મારવાથી તમારું કામ પતતું હોય તો ફરીથી નાહકનું કોઈનું જીવન ન અભડાવશો." (પૃ. ૪૫૫) અને જાણે અનુરાધાની આજ્ઞાનું એ પાલન કરતો હોય, અને કોઈ પણ સંસ્કારી કે ભદ્ર સમાજની સ્ત્રીને માટે એ લાયક ન હોય તેમ પ્રેમલને પાછો ગંધાતી, ગલીચ, જગ્યામાં, રસુલનને ત્યાં ધકેલ્યો છે, ત્યારે રસુલનની નીચેની ઉક્તિમાં એ પણ સૂર પુરાવતો હોય એવું લાગે છે કે "આ ગલીચ જીવન મને સદી ગયું છે. ચોખ્ખા સમાજમાં હવે મને ગોઠે પણ નહિ." એટલે વાર્તામાં પ્રેમલને લેખકે એનું સ્થાન બતાવી દીધું છે, એટલું જ નહિ, પણ માંદગીને બિછાનેથી ઊઠીને પોતાનું શરીર પુનઃ નીરોગી બનતાં, અને શરીર પુષ્ટ બનતાં, શરીરની ભૂખને સંતોષવા એને પાછું પ્રેમલ પાસે જવું પડે તેના કરતાં, એ મરવાનું પસંદ કરે છે ને આત્મહત્યાનો માર્ગ અપનાવે છે. જે દર્શાવે છે કે એની આખી જીવનદૃષ્ટિ પલટાઈ ગઈ છે, એ જીવનની પ્રત્યેક ક્ષણ માણી લેવા માગતી નથી. એનું આ પરિવર્તન, લેખકનો સ્થાપિત મૂલ્યો તરફનો પક્ષપાત દર્શાવે છે, જેને પાપપુણ્ય, નીતિઅનીતિ, મૈત્રીકરુણા એવા ગૂંચવે એવા ભાવની જરૂર ન હોય તેને માટે તો એમણે રસુલનના નરકાગારનું નિર્માણ કર્યું છે. આમ છતાં પ્રેમલ તરફ આપણને નફરત થાય એ જાતનું ચિત્રણ એમણે કર્યું નથી, પણ સમભાવથી એના દૃષ્ટિબિન્દુને સમજાવવા પ્રયત્ન કર્યો છે. આ ઉપરાંત એમણે અનિમેષના પાત્રદ્વારા પણ, સ્થાપિત મૂલ્યો પ્રત્યેની એમની શ્રદ્ધા વ્યક્ત કરી છે. જ્યારે અનિમેષ બેસતા વર્ષે હોટેલમાં જાય છે ત્યારે ત્યાંના છીછરા વાતાવરણથી અકળાઈ બહાર આવે છે. તે સમયની તેની માનસિક સ્થિતિ વર્ણવતાં લેખક કહે છે. "આવી મોજમજા માટે પડાપડી કરનારાં સ્ત્રી-પુરુષોની તેને દયા આવી. એ બધાંથી પોતે કોઈ ઊંચે પગથિયે બેઠો છે એવી આત્મશ્લાઘાના ખ્યાલથી નહિ પણ આવી સામાન્ય આવડતને મોટી સિદ્ધિ માની બેસનારાંની નાનકડી ગુંજાસને કારણે. જીવનનો આનંદ એટલે શું? આ? ઉપરછલ્લાં રંગરોગાન, કીમતી વસ્તુઓનું અને પહેરવાની રીતનું પ્રદર્શન, પીધાં પછી ભાનભુલાવે એવાં પીણાં, ચામડીથી ઊંડે ક્યાંય ન ઉતરી શકે તેવો સામી જાતિનો ગલગલિયો સ્પર્શ." (પૃ. ૧૩૮.) અહીં લેખકે અનિમેષના વિચારો દ્વારા એમનું મંતવ્ય પરોક્ષ રીતે પ્રગટ

કર્યું છે, જે એમની વસ્તુસંકલના દ્વારા પણ વ્યક્ત થયું છે. અનિમેષ, પ્રેમલને શિખામણ આપે છે કે "જીવનમાં કોઈના હિસાબે અને જોખમે નવાં મૂલ્યોનો આભાસ ઊભો કરવા ખતરનાક પ્રયોગો આચરવા કરતાં સ્થાપિત મૂલ્યોને સ્વીકારીને ચાલવું એ ખોટું નથી. માનવીએ પોતાની મર્યાદા સ્વીકારી લેવી અને હુંપદ છોડીને એ જીવનનો સલામતીભર્યો માર્ગ સ્વીકારવો સારો." (પૃ. ૪૬૨ ). આ સંદેશ લેખક એમની વાર્તા દ્વારા આપવા માગે છે. આમ છતાં એઓ કાળબળને તો સ્વીકારે જ છે, અને અનિમેષદ્વારા જ એઓ કહે છે. "સમય પાકતો જોઉં છું કે જ્યારે ગઈ કાલનાં જીવનમૂલ્યો ક્ષણવારમાં તૂટી જવાનાં છે. શંકા મને એટલી જ છે કે નવાં સદ્ધર જીવન-મૂલ્યો આપણે ઊભાં કરી શકીશું કે કેમ ?" (પૃ. ૩૪૧). અનુરાધાના પિતા શ્રીપતરાયનું પાત્ર પણ અનુરાધા પ્રત્યે પૂરી સહાનુભૂતિ રાખે છે, અને કહે છે કે "નવી દુનિયાને ઓળખવાની, એના પ્રવાહો સમજવાની, મને ટેવ પડી ગઈ છે. એનું માનસ હું સમજું છું; તે પ્રત્યે મને સહાનુભૂતિ પણ જાગે છે". (પૃ. ૧૭૫). આ જ નવીનતમ દૃષ્ટિવાળી પેઢી તરફ લેખકનું પણ વલણ છે. એઓ પૂર્વગ્રહને જોતા નથી પણ એમને સમજવાની પ્રામાણિકપણે કોશિશ કરે છે. આ ઉપરાંત એમની આ કૃતિમાં, હોટેલમાંનાં અદ્યતન યુવકયુવતીઓની મોજમજા કરવાની રીતિ, પશ્ચિમનું અંધ અનુકરણ, કેવળ પોતાને જ જોતી, એવી આત્મકેન્દ્રી સુખાનુભવની વૃત્તિ ત્યાગ વિનાનો ભોગ, એ બધાંનું વર્ણન, જેને શિષ્ટ ન કહેવાય એવાં અંગ્રેજી ગીતો, રસલન અને પ્રેમલનો દેહસંબંધ એ બધાંનું વર્ણન વિસ્તારથી કર્યું છે. તો બીજી તરફ એમણે અનિમેષ અને સુમેધાના પાત્રથી દક્ષિણેશ્વર તથા બેલુર યાત્રાનું અને ત્યાંના આધ્યાત્મિક વાતાવરણનું તેમ જ શાક્ત ભજનિકનું ભજન, શ્રી. અરવિન્દની 'સાવિત્રી'માંથી અવતરણો આપીને ઊભું કરેલું અલૌકિક વાતાવરણ; એ બધું પણ નવલકથાનો ઘણો મોટો ભાગ રોકે છે, એનું ઘણાને વિસ્મરણ થાય છે. એટલે એમની કૃતિઓને સમજવા એક આંખે જોવાથી એમને ઘણો અન્યાય થાય છે. બંને આંખો ઉઘાડી રાખી, એઓ જે કાંઈ બતાવે તેનું દર્શન કરી, એમની દૃષ્ટિની આપણે પ્રામાણિકપણે ખોજ કરીએ તો જ એમને પૂરતો ન્યાય કરી શકીએ.

એમની ત્રીજી નવલકથા 'શ્રાવણી'માં પણ એમણે નાયક તથા નાયિકા દ્વારા સ્થાપિત મૂલ્યો અને નવીનતમ મૂલ્યો વચ્ચેનો સંઘર્ષ આલેખ્યો છે, અને એમાં એમનું સ્થાપિત મૂલ્યો તરફનું વલણ સવિશેષ સ્પષ્ટ બન્યું છે, અને એમની ભૂમિ પર એઓ સ્થિર થયેલા લાગે છે. નાયક પરીક્ષિત બુદ્ધિવાદી છે, એને તો ધર્મભાવના ખપતી નથી. એને ધાર્મિકતા એ ઘેલછા લાગે છે, એ એની પત્નીને કહે છે, "બુદ્ધિ જેનો અસ્વીકાર કરતી હોય તેવું ધર્મકાર્ય કરવું જ જોઈએ એવું થોડું છે?" (પૃ. ૧૦૭). એને એની આ માન્યતામાં ત્રિભોવનનો સાથ મળે છે, જે એને કહે છે: "સારું ને ખોટું, કોઈ ગુણિયલ ને કોઈ દુર્ગુણી એ બધું માણસ માણસની સ્થિતિ અને એના સંજોગ હિસાબે બદલાય છે." આમાં નાયકનાયિકા પતિપત્ની છે. આગલી બંને નવલકથામાં છે તેમ લગ્નોત્તર પ્રેમ માણતાં પ્રિયતમ-પ્રિયતમા નથી અને આમ છતાં બંને વચ્ચે એઓ બે ભાવનાઓનો સંઘર્ષ કુશળતાથી નિરૂપી શકયા છે. નાયિકા વિનોદિની ધાર્મિક મનોવૃત્તિવાળી છે, ભાવુક છે. ભજનકીર્તન તરફ એનો અનુરાગ છે. જ્યારે પરીક્ષિતને એ બધી બાબતો તરફ ખૂબ ચીડ છે. આથી આખી કથામાં બંને વચ્ચેનો સંઘર્ષ બતાવાયો છે; પણ આખરે એમાં વિજય તો વિનોદિનીનો જ દર્શાવાયો છે. વિનોદિનીની બધી શરત પરીક્ષિત

કબૂલ રાખીને એને આત્મહત્યાના માર્ગમાંથી બચાવે છે. આમ છતાં મૂલ્ય બદલાતાં જાય છે. તે પ્રત્યે લેખક સજાગ છે. એમના નાયકના પિતા અનંતરાય પરીક્ષિતને કહે છે, "તને ખબર છે પરીક્ષિત, આ જમાનો જુદો વળાંક લઈ રહ્યો છે. તારો એમાં વાંક નથી. આ યુગની એ છબી છે. માનવીને એનું અંતર ખાલી ખાલી લાગે છે. અંતર ખાલી છતાં એ ખાલીપણાનો ભાર એનાથી સહેવાતો નથી અને એ અવકાશને એ પછી ગમે તેવા મસાલાથી ભરી દેવા માગે છે...તને કથામાં ભરોસો નથી. તારી બુદ્ધિ બળવો ઉઠાવીને જે કાંઈ તૈયાર, રૂઢ, સ્થપાયલું તારી સામે ધરવામાં આવે છે તેને પેલા અવિશ્વાસના જોરે તું ઉથલાવી નાંખવા મથે છે, એમ ઉથલાવવા જતાં પોલાણ નવો અવકાશ એનું સ્થાન લે છે અને એ કારણે તને નિરાંત નથી લાગતી. ઉલટો તારો વલવલાટ વધે છે." (પૃ. ૩૩૭). અહીં અદ્યતન યુગના માનસને એમણે સમભાવથી આલેખ્યું છે અને એ આલેખન વાંકદેખાતું નથી એ તો સ્પષ્ટ જ છે. હા, શ્રદ્ધાને બદલે બુદ્ધિને કાટલેથી બધાંને માપવાની વૃત્તિનાં જે પરિણામો આવે તે એમણે દર્શાવ્યાં છે. વળી આ બુદ્ધિવાદની મર્યાદા દર્શાવતાં અનંતરાય પરીક્ષિતને કહે છે, "સત્યની વ્યાખ્યા જો તું એમ કરતો હોય કે જે નજરે દેખાય કે બુદ્ધિને સમજાય તે જ સત્ય તો માણસની નજરની જે મર્યાદા, એની બુદ્ધિની જે મર્યાદા, સત્યની મર્યાદા થઈ બેસે. એમ તને નથી લાગતું?" (પૃ. ૩૩૯.) વળી બંગાળી ભજનિકને હરિહરિ એ ગાતાં જોઈને, પરીક્ષિત આકર્ષાયો, અને ભક્તિની ખૂબી સમજવા લાગ્યો, ત્યાં પણ આપણી બુદ્ધિ-વાદના ગઢને ધર્મભાવના તોડી શકે છે એમ એમણે દર્શાવ્યું છે. આમ પ્રસંગયોજનામાં એઓ સ્થાપિત મૂલ્યોની જ જાળવણી કરતા જણાય છે.

એમની ચોથી નવલકથા "આભ રૂવે એની નવલખધારે"માં પણ નાયક અશેષ અને નાયિકા કાજલ વચ્ચેનો સંઘર્ષ પણ સ્થાપિત મૂલ્યો અને પારકાં ઉછીનાં લીધેલાં નવાં મૂલ્યો વચ્ચેનો સંઘર્ષ છે. નાયક અશેષને જીવનનાં ખાસ કોઈ મૂલ્યો જ નથી. એ નાયિકા કાજલને ટ્રેનમાં પ્રથમ મળે છે, અને કલકત્તા ઊતરે છે, અને કાજલ શાંતિનિકેતનમાં અભ્યાસ કરે છે. એ જાણતાં એ કાજલને મળવા શાંતિનિકેતન આવશે એમ કહે છે, ત્યાં કાજલ એને કહે છે, " મારા જેવાને મળવા માટે શાંતિનિકેતનની યાત્રા કરશો અશેષબાબુ! રવિઠાકુરનાં દર્શન કરવા એમની તપોભૂમિમાં પગ મૂકીને પાવન થવા ત્યાં આવો તે જ બરોબર છે ને?" આ વાક્યમાં જ બન્ને વચ્ચેનો દષ્ટિભેદ સ્પષ્ટ શબ્દોમાં વ્યક્ત થયો છે. અશેષને મન ટાગોર કરતાં કાજલનું મહત્ત્વ વધુ છે, એ સરસ્વતીનો ભક્ત નથી, એ તો કામદેવનો પૂજારી છે. જ્યારે કાજલને મન આપણી સંસ્કૃતિ, આપણી ભારતીય સાધના, કલાસાહિત્ય, સર્વેના ઉચ્ચ પ્રતિનિધિ ટાગોરનું મૂલ્ય વિશેષ છે. વળી કાજલ જ્યારે લગ્નનો પ્રસ્તાવ મૂકે છે ત્યારે કાજલને એ કહે છે, "મને લાગે છે કે કોઈ અરસપરસ ગાંઠ બાંધ્યા સિવાય આપણે એકબીજાના સહચારનો આનંદ ભોગવીએ તો વાંધો છે?" (પૃ. ૨૬૨, ભાગ ૧). અહીં લગ્નના બંધન સિવાય મુક્ત સહચારનું માનસ જે વ્યાપક બનતું જાય છે, તેનો પ્રતિનિધિ અશેષ છે. કોઈ ચોક્કસ બંધન નક્કી થઈ જાય તેનો એને ડર લાગતો હતો અને એ પણ જ્યારે કાજલ એને કહેતી હોય "અશેષ મને છોડી દેશો તો મારી સામે કોઈ કિનારો નથી. તમારાં મા પણ ઇચ્છે છે, કે હું તમારી નજદીક રહું, નજદીક એટલે મનથી નજદીક, તનથી નજદીક. એક યુવતીની આ તૃષ્ણા માનીને એની ઘૃણા ન કરશો અશેષ!" વળી અશેષનું માનસ સમજીને એને વળી પાછી પૂછે છે. "સાચું કહેજો અશેષ! આ કાજલ રૂપવતી હોત તો તમે આજે

ખમચાઈ ગયા હોત ! ને મારાથી દૂર સરી જાત ?" (પૃ. ૨૯૦) આમ અશેષનું માનસ તો સ્પષ્ટ છે જ. કાજલના પિતા અશેષની માની હાજરીમાં કાજલનો હાથ અશેષને સોંપે છે પણ અશેષને મન કશું પવિત્ર નથી. એને કોઈની ભાવુકતા માટે આદર કે સમજ નથી. એ તો એની મા કાજલને સ્વીકારવાનું કહે છે. ત્યારે એને જવાબ આપે છે, "એ વયોવૃદ્ધ પુરુષે પોતાના જીવનની છેલ્લી ક્ષણોમાં કરેલી માગણી આપણે પણ ઊર્મિલ બની સ્વીકારી લેવી જોઈએ એવું થોડું છે ? મન મૂકીને હજી હું એને મારી સાથીદાર બનાવી શકું એવું હજી મારા મનમાં પ્રગટયું નથી; મારા મનમાં એવી તૃષ્ણા ન પ્રગટે ત્યાં સુધી હું નિરાશ છું બા." (ભાગ ર, પૃ. ૧૦). અહીં એ કેટલો અહંપ્રેમી છે, તેનું દર્શન થાય છે. પણ આ પછી કૉલેજની એની એક મિત્ર ચાંદની કે જેણે એની લગ્નની માગણીને કૉલેજના દિવસોમાં ધુતકારી કાઢી હતી તે કલકત્તામાં એને મળે છે ત્યારે એની જોડે એ દેહસંબંધ તો રાખે છે, પણ લગ્નનો પ્રસ્તાવ મૂકે છે, અને જો ચાંદની એનો સ્વીકાર કરે તો એ એને બાંધી નહિ રાખે પણ યથેચ્છ ઊડવા દેશે એવું વચન પણ આપે છે. એટલું જ નહિ પણ એની મા સત્યાગ્રહમાં સામેલ થઈ હોવા છતાં, એ તક મળતાં કાળાંબજાર કરી પૈસા કમાય છે. એની આ મનુષ્યદ્રોહી વર્તન માટે, કાજલ પ્રત્યેની એની બેવફાઈને માટે લેખક કાજલને એની પાસેથી હમેશને માટે છીનવી લઈ કડક સજા ફટકારે છે, ત્યાં પણ આપણને લેખકની સ્થાપિત મૂલ્યો પ્રત્યેની ભક્તિ દષ્ટિએ પડે છે.

આ સર્વ સમીક્ષા પરથી પ્રતીત થશે કે શિવકુમાર સામે અશ્લીલતામાં રાચવાનો આક્ષેપ ટકી શકે એમ નથી. એમની ચારે કૃતિઓમાં, સંસ્કૃત શ્લોકો, ભજનો, ટાગોરનાં ભક્તિગીતો, બાલિગીતો, ઇત્યાદિ આવ્યાં કરે છે, અને એ દ્વારા ધાર્મિક અને ભક્તિભર્યા વાતાવરણની સુગંધ કૃતિઓમાં પ્રસરે છે. એટલે જે લોકો એમની પર અશ્લીલતાનો આરોપ મૂકે છે કે એમણે સ્થાપિત મૂલ્યોને સ્વીકાર્યાં નથી એમ કહે છે તેઓએ કાં તો એમની કૃતિઓને સમજપૂર્વક વાંચી નથી એમ જ કહેવું પડે. એમની કૃતિઓમાં ધાર્મિકતાનું વાતાવરણ સારા પ્રમાણમાં એમ કહેનારા સાચા છે, પણ ધાર્મિકતા હોય તેથી કલાકૃતિ તરીકે એ સારી બનતી નથી કે એની મૂલ્યવત્તા ઘટતી નથી, કારણ કે ધાર્મિકતા એ કાંઈ કોઈ કૃતિને માપવાનું ધોરણ ન હોઈ શકે. આમ છતાં, જેઓ એમાં સ્થાપિત મૂલ્યોની જાળવણીનો પ્રયાસ છે તેથી એનું મૂલ્ય ઓછું આંકે છે, કે એમની નવલકથાર તરીકે ગણના કરતા નથી, તેઓ આપણા વિવેચન સાહિત્યને અવળે પાટે ચઢાવી રહ્યા છે એમ તો કહેવું જ જોઈએ. સ્થાપિત મૂલ્યો પ્રતિ એમને શ્રદ્ધા હોવા છતાં, અને એ મૂલ્યો દઢમૂલ થવાં જોઈએ. એ જીવનની અશાંતિ, હતાશા, એ બધાને દૂર કરવા જરૂરી છે એમ એઓ માનતા હોવા છતાં, એ મૂલ્યોનો સ્વીકાર કરનારા સર્વદા સુખી જ થાય છે એમ એમણે દર્શાવ્યું નથી એ એમની વાસ્તવલક્ષી દૃષ્ટિનો પરિચય પ્રસંગયોજનામાં આપણને થાય છે. 'કંચુકીબંધ'માં ઉમા પોતાના દીકરા પાસે જાય છે, પણ એ સુખી છે એમ ન કહી શકાય. 'અનંગરાગ'માં અનિમેષ સ્થાપિત મૂલ્યો જાળવી રાખે છે, પણ એને અનુરાધા ગુમાવવી પડે છે. 'શ્રાવણી'માં વિનોદિની આત્મહત્યાનો માર્ગ લેવા તત્પર થાય છે, અને કાજલ આખી જિંદગી એનાં મૂલ્યોને કારણે જ સહન કરે છે, અને છેવટે જાન ગુમાવે છે. આ રીતે એઓ નક્કર વાસ્તવિકતાની ભોંય પર જ ઊભા રહે છે. અને એમનાં મૂલ્યોની જાળવણી કરતાં પાત્રોને પ્રભુની દુનિયામાં એને જે મળે તેનાથી કાંઈ વધારે આપતા નથી.

એટલું જ નહિ, પણ આપણી ધર્મભાવનામાં બધું ઉજળું જ એમણે જોયું છે એવું પણ નથી. આપણી ધર્મભાવનાનો લાભ લઈને પાખંડીઓની કેવી પાશવલીલા ચાલે છે, તે એમણે સાધુ ગોવર્ધનલાલજી ઉમા પર બળાત્કાર કરવાની કોશિષ કરે છે તે પ્રસંગમાં અને નિર્મોહાનંદજી વિનોદિની તરફ જે રીતે નજર બગાડે છે તે પ્રસંગમાં એમણે આપણા ધાર્મિક સમાજનાં અનિષ્ટો તરફ આપણું ધ્યાન આકર્ષિત કર્યું છે.

પ્રસંગગઠનની દૃષ્ટિએ વિચારતાં શિવકુમારની નવલકથામાં આપણને કેટલીક કચાશ દૃષ્ટિએ પડે છે. એમની પ્રથમ નવલકથા 'કંચુકીબંધ'માં જે પ્રસંગની નવલકથાની શરૂઆત છે, અને એનો અંત આવે છે, તે સમયગાળો ઘણો થોડો છે, અને એ દરમ્યાન જ પ્રસંગો બને છે, જ્યારે મોટા-ભાગનાં પૃષ્ઠો–૩૩૬–કથાની શરૂઆતની પૂર્વે જે કંઈ બની ગયું હતું તેની વિગતોમાં રોકાય છે. આથી, ૩૭૬ પછી વાચકને જ્યારે લાગે છે, કે હવે કથા આગળ ચાલી ત્યાં તો કથાનો અંત આવી જાય છે. વળી જે ઉમા પતિનું ઘર પહેરેલે કપડે છોડી જવાની હિંમત દર્શાવી શકે તે લગ્નનો વિરોધ પણ ન કરે એ ગળે ઊતરતું નથી. વળી જ્યાં સુધી મહેશ ઉમાના સ્તનને ન સ્પર્શે ત્યાં સુધી એને પોતાનો છોકરો યાદ ન આવે એ પણ મનાય એવું નથી. છેવટ સુધી ઉમાને છોકરી છે, તે તો લેખકે આપણને કહ્યું જ નથી. 'અનંગરાગ'માં પણ અનુરાધા જે રીતે પંચગનીમાં પ્રેમલનો તિરસ્કાર કરે છે તે જોતાં પોતાને એ પ્રેમલ પાસે ફરીથી જવું પડશે એવો એનામાં જે ભય ઉત્પન્ન થાય છે, તે પણ બહુ સંભવિત લાગતું નથી. 'શ્રાવણી'માં વિનોદિની પોતાની જાતને સમુદ્રને અર્પણ કરવા જાય છે, ત્યાં પણ એ વર્તાવનું સંતોષજનક કારણ આપણને જડતું નથી 'આભ રૂવે એની નવલખધારે'માં કાજલને અશેષના પત્રો મળે છતાં પણ કાજલ અશેષને પત્ર પણ શા માટે ન લખે? આવા આવા અનેક પ્રશ્નો આપણી સમક્ષ ઉપસ્થિત થાય છે. આ ઉપરાંત પ્રત્યેક નવલકથામાં જે પ્રસંગોની સમાનતા આવે છે, તે પરથી એમ લાગે છે કે, એઓ નામો તથા વાતાવરણ બદલાવીને એની એ વાતો કહે છે. જેમ કે, એમની બે નાયિકાઓનું—કાજલ તથા અનુરાધાનું—મૃત્યુ કથાન્તે આવે છે, અને વિનોદિની પણ આત્મહત્યાને આરે જઈ આવે છે. જે રીતે પતિથી ત્રાસીને ઉમા પહેરેલે કપડે ધણીનું ઘર છોડે છે અને સીધી ટ્રેનમાં જઈ બેસે છે, તેવી જ રીતે અનુરાધા પણ પ્રેમલથી ત્રાસી પહેરેલે લૂગડે જ એનું ઘર છોડીને પિતાને ત્યાં ચાલી જાય છે. બધી નવલકથાઓમાં પતિપત્ની વચ્ચે મનમેળનો અભાવ ને પરિણામે તેમનો વિચ્છેદ એ જ કથાનો વિષય બને છે. ઉમા અને વિનોદિની ભજનો ગાય છે, અને ધાર્મિક વાતાવરણમાં ઉછરેલા, ધર્મભાવનાથી સભર છે. જેમ ઉમાને વ્રજકિશોરજી એને પુત્રીવત માનીને વાત્સલ્ય દર્શાવે છે, તેમ વિનોદિનીને દેશપાંડે એ જ રીતે વાત્સલ્યપ્રેમથી એને યોગ્ય માર્ગદર્શન કરાવે છે. જેવી રીતે ઉમા માંદી પડે છે, ત્યારે એનો પતિ એની સારવાર કરીને પોતા તરફ વાળે છે, તેવી જ રીતે અનુરાધા પણ માંદગીમાં પટકાય છે, અને અનિરૂદ્ધ એને પોતા તરફ વાળે છે. ચારે ય કૃતિમાં નાયિકા સુંદરી છે. ઉમા ને વિનોદિની ભજનો ગાય છે, તો 'અનંગરાગ'માં અનુરાધાની બહેન સુમેધા પણ ભજનો ગાય છે અને 'આભ રૂવે એની નવલખ ધારે'ની નાયિકા કાજલ પણ ટાગોરનાં ગીતો મધુર સ્વરે ગાય છે. ચારે ય નવલકથામાં નાયક વિવાહેતર પ્રેમમાં રાચતા હોય છે, જેમ કે મહેશ-ઉમા, કે સુપ્રીતિ પ્રેમલ, રસુલન ને અનુરાધા, પરીક્ષિત, હેમપ્રેભા અને અશેષ ચાંદનીની જોડે એ રીતનો સંબંધ રાખે છે. ચારે ય નવલકથામાં નાયક કરતાં નાયિકાનું પાત્ર જ

વિશેષ કાર્યશીલ, તેજસ્વી, અને આદર્શવાદી હોય છે. ઉમા, અનુરાધા, વિનોદિની તથા કાજલ એક જ માટીનાં ઘડાયલાં હોય એવાં લાગે છે. તેવી જ રીતે 'કંચુકીબંધ'માં સુપ્રીતિનો પિતા વ્રજવલ્લભ, ને ઉમાનો માનેલો પિતા વ્રજકિશોર; અનંગરાગમાં અનુરાધાના પિતા શ્રીપતરાય, શ્રાવણીમાં પરીક્ષિતના પિતા અનંતરાય, 'આભ રૂવે એની નવલખધારે'માં, કાજલના પિતા દ્વિજેનબાબુ, તથા અશેષની માતા જયમનબહેન, એ ઉદાર, પરલક્ષી, જાણે શરદબાબુના વિપ્રદાસ જેવા કે 'સ્વામી'ના નાયક જેવા એક જ બીબે ઘડાયલા હોય એવા લાગે છે. ચારેય નવલકથાઓમાં મોટા ભાગના પ્રસંગો ગુજરાતની બહાર બને છે, અને 'અનંગરાગ' તથા 'આભ રૂવે એની નવલખધારે'માં તો કલકત્તાની જ પૃષ્ઠભૂમિ લીધેલી છે. ચારે ય કૃતિઓમાં યાત્રાવર્ણન લંબાણથી કરવામાં આવ્યાં છે. 'કંચુકીબંધ'માં વ્રજભૂમિ તથા નૈનિતાલ; 'અનંગરાગ'માં ખજુરાહો તથા બિહાર; 'શ્રાવણી'માં અલ્હાબાદ, બનારસ તથા જગન્નાથપુરી, તથા 'આભ રૂવે એની નવલખધારે'માં કોણારકનાં વર્ણનો કરતાં કરતાં લેખક કથા કહે છે એ વાત જ જાણે વિસરી જાય છે અને વાર્તાપ્રવાહને સ્થગિત કરી દે છે. 'કંચુકીબંધ,' 'અનંગરાગ' તથા 'શ્રાવણી'માં લેખક કથાભાવને પોષવા તથા એનું વિશદીકરણ કરવા, પુલોમાની શ્રવણની કે સુવર્ણરાજાની એવી કોઈ પ્રકરીનો આશ્રય લે છે. લેખક પર શ્રી. અરવિન્દની પ્રબળ અસર છે; એટલે 'અનંગરાગ'માં 'સાવિત્રી'માંથી પંક્તિઓના ઉતારા કર્યા છે અને 'આભ રૂવે એની નવલખધારે'માં પણ દ્વિજેનબાબુ રૂપે અરવિન્દભક્ત અનિમેષ જ આવતો હોય એમ લાગે છે. સ્વાતંત્ર્યની લડતમાં કેવા કાયર, આપમતલબી, ને નબળા માણસો ઘૂસી ગયા હતા તેનું જે દર્શન એમણે 'કંચુકીબંધ'માં કરાવ્યું છે તેવું જ દર્શન 'આભ રૂવે એની નવલખધારે'માં છે. બંને નવલકથાઓમાં ૧૯૪૨ની લડતની પાર્શ્વભૂમિકા લેવામાં આવી છે. બંનેમાં બંગાળામાં જે દુષ્કાળ ૧૯૪૩માં પડેલો તેની ભૂમિકા આવે છે. 'અનંગરાગ'માં પ્રેમલ અનુરાધાને મળવા પંચગની જાય છે ત્યારે અનુરાધાનો કૃશ દેહ જોઈને ડઘાઈ જાય છે કારણ કે એ તો પુષ્ટઅંગી, છટાદાર, અનોખી લાવણ્યમયી અનુરાધાને જ ઓળખતો હતો. 'આભ રૂવે એની નવલખાધારે'માં પણ નાયિકા કાજલને જોઈને નાયક અશેષની સ્થિતિનું નિરૂપણ કરતાં કાજલ કહે છે, "તમે અહીં આવ્યા હતા ઉત્સાહભર પણ મને લઘરવઘર જોઈને ખચકાઈ ગયા હતા ને?" એ બંનેમાં નાયકની ભ્રમરવૃત્તિ સરખાવવા જેવી છે. આ રીતે આ બધી અવિવિધતા, દર્શાવે છે કે એમની પાસે આયોજનસામગ્રી થોડી છે અને એઓ થોડી મૂડીએ બહોળો વેપાર કરવા ઇચ્છતા હોય એવું લાગ્યાં કરે છે.

શિવકુમારની રચનાશૈલીમાં આપણને ઉત્તરોત્તર વિકાસક્રમ દૃષ્ટિએ પડે છે. એમની પહેલી નવલકથા 'કંચુકીબંધ'માં એમની કથનરીતિ પર રમણલાલ દેસાઈની સ્પષ્ટ અસર દૃષ્ટિએ પડે છે. વર્ણનથી થતો કથાનો આરંભ, પ્રકરણની શરૂઆતમાં કાવ્યપંક્તિઓ મૂકવાની રીતિ, પાત્રોના વર્તન વિષે તથા પરિસ્થિતિ વિષેનું લેખકનું ટિપ્પણ, અમદાવાદ શહેર, જ્ઞાતિપ્રથા, રેલવેની મુસાફરી, જૂહુનો કિનારો ઇત્યાદિ વિષેની લેખકની વિચારકણિકાઓ દિવ્યચક્ષુમાં છે તેમ આરંભના એકબે પ્રકરણ પછી ભૂતકાળની કથા જ નવલકથાનું પોણો ભાગ રોકે, અને નવલકથાની જ્યાંથી શરૂઆત થાય અને એનો અંત આવે તેની વચ્ચે બહુ જ થોડા બનાવો બન્યા હોય એવી રચના એ સર્વે તત્ત્વો રમણલાલ દેસાઈનો પ્રભાવ દર્શાવે છે. પરન્તુ, એમની બીજી રચના

'અનંગરાગ'માં એઓ એ અસરથી સદંતર મુક્ત થઈ ગયા છે અને એમની કથનરીતિનું આગવું વ્યક્તિત્વ લઈને આવે છે. એનો પરિચય આપણને કથારંભની સંવાદરીતિથી જ થાય છે. ટિપ્પણ, ચર્ચા ઇત્યાદિને દૂર કર્યાં છે, અને પાત્રો તથા વાચક વચ્ચે એઓ આવતા નથી. એઓ દૂર ઊભા રહીને પાત્રોને જ કહેવા દે છે. પાત્રો વિષે કંઈ કહેવું હોય તોપણ એના અચેતન કે અવચેતન મનનું વિશ્લેષણ કરવા જ એઓ કહે છે. એ કથામાં ભૂતકાળની પાર્શ્વભૂમિનો વ્યાપ કંચુકીબંધ જેટલો નથી, અને ભૂતકાળનું ભારણ ઓછું થયેલું છે. 'શ્રાવણી' વાર્તામાં ભૂતકાળ લગભગ નહિવત્ છે, અને વર્તમાનથી જ ભવિષ્ય તરફ પ્રસંગોની ગતિ હોય છે. આમ આ ત્રણે નવલકથામાં નિરૂપણ-રીતિનું વૈવિધ્ય તથા પ્રયોગશીલતા એમની કૃતિઓને રોચક બનાવે છે. 'આભ રૂવે એની નવલખ-ધારે'માં નિરૂપણશૈલીના પ્રયોગોમાં એમને સિદ્ધિ સાંપડી હોય એમ લાગે છે. Flesh back techniqueનો સફળ પ્રયોગ, ત્રણ પરિમાણોમાં વહેતો કથનપ્રવાહ, વચ્ચે વચ્ચે પાત્રો જોડે કે વાચકો જોડે વાતો કરી લેવાની રીતિનો પ્રયોગ. એઓ કથનરીતિની અદ્યતનરીતિનો ઉપયોગ રમ્યતાથી કરી શકે છે તેની આપણને પ્રતીતિ કરાવે છે. આકારસિદ્ધિ જે નવીનતમ સાહિત્યનું એક મહત્ત્વનું લક્ષણ મનાય છે તે તરફ એમણે પ્રશસ્ય આગેકૂચ કરી છે.

વિષય તથા સામાજિક સમસ્યાની દૃષ્ટિએ વિચારતાં એમણે 'કંચુકીબંધ'માં પ્રશ્નનો પુરાણો જ—પંડિતયુગનો જ લીધો છે. કુમુદની જેમ કે તનમનની જેમ, ઉમા મહેશને પરણી શકતી નથી, અને પરણ્યાં પછી બન્ને એકબીજાંને મળે છે પરન્તુ એમણે નવીનતમ સામાજિક દૃષ્ટિ તો સુપ્રીતિ અને મહેશના સંબંધમાં આલેખી છે. સુપ્રીતિ મહેશ પાસે લગ્નસંબંધ વિના માતૃત્વની માગણી કરે છે. ત્યાં લગ્નને અનાવશ્યક માનનારી નવી ભાવના છે, એમ છતાં એટલું તો લાગે છે કે સુતપા આધુનિકતમ દૃષ્ટિવાળી નથી છતાં એની આ જાતની માગણી સમજાતી નથી. મહેશને એ બંધનમાં નાંખવા ન માગતી હોય તોપણ એ એના સ્ત્રીસ્વભાવથી વિરુદ્ધ છે. મહેશ તથા ઉમાને એમના પુનર્મિલન સમયે દૈહિક સંબંધ કરતાં, કાંઈક સંકોચ નથી કે નીતિ-અનીતિનાં સામાજિક બંધનો વિઘ્નરૂપ નથી નડતાં, ત્યાં પણ આધુનિક દૃષ્ટિ જણાય છે. એમની બીજી કૃતિ 'અનંગરાગ'માં એમણે પતિપત્ની વચ્ચે જીવનદૃષ્ટિ વિષેનો મૂળગત ભેદ હોવાને કારણે અને શહેરી જીવનમાં, જ્યાં મુક્ત સહચારની પૂરતી સગવડ હોય છે, તેને કારણે, છૂટાછેડાની સગવડનો લાભ લેવાય છે. તેનું જીવનને માણી લેવાની બીટનીકવૃત્તિનું આપણને દર્શન થાય છે. અનુરાધા દ્વારા આધુનિક સ્ત્રીને મુક્તિની જે ઝંખના કે, જે આત્માનુરાગીતાના જગતમાં એ સપડાઈ છે તેનું સાચું ચિત્ર આપ્યું છે, અને આધુનિક યુવાનનો પ્રતિનિધિ છે પ્રેમલ. એમની ત્રીજી કૃતિ 'શ્રાવણી'માં પણ પરિણીત પતિપત્ની વચ્ચે પણ દૃષ્ટિભેદ રહેલો છે, તેને કારણે જે અસંતોષ છે તે આલેખી, આત્મરક્ષણ માટે અનુરાધાની જેમ એ પણ વિનોદિનીને આત્મહત્યાને પંથે ચઢાવી છે. ત્યાં માત્ર ધર્મભાવના, અને ધાર્મિકભાવના પ્રત્યેની સૂગ, એ બે વચ્ચેનો સંઘર્ષ દાંપત્યજીવનને તોડવામાં કેવો ભાગ ભજવે છે, એ આધુનિક સમસ્યાનું નિરૂપણ છે. તો આધુનિક યુગની જે સ્વેચ્છાવિહારી વૃત્તિઓ છે, તેનું દર્શન ચાંદની તથા અશેષ દ્વારા લગ્નના બંધનને સ્વીકાર્યા વિના, દેહસંબંધમાં રાચતા, યુવકયુવતીઓનાં ચિત્ર એમણે આંક્યાં છે. આ પ્રમાણે એમણે 'સ્વાતંત્ર્યોત્તર કાળની અવ્યવસ્થા, મુક્ત વિહાર,'અને તેને અંગે જીવનની છિન્નભિન્નતાનું દર્શન કરાવ્યું છે એ તો ખરું, પણ એમણે એમની કૃતિઓમાં જે ઉકલ સૂચવ્યો છે તે

એટલો વાસ્તવિક લાગતો નથી. પરીક્ષિત અને અશેષ જે રીતે પોતાનો પરાજય સ્વીકારીને પરંપરાગત મૂલ્યોમાં માનતી પત્નીના દીક્ષિત બની જાય છે એમાં સંભવિતતાના ટકા બહુ ઓછા લાગે છે. માનવ આટલી સહેલાઈથી પોતાની હાર કબૂલ કરતો નથી અને અનુરાધા જે રીતે મોતને શરણે જાય છે તે પણ એટલું સહેલું નથી. લેખકનો ઉદ્દેશ સ્થાપિત મૂલ્યોનો વિજય બતાવવાનો હોઈને અશેષ, અનુરાધા કે પરીક્ષિતનો પરાજય એમની કૃતિમાં અનિવાર્ય બની રહે, પણ વાસ્તવ જીવનમાં એવું બને એમ મન માનતું નથી. વળી આધુનિક યુગમાં વિનોદિની, કાજલ, કે સુમેધા જેવાં પાત્રોને સ્થાન નથી. એ પાત્રો તો; ગઈ પેઢીનાં પાત્રો આ યુગમાં ભૂલાં પડ્યાં હોય એવાં લાગે છે. એ આ યુગનાં સાચા પ્રતિનિધિ પાત્રો નથી. આધુનિક યુગનાં સાચાં પ્રતિનિધિઓ તો છે પ્રેમલ, સુતપા, ચાંદની, ત્રિભુવન, પરીક્ષિત, પટેલ, સ્નેહલતા, કેતન, વગેરે. લેખકે પાત્રોના અચેતન અને અવચેતન મન પર એમણે 'એક્ષ-રે' કિરણોદ્વારા પ્રકાશ નાંખ્યો છે, અને એમાં એમની આધુનિક મનોવિજ્ઞાનની સારી એવી સમજણ છે તેની પ્રતીતિ થાય છે. એમણે આપણાં મનના વહેણની ગતિ બતાવી છે. એ પૂરપાટ, બેફામ ધસારો કરે છે. એને કોઈ નિશ્ચિત દિશા નથી, કોઈ મંજિલ નથી. પ્રત્યેક વહેણ એકબીજા જોડે ટકરાયાં કરે છે, એને પરિણામે સંઘર્ષનો વિસ્તાર વધ્યે જાય છે. વ્યક્તિત્વ છિન્નભિન્ન થતું જાય છે. એટલે અહીં જે દર્શન છે તે પ્રવાહનું છે. એને એઓ સમજી શક્યા છે, શબ્દબદ્ધ કરી શક્યા છે. એનો કોઈ ઈલાજ નથી. એમણે બતાવેલો ઈલાજ—નવમતવાદીઓ, સ્થાપિત મૂલ્યવાદીઓની શરણાગતિ સ્વીકારે—સંભવિત નથી.

શિવકુમારને એક બે વાત કહેવાનું મન થાય છે તે એ કે નવલકથામાં યાત્રાવર્ણનની, તથા 'આભ રૂવે એની નવલખધારે'માં છે તેમ દસ્તાવેજી બ્યાનની ભેળસેળ કથા પ્રત્યેની વફાદારીમાં બાધક નીવડે છે. એ ઓછી કરે, અને આમ તો સંસ્કૃત શ્લોકોનાં અવતરણો, ગીતો, ભજનો, ઇત્યાદિ વાંચવાં ગમે છે, પણ એનો અતિરેક પણ કથનપ્રવાહને ખાળે છે. એની પર પણ અંકુશ મુકાય તો એમની શક્તિ પૂર્ણપણે ખીલી ઊઠે.

આમ છતાં, એમની બધી ઉણપો તથા દોષોની આપણે બાદબાકી કરીએ તોપણ જે શેષ રહે છે, તેની ગુણવત્તા ઊંચા પ્રકારની છે, ને એટલી વજનદાર છે કે એમને સ્વાતંત્ર્યોત્તર કાળના નવલકથાકાર તરીકેનું ઉચ્ચ ને આદરણીય સ્થાન અપાવે.

# ગુર્જર ઇતિહાસ અને સંસ્કૃતિ: કેટલાક વિચારો*

ભોગીલાલ જ. સાંડેસરા

ગુજરાત સંશોધક પરિષદના ઇતિહાસ અને સંસ્કૃતિ વિભાગનું પ્રમુખપદ સ્વીકારવા માટે મને નિમંત્રણ આપવા સારુ ગુજરાત સંશોધન મંડળની કાર્યવાહક સમિતિનો સૌ પહેલાં આભાર માનવાનું મારું કર્તવ્ય સમજું છું. ગુજરાત સંશોધન મંડળના ત્રૈમાસિકનો હમેશાં હું એક ઉત્સુક વાચક રહ્યો છું; આશરે પચીસ વર્ષ પહેલાં, સને ૧૯૪૨માં 'ગુજરાતનાં સ્થળનામો' વિષેનો મારો એક લેખ એ ત્રૈમાસિકમાં પ્રગટ થયા પછી તેમાં અવારનવાર ગુજરાતી–અંગ્રેજી સ્વાધ્યાય–લેખો હું લખતો રહ્યો છું, અને જ્ઞાન અને વિજ્ઞાનનાં અનેક ક્ષેત્રોમાં મંડળે યોજેલાં સંશોધનકાર્યો પાછળનાં ખંત અને કર્તવ્યબુદ્ધિનો એક પ્રશંસક છું. આથી મંડળે મારા કામ પ્રત્યે દર્શાવેલા સદ્‌ભાવથી આનંદ અનુભવું છું.

પરન્તુ એ સાથે મારી મૂંઝવણનો પણ આરંભ થાય છે. ઇતિહાસ અને સંસ્કૃતિનો વિષય જીવનવ્યાપી છે. પ્રચલિત વિદ્યાકીય પરિભાષાનો ઉપયોગ કરીને કહીએ તોપણ, નિદાન સર્વ માનવવિદ્યાઓનો સમાવેશ એમાં થઈ જાય. તો પછી, આ પ્રસંગે રજૂ કરવા જોઈતા વક્તવ્યમાં મારે વિષયપસંદગી શી રીતે કરવી? ગુજરાતના સંશોધકોની આ પરિષદ હોઈ ગુજરાતનાં ઇતિહાસ અને સંસ્કૃતિ વિષે થોડીક વાતો કરવી પ્રસ્તુત થશે એમ સમજું છું. કોઈ સંશોધનાત્મક નિબંધ અહીં રજૂ નહિ કરું. પણ ઐતિહાસિક બળોની અસરો સંસ્કૃતિના વિકાસ ઉપર કેવી રીતે થાય છે એની ચર્ચા પ્રાચીન ગુર્જર દેશના ઇતિહાસમાંથી એકાદ ઉદાહરણ આપીને કરીશ તથા ગુજરાતના ઇતિહાસ અને સંસ્કૃતિના ક્ષેત્રમાં કરવાં જોઈતાં અધ્યયન અને સંશોધનનાં થોડાંક કામો વિષેના મારા ખ્યાલો સંક્ષેપમાં રજૂ કરીશ.

કોઈ પણ દેશ કે પ્રદેશનો ઇતિહાસ, એની સંસ્કૃતિ અને એનો ભાષાવિકાસ એ અનેક રીતે પરસ્પર અસર કરનારાં તત્ત્વો છે અને સાથોસાથ પરસ્પરાવલંબી છે. ગુજરાતનાં ઇતિહાસ, સંસ્કૃતિ અને ભાષા પરત્વે પણ આ વાત સાચી છે. ગુજરાતી સમેત સર્વ ભારતીય આર્ય ભાષાઓનાં નજદીકનાં મૂળ આપણે અપભ્રંશમાં ખોળીએ છીએ. એક સમયે 'અપભ્રંશ' પદનો અર્થ 'અપભ્રષ્ટ શબ્દો' અથવા 'અપભ્રષ્ટ અથવા વિકાર પામેલી ભાષા' એવો થતો હતો; અને સંસ્કૃતથી ભિન્ન એવી લોકપ્રચલિત ભાષાઓ એ નામથી ઓળખાતી હતી. પણ એ તો 'અપભ્રંશ'નો વ્યુત્પત્ત્યર્થ ગણાય. વિદ્વન્માન્ય સંસ્કૃત અને પ્રકૃષ્ટ સાહિત્યિક સ્વરૂપ પામેલી લોકભાષા પ્રાકૃતથી ભિન્ન એવી અપભ્રંશ નામની સામાન્ય લોકબોલી, આશરે હજાર-

---

* વલ્લભ વિદ્યાનગર ખાતે ૨૩, ૨૪, ૨૫ ઑક્ટોબર ૧૯૬૬ના દિવસોમાં મળેલ ગુજરાત સંશોધક પરિષદના પાંચમા અધિવેશનના ઇતિહાસ અને સંસ્કૃતિ વિભાગના પ્રમુખપદેથી આપેલું વ્યાખ્યાન.

બારસો વર્ષ પહેલાં, દૂર દક્ષિણને બાદ કરતાં, બાકીના ભારતની સર્વસ્વીકૃત વ્યવહારભાષા અને 'કાવ્યમીમાંસા'કાર રાજશેખરનો શબ્દપ્રયોગ કરીને કહીએ તો, 'સુભવ્ય' સાહિત્યભાષા બની ચૂકી હતી એ આપણા સાહિત્યિક અને સાંસ્કૃતિક ઇતિહાસની એક શકવર્તી ઘટના છે. અપભ્રંશના મહાકવિઓ ચતુર્મુખ સ્વયંભૂ, ત્રિભુવન સ્વયંભૂ અને પુષ્પદંતની રચનાઓ દક્ષિણે કર્ણાટકમાં થઈ છે, સિદ્ધ સંપ્રદાયના સરહપાદ અને કણ્હપાદે પોતાના અપભ્રંશ 'દોહાકોશ' અનુક્રમે આસામ અને પૂર્વ બંગાળમાં રચ્યા છે, અને બૌદ્ધ તંત્રનો 'ડાકાર્ણવ' નેપાલમાં રચાયો છે. અપભ્રંશના ઉપલબ્ધ સાહિત્યનો મોટો ભાગ ગુજરાત અને રાજસ્થાનનો છે. જૂના સમયમાં અપભ્રંશનું સૌથી પ્રમાણભૂત વ્યાકરણ ગુજરાતના આચાર્ય હેમચન્દ્રે 'સિદ્ધહૈમ શબ્દાનુશાસન'ના આઠમા અધ્યાયમાં આપ્યું છે. પ્રાન્તીય બોલીઓની ઠીક ઠીક અસર હોવા છતાં ભારતના જુદા જુદા પ્રદેશોમાં લખાયેલું જે અપભ્રંશ સાહિત્ય મળે છે તેની ભાષા એક છે. આ વિષયના ઘણા વિદ્વાનો માને છે કે અપભ્રંશનો પાયો ગુજરાત અને રાજસ્થાનની દેશ્ય ભાષામાં છે; એ પાયા ઉપર વિકાસ પામી, સાહિત્યિક ક્ષમતા પ્રાપ્ત કરી, આખાયે આર્ય ભારતમાં અને કેટલાક દાખલાઓમાં તેની યે બહાર શિષ્ટ સાહિત્યરચના માટે અપભ્રંશ પ્રયોજાઈ.

એક પ્રદેશની ભાષા ભારતવ્યાપી કેવી રીતે બની હશે તે શાસ્ત્રીય પર્યેષણાનો પ્રશ્ન છે. વિદ્યા, ધર્મ અને સંસ્કારની સુબદ્ધ ભાષા તરીકે સંસ્કૃત સમસ્ત ભારતમાં સૈકાઓ સુધી વ્યાપી હતી, ભારત બહાર તેણે દિગ્વિજય કર્યો હતો અને આધુનિક સમયમાં પણ તે ગૂઢ જીવંત બળ છે. પરન્તુ એનો તો એક અલગ ઇતિહાસ છે. અર્વાચીન કાળમાં દિલ્હી-મેરઠ આસપાસની ખડી બોલીનો સાહિત્યિક પ્રયોગ આરંભાયો અને હવે તે ભારતવ્યાપી સમવાયભાષા બની રહી છે એનું ઉદાહરણ આપણી સામે છે. વ્રજમંડળની વ્રજ ભાષાએ સમસ્ત ઉત્તર અને પશ્ચિમ ભારતના રાજદરબારોમાં માનભર્યું સ્થાન મેળવ્યું હતું તથા એના મૂળ પ્રદેશની બહાર તે વ્યાપક સાહિત્યિક પ્રયોગ પામી હતી એ નજદીકના ભૂતકાળની ઘટના છે.

તુલનાથી કલ્પી શકાય કે અપભ્રંશને વ્યાપક સ્થાન અને મહત્તા આપનારાં પરિબળો હોવાં જોઈએ. તો એ પરિબળો કયાં? ગુજરાતને નામ આપનાર ગુર્જરોની મૂલ પ્રાકૃત ભાષા આ અપભ્રંશની ઘટનામાં કારણભૂત છે, જ્યારે એનું ભારતવ્યાપી સ્થાન ગુર્જર સામ્રાજ્યને આભારી છે એમ માનવાનું મારું વલણ છે, અને તે આપની વિચારણા માટે હું રજૂ કરું છું. આ વલણને નિશ્ચિત અભિપ્રાયનું સ્વરૂપ આપવા માટે હજી કેટલાંક પ્રમાણો જોઈએ—અને સંભવ છે કે, આ મુદ્દાની અધ્યયનસામગ્રીનું સ્વરૂપ જોતાં એ પ્રમાણો મળે જ નહિ અથવા અલ્પસ્વલ્પ મળે—એટલે મારા વિચારો અહીં સૂચનરૂપે જ આગળ ધરું છું.

સ્વરપ્રક્રિયામાં અપભ્રંશ ઘણુંખરું મહારાષ્ટ્રી પ્રાકૃતને—સંસ્કૃત પછી સાહિત્યિક પ્રયોજન માટે સર્વમાન્ય થયેલી પ્રકૃષ્ટ પ્રાકૃતને—અનુસરે છે, પણ અપભ્રંશનું બાકીનું ઘડતર મહારાષ્ટ્રી કે શૌરસેનીને અનુસરતું નહિ, પણ બીજી કોઈ અજાણી પ્રાકૃતમાંથી આવેલું લાગે છે. આ અજાણી પ્રાકૃત તે ગુર્જરોની ભાષા હોય. પશુપાલક ગુર્જરો સાથે આભીરોનો નિકટનો સંબંધ અથવા એકત્વ મનાય છે. આલંકારિક દંડીએ એના 'કાવ્યાદર્શ'માં आभीरादिगिरः काव्येष्वपभ्रंश इति स्मृताः ('આભીર વગેરેની બોલીઓ કાવ્યોમાં—કાવ્યરચનામાં અપભ્રંશ કહેવાય છે') એવો ઉલ્લેખ કર્યો છે તે આ રીતે સૂચક છે.

મધ્યકાલીન ભારતમાં રાજકીય દૃષ્ટિએ પ્રબળ અને સાંસ્કૃતિક દૃષ્ટિએ સમર્થ ગુર્જર સામ્રાજ્યો થયાં છે, પણ એનાં પાટનગરો બદલાતાં રહ્યાં છે તથા કેટલીક વાર તો સમસામયિક બે પાટનગરો વચ્ચે સતત વિગ્રહો ચાલતા રહ્યા છે. આથી ગુર્જર સંસ્કૃતિના સાતત્ય પ્રત્યે ઇતિહાસકારોનું પૂરતું ધ્યાન ગયું લાગતું નથી. એ સમયના ગુર્જર દેશની અને ગુર્જર સામ્રાજ્યોની વાત કરતાં ગુજરાતની વર્તમાન સીમાઓ ભૂલી જવી જોઈએ. શ્રીમાલ–ભિન્નમાલ અને કનોજ એ બે ગુર્જર સામ્રાજ્યનાં પ્રાચીનતર કેન્દ્રો હતાં—એક રાજસ્થાનમાં અને બીજું ઉત્તર પ્રદેશમાં. એ સમયમાં સમ્રાટો અને તેમના માંડલિકોના દરબારો તથા એ દરબારો સાથે જોડાયેલા કવિપંડિતો સાહિત્ય અને વિદ્યાના પ્રચારમાં મહત્ત્વના સાધનરૂપ હતા. બળવાન ગુર્જર–પ્રતિહાર સામ્રાજ્ય પણ રાજદરબારની બોલીના સાહિત્યિક પ્રયોગને ઉત્તેજન અને વેગ આપવામાં સક્રિય બન્યું હોય તો એમાં આશ્ચર્ય જેવું નથી. શ્રીમાલ પાસેના જાલોરમાં પ્રાકૃત મહાકથા 'કુવલયમાલા' (ઇ. સ. ૭૭૮) રચનાર ઉદ્યોતનસૂરિએ અપભ્રંશની આત્મીયતાપૂર્વક પ્રશંસા કરી છે અને અપભ્રંશ સાહિત્યિક ગદ્યનો પ્રાચીનતમ ઉપલબ્ધ નમૂનો આપ્યો છે. રાજાના કવિસમાજમાં અપભ્રંશના કવિઓનું માનાસ્પદ સ્થાન, કનોજના ગુર્જર–પ્રતિહાર રાજા મહેન્દ્રપાલના ગુરુ રાજશેખરે (ઈ. સ. ૮૮૦–૯૨૦) એની 'કાવ્યમીમાંસા'માં નિર્દેશ્યું છે. મિથિલા અને બંગાળના કવિઓ પણ પોતાની સ્થાનિક બોલી છોડીને 'અવહટ્ઠ' (સં. अपभ्रष्ट)માં કાવ્યરચના કરતા એ વસ્તુનો ખુલાસો બીજી રીતે આપી શકાય એમ નથી. આ રીતે પ્રતિષ્ઠિત બનેલી કવિભાષા પછી આર્યભારતમાં સર્વત્ર પ્રસરી એ હકીકત, ઉપલબ્ધ અપભ્રંશ સાહિત્યકૃતિઓ દ્વારા, એવી તો પ્રત્યક્ષ છે કે એ માટે બીજા કોઈ પુરાવા આપવાની જરૂર નથી.

શ્રીમાલ અને કનોજ પછી ગુર્જરોનાં વિખ્યાત પાટનગરો બે—પશ્ચિમ ભારતમાં ચૌલુક્ય અથવા સોલંકી વંશનું અણહિલવાડ પાટણ અને મધ્ય ભારતમાં પરમાર વંશનું ધારાનગર. ગુજરાતમાં મૂલરાજ, સિદ્ધરાજ જયસિંહ અને કુમારપાલ જેવા તથા માળવામાં મુંજ અને ભોજ જેવા પ્રતાપી અને વિદ્યાપ્રેમી રાજવીઓ થઈ ગયા. બંનેય કેન્દ્રોની રાજકીય મહત્ત્વાકાંક્ષાઓ પરસ્પર વિરોધી હોવા છતાં બંનેયના સાંસ્કૃતિક, ધાર્મિક અને સાહિત્યિક પ્રવાહો સમાન્તર જ નહિ, સર્વથા એક હતા; અને તે સમયનું બંનેનું લોકભાષાનું માધ્યમ પણ, બોલીગત ફેરફારોને બાદ કરતાં, એક હતું. કદાચ એ જ કારણથી, અપભ્રંશની સૌથી વધારે ઉપલબ્ધ રચનાઓ આ પ્રદેશની છે. જે લોકભાષા હોય તે જ કવિભાષા હોય એ લાભ સાહિત્યપ્રણેતા માટે જેવો તેવો નથી. ખાસ નોંધપાત્ર વસ્તુ એ છે કે અપભ્રંશમાં કાવ્યરચનાની પ્રણાલિ આ પ્રદેશમાં પ્રમાણમાં અર્વાચીન કાળ સુધી—સોળમા સત્તરમા સૈકા સુધી ચાલુ રહેલી છે.

હમણાં કહ્યું તેમ, વ્યાપક સાહિત્યિક અપભ્રંશ કેટલીક વાર 'અવહટ્ઠ' કે 'અવિહટ્ઠ' તરીકે ઓળખાતી. સરહપાદના 'દોહાકોશ'ના ટીકાકાર અદ્વયવજ્રે (ઈ. સ. ૧૩૦૦ પહેલાં) એ કૃતિની ભાષાને 'અવહટ્ઠ' કહી છે અને ચૌદમા સૈકાનો મિથિલાનો રાજકવિ વિદ્યાપતિ પ્રશસ્તિ-કાવ્ય 'કીર્તિલતા'ની ભાષાને 'અવહટ્ઠા' કહે છે. એ બતાવે છે કે પ્રસ્તુત સન્દર્ભમાં 'અવહટ્ઠ' નામ નિદાન ચૌદમા–પંદરમા સૈકા સુધી ઓછાવત્તા પ્રમાણમાં પ્રચલિત હતું.

પણ પછીના સમયમાં, 'અવહટ્ઠ' નામ, ખાસ તો, વ્યાપક અપભ્રંશના એક વિશિષ્ટ દરબારી સ્વરૂપ માટે વપરાયું છે. ગુજરાતી સાહિત્યના અભ્યાસીઓ માટે એનો સૌથી પરિચિત

નમૂનો તે ઇડરના રાજકવિ શ્રીધર વ્યાસનો 'રણમલ્લ છંદ' (ઈ. સ. ૧૪૦૦ આસપાસ) છે. રાજ્યાશ્રિત પ્રશસ્તિકાવ્યોની ભાષા અવહટ્ટ નામે ઓળખાય છે. સૌરાષ્ટ્રની ચારણી કાવભાષા અને રાજસ્થાનનાં વીરરસિક કાવ્યોની 'ડિંગલ' કે 'ડિંગળ' એ વ્યાપક અપભ્રંશનાં તળપદાં રૂપો (Vernacularized forms) છે. ચાલુ ભાષાના શબ્દપ્રયોગો સાથે એમાં ઠીક છૂટછાટ લીધેલી જોવામાં આવે છે. કેટલાક અભ્યાસીઓ માને છે કે એ સદંતર કૃત્રિમ કવિભાષાઓ છે. પ્રશસ્તિપ્રધાન રચનાઓમાં ચોક્કસ ધાટીઓ અને પ્રણાલિકાઓને કારણે નિરૂપણના ચીલાચાલુ-પણા સાથે કોઈ ભાષાગત કૃત્રિમતાઓ પ્રવેશે એ શક્ય છે; પણ માનવામાં આવે છે તેમ, થોડાક દરબારી કવિઓ કે ચારણો કોઈ કૃત્રિમ ભાષા ઊભી કરી દે એ અસંભવિત છે. એના અધઃસ્તરમાં કોઈ બોલીનો પાયો તો હોવો જોઈએ, જેના ઉપર પ્રસ્તુત કવિભાષા ટકી શકે. એ બોલી કોની હશે? જે ગુર્જર પ્રજાની કથ્ય ભાષા વ્યાપક અપભ્રંશના આધારરૂપ હશે એની જ કોઈ ટોળી કે ટુકડીની એ બોલી હોવી ઘટે એવો મારો તર્ક છે. એ બાબતમાં વિશેષ માહિતીની અપેક્ષા રહે છે. અહીં તો મારું કથયિતવ્ય એટલું જ છે કે અવહટ્ટ, ચારણી ભાષા કે ડિગલ કેવળ કૃત્રિમ ભાષાઓ હોઈ શકે નહિ.

ગુર્જર પ્રજા વાયવ્ય સરહદથી પંજાબમાં થઈ ભારતના અન્ય પ્રદેશોમાં પ્રસરી. એની કેટલીક ટોળીઓ રાજસ્થાનમાં સ્થિર થઈ અને ત્યાંથી આગળ વધી ગુજરાતમાં પ્રવેશી. બીજી કેટલીક ટોળીઓ પંજાબથી મત્સ્ય પ્રદેશ અને માળવામાં થઈ પૂર્વ દિશાએથી ગુજરાતમાં દાખલ થઈ. 'ગુજરાત' અર્થાત્ ગુર્જરોના યાયાવર સમૂહોના કાયમી વસવાટને કારણે આપણા પ્રદેશનું 'ગુજરાત' નામ સ્થિર થયું. ખાસ કરીને પંજાબ અને વાયવ્ય સરહદ તરફનાં ગામોનાં નામ સાથે ગુજરાતનાં સ્થળનામોનું ધ્યાન ખેંચતું સામ્ય છે. જેમ કે, અફઘાનિસ્તાનનું કંદહાર (સં. गान्धार) અને ગુજરાતનું ગંધાર, પંજાબનું સિયાલકોટ અને ગુજરાતનો સિયાલબેટ, પંજાબનું અંબાલા અને ગુજરાતમાં ચાણાસ્મા પાસેનું અંબાડા તથા પાદરા પાસેનું અંબાડા, કાશ્મીરનું શ્રીનગર અને પોરબંદર પાસેનું શ્રીનગર, રોહતક પાસેનું યૌધેયોનું પ્રાચીન પાટનગર બહુધાન્યક અને ગુજરાતમાં કામરેજ પાસેનું બહુધાન, પંજાબનાં ગુજરાંવાલા, ગુજરાત, જિલ્લા ગુજરસિંગ અને આપણાં ગુજરાત (પ્રાન્ત) અને ગોજારિયા (ગુજરિયા) વગેરે સામ્યો ખૂબ સૂચક છે. આ સ્થળનામોને ગુર્જરોના સ્થળાંતર સાથે સંબંધ હોવો જોઈએ. આપણા રાજપૂત, ખેડૂત અને કારીગર વર્ગમાં જેમની વસ્તી મોટા પ્રમાણમાં છે એ ગુર્જરોની મૂળ ભાષા કેવી હશે અને એમનું શબ્દભંડોળ ગુજરાત અને રાજસ્થાનની મારુ-ગુર્જર ભાષામાં કેટલે અંશે સ્વીકારાયું હશે એ ચોક્કસ કહી શકાય એમ નથી; પણ ખાસ કરીને પશુપાલન, ખેતી, શસ્ત્રાસ્ત્રો, કારીગરી અને પશુપક્ષિસૃષ્ટિને લગતા કેટલાયે શબ્દો (જેને આપણે ઘણુંખરું 'દેશ્ય' અર્થાત્ અજ્ઞાત મૂળના ગણી કાઢીએ છીએ) એમની પાસેથી આવ્યા હશે. ગુર્જરોની ભાષાના શબ્દોનું એક નાનું સરખું ભંડોળ પણ નિશ્ચિતપણે એકત્ર કરી શકાય એવા પુરાવા કદાચિત્ પ્રાપ્ત થાય તો ભાષા, ઇતિહાસ તેમ જ સંસ્કૃતિ ઉપર એથી નવો પ્રકાશ પડે એમાં સંશય નથી.

ગુર્જર ઇતિહાસ અને સંસ્કૃતિના અધ્યયનમાં આપણે ગુજરાત અને રાજસ્થાન—નિદાન પશ્ચિમ રાજસ્થાન અને મેવાડને એકમ ગણવું જોઈએ તે સાથે આ પ્રદેશોના માળવા સાથેના સંબંધને પણ ધ્યાનમાં રાખવો જોઈએ. એક ઉદાહરણથી આ વાત સ્પષ્ટ કરું. પંદરમા સૈકામાં

થયેલ મેવાડના કુંભારાણા અથવા કુંભકર્ણ એક પ્રતાપી અને વિદ્વાન રાજવી તરીકે પ્રસિદ્ધ છે. વિવિધ વિદ્યાશાખાઓના અનેક સંસ્કૃત ગ્રન્થોનો તે કર્તા ગણાયો છે, પણ જયદેવના 'ગીત-ગોવિન્દ' ઉપરની 'રસિકપ્રિયા' નામની તેની ટીકા સાહિત્યરસિકોમાં સૌથી વધુ જાણીતી છે. કુંભારાણાએ પોતાના સમયની લોકભાષામાં કરેલા 'ગીતગોવિન્દ'ના ગદ્યાત્મક અનુવાદની વિરલ હસ્તપ્રત રાજસ્થાન સરકાર-સંચાલિત, રાજસ્થાન પુરાતત્ત્વ મન્દિર, જોધપુરને હમણાં મળી છે અને એ સંસ્થાના અધ્યક્ષ આચાર્યશ્રી જિનવિજયજીએ ત્યાંની ગ્રન્થમાળા માટે એનું સંપાદન કરવા માટે મને સૂચન કર્યું છે. એમાં मेदपाटभाषया—મેવાડની ભાષામાં પોતે આ ગદ્યાનુવાદ કરે છે એમ કુંભારાણાએ કહ્યું છે. એ સમયના ગુજરાતી ગદ્યનો જે વિપુલ ગ્રન્થરાશિ આપણી પાસે છે એની સાથે તુલના કરતાં 'ગીતગોવિન્દ'ના અનુવાદની આ ભાષામાં થોડાક સ્થાનિક ભેદો જ જણાય છે. આ પ્રદેશમાં ભાષાની પ્રવર્તમાન એકતાનું જ એમાં દર્શન થાય છે. ચિતોડના કિલ્લા ઉપર કુંભારાણાએ બાંધેલ કીર્તિસ્તંભ, જેને ઇતિહાસકાર અને કલાકોવિદ વિન્સેન્ટ સ્મિથે 'ભારતીય સ્થાપત્યના સચિત્ર કોશ' તરીકે ઓળખાવ્યો છે એનો સ્થપતિ મંડન (માંડણ) નામે મહાન સૂત્રધાર હતો. મંડનના પિતા ખેતાજી પાટણના વતની હતા અને મેવાડ રાજ્યના નિમંત્રણથી ચિતોડમાં આવી વસ્યા હતા. ભારતીય કલાના વિશાળ ક્ષેત્રમાં ગુજરાત અને રાજસ્થાનનાં શિલ્પ-સ્થાપત્યની શૈલી વિશિષ્ટ એકતા ધરાવે છે; એક જ પરિપાટી તરીકે એનો અભ્યાસ આવશ્યક છે એ તજ્જ્ઞોને સુવિદિત છે. પરન્તુ એની વિગતવાર ચર્ચા એ એક જુદો વિષય છે.

મધ્યકાળમાં મારુ-ગુર્જર પ્રદેશની ભાષાકીય અને સાહિત્યિક એકતા એક નિશ્ચિત હકીકત હોઈ તથા આ પ્રદેશમાં રચાયેલી સેંકડો સાહિત્યકૃતિઓની હસ્તપ્રતો એના સમર્થનમાં વિદ્યમાન હોઈ અભ્યાસીઓએ તો એનો સર્વત્ર સ્વીકાર કર્યો છે. ડૉ. ટેસિટરીએ જેને જૂની પશ્ચિમ રાજ-સ્થાની કહી છે તે જ આપણી જૂની ગુજરાતી છે. મારા જેવા અનેકોની દૃષ્ટિએ આ વાતનું ચર્વિતચર્વણ અનાવશ્યક છે. પણ ખાસ કરીને આપણી સ્વાતંત્ર્યપ્રાપ્તિ પછી બલવત્તર બનેલાં કેટલાંક ભાષાકીય વલણોને ધ્યાનમાં લેતાં, બીજા દૃષ્ટિબિન્દુથી એની વિચારણા મને જરૂરી લાગે છે. ગુજરાત અને રાજસ્થાનના જૂના સાહિત્યને 'હિન્દી' અથવા 'જૂની હિન્દી' તરીકે ઓળખાવ-વાની પ્રવૃત્તિ વિસ્તરતી જાય છે એમાં વિદ્યાકીય પ્રામાણિકતાનો અંશ પણ નથી એમ નમ્રતાથી કહેવું જોઈએ. હિન્દીના નવા વિદ્યાર્થીઓ અને વાચકોમાં એ વલણ ગતાનુગતિકતાથી ફેલાતું જાય છે. વારંવાર કહેવામાં આવે છે તેમ, રાજસ્થાની એ હિન્દીની બોલી નથી; ગુજરાતી તો નથી જ. (જોકે હિન્દીના એક પ્રાધ્યાપકે લખેલા પુસ્તકમાં ગુજરાતી એ હિન્દીની બોલી હોવાનું સ્પષ્ટ કથન મેં જોયું હતું!) ઓગણીસમી સદી સુધી રાજસ્થાનનું સાહિત્ય ગુજરાતી જેટલું—અનેક રાજ-દરબારોના આશ્રયને કારણે કદાચ તે કરતાં યે વિશેષ—સમૃદ્ધ હતું; અર્વાચીન કાળમાં રાજસ્થાનીનું સાહિત્યિક ખેડાણ અટકી જવાને લીધે તથા શિક્ષણ અને જાહેર જીવનની ભાષા હિન્દી બનવાને કારણે રાજસ્થાની ભાષા કરમાઈ રહી છે અને અપર્યાપ્ત પોષણનું જે સ્વાભાવિક પરિણામ આવે તે ધીરે ધીરે આવી રહ્યું છે. ખડી બોલી ઉપર રચાયેલી હિન્દી –આઅંતવાળી છે, જ્યારે પ્રાચીન શૂરસેન પ્રદેશ(વ્રજમંડળ)ની વ્રજ, મારવાડી અને ગુજરાતી –ઓઅંતવાળી છે, અને ભાષાના અભ્યાસમાં તો આ ભેદ બહુ મહત્ત્વનો છે. (ગુજરાતમાં જૂના સમયમાં રચાયેલું 'હિન્દી' સાહિત્ય મોટે ભાગે વ્રજ ભાષાનું છે). સંશોધન એટલે સત્યનું શોધન. સંશોધકોનું કર્તવ્ય છે કે

તેમણે તથ્યોની તપાસ કરીને સત્યની પ્રતિષ્ઠા કરવી. હિન્દીના વિદ્વાનોને મારી વિનંતી છે કે 'હિન્દી' શબ્દનું ભૂતકાળમાં આરોપણ (Projection) ન કરો. બસો વર્ષ પૂર્વેના કોઈ ગ્રન્થમાં આ ભાષા માટે 'હિન્દી' શબ્દનો પ્રયોગ હોય તો તે જોવા અને જાણવા માટે હું ઉત્સુક છું. (જાયસી વગેરે મુસલમાની કવિઓની ભાષા માટે 'હિન્દવી' પ્રયોગની આ વાત નથી.) મારુ–ગુર્જર ફાગુઓ અને રાસાઓ તે હિન્દી, તુલસીદાસની અવધી તે હિન્દી, વિદ્યાપતિની પરંપરાના કવિઓની મૈથિલી તે હિન્દી, અને રીતિકાળના કવિઓની વ્રજ તે પણ હિન્દી? એને પરિણામે તો વિદ્યાર્થીઓ અને અભ્યાસીઓ માટે ભ્રમ જ ઊભો થાય છે, સત્યનો અપલાપ થાય છે અને વિદ્યાને, હિન્દીને કે દેશને કોઈ લાભ થતો નથી. થાય પણ કેવી રીતે? ઉત્તર ભારતની એક યુનિવર્સિટીએ હિન્દીના ઐતિહાસિક વ્યાકરણની વિશાળ યોજના તૈયાર કરી છે; એના સંયોજકને મેં કહ્યું હતું કે આ યોજનાનો પ્રારંભ કરતાં પહેલાં તમારે હિન્દીનું લક્ષણ બાંધવું પડશે, કઈ હિન્દીનું વ્યાકરણ ઐતિહાસિક ક્રમે આપવાના છો એ સ્પષ્ટ કરવું પડશે, કેમ કે આ પ્રશ્ન કેવળ સાહિત્યિક સમાલોચનાનો નથી. ડૉ. દયાનંદ શ્રીવાસ્તવે 'સિન્ટેક્સ ઑફ હિન્દી પ્રોઝ' ('હિન્દી ગદ્યનો અન્વય') એ ગ્રન્થમાં છેલ્લાં સો વર્ષનો સમય લીધો છે એ ઉચિત છે. ગુજરાત, રાજસ્થાન, મિથિલા વગેરેની સમૃદ્ધ ભાષા અને સેંકડો વર્ષની સાહિત્યપરંપરા હતી એ સ્વીકારો અને તેનો અભ્યાસ કરો. આ પ્રશ્ન હિન્દીનું માહાત્મ્ય ગાવાનો નથી, હિન્દીનું તેમ જ હિન્દનું સાંસ્કૃતિક સામર્થ્ય વધારવાનો છે. સમસામયિક ઇતિહાસના આંચકા લાગવા છતાં હિન્દી જતે દિવસે ભારતની સમવાયભાષા બનશે એ નિશ્ચિત છે; વ્યવહારભાષા તો એ છે જ; પણ આ કામો તેની પાસે કાર્યક્ષમ રીતે કરાવવા માટે તેના સાહિત્યનો જન્મ સૈકાઓ પહેલાં કલ્પવો અથવા બીજાં ભાષાસાહિત્યોને એનાં આનુષંગિક કે ખંડિયાં માનવાં એ અયોગ્ય છે. એમ કરવું એ, ખરેખર તો, રાષ્ટ્રિય કુસેવા છે. આપણી સમવાયભાષા માટે, બીજી રાષ્ટ્રિય ભાષાઓની તુલનાએ, લઘુવયસ્ક હોવું એ કોઈ પણ રીતે નાનમરૂપ નથી. હકીકતમાં, આ વસ્તુસ્થિતિ એના સમન્વિત રાષ્ટ્રવ્યાપી વિકાસની ગંગોત્રી બની શકે.

* * *

ગુજરાતના બૃહદ્ ઇતિહાસની રચના વિષે જુદા જુદા પ્રસંગે વિચારણા થાય છે. એની એક યોજના પ્રો. કેશવલાલ કામદારે તૈયાર કરી હતી અને તે ગુજરાત સંશોધન મંડળના ત્રૈમાસિકના ડિસેમ્બર ૧૯૪૧ના અંકમાં છપાઈ છે. મંડળની અમદાવાદ શાખાના માનાર્હ નિયામક શ્રી. કેશવરામ કા. શાસ્ત્રીએ કેટલાક સમય પહેલાં એ યોજના તાજી કરી છે. આવી વિશાળ યોજના અનેક સંસ્થાઓ અને વિદ્વાનોના સહકારથી અમલમાં મૂકી શકાય તેમ જ એ માટે ગુજરાત રાજ્ય સરકારની પૂરી આર્થિક સહાય જોઈએ. પણ ઇતિહાસ સાધનોને આધારે લખાવાનો. આથી ઇતિહાસનાં નવાં અને અજ્ઞાત સાધનોની શોધ ચાલુ રહેવી જોઈએ. ધારો કે બૃહદ્ ઇતિહાસ રચાઈને પ્રગટ થઈ ગયો હોય તોપણ નવાં સાધનોની—હકીકતોની શોધ અને જ્ઞાત હકીકતોનું નવું અર્થદર્શન અને સંયોજન સતત ચાલુ રહેશે. પણ અત્યારે તો એ બૃહદ્ ઇતિહાસનાં સાધનોની શોધ, સંગ્રહ અને અર્થઘટન બધી રીતે આવશ્યક છે. આ દૃષ્ટિએ ગુજરાતના ઇતિહાસ અને સંસ્કૃતિના સંશોધન પરત્વે થવાં જોઈતાં કેટલાંક કામોનો નિર્દેશ કરીશ.

ઇતિહાસનાં બીજાં સાધનો જે યુગો માટે મળતાં નથી, જ્યાં ભાષાશ્રયી પુરાતત્ત્વ

( Linguistic Palaeontology ) પણ ખાસ ઉપયોગી થતું નથી એ સમયના અભ્યાસ માટે આર્કિયોલોજીની સ્થળતપાસ અને ઉત્ખનનને પરિણામે મળેલા **પ્રત્યક્ષ** અવશેષો કામ આવે છે. સને ૧૯૫૫માં નડિયાદ ખાતે ગુજરાતી સાહિત્ય પરિષદના ૧૯મા અધિવેશનમાં પુરાતત્ત્વ-સંશોધન વિભાગના પ્રમુખસ્થાનેથી, ગુજરાતના ઇતિહાસને કેન્દ્રમાં રાખી, આ વિષે પૂરતી ચર્ચા મેં કરી હતી, તેની અહીં પુનરાવૃત્તિ નહિ કરું. એ ઉપરાંત થોડાંક સૂચનો કરીશ અને કેટલીક વિગતો નોંધીશ.

૧૯૬૨માં અમદાવાદમાં ગુજરાત સંશોધક પરિષદના ચોથા અધિવેશનના પુરાતત્ત્વ-સંશોધન વિભાગના અધ્યક્ષીય વ્યાખ્યાનમાં ડૉ. હસમુખ સાંકળિયાએ ચૌલુક્ય યુગ પરત્વે કહ્યું છે, "કમનસીબે, સાહિત્યમાં દટાયેલી સંસ્કૃતિને અનુમોદન આપતી, આ કાળના જીવનને આલેખવાને પુરાતત્ત્વ–સામગ્રી બહુ ઓછી છે. મન્દિરોના, વાવોના અને તળાવોના અવશેષો સિવાય બીજાં કંઈ સાધનો નથી. આ સમયનું એક પણ શહેર શાસ્ત્રીય રીતે ખોદાયું નથી, એટલે આ સમયની નગરરચના, ઘરો, માટીનાં અને અન્ય વાસણો, બાળકોનાં રમકડાં કેવાં હતાં એ આપણે જાણતા નથી." આ દૃષ્ટિએ, તત્કાલીન ગુજરાતના રાજકીય, વેપારી અને સાંસ્કૃતિક કેન્દ્ર અણહિલવાડ પાટણના વ્યવસ્થિત ઉત્ખનન ઉપર હું ભાર મૂકું. આશ્ચર્યની વાત એ છે કે એ સ્થાને સહસ્રલિંગ સરોવરના ખોદકામ સિવાય પુરાતત્ત્વીય ઉત્ખનનનું કોઈ પણ કામ થયું નથી; અને સહસ્રલિંગનું ખોદકામ પણ ભૂતપૂર્વ વડોદરા રાજ્યના સમયમાં થયું હતું. પાટણના ઉત્ખનનમાં સરળતા એ છે કે ચૌલુક્ય યુગનું પાટણ વસવાટની દૃષ્ટિએ ત્યજાયેલું સ્થાન છે; એનો થોડોક જ ભાગ નવા પાટણના વસવાટવાળા વિસ્તાર સાથે ભેળસેળ પામેલો છે. હાલના પાટણના કનસડા દરવાજાની બહાર, પશ્ચિમે આશરે દોઢ માઈલ દૂર આવેલું અનાવાડા નામનું નાનું ગામ એ જ ઇતિહાસપ્રસિદ્ધ અણહિલવાડનો દરિદ્ર અવશેષ છે. અલાઉદ્દીન ખિલજીના સૈન્યે ઈ. સ. ૧૩૦૪માં પાટણનો કબજો લીધા પછી, માત્ર અગિયાર વર્ષે, ઈ. સ. ૧૩૧૫ ( સં. ૧૩૭૧ )માં રચાયેલ અંબદેવસૂરિકૃત 'સમરારાસ'માં નવા પાટણનો સ્પષ્ટ નિર્દેશ છે ('**નવય પાટણિ** નવઉ રંગુ અવતારિઉ', ભાષા ૫, કડી ૬ ), એ ઉપરથી અનુમાન થાય છે કે વિજેતાઓની છાવણીની આસપાસ નવું નગર વિકસવા માંડયું હતું. શ્રી. કનૈયાલાલ ભાઈશંકર દવેએ પ્રગટ કરેલા, ઈ. સ. ૧૪૦૭ ( સં. ૧૪૬૩ )ના એક સંસ્કૃત દસ્તાવેજમાંથી ( ગુજરાત સંશોધન મંડળનું ત્રૈમાસિક, એપ્રિલ ૧૯૪૯ ) જાણવા મળે છે કે અણહિલ્લપત્તનમાં અર્થાત્ જૂના પાટણમાં વસતા એક નાગરિકે नव्यपत्तनमध्ये मणीयारहट्टीसमीपे ( નવા પાટણમાં હાલના મણિયારી પાડા પાસે ) બાંધેલું પોતાનું મકાન ગિરો મૂક્યું હતું. જૂના પાટણની અવનતિ અને નવા પાટણનો રાજકીય અને બીજાં કારણોએ વિકાસ એ સમસામયિક ઘટના હતી; અમુક વખતે જૂનાં અને નવાં બંને નગરોની સમકક્ષ આબાદી પણ હશે. અહીં કહેવાનું મુખ્ય તાત્પર્ય એ છે કે પાટણ જેવા સમૃદ્ધ ઐતિહાસિક નગરનું ઉત્ખનન સાહિત્યિક માહિતી સાથે ભૌતિક અવશેષોના સંયોજન માટે વિપુલ સામગ્રી પૂરી પાડશે એમાં શંકા નથી. ગુજરાતનાં જૂનાં શહેરોની નગરરચના થોડાં વર્ષ પહેલાંનાં પાટણ, અમદાવાદ, સૂરત વગેરેના જૂના વિસ્તારો જેવી હશે એમ આપણે માનીએ છીએ, પણ એનો પ્રત્યક્ષ ખ્યાલ જૂના પાટણના ઉત્ખનનથી જ આવશે. કાલિકા માતાના મન્દિરની પાછળ ચૌલુક્યયુગીન પાટણની રાજગઢીનો ટીંબો વસવાટ વિનાનો ખેતરાઉ વિસ્તાર છે, એનું ખોદકામ

સમકાલીન ઐતિહાસિક કાવ્યોમાંથી જણાતી અનેક વિગતોની પૂર્તિ કરશે અને તેમના સમુચિત અર્થદર્શનમાં સહાય કરશે. આસપાસનાં ખેતરોમાં માઈલો સુધી મકાનોના પાયા છે. એમાં વચ્ચે વચ્ચે રાજમાર્ગોની નિશાનીઓ હજી સ્પષ્ટ છે. અનાવાડાની પશ્ચિમે બે માઈલ દૂર વડલી ગામે જૂના પાટણનો ઘીકાંટો હતો એવી અનુશ્રુતિ છે. બજારોના સંભવિત વિસ્તારોમાં ખોદકામ થાય અને એને પરિણામે તત્કાલીન સિક્કા ઓછાવત્તા પ્રમાણમાં પણ મળે તો ગુજરાત અને ભારતના મધ્યકાલીન ઇતિહાસમાં એ મોટી શોધરૂપ ગણાય. એ સમયના ગુજરાતનો વેપારવણજ આબાદ હતો એ નિર્વિવાદ છે અને સિક્કા તથા નાણાવટના સાહિત્યિક ઉલ્લેખો પુષ્કળ છે છતાં (સિદ્ધરાજ જયસિંહના થોડાક અણઘડ સિક્કાના અપવાદ સિવાય) ચૌલુક્યયુગીન સિક્કાઓ જોવા જ મળ્યા નથી, એ સ્થિતિ ગુજરાતના જૂના પાટનગરના પસંદ કરેલા વિસ્તારોમાં પ્રયોગાત્મક ઉત્ખનનોથી દૂર થવા સંભવ છે. પાટણ વસાવનાર વનરાજ ચાવડાના પૂર્વજોની ઠકરાતના મુખ્ય સ્થાન પંચાસરની આસપાસ ઉત્ખનન પણ તત્કાલીન સિક્કાઓની પ્રાપ્તિ માટે તેમ જ બીજી અનેક રીતે ફલપ્રદ થાય એ શક્ય છે. ગુજરાતના સમગ્ર ઇતિહાસમાં પાટણનું મહત્ત્વ જોતાં ત્યાં રાજ્ય સરકાર દ્વારા એક પુરાતત્ત્વીય મ્યૂઝિયમની વહેલી તકે સ્થાપના આવશ્યક છે.

ઉત્તર ગુજરાતના તીર્થધામ શામળાજી પાસે દેવની મોરી ગામની સીમમાં, ભોજરાજાની ટેકરી તરીકે ઓળખાતા ટીંબામાંથી ક્ષત્રપકાળનો આખો બૌદ્ધ સ્તૂપ નીકળ્યો અને તેમાંથી સ્વયં ભગવાન બુદ્ધના અવશેષવાળો, ઉત્કીર્ણ લેખયુક્ત સમુદ્ગક મળ્યો એથી ગુજરાતના ધાર્મિક ઇતિહાસ ઉપર નવો પ્રકાશ પડ્યો છે અને એ કાળે ગુજરાત, જૈન ધર્મની જેમ, બૌદ્ધ ધર્મનું પણ મોટું કેન્દ્ર હતું એમ દર્શાવતા પ્રાચીન સાહિત્યિક પુરાવાઓને સબળ અનુમોદન મળ્યું છે. આ વિષયની વિગતવાર ચર્ચા ડૉ. ઉમાકાન્ત શાહે 'ગુજરાતમાં બૌદ્ધધર્મ' ('સ્વાધ્યાય', પુ. ૧, અંક ૩, મે ૧૯૬૪) એ નામના વિસ્તૃત લેખમાં કરી છે. દેવની મોરી ખાતે સને ૧૯૬૦ થી ૧૯૬૩ સુધી થયેલાં ઉત્ખનનનો વિગતવાર સચિત્ર અહેવાલ આપતું ડૉ. રમણલાલ નાગરજી મહેતા અને ડૉ. સૂર્યકાન્ત ચૌધરીનું હમણાં પ્રગટ થયેલું અંગ્રેજી પુસ્તક તજ્જ્ઞો તેમ જ સામાન્ય પુરાતત્ત્વરસિકો માટે એકસરખું ઉપયોગી છે. શામળાજીમાં ઉત્ખનન કરવા લાયક ખાલી જગાઓમાં નવાં મકાનો ઊભાં થાય છે, તેથી પસંદ કરેલાં સ્થળોએ વેળાસર કામ કરવામાં આવે તો ગુજરાતમાં ધર્મ, સંસ્કૃતિ અને કળાના ઇતિહાસની કેટલીક ખૂટતી કડીઓ મળી શકે.

સૌરાષ્ટ્રમાં જૂનાગઢ અને આજુબાજુના ટીંબાઓ, સૂર્યપૂજાનું કેન્દ્ર થાન (જે સાંસ્કૃતિક ઇતિહાસની દૃષ્ટિએ પંજાબમાંના સૂર્યપૂજાના કેન્દ્ર મૂલ સ્થાન—મૂલતાન સાથે જોડાયેલું છે), અને દક્ષિણ ગુજરાતમાં કામરેજ આદિ સ્થળો ઉત્ખનન યોગ્ય છે. મધ્ય ગુજરાતમાં વડોદરા પાસેનું કારવણ જે પાશુપત સંપ્રદાયના આદિપુરુષ ભગવાન લકુલીશનું જન્મસ્થાન ગણાય છે (પાશુપત સંપ્રદાયનો એકમાત્ર ઉપલબ્ધ મૂલગ્રન્થ ભાસર્વજ્ઞકૃત 'ગણકારિકા' ગાયકવાડ્ઝ ઓરિયેન્ટલ સિરીઝ, ગ્રન્થાંક ૧૫ તરીકે પ્રસિદ્ધ થયેલો છે) ત્યાં વિશેષ ઉત્ખનન ફળદાયક થશે એમ અત્યાર સુધી થયેલી કેટલીક તપાસનાં પરિણામો ઉપરથી જણાય છે. રાજપીપળાના ડુંગરાળ પ્રદેશમાં તેમજ વાંસદા-ધરમપુર આસપાસ તથા ડાંગના પ્રદેશમાં સ્થળતપાસ અને ઉત્ખનન કરવા જેવાં છે. ત્યાંના પર્વતીય પ્રદેશોમાં, આ પહેલાં અજ્ઞાત રહેલી ગુફાઓ મળે એ સંભવ કાઢી નાખવા જેવો નથી. ઝગડિયા પાસે કડિયા ડુંગરમાંની કેટલીક ગુફાઓ વિષે શ્રી

અમૃત પંડ્યાએ થોડા સમય પહેલાં નોંધ લીધી હતી. શ્રી. જયેન્દ્ર નાણાવટીએ કરેલી વિશેષ તપાસ મુજબ, ત્યાં અંદાજે ત્રીજા-ચોથા સૈકાની સાત ગુફાઓ તથા સિંહની આકૃતિવાળો સ્તંભ, એક જૂનો લેખ અને મિનેન્ડરનો એક ઇન્ડો-ગ્રીક સિક્કો વગેરે ચીજો મળી છે એ આગળનું કામ હાથ ધરવા માટે પ્રોત્સાહક છે. ડાંગ જિલ્લાના મુખ્ય ગામ આહ્વાથી મળેલા એક અતિ પ્રાચીન શિલ્પખંડ વિષેનો લેખ ડૉ. ઉમાકાન્ત શાહે તૈયાર કર્યો છે. આવી સ્થળતપાસ ડીસા, વાવ, થરાદ અને કચ્છ સરહદ તરફના પ્રદેશમાં જરૂરી છે. શ્રી. જગત્પતિ જોશીએ સાંતલપુરથી માંડી ઉત્તર કચ્છમાં દૂર સુધી હડપ્પા સંસ્કૃતિના અવશેષરૂપ અનેક ટીંબા શોધી કાઢ્યા છે અને એ વિષેનો સચિત્ર અંગ્રેજી અભ્યાસલેખ 'જર્નલ ઑફ ધી ઓરિયેન્ટલ ઇન્સ્ટિટ્યૂટ'માં પ્રકાશન માટે મને સોંપ્યો છે. આ તપાસ ઉપરથી જણાય છે કે હડપ્પા સંસ્કૃતિનું સિન્ધ અને પંજાબમાંથી ગુજરાતમાં આગમન સાધારણ રીતે માનવામાં આવે છે તેમ, સમુદ્રમાર્ગે જ નહિ, જમીન માર્ગે પણ થયું હતું. ઉત્તર ગુજરાત અને સિન્ધ વચ્ચેનો, કચ્છ દ્વારા સૈકાઓ જૂનો ખુશ્કી વ્યવહાર જોતાં આમ હોવું સ્વાભાવિક છે. ગુજરાત ખાતે આર્કિયોલોજી અંગે સ્થળતપાસ તથા ઉત્ખનનનું કામ ગુજરાત રાજ્યનું આર્કિયોલોજી ખાતું, વડોદરા યુનિવર્સિટીનું આર્કિયોલોજી ખાતું અને ભારત સરકારના આર્કિયોલોજી ખાતાનું પશ્ચિમ વર્તુળ જેની કચેરી વડોદરામાં છે–એ ત્રણ તંત્રો અંદરોઅંદર કામ વહેંચી લઈ તેમ જ પરસ્પર સાથે જરૂરી સહકાર અને સંયોજનથી કરી શકે.

ગુજરાત રાજ્યે આર્કિયોલોજીની જેમ મ્યૂઝિયમો માટે પણ જુદા ખાતાની રચના કરી છે. જાણવા પ્રમાણે, મ્યૂઝિયમોના વિકાસની એક યોજના રાજ્ય સરકાર સમક્ષ રજૂ કરવામાં આવી છે, પરંતુ અત્યારનાં ચાલુ મ્યૂઝિયમોમાં પણ એક મહત્ત્વનું કામ કરવા જેવું છે. ગુજરાતનાં બધાં મ્યૂઝિયમોમાં સંગૃહીત પ્રાચીન સિક્કાઓની સન્દર્ભસૂચિ, સચવાયેલાં રજિસ્ટરોને આધારે, થવી જોઈએ અને તેમાં કયા રાજાના સિક્કા કયા કયા સ્થળેથી મળ્યા એની વિગતવાર નોંધ હોવી જોઈએ. જૂની હસ્તપ્રતોની પુષ્પિકાઓ ઉપરથી જેમ આપણા પ્રદેશની વિદ્યાકીય અને સામાજિક ભૂગોળ સ્પષ્ટ થાય છે તેમ સિક્કાઓની આ પ્રકારની સન્દર્ભસૂચિથી રાજકીય ભૂગોળના અનેક પ્રશ્નો ઉકેલવાની સરળતા થશે અને કેટલાક દાખલામાં આંતરરાષ્ટ્રિય અને આંતરપ્રાન્તીય સંપર્કો પણ સમજાશે. કેવળ અનુમાનથી વલભીના ગણાતા સિક્કા ખરેખર વલભીના છે કે એની પહેલાં કે પછી થયેલા બીજા કોઈ જ્ઞાત કે અજ્ઞાત રાજવંશના છે એ નક્કી કરવાનાં કોઈ પ્રમાણો આવા તારણમાંથી કદાચ મળે. ગુજરાત રાજ્યનાં મ્યૂઝિયમો વતી વડોદરા મ્યૂઝિયમના એક અધિકારી શ્રી. ભાસ્કરભાઈ માંકડ જેઓ આ વિષયના નિષ્ણાત છે તેમને આ કામ સોંપી શકાય અથવા બેત્રણ જાણકાર વિદ્વાનો વચ્ચે તે વહેંચી શકાય.

મુસ્લિમ કાળની ફારસી–અરબી તવારીખોની વિપુલતા પરત્વે ગુજરાત નસીબદાર છે એ જાણીતી હકીકત છે. આ સર્વ તવારીખોમાં અલી મુહમ્મદખાનની 'મિરાતે અહમદી' તથા ખાસ કરીને એના ખાતિમા અથવા પૂર્તિરૂપ ગુજરાતનો સર્વસંગ્રહ શિરમોર છે. 'મિરાતે અહમદી'નો મૂળ ફારસી ગ્રન્થ ગાયકવાડ્ઝ ઓરિયેન્ટલ સિરીઝમાં પ્રગટ થયો છે અને તેના જુદા જુદા અંશોનું મળીને સંપૂર્ણ ગુજરાતી ભાષાન્તર શ્રી. કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરી અને શ્રી. નિઝામખાન નૂરખાન પઠાણે કર્યું છે. સૈયદ નવાબઅલી અને ચાર્લ્સ સેડને કરેલું ખાતિમાનું અંગ્રેજી

ભાષાન્તર ગાયકવાડ સિરીઝમાં ૧૯૨૮માં બહાર પડ્યું છે, જ્યારે બાકીનો ગ્રન્થ વડોદરા યુનિવર્સિટીના ફારસી વિભાગના નિવૃત્ત અધ્યક્ષ શ્રી. એમ. એફ. લોખંડવાલાએ અંગ્રેજીમાં અનૂદિત કર્યો છે અને તે ગયે વર્ષે જ પ્રગટ થયો છે. શેખ સિકંદરકૃત 'મિરાતે સિકંદરી' અને રણછોડજી દીવાનકૃત 'તવારીખે સોરઠ'ના ગુજરાતી અનુવાદો ઘણા સમય પહેલાં પ્રગટ થયા છે. 'મુઝફ્ફરશાહી'નું પ્રકાશન કેટલાંક વર્ષ પહેલાં ગુજરાત વિદ્યાસભાએ કર્યું છે. હાજી અલ દબીર જેનું પૂરું નામ અબ્દુલ્લાહ મુહમ્મદ બિન ઉમર અલમક્કી છે તેણે લખેલ 'ઝફરૂલ વાલેહ બ મુઝફ્ફર વ આલેહી' (ઈ. સ. ૧૬૦૫ આસપાસ) જે ઇતિહાસવિદોમાં 'અરેબિક હિસ્ટરી ઑફ ગુજરાત' તરીકે ઓળખાય છે, તે ગુજરાત વિષેની અસાધારણ મહત્ત્વની અરબી તવારીખ છે. તેનો લેખક મક્કામાં જન્મ્યો હતો અને ભારતમાં આવી જુદા જુદા અમીરોની નોકરીમાં પાટણ, અમદાવાદ અને ખાનદેશમાં રહ્યો હતો. સમ્રાટ અકબરની સૂચનાથી વકફની રકમ તે મક્કા અને મદીના લઈ ગયો હતો. રાજકીય ઇતિહાસ ઉપરાંત, એના પુસ્તકમાંથી પાટણ અને અને અમદાવાદ જેવાં ગુજરાતનાં મુખ્ય શહેરોમાં ખાસ કરીને મુસ્લિમ પરંપરામાં શિક્ષણ અને વિદ્યાપ્રચારની પ્રવૃત્તિઓ વિષે ઘણું જાણવા મળે છે. સ્વાતંત્ર્ય પૂર્વેની ભારત સરકારની સહાયથી આ અરબી ગ્રન્થ ઇંગ્લેન્ડમાં સર ઈ. ડેનિસન રૉસે પ્રગટ કર્યો છે, પણ અરબી નહિ સમજનાર ઇતિહાસ-રસિકોને તો એ ગ્રન્થ અને ગ્રન્થકાર વિષેની થોડીક વિગતોથી વધુ કંઈ માહિતી નથી. મને જણાવતાં આનંદ થાય છે કે શ્રી લોખંડવાલાએ 'ઝફરૂલ વાલેહ'નું અંગ્રેજી ભાષાન્તર કર્યું છે અને ગાયકવાડ્ઝ ઓરિયેન્ટલ સિરીઝમાં તે છાપવાની આયોજના થઈ છે. એવી જ અગત્યની મુદ્રિત અરબી તવારીખ શેખ અબુ બક્ર મુહિયુદ્દીન અબ્દુલ કાદિરકૃત 'અન નુરુસ્સાફિર' છે. મૂળ યમનના વતની એક વિદ્વાન કુટુંબમાં એ લેખક જન્મ્યો હતો. એના પિતા શેખ અલ ઐદરુસ, ઈ. સ. ૧૫૫૧માં ભારત આવી, પહેલાં ભરૂચ અને પછી અમદાવાદમાં વસ્યા હતા, અને આજે પણ રિલીફ રોડ ઉપર, કૃષ્ણ સિનેમા પાસે તેમની કબર જોવામાં આવે છે. અબ્દુલ કાદિરનો જન્મ અમદાવાદમાં ઈ. સ. ૧૫૭૦માં થયો હતો, અને ભારતીય તેમ જ પરદેશી અનેક ઉસ્તાદો પાસે તેણે વિવિધ શાસ્ત્રોનું શિક્ષણ લીધું હતું. ઈ. સ. ૧૪૯૫ થી ૧૫૯૧ સુધીની ચાન્દ્રવર્ષીય શતાબ્દી દરમિયાન, અરબસ્તાન અને ભારતમાં થયેલા વિશિષ્ટ પુરુષો અને ઘટનાઓનો વૃત્તાન્ત તેની ઉપર્યુક્ત તવારીખમાં છે. એમાંથી ગુજરાત વિષે જે જાણવા લાયક માહિતી મળે છે એનું સંક્ષિપ્ત તારણ, મારી વિનંતીથી, ડૉ. ઝિયાઉદ્દીન દેસાઈએ હમણાં 'જર્નલ ઑફ ધી ઓરિયેન્ટલ ઇન્સ્ટિટ્યૂટ' (માર્ચ-જૂન ૧૯૬૬)માં પ્રગટ થયેલા એક લેખમાં આપ્યું છે. ઇલિયટ અને ડૉસનની 'હિસ્ટરી ઑફ ઇન્ડિયા એઝ ટોલ્ડ બાઈ હર ઓન હિસ્ટોરિયન્સ' એ ગ્રન્થમાળાની પદ્ધતિએ, ગુજરાતનો ઇતિહાસ તવારીખકારોના શબ્દોમાં આલેખવાની એક યોજના શ્રી. લોખંડવાલાએ યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન સમક્ષ રજૂ કરી છે અને તેનો સ્વીકાર થશે એવી આશા રખાય છે. ગુજરાત અંગે જેમાં હકીકત હોય એવા તમામ પ્રસિદ્ધ-અપ્રસિદ્ધ, ફારસી-અરબી-તુર્કી મૂળ ગ્રન્થો અથવા તેમની નકલો, ફોટોગ્રાફો કે માઇક્રોફિલ્મ જગતમાં સર્વ સ્થળેથી એકત્ર કરવાં જોઈએ અને એમાંથી પ્રસ્તુત માહિતીની સંકલના કરવી જોઈએ. સ્વ. બાલાશંકર ઉલ્લાસરામ કંથારિયાએ ગુજરાતની તવારીખોના સંપાદન અને પ્રકાશનનો વિચાર કર્યો હતો. ગુજરાત વિદ્યાસભાએ સ્વ. મૌલાના સૈયદ અબુ ઝફર નદવીની દોરવણી નીચે આવી સંકલનાનો આરંભ કર્યો હતો. ફારસી-

અરબીના સુયોગ્ય જાણકારો હવે વિરલ થતા જાય છે એ જોતાં, ડૉ. છોટુભાઈ નાયક અને શ્રી. લોખંડવાલા જેવા તદ્વિદોની સલાહ અનુસાર, આ પ્રકારનું સંગ્રહ અને સંકલનાનું કાર્ય જલદી હાથ ધરાય એ ઇષ્ટ છે.

આવાં સંશોધનાત્મક કામો હાથ ધરવાની જવાબદારી જેમ વ્યક્તિગત વિદ્વાનો અને સંસ્થાઓની છે તેમ એવાં કાર્યોને ઉત્તેજન આપવાની તથા એ કાર્યો નિશ્ચિત ધ્યેય તરફ નિર્વિઘ્ને આગળ ધપી શકે એવી પરિસ્થિતિ નિર્માણ કરવાની જવાબદારી રાજ્ય સરકારની છે. ગુજરાતનો બૃહદ્ ઇતિહાસ, ગુજરાતીનો બૃહત્ કોશ, ગુજરાતી ભાષાના સર્વાંગીણ વિકાસનાં અને ગુજરાતની સંસ્કૃતિના વિવિધલક્ષી અધ્યયનનાં કાર્યોને ગુજરાતીભાષી રાજ્યની સરકાર ઉત્તેજન અને પ્રોત્સાહન નહિ આપે તો બીજું કોણ આપશે ? થોડાક સમય પહેલાં ત્રિવેન્દ્રમની મુલાકાત વખતે મને જાણીને આનંદ થયો હતો કે કેરલમાં રાષ્ટ્રપતિનું શાસન સ્થપાયું ત્યાર પહેલાં, ત્યાંના શિક્ષણપ્રધાન મલયાલમ્ કોશના કાર્યાલયની મુલાકાતે લગભગ દર અઠવાડિયે જતા હતા. ગુજરાતના સદ્ગત મુખ્ય પ્રધાન શ્રી. બળવંતરાય મહેતા વિદ્વાનો અને સાહિત્યસંસ્થાઓ સાથે ગાઢ સંપર્ક રાખવાનો પ્રયત્ન કરતા એ આપનામાંના ઘણાને વિદિત છે. એમના દુઃખદ અવસાનના બેએક માસ પહેલાં જ, વડોદરા પ્રાચ્યવિદ્યા મન્દિરની મુલાકાતે આવી, સંસ્થા જોવામાં નહિ પણ ગુજરાતમાં થવાં જોઈતાં વિદ્યાકીય કાર્યોની ચર્ચામાં તેમણે લાંબો સમય ગાળ્યો હતો એ પ્રસંગનું સ્મરણ મને હજી તાજું છે. ઉચ્ચ વિદ્યા અને સંશોધનનો વિકાસ એ ગુજરાતના સર્વદેશીય વિકાસનો આવશ્યક ભાગ છે. વિદ્વાનો અને અભ્યાસીઓની કાર્યશીલતા એમાં નિમિત્તરૂપ છે; એ કાર્યશીલતાને સરકાર તરફથી મળી શકે એવાં સહાય અને વેગ આપવામાં રાજ્યના મુખ્યમંત્રી અને શિક્ષણમંત્રીની ગુજરાતપ્રીતિ સર્વદા સજાગ અને તત્પર રહે એવી આશા આપણે રાખીએ.

# મોઢ જ્ઞાતિ: એક ઐતિહાસિક નોંધ

કનૈયાલાલ ભાઈશંકર દવે

**ઉપક્રમ :**

ગીતાના સર્જક ભગવાન શ્રીકૃષ્ણે, चातुर्वर्ण्यं मया सृष्टं જણાવી ગુણકર્મના યોગે ગીતામાં ફક્ત ચાર વર્ણોની અનુભૂતિ સંસારમાં જણાવી છે. જ્યારે આજે તો હજારો જાતિઓ ઉપજાતિઓ અને પેટાજાતિઓની પરંપરા વિકસી હોવાનું વર્તમાન સમાજના પરીક્ષણથી જાણી શકીએ છીએ. તેટલું જ નહિ પણ બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્રોની સેંકડો જ્ઞાતિઓના અવાંતર જ્ઞાતિભેદો, આજે જુદા જુદા નામોથી અસ્તિત્વમાં આવ્યાં છે. પરંતુ ચાતુર્વર્ણ્ય પ્રજામાં આવા અવાંતર ભેદો ક્યારથી શરૂ થયા અને કયાં કારણોને લઈ તે ભેદો બહાર આવ્યા તેનો ઇતિહાસ સામાજિક દૃષ્ટિએ વધુ સંશોધન માગી લે છે. એકલા બ્રાહ્મણોમાં જ જોઈએ તો તેની ચોર્યાશી જ્ઞાતિનો સમૂહ મુખ્ય હોવાની પરંપરાગત આખ્યાયિકા છે. આ તો સામાન્ય સંખ્યા જ છે. ખરી રીતે તો એકલા બ્રાહ્મણોની લગભગ ૨૦૦ થી ૩૦૦ પેટાજ્ઞાતિઓ, ભારતના જુદા જુદા વિભાગો અને પ્રદેશોમાં વિવિધ નામો ધરાવતી જોવા મળે છે. કદાચ તેથી પણ આ વર્ગની વધુ સંખ્યા હશે એમ માનું છું.

ચાર વર્ણોમાં બ્રાહ્મણોનો એક મુખ્ય વર્ગ હોવા છતાં કાલક્રમ, દેશવ્યવસ્થા, અને સ્થાન-ભેદના કારણે તેના જુદા જુદા ભેદો અને પેટાવિભાગો અસ્તિત્વમાં આવ્યા હોવાનું, પાણિનિ-સૂત્રો ઉપરથી જાણવા મળે છે. તે કાળમાં બ્રાહ્મણોચિત આધ્યાત્મિક ઉપાસના કરનાર "બ્રહ્મણ્ય" કે બ્રાહ્મણ મનાતો. પરંતુ નામ માત્ર, આચારહીન બ્રાહ્મણને તત્કાલીન સમાજ "બ્રહ્મબંધુ" તરીકે પિછાનતો; બ્રાહ્મણઆચારને ચુસ્તપણે આચરનારને "મહાબ્રાહ્મ" સંજ્ઞા પણ લોકો આપતા. પરંતુ મુખ્યત: તો જુદાં જુદાં જનપદોમાં નિવાસ કરતા બ્રાહ્મણો તે જનપદીય નામથી જ ખાસ ઓળખાતા. તેથી જ ભિન્ન ભિન્ન દેશોમાં વસવાટ કરનારા બ્રાહ્મણો તેમના દેશના નામ સાથે અલગ અલગ નામો ધરાવતા અને લોકસમાજ તે જ નામથી તેમને પિછાનતો. આમ અલગ અલગ પ્રદેશોનાં નામ ઉપરથી તેમનાં "અવંતિબ્રહ્મ," "સુરાષ્ટ્રબ્રહ્મ," વગેરે નામો પડેલાં. આ પૈકી "અવંતિબ્રહ્મ" માલવી બ્રાહ્મણોના પૂર્વજો હતા. જ્યારે ગુજરાતી, સૌરાષ્ટ્રી, અને કચ્છી બ્રાહ્મણો "સુરાષ્ટ્રબ્રહ્મ" સંજ્ઞા ધરાવતા બ્રાહ્મણોના વંશજો હોવાનું જણાય છે.[૧] ટૂંકમાં બ્રાહ્મણોની વિવિધ જ્ઞાતિઓ, જુદાં જુદાં સ્થાનોમાં વસાહત કરી સ્થિર થયા પછી, તે સ્થળના નામ ઉપરથી અસ્તિત્વમાં આવી છે. પાણિનિકાલીન એટલે ઈ. સ. પૂર્વે ૫૦૦ થી આ પરંપરા પ્રચલિત બનતાં, દેશ, કાળ અને પરિસ્થિતિના કારણે બ્રાહ્મણોનાં કુટુંબો સંઘરૂપે જ્યાં જ્યાં વસ્યાં, ત્યાં ત્યાં તે સ્થળનામના કારણે તેમની જ્ઞાતિઓનાં નામો પ્રચારમાં આવ્યાં. આપણા ગુજરાત વિભાગમાં પણ, આ જ માન્યતા સ્વીકારાઈ હોવાનું, જ્ઞાતિઓનાં નામ ઉપરથી જાણી શકાય છે.

૧ શ્રી. વાસુદેવ શરણ અગ્રવાલ, પાણિનિકાલીન ભારતવર્ષ (હિંદી), પા. ૬૨

ગુજરાતની વિવિધ નામો ધરાવતી જ્ઞાતિઓમાં નાગર, વાયડા, મોઢ, ખડાયતા, લાડ, કપોળ, ડીસાવાળ, ગોમતીવાળ, જાલોરા, સાચોરા, શ્રીમાળી, મેવાડા, નાંદોરા, વાલમ, ખેડાવાળ, ઉનેવાળ, રોઢવાળ, પાલીવાલ, ભાર્ગવ, ગિરનારા, રાયસ્થલા, વગેરે મુખ્ય છે, જે પોતાના પ્રાચીન આદિવતન-સ્થાનના કારણે જ, તે નામથી અસ્તિત્વમાં આવેલ છે. આ પૈકી મોઢ જ્ઞાતિએ ગુજરાતમાં જ નહિ પણ સારાએ ભારતમાં, સામાજિક દૃષ્ટિએ મહત્ત્વનો ફાળો આપ્યો છે. ભારતવર્ષને ગુલામીની જંજીરોમાંથી મુક્ત કરનાર, ભારતના તારણહાર મહાત્મા ગાંધીજી, આ જ જ્ઞાતિના પ્રભાવક પુરુષ હતા.' પ્રાકૃતના પાણિનિનું બિરુદ પ્રાપ્ત કરનાર, સિદ્ધહેમ વ્યાકરણના સર્જક, આચાર્ય હેમચન્દ્ર ધંધુકાના મોઢ વૈશ્ય થઈ ગયા છે. આ સિવાય ભારતમાં બીજા કેટલાયે મહાપુરુષો મોઢ જ્ઞાતિમાં થયા છે, જેની લાંબી યાદી અત્રે રજૂ કરવાની ખાસ આવશ્યકતા જણાતી નથી; પરંતુ આ જ્ઞાતિની પ્રાચીનતા અને ઐતિહાસિક દૃષ્ટિએ તેની વિગતપૂર્ણ વિવેચના પ્રાપ્ત સાધનો વડે અત્રે રજૂ કરવાનો મુખ્ય આશય છે.

## જ્ઞાતિભેદો ક્યારથી પડ્યા ?

મોઢ જ્ઞાતિ પોતાના આદિવતન મોઢેરા નગર ઉપરથી ચરિતાર્થ બની હોવાની સામાન્ય માન્યતા છે. આથી તેની ઐતિહાસિકતા મોઢેરા સાથે સંકલિત હોઈ, મોઢેરાની પ્રાચીનતા અને ત્યાંના નિવાસી બ્રાહ્મણો-વૈશ્યો, વગેરેએ સ્વીકારેલ મોઢ સંજ્ઞા ક્યારે ધારણ કરી, તે મુખ્યતઃ વિચારવાનું છે. મૈત્રકકાલીન સમાજવ્યવસ્થા અને તત્કાલીન લોકજીવનના પ્રવાહો, મૈત્રક રાજાઓએ આપેલ સો ઉપરાંત દાનપત્રો દ્વારા જાણી શકાય છે. તેની વિદ્વત્તાપૂર્ણ ઐતિહાસિક વિચારણા, શ્રી. ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રીએ "મૈત્રકકાલીન ગુજરાત," ભા. ૧–૨માં અદ્વિતીય રીતે રજૂ કરી છે. તેમાં તેમણે તત્કાલીન સાહિત્ય, તામ્રપત્રો અને શિલાલેખો, વ.ના આધારે જણાવ્યું છે કે "એ સમયે, બ્રાહ્મણો, વણિજકો, વગેરેના હાલના જેવા જ્ઞાતિભેદો પ્રચલિત થયા જણાતા નથી. આનંદપુરના બ્રાહ્મણો અનુકાલીન નાગરોના પૂર્વજો હોવાનું સંભવે છે, પરંતુ તેમના નામ સાથે નાગર શબ્દનો પ્રયોગ ક્યાંય જોવામાં આવતો નથી. એવી રીતે બ્રાહ્મણોની બીજી કોઈ જ્ઞાતિનોયે ઉલ્લેખ આવતો નથી. વળી વણિજકોનાં નામોની સાથે પણ, કોઈ જ્ઞાતિભેદનો શબ્દ નજરે પડતો નથી."[1] આથી છઠ્ઠા-સાતમા સૈકા સુધીમાં બ્રાહ્મણો કે વાણિયા–વૈશ્યોના આંતરિક જ્ઞાતિભેદો જાણવા મળતા નથી. આમ સાતમા સૈકા સુધી સ્થળનામ ઉપરથી, બ્રાહ્મણો કે વૈશ્યોએ, પોતાની જ્ઞાતિનું સ્વતંત્ર નામ ધારણ કર્યું ન હતું એમ લાગે છે. જેમ બ્રાહ્મણોએ જે જે સ્થળોમાં વસાહત સ્થાપી કાયમનો નિવાસ કર્યો, અને ત્યાં વસતા સમસ્ત બ્રાહ્મણોનું સંગઠન સાધી, સ્થળના નામ ઉપરથી જ્ઞાતિસંસ્થા સ્થાપન કરી હતી, તે જ પ્રમાણે ત્યાં વસતા વૈશ્યોએ પણ તે જ નામથી પોતાની જ્ઞાતિસંસ્થા બ્રાહ્મણોની માફક રચી; તેટલું જ નહીં પણ આ બધા વૈશ્યોએ ત્યાંના બ્રાહ્મણોને પોતાના પુરોહિત તરીકે સ્વીકારી બ્રાહ્મણ–વૈશ્ય સમાજનું સંગઠન સાધેલું. આથી જ જ્ઞાતિભેદોમાં બ્રાહ્મણો તથા વૈશ્યોનાં એકસરખાં નામો જોવામાં આવે છે. પાછળથી જ્ઞાતિપુરાણની રચના કરનારા વિદ્વાનોએ પૌરાણિક પદ્ધતિ મુજબ જે તે બ્રાહ્મણોની ઉત્પત્તિ બ્રહ્મા, વિષ્ણુ, રુદ્ર, સૂર્ય, વાયુ કે અન્ય દેવદેવીઓ દ્વારા થયેલી જણાવી, બ્રાહ્મણોનો યોગક્ષેમ

૧ મૈત્રકકાલીન ગુજરાત, ભા. ૨, પા. ૬૦૮.

બરાબર ચાલી શકે તેટલા માટે બ્રાહ્મણોની સંખ્યાથી બમણા વૈશ્યોનું સર્જન કર્યાની હકીકત રજૂ કરેલ હોય છે. આમાંથી એટલો જ સાર ખેંચી શકાય કે, બ્રાહ્મણોએ જ્યારે સ્થળનામ ઉપરથી પોતાનો જ્ઞાતિભેદ શરૂ કર્યો, ત્યારે ત્યાં વસતા વૈશ્યોએ પણ તેવો જ જ્ઞાતિભેદ સ્વીકારી, ત્યાંના બ્રાહ્મણોને પોતાના પુરોહિતો તરીકે સ્થાપ્યા. આથી જ સરખા નામવાળા બ્રાહ્મણ-વૈશ્યોના જ્ઞાતિભેદો આજે આપણને જોવા મળે છે.

**મોઢનું મોઢેરા :**

મોઢ નામ મોઢેરા નગર ઉપરથી ધારણ કર્યું કે, મોઢ જ્ઞાતિની વસાહતને લઈ, તે નગરનું નામ મોઢેરા પડયું તે એક વિચારણીય પ્રશ્નો છે. આ અંગે મોઢ નામનો લાક્ષણિક કે શાબ્દિક અર્થ વિચારવા જેવો છે. મોઢ લોકોના જ્ઞાતિપુરાણ તરીકે "ધર્મારણ્યપુરાણ મુખ્ય મનાય છે. સ્કંદ-પુરાણના બ્રહ્મખંડમાં ધર્મારણ્ય એક સ્વતંત્ર વિભાગ છે, જેમાં કુલ ૪૦ અધ્યાયો આવેલા છે. જ્યારે ધર્મારણ્ય નામનો બીજો ગ્રંથ ૬૯ અધ્યાયોનો છે, જેની અંત્યપ્રશસ્તિ ઉપરથી, તે પદ્મપુરાણના પાતાલખંડનો પેટાવિભાગ હોવાનું સમજાવે છે. પરંતુ પદ્મપુરાણની મુદ્રિત આવૃત્તિઓ-માંથી, આ વિભાગ મળતો નથી. આ બન્ને ધર્મારણ્યો પ્રસિદ્ધ થઈ ગયાં છે. વેંકટેશ સ્ટીમ પ્રેસ, મુંબઈ તરફથી સ્કંદપુરાણ પ્રસિદ્ધ થયું છે, તેમાં ત્રીજા બ્રાહ્મખંડમાં "ધર્મારણ્ય" વિભાગ બીજો અવાંતર ખંડ છે. પદ્મપુરાણોક્ત "ધર્મારણ્યપુરાણ" મોઢમાર્તંડ માસિકના તંત્રી સ્વ. શ્રી પ્રભાશંકર જયશંકર પાઠકે ગુજરાતી ભાષાંતર સાથે પ્રસિદ્ધ કર્યું છે. તેવી જ રીતે સ્કંદપ્રોક્ત ધર્મારણ્ય ઔરંગાબાદનિવાસી શ્રી. માણિક્યરામ દુર્લભરામ શાસ્ત્રીએ, ગુજરાતી ભાષાંતર કરી મદ્રાસથી બહાર મૂકેલ છે. વેંકટેશ સ્ટીમ પ્રેસ તરફથી પ્રસિદ્ધ થયેલ પદ્મપુરાણમાંથી ધર્મારણ્ય વિભાગ જોવામાં આવ્યો નથી. આ ધર્મારણ્યપુરાણ ઐતિહાસિક દૃષ્ટિએ કેટલીક અનન્ય વિગતો રજૂ કરે છે. આ ગ્રંથનો સૌ પ્રથમ પરિચય સ્વ. શાસ્ત્રીજી વ્રજલાલ કાળિદાસે આપ્યો હતો. તેમાં જણાવેલ ચાવડાઓની વંશાવળી, કુમારપાળના રાજ્યકાળે થયેલ બ્રાહ્મણો અને જૈનો વચ્ચેના ધાર્મિક સંઘર્ષ, વનરાજનું ચરિત્ર, અને અંતે સં. ૧૩૫૬માં અલ્લાઉદ્દીનના લશ્કરે કરેલ મોઢેરાભંગની હકીકતો, આ ગ્રંથકારે માહિતીપૂર્ણ રીતે રજૂ કરી છે. આથી મોઢેરાભંગની હકીકત, આ ગ્રંથના લેખકે જાણે જાતમાહિતી ઉપરથી રજૂ કરી હોય તેમ લાગે છે. ટૂંકમાં આ પુરાણના સર્જકે, તે બધી વિગતો તેના સમકાલમાં બનેલી હોવાથી, કે તરતમાં જ કોઈ પાસેથી કર્ણોપકર્ણ સિલસિલાબંધ હકીકત મેળવી, આ ગ્રંથ રચ્યો હોવાનું સમજાય છે. એટલે તેનો રચનાકાળ ચૌદમા સૈકાથી અર્વાચીન તો નથી જ; પરંતુ મોઢેરા, અને મોઢજ્ઞાતિની હકીકતો, આ ગ્રંથના વિદ્વાન યોજકે સ્કંદપ્રોક્ત ધર્મારણ્યમાંથી લઈ તેમાં યોગ્ય તે સુધારાવધારા કરી વિશદ રીતે રજૂ કરી છે. સ્કંદનો ધર્મારણ્ય વિભાગ સ્કંદ જેટલો પ્રાચીન હશે કે કેમ તે વિવાદાસ્પદ છે, કારણ તેમાં પાછળથી કેટલીક પ્રક્ષિપ્ત હકીકતો દાખલ થઈ છે; છતાં તેના કેટલાક અધ્યાયોની વિગતો વિચારતાં, તે સ્કંદનું જ સ્વતંત્ર સર્જન હોવાનું સમજાય છે. આમ સ્કંદપ્રોકત ધર્મારણ્ય પ્રાચીન હોવા છતાં, હકીકતોની દૃષ્ટિએ પદ્મપુરાણપ્રોક્ત ધર્મારણ્ય કેટલીએ અવનવી વિગતો મોઢજ્ઞાતિ અને ગુજરાતના ઇતિહાસ માટેની રજૂ કરે છે. આ જ્ઞાતિપુરાણનું "ધર્મારણ્યપુરાણ" નામ કેમ રાખ્યું હશે ? તેના માટે એટલો જ ખુલાસો થઈ શકે કે ભારતવર્ષનાં સુપ્રસિદ્ધ અને પવિત્ર અરણ્યો પૈકીના

ધર્મરાજાએ જ્યાં તપશ્ચર્યા કરેલી તે સ્થાનમાં મોઢેરા આવેલું હોવાથી તેના ઐતિહાસિક ગ્રંથને સ્થળનામ સાથે જોડતાં, તેનું "ધર્મારણ્યપુરાણ કે માહાત્મ્ય" નામ આપેલું. તેથી જ તે નામથી આ જ્ઞાતિપુરાણ વિખ્યાત બન્યું.

## મોઢ શબ્દની વ્યુત્પત્તિ:

મોઢ શબ્દ કયા ધાતુમાંથી ઊતરી આવ્યો તેમ જ તેની વ્યુત્પત્તિ પાછળ કોઈ ઇતિહાસ છે કે કેમ તે ખાસ વિચારણીય છે. મોઢજ્ઞાતિના જ્ઞાતિપુરાણ પદ્મપ્રોક્તધર્મારણ્યમાં, "મૂઢ" ઉપરથી મોઢ શબ્દ ઊતરી આવ્યો હોવાનું જણાવેલ છે. પૌરાણિક પદ્ધતિ પ્રમાણે તેની હકીકત જણાવતાં સૂચવ્યું છે કે, "એક શિવશર્મા બ્રાહ્મણને સુસ્વરા નામની સ્ત્રી હતી. તેનાથી તેને એક પુત્ર થયો, તેવામાં શિવશર્માનું અવસાન થયું અને તેની સ્ત્રી બાળકને પ્રભુના ખોળે મૂકી સતી થઈ. તે કલ્પના અંત સમયે સકલ વિશ્વ જળમાં ડૂબેલું, પણ આ બાળક ત્રિશૃંગ પર્વત ઉપર એક વડના ઝાડ નીચે રમતો હતો. આ વખતે બ્રહ્મા, વિષ્ણુ અને શિવ વિશ્વની લીલા જોવા નીકળેલા. તેમણે આ બાળકને જોઈ પૂછ્યું, "તું કોણ છે?" આ ત્રિમૂર્તિઓને બાળકે જવાબ આપ્યો નહીં અને મૂઢની માફક ત્રણે દેવોના સામું જોઈ રહ્યો. તેથી બ્રહ્માએ તેનું "મૂઢ" નામ પાડયું.[1] બ્રહ્માએ શંકરને પૂછ્યું કે "આ કોણ છે"? તમો જાણો છો? શંકરે તેનો બધો વૃત્તાંત સંભળાવ્યો. આ દેવોની વાતચીત સાંભળતાં જ પેલા બાળકને વાચા સ્ફુરી અને ત્રણે દેવોની સ્તુતિ કરી. આથી દેવોએ તેને કહ્યું, "તું ત્રિવેદી મોઢ નામથી પ્રસિદ્ધ થઈશ.[2] ત્યારબાદ આ ત્રણે દેવો તેને બ્રહ્મલોકમાં લઈ ગયા, જ્યાં ઋક, યજુ, અને સામ એમ ત્રણ વેદો ભણ્યો, તેથી તે ત્રૈવિદ્ય કહેવાયો. તેનું લગ્ન એક કન્યા સાથે કર્યું, તેનાથી તેને ત્રણ પુત્રો થયા. આ ત્રણે પુત્રોને આઠ આઠ પુત્રો થયા, જે ચોવીસ જુદા જુદા ગોમવાળા કહેવાયા. આ બધાને ધર્મારણ્ય ક્ષેત્રમાં લાવી વસાવ્યા, જ્યાં તેઓની સંખ્યા વૃદ્ધિ પામતાં અઢાર હજારની થઈ.[3] આ એક ઉપજાવી કાઢેલું પુરાણકારનું કલ્પનાયુક્ત રૂપક છે. ફક્ત મૂઢમાંથી મોઢ શબ્દ થયો એટલું જ તે સૂચવે છે. સ્કંદપ્રોક્ત ધર્મારણ્યના આધારે, સ્વ. મહામાપહોધ્યાય શ્રી. રામકૃષ્ણ હર્ષજી શાસ્ત્રીએ તેની વ્યુત્પત્તિ સૂચવતાં मा+ऊढ–લક્ષ્મીને વરેલા લોકો એમ જણાવ્યું છે.[4] આ જ હકીકતની પુનરુક્તિ કરતાં, ચૌદમા સૈકામાં થયેલ આચાર્ય બાલચંદ્રસૂરિએ મોઢેરક અને મોઢ શબ્દનો અર્થ જે નગરના લોકો લક્ષ્મીવાન—લક્ષ્મીને ખેંચી લાવનારા હોવાનું સૂચવ્યું છે.[5] આમ મોઢ શબ્દનો અર્થ વિદ્વાનોએ ભવ્ય રીતે રજૂ કર્યો છે, પરંતુ

---

१ अस्माकं दर्शने मूढो वाचा ते नास्ति मानुषी ॥
ब्रह्मणा निर्मितं नाम श्रीहरिहरसन्निधौ ॥ २१ ॥ पद्म. धर्मारण्य, अ. ६४

२ श्रुत्वास्य वचनं दीनं काजेशा वाक्यमब्रुवन् ॥
मूढत्रैविद्यनाम्ना त्वं प्रख्यातो वै भविष्यसि ॥ ३८ ॥ એજન.

૪ પદ્મપુરાણપ્રોક્ત ધર્મારણ્ય, અધ્યાય ૬૪.

५ लक्ष्मीं मां वहन्त इत्यालोच्य ऊढा मा यैस्त इति मोढ संज्ञकाः कृता इति स्कंदपुराणादिप्रसिद्ध ॥
મૈત્રાયણીય શાખીય આહ્નિકદર્પણ, પ્રસ્તવના, પા. ૩.

५ उदूढलक्ष्मीकममूढपौरमितोऽस्ति मोढेरकनामधेयम् ॥
पुरं पुरा विश्वसृजा त्रिलोकीशालानिवेशे विनिवेशितं यत् ॥ ४२ ॥ वसंतविलास, सर्ग. १.

આ જ કારણને લઈ ત્યાં વસતા બ્રાહ્મણોએ, પોતાની સંજ્ઞા "મોઢ" તરીકે સ્વીકારી હોય તેમ માનવાને બીજાં વધુ પ્રમાણોની અપેક્ષા રહે છે. હવે મોઢેરા ઉપરથી મોઢ શબ્દ ઊતરી આવ્યો હતો કે કેમ તે જોવાનું રહે છે. મોઢેરા પ્રાચીન નગર છે, અને તેનું મૂળ નામ જ મોઢેરક હતું, એમ જૈન આગમો ઉપરની ચૂર્ણિ ઉપરથી જાણવા મળે છે. સ્કંદપ્રોક્ત ધર્મારણ્યકારો તેનું મોહેરક નામ આપ્યું છે. તેનું વર્ણન કરતાં આ નગર શ્રી અને સરસ્વતીનું ક્રીડાસ્થાન હોવાનું જણાવી પૃથ્વી ઉપરનું એક વૈભવપૂર્ણ નગર હોવાનો નિર્દેશ કરેલ છે.[૧] તેવી જ રીતે પદ્મપ્રોક્ત ધર્મારણ્યમાં, આ નગરનાં ચાર નામો પૈકી, કલિયુગમાં તે મોહેરકથી જાણીતું બનેલ એમ સૂચવ્યું છે.[૨] પરંતુ આ નામ મોઢેરકમાંથી સંસ્કૃતીકરણ કરતાં, 'મોહેરક" બનાવ્યું હોય તેમ લાગે છે. શ્રી. ઉમાશંકર જોશીએ પણ આ જ હકીકત સૂચવી છે.[૩] ટૂંકમાં 'મોઢ" શબ્દ ઐતિહાસિક દષ્ટિએ કોઈ સ્વતંત્ર હકીકત જણાવતો નથી. મોઢ અને મોઢેરકની વ્યુત્પત્તિ ભલે વિદ્વાનોએ ભવ્ય શબ્દપ્રયોગ તરીકે સૂચવી હોય પણ તે તો ભારતીય વિદ્વાનોના ફળદ્રુપ અભ્યાસસંશોધનનો જ પરિપાક ગણાવી શકાય; જ્યારે મોઢેરક નગરની પ્રાચીનતા વિચારતાં, ત્યાંના નિવાસી બ્રાહ્મણ તથા વૈશ્યોએ મોઢ સંજ્ઞા ધારણ કરી હોવાનું વધુ વિશ્વસનીય લાગે છે.

## મોઢેરાની ઐતિહાસિકતા :

મોઢજ્ઞાતિની પ્રાચીનતાનો મુખ્ય આધાર મોઢેરા શહેરને જ પ્રમાણભૂત માનીએ તો મોઢેરાની ઐતિહાસિકતા પણ વિચારવી જોઈએ. મોઢેરાની સ્થાપના, પૌરાણિક માન્યતા પ્રમાણે, બ્રહ્માદિ દેવોએ કરી હતી, પણ ઐતિહાસિક દષ્ટિએ તે ક્યારે વસ્યું અને કોણે વસાવ્યું તે જાણવા માટે હજુ સુધી કોઈ પણ પ્રામાણિક સાધન મળી આવ્યું નથી. પ્રાચીન મોઢેરક આહારનો ઉલ્લેખ જૈનોના સૂત્રકૃતાંગસૂત્રની વૃત્તિમાંથી મળે છે. તેવી જ રીતે આ સૂત્રની ચૂર્ણિમાં પણ તેની નોંધ લેવાઈ છે.[૪] આ સૂત્રકૃતાંગ ઉપર જિનદાસગણિ મહત્તરની ચૂર્ણિ લગભગ ઈ. સ.ના સાતમા સૈકામાં લખાઈ છે, જ્યારે શીલાંકદેવની વૃત્તિ ઈ. સ.ના આઠમા સૈકાની છે. આથી ઈ. સ.ના છઠ્ઠા-સાતમા સૈકામાં મોઢેરા એક આહાર-અગ્રહાર તરીકે જાણીતું નગર હતું. અગ્રહારો ખાસ કરીને, બ્રાહ્મણોની મુખ્ય વસ્તી ધરાવતી વસાહતો હોય છે, જે નગર કે ગામનું ઉત્પન્ન, ત્યાં રહેતા બ્રાહ્મણોને આપવામાં આવે છે. મોઢજ્ઞાતિના ધર્મારણ્યપુરાણકારે પણ આ જ હકીકત જણાવી છે, જે સૂત્રકૃતાંગસૂત્રમાં જણાવેલ આહાર-અગ્રહારના નિર્દેશથી પુરવાર થાય છે. આથી મોઢેરામાં વસતા બ્રાહ્મણો તે નગરનું ઉત્પન્ન લેતા હશે. જેઓએ શહેરના નામ ઉપરથી, પોતાની જ્ઞાતિની મોઢસંજ્ઞા ધારણ કરેલી અને તત્કાલીન સમાજમાં મોઢ તરીકે જાણીતા બનેલા.

---

૧ पृथ्वीपुरंध्र्यास्तिलकं ललाटे लक्ष्मीलतायाः स्फुटमालवालम् ॥
वाग्देवताया जलकेलिरम्यं मोहेरकं संप्रति वर्णयामि ॥ १ ॥ स्कं० धर्मारण्य, अ. २.

૨ कृतयुगे धर्मारण्यं त्रेतायां सत्यमंदिरम् ॥
द्वापरे वेदभवनं कलौ मोहेरकं स्मृतं ॥ ५ ॥ पद्म० धर्मारण्य, अ. १.

૩ પુરાણોમાં ગુજરાત, પા. ૧૬૧.

૪ ડૉ. ભોગીલાલ. જે. સાંડેસરા, જૈન આગમસાહિત્યમાં ગુજરાત, પા. ૧૪૯.

મોઢેરા કે મોઢેરક આહાર સાતમા સૈકાથી પણ પ્રાચીન કાળનું નગર હતું, પરંતુ તેનાથી પણ વધુ પુરાતન યુગનું તે હશે એમ કેટલાંક આનુષંગી પ્રમાણોના આધારે જણાય છે. પેરીપ્લસ અને મેગેસ્થિનીસની નોંધપોથીના આધારે પ્રાચીનકાળમાં, કાઠિયાવાડ બેટ હતો. ખંભાતનો અખાત અને કચ્છના અખાત વચ્ચે તે કાળે દરિયો લહેરાતો. તે સમયમાં તેના કિનારે કેટલા યે બંદરો આવેલાં, તેમાં ઝીંઝુવાડા મુખ્ય બંદર ગણાતું; પરંતુ મોઢેરા, કોલ્લાપુરપત્તન, તારાનગર વગેરે બીજાં નાનાં નાનાં બંદરો પણ જાણીતાં બનેલાં, જ્યાં મોટો વેપાર ચાલતો. ઝીંઝુવાડા અને તારાનગરમાં તો વહાણ લાંગરવાના કડાવાળા મોટા પથ્થરો આજે પણ જોવા મળે છે, તેમ જ ખારાઘોડાના મીઠાના અગરોમાંથી જળચર જીવોનાં અસ્થિઓ પણ મળી આવે છે, જે પૂર્વકાળે ત્યાં સમુદ્ર હોવાની પ્રતીતિ કરાવે છે. આજે મોઢેરાથી પશ્ચિમમાં દૂર દૂર સુધી ખારોપાટ પથરાયો છે. ત્યાં ક્ષારવાળી જમીનના પોપડા બાઝેલા આજે પણ જોવા મળે છે. આ નગરની નજદીક વહેતી રૂપેણમાં ભરતી વખતે પ્રચંડ સાગરનાં મોજાં ઊછળતાં હશે, જે આ બધા પ્રદેશ ઉપર ફરી વળી ભરતીની રેલ ફેલાતી હોવાનું અનુમાન કરવા પ્રેરે છે. ટૂંકમાં સમુદ્રકિનારા નજદીકના આ નગરમાં તે કાળે વ્યાપાર ખૂબ ચાલતો હોવો જોઈએ, જેથી ત્યાંની પ્રજા આબાદ અને લક્ષ્મીસંપન્ન બનેલી. આથી જ ધર્મારણ્યના કથન મુજબ પૂર્વકાળમાં આ નગર લક્ષ્મીનું પરમ ધામ ગણાતું અને ત્યાંના નાગરિકો લક્ષ્મીને વરેલા અગર તો લક્ષ્મીને ખેંચી લાવનારા ગણાતા. આજથી પંદરસો વર્ષો પૂર્વે હિંદમાં જબરજસ્ત ધરતીકંપ થયેલો. તેથી જમીનનાં ભૂપૃષ્ઠોમાં મોટા ફેરફાર થતાં કાઠિયાવાડ અને ગુજરાત વચ્ચેનો સમુદ્ર અદૃશ્ય થઈ ગયો. જમીન ઊપસી આવતાં, કેટલેક ઠેકાણે સૂકી ખારવાળી જમીનનાં રણો બની ગયાં, અને મોઢેરાની પશ્ચિમના રણપ્રદેશમાં સમય જતાં નવાં ગામો પણ વસ્યાં. મોઢેરા પ્રાચીન કાળમાં ધીકતું બંદર હતું એવાં સીધાં પ્રમાણો મળતાં નથી, પરંતુ દરિયાકિનારાની નજદીકમાં, ઝીંઝુવાડા જેવા જાણીતા બંદર નજદીક તે આવેલું હતું એમ આજે આપણે જોઈ શકીએ છીએ. આ જ કારણને લઈ મોઢેરા, વ્યાપાર ઉદ્યોગનું એક મહાસ્થાન, પ્રાચીન કાળમાં સમુદ્રકિનારા પાસે આવેલું નગર હશે એમ માનવાને કારણ છે.

મોઢેરા પ્રાચીન કાળથી સારું એવું એક સમૃદ્ધ મહાનગર હતું, એટલે ગુપ્તકાળમાં કે મૈત્રક-કાળમાં આ નગર ઉપર કેટલાં, અરાજક તત્ત્વોએ હુમલા કરી, તેને નુકસાન કર્યું હશે. ત્યાંના નાગરિકોને પજવતા પણ હોય, કારણ તે બ્રાહ્મણોનો અગ્રહાર હોવાથી, તેનું ઉત્પન્ન બ્રાહ્મણો લેતા અને તે નગરનો વહીવટ ચલાવતા. આથી તત્કાલીન રાજશાસકો, કદાચ પૂરતું લક્ષ્ય આપતા પણ ન હોય તે બનવાજોગ છે, જેથી ત્યાંના પ્રજાજનોને કેટલીક વખત મુશ્કેલીઓ આવતી હશે, એમ ધર્મારણ્યકારે જણાવેલ રાક્ષસોના ઉપદ્રવોની હકીકતો ઉપરથી સમજી શકાય છે. આવા અંધાધૂંધીના સમય દરમ્યાન ત્યાંના વતનીઓ સ્થળાંતર કરી, સુરક્ષિત સ્થાનોમાં ચાલ્યા ગયા હોવાના કેટલાયે પુરાવાઓ મળે છે. ઐતિહાસિક દૃષ્ટિએ, મોઢેરાના મોઢ બ્રાહ્મણોને, કનોજના પ્રતિહારવંશીય આમ રાજા સાથે, પોતાના અગ્રહાર માટે સંઘર્ષ થયાનું, પ્રભાવકચરિત્રના આધારે જાણવા મળે છે. ધર્મારણ્યપુરાણમાં પૌરાણિક ઢબે, આ હકીકત વિગતવાર આપી છે.[1] આમ રાજાનું મૂળ નામ નાગભટ્ટ બીજો, જે નાગાવલોકથી વિખ્યાત બનેલો, તેણે બપ્પભટ્ટિસૂરિના

---

૧ સ્કં૰ ધર્મારણ્યપુરાણ, અ. ૩૩ થી ૩૮; પદ્મ૰ ધર્મારણ્યપુરાણ, અ. ૫૨ થી ૫૯.

ઉપદેશથી સં. ૮૨૬માં કનોજ, મથુરા, પાટણ, સતારા અને મોઢેરા વગેરે શહેરોમાં જિનાલયો બંધાવ્યાં હતાં. સંવતના ચૌદમા સૈકામાં રચાયેલ પ્રભાચંદ્રસૂરિના પ્રભાવકચરિત્રમાં, બપ્પભટ્ટિસૂરિનું સ્વતંત્ર ચરિત્ર છે.[૧] બપ્પભટ્ટિસૂરિ મૂળ પંચાલ રાજપૂત જાતિના. તેમનું જન્મનું નામ સૂરપાળ. તેમનું આદિવતન બનાસકાંઠા જિલ્લાના ધાનેરા તાલુકાનું ડુવા ગામ. ઘેરથી તે કોઈ કારણસર મોઢેરા આવેલ. તે વખતે મોઢગચ્છના પ્રમુખ આચાર્ય સિદ્ધસેનસૂરિ મોઢેરામાં ભગવાન મહાવીરની યાત્રાએ આવેલા હતા. તેમના ગચ્છનાં ચૈત્યો, વઢિયારમાં પાડલ—હાલનું પાડલા, અને મોઢેરામાં આવેલાં. આ સૂરપાળના પિતાનું નામ બપ્પ અને માતાનું નામ ભટ્ટિ. સિદ્ધસેનસૂરિએ તેને વિ. સં. ૮૦૭માં દીક્ષા આપી અને તેનું નામ ભદ્રકીર્તિ રાખ્યું, પરંતુ તેઓ જીવનપર્યંત, માતાપિતાના નામ ઉપરથી બનેલ, "બપ્પભટ્ટિસૂરિ" તરીકે વધુ વિખ્યાત થયા છે. તેઓ પોતાના દીક્ષાતીર્થ મોઢેરામાં, ગુરુ સિદ્ધસેનસૂરિ પાસે ઘણી વખત આવતા. સિદ્ધસેનસૂરિનું અવસાન પણ મોઢેરામાં થયેલું. મોઢેરાના બ્રાહ્મણોનો ગ્રાસ આમરાજાએ પડાવી લીધો હતો. આ પ્રતિહાર રાજા નાગભટ્ટ બીજો જે આમથી જાણીતો હતો, તે જૈન પ્રબંધકારો જણાવે છે તેવો ચુસ્ત જૈનધર્માવલંબી ન હતો, પરંતુ શૈવધર્માવલંબી હોવા છતાં, સર્વ ધર્મ પ્રત્યે આદર અને પ્રેમ રાખતો હોવાનું તેના પ્રબંધ ઉપરથી જાણી શકાય છે.[૨] આમ સનાતનધર્માવલંબી રાજા બ્રાહ્મણોનો ગ્રાસ—હક્ક શાથી પડાવી લે તે સમજી શકાતું નથી. જૈન પ્રબંધકારો તે જૈન થવાથી પડાવી લીધો હોવાનું સૂચવે, પરંતુ તે જૈનધર્માનુરાગી હોવા છતાં જૈનધર્માવલંબી બન્યો ન હતો, એટલે તેમનું કથન પ્રામાણિક જણાતું નથી. સ્કં૦ ધર્મારણ્યકાર આમરાજાએ આ બધો પ્રદેશ પોતાની પુત્રી રત્નગંગાને દાયજામાં આપ્યો હોવાનું સૂચવે છે. તેના જમાઈ કુમારપાલે બ્રાહ્મણો પાસેથી આ પ્રદેશ પડાવી લીધો હતો. જ્યારે પદ્મધર્મારણ્યકાર આમરાજાએ જ બ્રાહ્મણોનાં મોઢેરા, તથા બીજાં ગામો લઈ લીધાં હોવાનું કહે છે. છતાં બન્ને પુરાણકારો તે સનાતન ધર્માવલંબી, વૈદિક સંપ્રદાયનો હતો એમ સ્પષ્ટ જણાવે છે. આ હકીકતો ઉપરથી આમરાજાએ મોઢ બ્રાહ્મણોનો ગ્રાસ કયાં કારણોને લઈ પડાવી લીધો તેની સ્પષ્ટતા થતી નથી, ફક્ત ઇંદ્રસૂરિના ઉપદેશથી તેમ કર્યું હોવાનું કહે છે. ખરી રીતે તત્કાલીન પરિસ્થિતિ વિચારતાં જણાય છે કે, આ આમરાજા એટલે નાગભટ્ટ બીજાએ પોતાના પુત્ર મિહિર ભોજ, અને ભૂવડની સાથે, ચાવડા ઠાકોર જયશિખરીના પંચાસર ઉપર હુમલો કર્યો હતો. તેણે જ જયશિખરીને યુદ્ધમાં હરાવી મારી નાખ્યો અને આ પ્રદેશ ઉપર પોતાની સત્તા જમાવી હોવાનું, શ્રી. કનૈયાલાલ મુનશીએ "ગ્લોરી ધૅટ વૉઝ ગુર્જર દેશ" ગ્રંથમાં જણાવ્યું છે.[૩] આ યુદ્ધમાં મોઢેરાના બ્રાહ્મણો જયશિખરીની સાથે યુદ્ધમાં ઊતરેલા. આથી નાગભટ્ટ બીજાએ પંચાસરનો કબજો લીધા બાદ મોઢેરાના બ્રાહ્મણો ઉપર કિન્નાખોરી લેવા, તેમનો ગ્રાસ પડાવી લીધો હોય તે સયુક્તિક લાગે છે. આમરાજાએ બ્રાહ્મણોનો ગ્રાસ પડાવી લીધા બાદ, કોઈ મહાપુરુષોની સમજાવટથી એ પાછો આપ્યો હતો. ધર્મારણ્યકારે તો, હનુમાનજીના અપૂર્વ ચમત્કારને આ અંગે મુખ્ય કારણભૂત માની, તેમના પ્રભાવથી આમરાજાએ ગ્રાસ પાછો આપ્યો તેમ જ તે વૈદિક ધર્માનુયાયી બન્યો હોવાનું રૂપક રજૂ કર્યું છે. પરંતુ આ સારીયે હકીક્ત ઉપરથી

---

૧ પ્રભાવકચરિત્ર, પા. ૧૨૮: બપ્પભટ્ટિસૂરિ પ્રબંધ.

૨ એજન, શ્લો. ૬૨૪.

૩ ગ્લોરી ધૅટ વૉઝ ગુર્જર દેશ, ભા. ૩, પા. ૫૯; ક્રૉનોલૉજી ઑફ ગુજરાત, પા. ૨૨૨.

એટલું જ જાણી શકાય છે કે, આમરાજાએ બ્રાહ્મણોને તેની સામા યુદ્ધમાં ઊતરેલા તે ગુના બદલ થોડોક વખત ગ્રાસ લઈ લીધા બાદ, મોઢેરાના બ્રાહ્મણોએ ફરીથી રાજદ્રોહ જેવું અપકૃત્ય નહીં થાય, તેની બાંહેધરી કોઈ મહાપુરુષ દ્વારા આપેલી, જેથી તેમનો હક્ક તે રાજાએ પાછો આપેલો. આમ મોઢેરાના બ્રાહ્મણોને અનેક વખત આવા સંઘર્ષો થયા હશે. તે વખતે એટલે સાતમા સૈકા અગાઉથી, મોઢેરા જૈનતીર્થ તરીકે વિખ્યાતા બનેલું, તેટલું જ નહિ પણ ત્યાં આવેલ મહાવીર ભગવાનની યાત્રાએ, ગુજરાતભરમાંથી હજારો યાત્રિકો યાત્રાએ આવતા હતા.

મોઢેરાની પ્રાચીનતા મૈત્રકકાળ પહેલાંની આપણે આગળ જણાવી ગયા છીએ. વલભીભંગના પ્રબંધોમાં જણાવ્યા પ્રમાણે, વલભીના શ્રાવકસંઘે પોતાની સલામતી માટે મોઢેરામાં આવી નિવાસ કર્યો હતો. પ્રબંધચિંતામણિ અને પુરાતન પ્રબંધસંગ્રહમાં[1] તેની આ હકીકત આપતાં સૂચવ્યું છે કે, વલભીમાં તે સમયે જૈનસંઘના કલ્યાણવાંછુ વર્ધમાનસૂરિ રહેતા હતા. તેમને નગરદેવતાએ કહ્યું કે, લોકોએ આ નગરમાં રહેવું સહીસલામત નથી, તેથી તમો બધા પ્રજાજનો—જૈનો આ નગર છોડી ચાલ્યા જાઓ. તેની પ્રતીતિ આપતાં સૂચવ્યું કે, અહીં ભિક્ષામાં મળેલું દૂધ રુધિર થઈ જશે, પરંતુ જ્યાં એ રુધિર દૂધમાં પાછું પરિણમે, ત્યાં તમો બધા નિવાસ કરજો.[2] આથી વર્ધમાનસૂરિ સંઘ લઈ નગર બહાર નીકળ્યા. તે વખતે તેમની સાથે અઢાર હજાર ગાડાંઓમાં શ્રાવક સંઘ હતો. ચાલતાં ચાલતાં તે સંઘ મોઢેરા આવ્યો, અને સુરક્ષિતતા જણાતાં આ નગરમાં સ્થાયી બન્યો. પ્રબંધકારના કથન પ્રમાણે, અહીં આવતાં રુધિરનું દૂધ થયું, તેથી આ નગરમાં સલામતી જણાયાથી, તે સંઘે અહીં વસાહત કરી. જોકે પ્રબંધકારના આ કથનમાં કદાચ અતિશયોક્તિ હશે, છતાં વલભીનો ભંગ થતાં કેટલોક પ્રજાવર્ગ ત્યાંથી અહીં ચાલ્યો આવ્યો હશે એટલું તો સ્પષ્ટ સમજી શકાય છે.[3] તે સમયે મોઢેરા સમૃદ્ધ અને સુખશાંતિના ધામરૂપ પ્રસિદ્ધ સ્થળ હોવાથી, વલભીની પ્રજાનો કેટલોક વર્ગ, અહીં આવ્યો હોય તે બનવાજોગ છે. આ હકીકત મૈત્રકકાળના અંત સમયની હોવા છતાં, એટલું તો સ્પષ્ટ સમજી શકાય છે કે, મૈત્રકકાળમાં આ નગરે સારી એવી ખ્યાતિ પ્રાપ્ત કરી હતી. એટલે ઈ. સ.ના ચોથા-પાંચમા સૈકાથી આ નગર સારાયે પશ્ચિમ ભારતમાં વિખ્યાત બન્યું હશે એમ માનવામાં અતિશયોક્તિ નહિ ગણાય.

## આનુષંગિક પુરાવાઓ :

મોઢ બ્રાહ્મણો માટે બીજાં પણ કેટલાંક આનુષંગિક પ્રમાણો મળે છે, જેના આધારે મોઢ બ્રાહ્મણોનું અસ્તિત્વ પાંચમા-છઠ્ઠા સૈકા જેટલું પ્રાચીન ગણાવી શકાય છે. મૈત્રકકાળમાં એટલે પાંચમા સૈકાથી આઠમા સૈકા સુધીમાં મોઢેરાના બ્રાહ્મણો સારાયે ગુજરાત-કાઠિયાવાડમાં ફેલાયા હોવાનું જાણવા મળે છે. આ સમયમાં બ્રાહ્મણો તેમ જ વૈશ્યોના જ્ઞાતિભેદો, પ્રચારમાં આવ્યા ન હતા. તત્કાલીન બ્રાહ્મણો મુખ્યતઃ ગોત્રપ્રવર અને વેદશાખાથી જ ખાસ ઓળખાતા હોવાનું

---

૧ પ્રબંધચિંતામણિ, પા. ૧૦૯; પુરાતન પ્રબંધસંગ્રહ, પા. ૮૩.

૨ भिक्षायां रुधिरं भविष्यति पयो लब्धं भवत्साधुभिः ।
स्थातव्यं मुनिभिस्तदेव रुधिरं यस्मिन् पयो जायते ॥

૩ મૈત્રકકાલીન ગુજરાત, ભા. ૨, પા. ૪૨૨.

મૈત્રક રાજાઓએ આપેલ દાનશાસનો ઉપરથી જાણી શકાય છે. આ ઉપરાંત **चातुर्विद्यसामान्य**, અને **त्रैविद्यसामान्य** તરીકે ઓળખાતા, કેટલાંક દાનપત્ર લેનારા બ્રાહ્મણોના ઉલ્લેખો મૈત્રકોનાં ઉત્તરકાલીન દાનપત્રોમાંથી મળી આવે છે. બ્રાહ્મણોની અનેકવિધ અટકોમાં દ્વિવેદી,·ત્રિવેદી, પંડ્યા, ઉપાધ્યાય, પુરોહિત, યાજ્ઞિક, વ્યાસ, પુરાણી, અધ્વર્યુ, મહેતા, ભટ્ટ, વગેરે અટકો ઘણીખરી જ્ઞાતિઓમાં સામાન્યતઃ આજે જોવામાં આવે છે; પરંતુ એ તો ફક્ત પોતાના કુટુંબ કે સ્વકુલ પૂરતી જ દરેક બ્રાહ્મણે પરંપરાગત ધારણ કરેલી હોય છે; જ્યારે આ દાનપત્રોમાં જણાવેલ ચાતુર્વિદ્યસામાન્ય અને ત્રૈવિદ્યસામાન્યના ભેદો, તેની અવટંક સ્વરૂપે નહીં પણ તે નામથી ઓળખાતા સ્વતંત્ર સમુદાયના સભ્ય તરીકે હોવાનું જણાય છે. શ્રી. ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રીએ આ ચાતુર્વિદ્યસામાન્ય અને ત્રૈવિદ્યસામાન્યની વ્યાખ્યા, યાજ્ઞવલ્ક્ય સ્મૃતિના આધારે રજૂ કરતાં, તે વિદ્યા જાણનારાઓની પર્ષત(સભા)નો સભ્ય જણાવ્યો છે. એટલે ચાર વેદની પર્ષતનો સભ્ય તે ચાતુર્વિદ્યસામાન્ય, અને ઋગ્, યજુ તથા સામ, આ ત્રણ વેદની પર્ષતનો સભ્ય, તે ત્રૈવિદ્યસામાન્ય તરીકે તે કાળમાં ઓળખાતો હોવો જોઈએ, એમ અનુમાન્યું છે.[1] સામાન્યતઃ આ બ્રાહ્મણો ત્રણ કે ચાર વેદનું જ્ઞાન ધરાવતા આરૂઢ વિદ્વાનો તે સમયમાં હશે એવી સંભાવના કરી શકાય. આગળ જણાવી ગયા પ્રમાણે ત્રૈવિદ્ય કે ત્રિવેદી અટક ધરાવતા કુટુંબો, ગુજરાત-કાઠિયાવાડની ઘણી જ્ઞાતિઓમાંથી મળે છે, પરંતુ તેવા સ્વતંત્ર સમુદાયો, મોઢજ્ઞાતિ સિવાય બીજી કોઈ જ્ઞાતિમાંથી મળતા નથી. મેવાડા બ્રાહ્મણોમાં ત્રિવેદી મેવાડાનો સ્વતંત્ર સમુદાય છે. પણ તે જ્ઞાતિમાંથી ચાતુર્વિદ્ય સમુદાય જાણવામાં આવ્યો નથી; જ્યારે મોઢ બ્રાહ્મણોના અવાંતર ૭ ભેદો પૈકી ત્રિવેદી, અને ચાતુર્વેદીના સ્વતંત્ર સમુદાયો પ્રાચીન કાળથી જાણીતા બન્યા હોવાનું ધર્મારણ્યપુરાણ કહે છે. અર્થાત્ સ્કંદના સર્જનકાળ પ્રમાણે આઠમા-નવમા સૈકા અગાઉથી આવા ભેદો મોઢેરાના બ્રાહ્મણોમાં પ્રચાર પામી ચૂક્યા હતા. ધર્મારણ્યકારે પણ ત્રણ વેદનાં જાણકારને ત્રૈવિદ્ય સંજ્ઞા આપી છે.[2] આમ યાજ્ઞવલ્કયસ્મૃતિમાં જણાવ્યા પ્રમાણે ત્રૈવિદ્ય, અને ચાતુર્વિદ્યની પર્ષતો (સભાઓ) અને તેના સમુદાયો પ્રાચીન કાળથી જાણીતા બનેલા, અને તેના સભ્યો આ નામથી તત્કાલીન સમાજમાં ઓળખાતા. મોઢેરા નગરની પ્રાચીનતા અને તેના આદિ વતની ત્યાંના મોઢ નામધારક બ્રાહ્મણોમાં પ્રાચીન કાળથી આવા ઉપભેદો જોતાં, મૈત્રકદાનશાસનોમાં ઉલ્લેખ પામેલ ત્રૈવિદ્યસામાન્ય અને ચાતુર્વિદ્યસામાન્ય બ્રાહ્મણો, પુરાતન મોઢેરાના મૂળ વતનીઓ હશે એવું અનુમાન કરવાને અવકાશ છે, જેઓ પોતાની અનુકૂળતા પ્રમાણે અન્ય સ્થાનોમાં જઈ વસ્યા હોત.

મોઢેરા નગરના પ્રજાજનોને ઘણી વખત આજુબાજુના ઠાકોરો કે બીજા અરાજક તત્ત્વોના ત્રાસથી, શહેર છોડી નાસી જવું પડયું હતું એમ સ્કંદ૦ પ્રો૦ ધર્મારણ્ય તથા પદ્મ૦ ધર્મારણ્યમાં જણાવેલ રાક્ષસોના ત્રાસની હકીકતો ઉપરથી જાણવા મળે છે.[3] આથી જ મોઢેરાના આદિ વતની ત્રૈવિદ્ય અને ચાતુર્વિદ્ય સમુદાયના બ્રાહ્મણો, પોતાની અનુકૂળતા પ્રમાણે આજુબાજુનાં ગામોમાં,

---

૧ મૈત્રકકાલીન ગુજરાત, ભા. ૨, પા. ૩૫૯.

૨ પદ્મ૦ પુરાણોક્ત ધર્મારણ્ય, અ. ૬૪, શ્લો ૩૯–૪૦.

૩ સ્કં૦ ધર્મારણ્ય, અ. ૯–૧૧–૧૮–૨૩ વ. અને અ. ૩૩ થી ૩૮;

પદ્મ૦ ધર્મારણ્ય, અ. ૫૨ થી ૫૩.

તેમ જ ગુજરાત-કાઠિયાવાડમાં, જ્યાં જ્યાં તેમને સલામતી અને ધંધાની–આજીવિકાની સગવડતા મળી ત્યાં ત્યાં જઈ રહ્યા હોવાનું સમજાય છે. મોઢેરા પ્રાચીન કાળથી બ્રાહ્મણોનો અગ્રહાર, એટલે તેનું રક્ષણ બ્રાહ્મણોને જ કરવું પડતું હશે. બીજું તે સમૃદ્ધ નગર હોવાથી બહારવટિયા કે ઠાકોરો લૂંટફાટ કરી ત્યાંના નાગરિકોને ત્રાસ આપતા હશે, જેના કારણે ત્યાંની પ્રજાનો મોટો ભાગ, સમયની અનુકૂળતા પ્રમાણે સ્થળાંતર કરી ગયો હોવો જોઈએ. મોઢેરામાં સંપૂર્ણ શાંતિ અને સલામતી છેવટે ભગવાન રામચંદ્રે કરી હોવાનો નિર્દેશ પુરાણકારે રજૂ કર્યો છે.[1] પરંતુ આ એક રૂપક છે. તેના ઉપરથી એટલું જ જાણી શકાય છે કે, કોઈ પ્રતાપી રાજેન્દ્રે આવી, મોઢેરા ઉપર વારંવાર ચડી આવતા અને ત્યાંના નાગરિકોને ત્રાસ આપતા લૂંટારા કે ઠાકોરોનો નાશ કરી પ્રજાને સુખ-શાંતિ આપી હશે. પુરાણકારે "રામરાજ્ય" જેવી પરિસ્થિતિ સર્જનાર તે રાજેન્દ્રની ગૌરવગાથા ભગવાન રામચંદ્ર જેટલી માની તેને રામચંદ્રની ઉપમા આપી હતી એમ માનવા પ્રેરે છે.

મોઢેરાના આદિ વતની બ્રાહ્મણો તેમ જ વૈશ્યો જ્યાં જ્યાં સ્થળાંતર કરી ગયા ત્યાં ત્યાં તેમણે પોતાની સ્વતંત્ર વસાહતો, મોઢ નામ ઉપરથી રાખી છે. ગુજરાત-કાઠિયાવાડનાં કેટલાંક શહેરોમાં, મોઢ લોકોની વસાહતોવાળા, મોઢવાડાથી ઓળખાતા મહોલ્લા જોવામાં આવે છે. આજે પણ વડનગર, અમદાવાદ, નડિયાદ, મોડાસા, કપડવંજ, વગેરેમાં આ નામ ધરાવતા મહોલ્લાઓ છે. આ ઉપરાંત કેટલાંક ગામોનાં નામો પણ મોઢ શબ્દ ઉપરથી ચરિતાર્થ થયાં છે. ગુજરાતની પૂર્વ સરહદ ઉપર આવેલ "મોડાસા"નું પ્રાચીન નામ મોહડવાસક છે. પરમાર રાજા સીયક તથા ભોજના પુત્ર વત્સદેવનાં તામ્રપત્રોમાં "મોહવાસક" તરીકે જ તેનો ઉલ્લેખ છે. સીયકનું તામ્રપત્ર સં. ૧૦૦૫નું છે. તેણે આનંદપુરના વતની નાગર બ્રાહ્મણ ગોવર્ધનના પુત્ર લલ્લોપાધ્યાયના પુત્ર નીના દીક્ષિતને મોહડવાસક વિષયનું કુંભરોટ ગામ દાનમાં આપ્યું હતું.[2] તેવી જ રીતે ભોજના પુત્ર વત્સદેવે, સં. ૧૦૬૭માં મોહડવાસક વિષયના શયનાવાડા ગામની કેટલીક જમીન હરસોળ ગામના રહેવાસી દેદાકને આપી હોવાનું જણાવ્યું છે.[3] આ બન્ને તામ્રપત્રોમાં "મોહડવાસક વિષય" તે હાલના મોડાસાને અનુલક્ષી છે. મોહડવાસક નામ, મોઢવાસકનું સંસ્કૃતીકરણ કરેલ રૂપ છે. ત્યાં સંવતના દસમા-અગિયારમા સૈકામાં મોઢ લોકોની સારી એવી વસ્તી હતી એમ લાગે છે. જોકે આ ગામની સ્થાપના તો, તેથી પણ આગળ, કદાચ સો-બસો વર્ષો પૂર્વેની અનુમાનીએ તો, તેનો સ્થાપનાકાળ આઠમા-નવમા સૈકામાં આવી શકે છે. આ ગામમાં મોઢ લોકોનો સ્વતંત્ર મ્હોલ્લો મોઢવાડાથી જાણીતો છે. આથી આ ગામની સ્થાપના, મોઢેરાના વતની બ્રાહ્મણો કે વૈશ્યોએ આઠમા-નવમા સૈકામાં અહીં આવી કરી હશે એમ લાગે છે, કારણ દરેક ગામના મહોલ્લાઓનાં નામ તેની સ્થાપના વખતે જ નિશ્ચિત થાય છે. બીજું ગામનું નામ પણ મોઢ શબ્દ ઉપરથી રાખ્યું છે. આથી આ ગામની સ્થાપનામાં મોઢ લોકોનો મુખ્ય ભાગ હશે એમ સમજાય છે. કુમારપાળચરિત્ર સંગ્રહના એક પ્રાચીન ચરિત્રમાંથી તેનું "મોઢવાસક" નામ મળે છે, જે આ માન્યતાને પુષ્ટિ આપે

---

૧ એજન, અ. ૩૨.

૨ ગુજરાતના ઐતિહાસિક શિલાલેખો, ભા–૩, નં. ૨૩૭; પરચૂરણ લેખો, પા. ૪૬.

૩ એજન, પા. ૪૦, શ્રી સુરેશચંદ્ર, ક. દવેનો લેખ; "મોડાસા", મોડાસા આર્ટ એન્ડ સાયન્સ કૉલેજનું મેગેઝીન, "માઝમ", વર્ષ ૧, અં. ૧.

છે.[1] આ ગ્રંથના વિદ્વાન સંપાદક પુરાતત્ત્વવિદ્ શ્રી. જિનવિજયજી કુમારપાળનું આ ચરિત્ર, બીજા બધાં ચરિત્રો કરતાં વધુ પ્રાચીન માને છે. આથી બારમા-તેરમા સૈકામાં આ નગર મોઢવાસક તરીકે સમાજમાં જાણીતું બનેલું, જે મોઢ લોકોની મોટી વસાહત હોવાનું સૂચવે છે. મોઢ શબ્દ ઉપરથી અભિધાન પામેલાં ઘણાં ગામો ગુજરાત-કાઠિયાવાડમાંથી મળે છે, પરંતુ આ બધાં ગામોએ મોઢ લોકોની વસાહતના કારણે જ તેવાં નામ ધારણ કર્યાં હતાં એમ કહેવામાં વધુ પ્રમાણોની અપેક્ષા રહે છે. છતાં જે ગામમાં મોઢ લોકોની વસ્તી વધુ હોય અને પૂર્વકાળથી મોઢ નામ ઉપરથી તે ગામનું નામ ચાલ્યું આવતું હોય તો મોઢ કોમનો તે ગામની સ્થાપનામાં મોટો હિસ્સો હશે એમ ચોક્કસ લાગે છે.

પ્રાચીન કાળમાં મોઢ લોકો ફક્ત ગુજરાત-કાઠિયાવાડમાં જ નહિ, પણ ભારતના દૂર દૂર સુધીના વિભાગોમાં ફેલાયા હતા એમ પ્રાપ્ત હકીકતો ઉપરથી જાણવા મળે છે. આજે તો બ્રાહ્મણો અને વૈશ્યો પૂર્વમાં કાશી સુધી તેમ જ માલવા અને સંયુક્ત પ્રાંતમાં અને દક્ષિણમાં મદ્રાસ, ઔરંગાબાદ જેટલે અતિ દૂર સુધી સારાયે ભારતમાં ફેલાયા છે. કેટલેક સ્થળોએ તો, તેઓ પ્રાચીન કાળથી વસાહત સ્થાપી રહ્યા હોવાનું જાણવા મળે છે. સંયુક્ત પ્રાંતમાં મિરજાપુર જિલ્લાની અંદર આજે મોહરપુર નામનું ગામ છે. ત્યાંનાં કેટલાંક સ્થળનામો, સ્કં૦ પ્રોક્ત ધર્મારણ્યમાં જણાવેલ તીર્થો તથા મંદિરોની સાથે સામ્ય ધરાવતાં હોવાનું શ્રી. દીનેશચંદ્ર સરકારે સૂચવ્યું છે.[2] આના આધારે પૂર્વકાળમાં આટલે દૂર સુધી મોઢ બ્રાહ્મણો તથા વૈશ્યોએ સ્થળાંતર કરી ત્યાં વસાહત સ્થાપી હોવાનું જાણી શકાય છે.

મૈત્રકરાજા શિલાદિત્ય ૪નું એક અપ્રસિદ્ધ તામ્રપત્ર પુરાતત્ત્વવિદ્ શ્રી. ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રીજીએ બુદ્ધિપ્રકાશ માસિકમાં પ્રસિદ્ધ કર્યું છે. આ દાનપત્ર વલભી સં. ૩૭૬—ઈ. સ. ૬૯૪ના, આસપાસનું તેમણે જણાવેલ છે. તેમાં આનંદપુરથી વિનિર્ગત શંકર નામના ભારદ્વાજ ગોત્રીય, ઋગ્વેદી બહ્વૃચ શાખાના **ચાતુર્વિદ્યસામાન્યને**, સુરાષ્ટ્રના કાલાપક પથકમાં, ઈકોલ્લ ગામની જમીન આ દાનપત્રમાં આપ્યાનો ઉલ્લેખ છે.[3] તે કાળમાં બ્રાહ્મણોના જ્ઞાતિભેદો ખાસ કરીને પ્રચારમાં ન હતા, પરંતુ આગળ ચર્ચા કરી ગયા છીએ તે પ્રમાણે, મોઢેરાના બ્રાહ્મણોમાં આવા સ્વતંત્રસમુદાયો તે કાળે પ્રચલિત હોવાનું તેની ચર્ચાવિચારણામાં જણાવ્યું છે. આથી ચાતુર્વિદ્યસામાન્ય નામ મોઢ બ્રાહ્મણોના એક સમુદાયને ઉપલક્ષિત હોવાનો મારો તર્ક છે. મોઢ જ્ઞાતિ સિવાય બીજી કોઈ જ્ઞાતિમાં ત્રૈવિદ્ય અને ચાતુર્વિદ્યના સ્વતંત્ર સમુદાયો હોવાની હકીકત

---

૧ મહીગલકીર્તિગલસ્તથા પ્રેમલદેવ્યભૂત્ ॥
શ્રીકૃષ્ણદેવભટ્ટેન યોઢૂઢા મોઢવાસકે ॥ ૩૬ ॥
કુમારપાલ ચરિત્રસંગ્રહ, સંપાદક શ્રી. આચાર્ય જિનવિજયજી, પા. ૨

૨ ગુજરાત રિસર્ચ સોસાયટી જર્નલ, વૉ. ૮, નં. ૨–૩.
શ્રી. પી જી. શાહનો લેખ, 'ગુજરાતના મોઢ લોકો;' પા. ૧૨૦

ભારતીયવિદ્યા ૧૯૪૬, અં. ૧–૨

૩ ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રી, મૈત્રક રાજા શિલાદિત્યનું એક અપ્રસિદ્ધ તામ્રપત્ર, બુદ્ધિપ્રકાશ, પુ. ૧૦૫, અં. ૧, પા. ૯

મળતી નથી. ચાતુરવિંદ્ય નામનો ફક્ત મોઢ બ્રાહ્મણોનો એક અવાંતર સમુદાય છે. આથી આનંદ-પુરનો આ બ્રાહ્મણ મોઢ ચાતુર્વિદ્ય હોય એમ માનવાને કારણ છે. આનંદપુર—હાલના વડનગરમાં મોઢ બ્રાહ્મણોની સારી એવી વસ્તી પ્રાચીનકાળથી રહે છે, અને ઉત્તર ગુજરાતમાં મોઢ બ્રાહ્મણોનું તે મુખ્ય સ્થાન મનાય છે. ત્યાં મોઢવાડાથી ઓળખાતો સ્વતંત્ર મહોલ્લો પણ છે. આથી સાતમા સૈકામાં મોઢેરાથી ત્યાંના વતનીઓનો એક સમુદાય ગુજરાતના આ વિદ્યાધામમાં જઈ વસ્યો હોય (?) એવું અનુમાન કરવાનો અવકાશ છે. આમ મોઢેરાના મોઢ લોકોએ, આનંદપુર—હાલના વડનગરમાં પ્રાચીન કાળથી પોતાની વસાહત સ્થાપી હતી એમ જણાય છે.

મૈત્રકોનાં દાનપત્રોમાંથી મોઢ જ્ઞાતિને અનુલક્ષી બીજું એક પ્રમાણ પણ મળી આવે છે. દાનશાસનોમાં દાન લેનારા બ્રાહ્મણોનાં જે ગોત્રો જણાવ્યાં છે તેમાંથી "ગાંગાનાયન" ગોત્રનો ઉલ્લેખ મળે છે. આ નામનું ગોત્ર બ્રાહ્મણોની બીજી કોઈ જ્ઞાતિમાંથી જાણવા મળ્યું નથી; જ્યારે મોઢ બ્રાહ્મણોનાં ચોવીસ ગોત્રોમાં સૌથી પમેલું જ ગાંગ્યાયન ગોત્ર આવે છે.[1] આ ગાંગાનાયન તે જ ગાંગ્યાયન પાછળના કાળમાં બન્યું હોવાનો તર્ક છે. આવાં જ બીજાં ગોત્રો ગાંગેય અને ગાર્ગ્યનાં નામો ધર્મારણ્યકારે જણાવેલ છે.[2] મોઢ બ્રાહ્મણોની બેતાલીસ અટકોમાંથી સાતમી અટક ગાંગાયનો ઉલ્લેખ મળે છે.[3] આ બધાં નામો ગાંગાનાયન નામ સાથે નિકટનું સાતત્ય રજૂ કરે છે. વેદશાખાઓ પૈકી કૃષ્ણયજુર્વેદની મૈત્રાયણી શાખા, મોઢ બ્રાહ્મણોમાં જ, ખાસ કરીને ગુજરાત-કાઠિયાવાડની જ્ઞાતિઓમાંથી જોવા મળે છે. દક્ષિણ ભારતમાં કૃષ્ણયજુર્વેદની મૈત્રાયણી શાખાનો સારો એવો પ્રચાર પ્રાચીન કાળથી થયેલો, પરંતુ ગુજરાતમાં તો મોઢ બ્રાહ્મણોનાં જ કેટલાંક કુટુંબોએ આ શાખા સ્વીકારી હોવાનું જણાય છે. મૈત્રકોનાં સાત-આઠ દાનપત્રોમાં કૃષ્ણયજુર્વેદની મૈત્રાયણી શાખાના બ્રાહ્મણોને દાનો આપવામાં આવેલ છે.[4] તદ્ઉપરાંત આ બધા મૈત્રાયણીયો માનવ-ઉપશાખાના હતા. એટલે કેટલાકમાં તેમને માનવ તરીકે સંબોધ્યા છે. ગુજરાત-કાઠિયાવાડમાં વસતા મોઢ બ્રાહ્મણો જે મૈત્રાયણી શાખાના છે. તેઓનું ગૃહ્યસૂત્ર માનવ હોવાથી તેમના સંસ્કારવિધિઓ અને સ્નાનસંધ્યાદિ ષટ્કર્મો આ સૂત્રના આધારે જ થાય છે. આથી મૈત્રાયણી શાખાવાળા તેમ જ માનવ ઉપશાખા ધારણ કરતા બ્રાહ્મણો પૂર્વ કાળમાં મોઢેરાના આદિવતનીઓ હશે, જેઓ પોતાની અનુકૂળતા પ્રમાણે, પાછળથી ગુજરાત-કાઠિયાવાડનાં ગામોમાં જઈ વસેલા, જેમણે સમય જતાં મોઢ સંજ્ઞા ધારણ કરી, મોઢ નામથી ઓળખાયા. જોકે આ માટે સ્વતંત્ર પુરાવાઓ મળતા નથી, પરંતુ તત્કાલીન પરિસ્થિતિ અને મોઢ બ્રાહ્મણોમાં પ્રચલિત વેદ, શાખા, ઉપશાખા અને ગોત્રપ્રવરના આધારે આવું અનુમાન અયોગ્ય તો નહીં જ ગણાય. આ માન્યતાના આધારે મોઢ લોકોની ઐતિહાસિકતા છઠ્ઠા સૈકા પૂર્વે સુધી લઈ જઈ શકાય તેમ છે.

---

१ भूपगांग्यायनसगोत्रं प्रथमं परिकीर्तितम् ।
प्रवरास्तत्र पंचैते शृणु नामानि तत्त्वतः ॥ २ ॥ पद्म० धर्मारण्य, अ. ६

૨ એજન, અ. ૪૪, શ્લોક ૫૫ તથા ૮૦

૩ એજન, ૪૪ શ્લોક ૬૩.

૪ મૈત્રકકાલીન ગુજરાત, ભા. ૨, પરિશિષ્ટ ૩.

પ્રાચીન કાળમાં બ્રાહ્મણો ગીતા-પ્રોક્ત લક્ષણો પ્રમાણે કર્મકાંડ અને અધ્યયન-અધ્યાપન કરતા હોવા છતાં, કેટલાક કાંડપૃષ્ઠ બ્રાહ્મણો યુદ્ધકાર્યકુશલ, અદ્ભુત વીરશૌર્યના પ્રતીકસમા પ્રચંડ સેનાનીઓ પણ હતા. અર્થાત્ રાજાઓના લશ્કરમાં બ્રાહ્મણો નોકરી કરતા હતા. સિદ્ધરાજના લશ્કરનો પ્રચંડ સેનાપતિ કાક વડનગરનો નાગર બ્રાહ્મણ હતો. નવમા સૈકામાં ગ્વાલિયર–ગોપગિરિના કિલ્લાનું રક્ષણ કરનારા આનંદપુર-વડનગરના બ્રાહ્મણો અલ્લ અને વાઈલ્લ ભટ્ટ ગુર્જર પ્રતિહાર રાજા મિહિરભોજના સેનાનાયકો હતા.[૧] આ જ હકીકતને અનુરૂપ મોઢ બ્રાહ્મણો પણ કેટલાક રાજેન્દ્રોનાં લશ્કરોમાં વીરતા બતાવી, ઉચ્ચ હોદ્દા મેળવી, રાજશાસકો સુધી પહોંચ્યા હોવાનું જાણવા મળે છે. પુરાતત્ત્વવિદ્ શ્રી. ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રી અને શ્રી. ડૉ. ઉમાકાંત શાહે દક્ષિણ ગુજરાતમાંથી મળેલ પાંચ તામ્રપત્રો બુદ્ધિપ્રકાશમાં પ્રસિદ્ધ કર્યાં છે. તે પૈકી ત્રણ દાનપત્રોમાં નગરપુર પરમેશ્વર, મોઢવંશમાં જન્મેલા મહામંડલેશ્વર ઐંગલદેવના પુત્ર વિજ્જરાણક–વિજ્જલદેવ અને તેના પુત્ર ચામુંડરાજે કૌતુકમઠનાં ભગવતિના પૂજન અર્ચન માટે ગામો તથા ઘાણી દાનમાં આપી હોવાનું જણાવેલ છે.[૨] આ દાનપત્રો ઈ. સ. ૧૦૩૪, ૧૦૫૩, ૧૦૫૮ના વર્ષોમાં અપાયેલ છે, એટલે અગિયારમા શતકનાં છે. આમાં શિલાહારવંશીય ઉત્તર કોંકણના શિલાહાર વંશમાં થયેલા રાજા છિત્તુરાજદેવના ઉલ્લેખો છે આ રાજાએ મહામંડલેશ્વર ચામુંડરાજને સંયાન(સંજાણ)પત્તનની સત્તા આપી હતી. તેના પિતા આહવનીય નિજ્જલદેવ પણ તેના મહામંડલેશ્વર તરીકે હોદ્દો ધરાવતા હતા. આ પિતાપુત્ર સંયાન(સંજાણ)મંડળ તેમ જ સંયાનપત્તન ઉપર રાજ્ય કરતા હતા. સંયાનમંડળમાં કુલ ચાર હજાર ગામડાં આપેલાં હતાં. આ વિજ્જરાણક—વિજ્જલદેવ મોઢ બ્રાહ્મણ હતા કે વૈશ્ય તેનો સ્પષ્ટ ખુલાસો દાનપત્રમાંથી મળતો નથી, પરંતુ દાનપત્રમાં વિજ્જલદેવને આહવનીય, અને શિલાહાર વંશીય છિત્તુરાજના મહામાત્ય, અને મહાસાંધિવિગ્રહક તરીકે જણાવેલ છે.[૩] "આહવનીય" વિશેષણ ખાસ કરીને અગ્નિહોત્ર રાખતા સાગ્નિક શ્રૌતાધાન ધરાવતા બ્રાહ્મણોનું છે, એટલે વિજ્જલદેવ શ્રૌતાધાન ધારણ કરેલ અગ્નિહોત્રી હતો એ સમજી શકાય છે. બીજું મહાસાંધિવિગ્રહકના સ્થાન ઉપર ખાસ કરીને રાજશાસનવિશારદ, રાજનીતિનિપુણ, બ્રાહ્મણોને જ મોટે ભાગે ખાસ નિમવામાં આવતા. આથી સંજાણ પ્રદેશના આ પિતાપુત્ર રાજશાસકો, મોઢ બ્રાહ્મણો હતા, જેમણે શિલાહાર રાજાઓના લશ્કરમાં ઉચ્ચ હોદ્દા ઉપર રહી ઉત્તમ પ્રકારનું શૌર્ય બતાવેલું, જેથી શિલાહાર રાજા છિત્તુરાજે તેમના ઉપર પ્રસન્ન થઈ સંયાનમંડળનો પ્રદેશ આપી તેમને તેના રાજશાસક બનાવેલા; તેઓ તેના મહામંડળેશ્વર તરીકે વિખ્યાત થયા હતા. આમ ઈ. સ.ના નવમા-દશમા સૈકા પહેલાંથી મોઢ બ્રાહ્મણો ગુજરાત બહાર દૂર દૂર સુધી ધંધારોજગાર માટે ચાલ્યા ગયેલા જેમણે પોતાની વિદ્યા અને પરાક્રમથી ઉચ્ચ સ્થાનો પ્રાપ્ત કરી પોતાની સ્વતંત્ર વસાહતો સ્થાપતાં કેટલાક તો મહામંડળેશ્વર જેવા પ્રભાવશાળી હોદ્દા મેળવી રાજશાસકો

---

૧ ગ્લોરી ધૅટ વૉઝ ગુર્જરદેશ, ભા. ૩, પા. ૧૦૨.

૨ બુદ્ધિપ્રકાશ, પુ. ૧૦૯, અં. ૩, પા. ૬૪ થી ૬૯.

૩ आहवनीयमहामंडलेश्वर............एतदीय महामात्य श्रीविज्जलै ये महासांधिविग्राहक ......એજન.

બનેલા. ટૂંકમાં તેમણે ગુજરાત બહારના પ્રદેશમાં સારી એવી પ્રતિષ્ઠા પ્રાપ્ત કરતાં પોતાની કીર્તિ દિગંતવ્યાપી બનાવી હતી.

મોઢ બ્રાહ્મણોના તેમ જ નાગરોના છ જુદા જુદા ભેદો હોવાનું શાસ્ત્રકારોએ જણાવ્યું છે. **षट्मोढा षट् नागराः ॥** નાગરોના અવાંતર ભેદો, તે લોકોએ જુદા જુદા સ્થળોએ સ્થળાંતર કરેલું તેના આધારે જાણીતા બનેલા છે: જેમ કે વડનગરા, વીસનગરા, પ્રશ્નોરા, ચીત્રોડા, સાઠોદરા અને ડુંગરપુરા વગેરે; જ્યારે મોઢ લોકોના ભેદો સ્થળનામ સાથે કોઈ પણ સંબંધ ધરાવતા નથી. તેમના અવાંતર ભેદો સંસ્કાર અને કાર્યપ્રણાલિકાના આધારે જાણીતા બન્યા હોવાનું જણાય છે. જે લોકો ઋક્, યજુ અને સામવેદનો અભ્યાસ કરી વેદવિદ્યા ભણ્યા તે ત્રણ વેદના અભ્યાસી વિદ્વાનો ત્રૈવિદ્ય ત્રિવેદી તરીકે જાણીતા બન્યા. તેમનાં મંડળો સ્વતંત્ર રચાયાં અને મોઢેરામાં તે લોકોનો સમૂહ ત્રૈવિદ્યસામાન્ય તરીકે ઓળખાતો. જે બ્રાહ્મણોએ ચારે વેદનો અભ્યાસ કર્યો, તે ચાતુર્વિદ્ય-ચતુર્વેદી તરીકે વિખ્યાત થયા અને તેમના સમુદાયનો ચાતુર્વિદ્યસામાન્ય તરીકે અવાંતર ભેદ પડ્યો. જે લોકો શહેરનું રક્ષણ કરતા તે બ્રાહ્મણો જ્યેષ્ઠ એટલે શહેરના રક્ષકો તરીકે મોટી લાયકાત ધરાવતા તેમનું સ્થાન ત્યાંના નાગરિકોમાં મોટા રાજા જેવું ગણાતું, કારણ તેમના બળ, પરાક્રમ ઉપર શહેરની સલામતી હતી. આ બ્રાહ્મણોનું સ્વાસ્થ્ય પણ સારું અને વ્યાયામના કારણે શરીર સુદૃઢ તેમ જ ખડતલ હતાં. આ બ્રાહ્મણો વ્યાયમના પ્રયોગો પણ લોકોને વ્રતો, ઉત્સવો વગેરેમાં બતાવતા હશે તેટલું જ નહિ પણ મલ્લકુસ્તીમાં અગ્રપદે રહેતા હોવાથી, લોકો તે બ્રાહ્મણોને જ્યેષ્ઠ યા તો જ્યેષ્ઠીમલ્લ તરીકે ઓળખતા. આથી તેમનો સમુદાય જ્યેષ્ઠીમલ્લ તરીકે જાણીતો બનેલો. જે બ્રાહ્મણો કૃષિ—ખેતી અને પશુપાલન કરી પોતાની આજીવિકા ચલાવતા તે ગોપાલકોને લોકો ધેનુજા તરીકે સંબોધતા આથી તેમનો સમુદાય ધેનુજા તરીકે પ્રસિદ્ધિ પામ્યો; જોકે ધર્મારણ્યપુરાણમાં મોઢ લોકોના આ અવાંતર ભેદ માટે એક નિંદનીય હકીકત રજૂ કરી છે; પરંતુ તેમાં જણાવેલ માહિતીની અંદર બ્રાહ્મણો કૃષિ તથા ગોપાલન કરતા હતા તે વસ્તુને મુખ્યતઃ જણાવી હોવાથી, ગોપાલન કરનારા બ્રાહ્મણો ધેનુજા કહેવાયા હોય તે વધુ સુસંગત લાગે છે. આ જ નિયમ તંડુલજાને લાગુ પાડી શકાય. મોઢેરાના જે બ્રાહ્મણો ખાસ કરીને તંડુલ–ચોખાની ખેતી કરતા હશે તે કૃષિ કર્મ કરનારો સમુદાય, તંડુલજા–તાંદળજાથી મોઢ લોકોના અવાંતર ભેદ તરીકે ઓળખાવા લાગ્યો. છેલ્લે અગ્યાસણાનો સમુદાય આવે છે. આજે આ જાતિના મોઢ લોકોની જ્ઞાતિનો સમુદાય ઘણો જ નાનો હોવાનું કહેવાય છે. પ્રાચીન મોઢેરામાં અગિયાર કુટુંબોનો સમુદાય ત્યાંની મોઢ જ્ઞાતિમાંથી કોઈ કારણસર જુદો પડ્યો હોવો જોઈએ. તેથી જ તત્કાલીન મોઢેરાના નાગરિકો તેમને અગ્યારધરા કે અગ્યાસણા તરીકે સંબોધતા હશે. આમ મોઢ લોકોના અવાંતર ભેદો, વિદ્યા, સંસ્કાર અને ધંધાના કારણે પડ્યા હતા એમ લાગે છે. ધર્મારણ્યપુરાણકારે દરેક માટેની જુદી જુદી હકીકતો તેના ભેદો માટે જણાવી છે પરંતુ પુરાણકાર ત્રૈવિદ્ય જ્ઞાતિનો હોવાથી તેણે ત્રૈવિદ્ય મોઢ બ્રાહ્મણોને જ ખાસ સમર્થન આપી, વિદ્વાન, ખાનદાન અને ઉચ્ચ સંસ્કારવાળા જણાવી બીજા મોઢ જ્ઞાતિના ભેદવાળા બ્રાહ્મણોને પોતાનાથી ઉતરતા દરજ્જાના બનાવવા પ્રયત્ન કર્યો હોય તેવું જ્ઞાતિભેદોની આંતરિક હકીકતો ઉપરથી સમજાય છે. જૈન સંપ્રદાયમાં મોઢ જ્ઞાતિ-વાચક મોઢગચ્છ પ્રચારમાં આવ્યો હતો. ગચ્છોનાં નામ મોટે ભાગે સ્થળનામોના આધારે રાખ્યાં હોવાનું સમજાય છે. જોકે કેટલાક ગચ્છનાં નામો જ્ઞાતિ, ગોત્ર કે મહાપુરુષનાં નામો ઉપરથી

ચરિતાર્થ થયાં છે, પરંતુ મુખ્યતઃ ગચ્છનાં નામો સ્થળનામો ઉપરથી પાડવામાં આવ્યાં હોય તેમ લાગે છે. જૈન ગચ્છોની ઉત્પત્તિ ગણધર આર્ય સુસ્થિતથી પ્રચારમાં આવી છે તેમને કોટિક અને કાનિક બિરુદો હતાં તેના ઉપરથી કોટિકગચ્છ જન્મ પામ્યો.[૧] આ સમયથી નિર્ગ્રંથ નામ બદલાઈ ગચ્છમાં પરિણમ્યું. ટૂંકમાં વિક્રમ સં. પૂર્વે, પહેલા-બીજા સૈકાથી ગચ્છોની શરૂઆત થઈ. મોઢગચ્છ કયારથી શરૂ થયો, તેની ચોક્કસ તવારીખ મળતી નથી. પ્રભાવકચરિત્રમાં બપ્પભટ્ટિસૂરિ-પ્રબંધની અંદર બપ્પભટ્ટિસૂરિના ગુરુ સિદ્ધસેનસૂરિને મોઢગચ્છના પ્રમુખ આચાર્ય તરીકે જણાવ્યા છે.[૨] આથી નવમા સૈકા પૂર્વે આ ગચ્છ પ્રચારમાં આવ્યો હતો. મૈત્રકકાળમાં જ્ઞાતિભેદો શરૂ થયા ન હતા, પરંતુ મોઢેરાનગર પ્રાચીન કાળથી સુપ્રસિદ્ધ હતું, એટલે મોઢ જ્ઞાતિ અને મોઢગચ્છ તે નગરના નામ ઉપરથી પ્રસિદ્ધ થયાં હોવાનું જાણી શકાય છે. મોઢેરામાંથી નીકળી બ્રાહ્મણો તથા વૈશ્યો, જ્યાં જ્યાં ગયા ત્યાં તે બધા મોઢેરકનિવાસી તરીકે જાણીતા બનેલા, અને સમય જતાં તેમની સંજ્ઞા મોઢ નામથી પ્રચારમાં આવી. પ્રાચીન કાળથી મોઢેરાના નાગરિકો ગુજરાત-કાઠિયાવાડ અને ભારતમાં દૂરદૂરના પ્રાંતોમાં જઈ વસ્યા હતા, જેની યોગ્ય વિચારણા આગળ આપી ગયા છીએ. મોઢેરાના આદિ વતની બ્રાહ્મણો ભારતનાં કુરુક્ષેત્ર વગેરે તીર્થસ્થાનોમાંથી આવી અહીં વસ્યા હોવાનું ધર્મારણ્યમાં જણાવ્યું છે.[૩] જે જે રાજાઓએ નવા નવા પ્રદેશોમાં પોતાની સત્તા સ્થાપી તેઓએ પોતાના રાજ્યપ્રદેશોમાંથી પ્રજાવર્ગને લાવી નવાં ગામો તથા નગરો વસાવ્યાના ઘણા પુરાવાઓ મળે છે. આનંદપુર—વડનગર વસાવતી વખતે તેના સ્થાપકે નાગરોને અહિચ્છત્રથી બોલાવી વસાવ્યા હતા. તેવી જ રીતે કદંબવંશ સ્થાપક મંકણે દક્ષિણ ભારતમાં રાજ્ય સ્થાપતાં તે અહિચ્છત્રથી હજારો નાગર કુટુંબોને દક્ષિણ ભારતમાં લઈ ગયો હતો તે જ પરિપાટીને અનુલક્ષી મૂળરાજે પણ પોતાના પિતા રાજિના રાજ્યપ્રદેશ કાન્યકુબ્જ બાજુથી વિદ્વાનોને સિદ્ધપુર બોલાવી વસાવ્યા હોવાનું સમજાય છે. આમ વિવિધ પ્રજાઓએ પ્રાચીન કાળથી ગુજરાતમાં આવી વસાહતો સ્થાપી હતી. તે પરંપરા મુજબ મોઢેરામાં નિવાસ કરતા બ્રાહ્મણો, વૈશ્યો, વગેરેને કોઈ રાજા, સરદાર કે મહાપુરુષે ઉત્તર હિંદમાંથી બોલાવી વસાવ્યા હોવાનો તર્ક છે.

મોઢેરામાંથી ત્યાંના બ્રાહ્મણો, વૈશ્યો, વગેરે જ્યાં જ્યાં સ્થળાંતર કરી ગયા ત્યાં ત્યાં તેઓએ પોતાના આદિવતન મોઢેરા તેમ જ મોઢ જ્ઞાતિના ઉપક્રમે પોતાની વસાહતોનાં નામ રાખ્યાં હતાં. રૂદ્રમહાલયના પ્રતિષ્ઠાવિધાન વખતે મોઢેરાના મોઢ બ્રાહ્મણોએ રાજપ્રતિગ્રહની અવગણના કરવાથી ત્યાંના બ્રાહ્મણોને મૂળરાજે હાંકી કાઢ્યા, જેઓ મોઢાણા નામનું ગામ વસાવી ત્યાં રહ્યા, જે આજે મુંઠાણા નામથી જાણીતું છે. આ લોકકથા સ્વ. શ્રી. મગનલાલ દલપતરામ ખખ્ખરે બુદ્ધિપ્રકાશમાં પ્રસિદ્ધ કરી છે. આ ગામનો ઉલ્લેખ ડૉ. વિલ્સને પોતાના "ઇન્ડિયન કાસ્ટ" ગ્રંથમાં પણ કર્યો છે.[૪] આવી જ બીજી લોકકથા "મોઢાણાનો ઘેરો" નામથી

---

૧ જુઓ, ખરતરગચ્છપટ્ટાવલી; જૈન ગુર્જર કવિઓ, ભા. ૨, પા. ૬૬૭.

૨ मोढाख्यप्रौढगच्छश्रीविवोढानूढमूढतः
श्रीसिद्धसेन इत्यासीन्मुनीन्द्रस्तत्र विश्रुतः ॥ ८ ॥ प्रभावकचरित्र–बप्पभट्टिप्रबंध.

૩ સ્કં૦ ધર્મારણ્ય, અ. ૯, શ્લો. ૨૧–૨૧

૪ ઇન્ડિયન કાસ્ટ, વૉ. ૨, પા. ૧૧૧.

સ્વ. ખખ્ખરે ફાર્બસ સભાના ત્રૈમાસિકમાં આપી હતી, જેના આધારે કચ્છમાં મોઢાણા ગામ છે ત્યાં પ્રાચીન કાળમાં મોઢ લોકોની વસાહત હતી. આમ મોઢ લોકોએ પોતાની વસાહતોનાં નામ જ્ઞાતિના અભિધાન પ્રમાણે રાખ્યાં હોવાનું જાણી શકાય છે.

મોઢ જ્ઞાતિનો સૌથી પહેલો ઉલ્લેખ સ્કંદના ધર્મારણ્યમાંથી પ્રાપ્ત થાય છે. સ્કંદનો રચનાકાળ આઠમા-નવમા સૈકાનો હોવાનું વિદ્વાનોએ અનુમાન્યું છે ત્યારબાદ મોઢ કોમનો સ્વતંત્ર ઉલ્લેખ શિલાહારવંશીય છિત્તુરાજદેવના તામ્રપત્રમાંથી મળે છે, જે અગિયારમા સૈકામાં અપાયાં હતાં, જેની વિસ્તૃત ચર્ચા આગળ આપી ગયા છીએ. શિલાલેખોમાં સૌથી પહેલો સ્પષ્ટ ઉલ્લેખ પાલણપુર તાલુકાના વરણાવાડા ગામમાંથી મળેલ ચાલુકય રાજેન્દ્ર ભીમદેવ પહેલાના તામ્રપત્રમાંથી મળે છે. તેમાં વરણાવાડા ગામના મોઢ બ્રાહ્મણ જનકને, વિ. સં. ૧૧૩૦=ઈ. સ. ૧૦૩૪માં તે ગામની જમીન દાનમાં આપ્યાનું જણાવેલ છે.[૧] ત્યાર પછીના તો સેંકડો ઉલ્લેખો, શિલાલેખો, પુસ્તકપ્રશસ્તિઓ અને દાનપત્રામાંથી મળે છે, જેની લાંબી યાદી રજૂ કરવાનું અત્રે આવશ્યક જણાતું નથી. આથી એટલું જ સ્પષ્ટ થઈ શકે છે કે, આઠમા-નવમા સૈકાથી ગુજરાતમાં જ્ઞાતિભેદો પ્રચલિત બન્યા હતા, જેનાં પ્રાપ્ત પ્રમાણો તેની ચર્ચાવિચારણા સાથે આગળ જણાવી ગયા છીએ.

મોઢ બ્રાહ્મણો અને વૈશ્યોના અવાંતર ભેદો પાછળથી પડ્યા છે. બ્રાહ્મણોના છ ભેદો કેવા કારણથી શરૂ થયા તેની વ્યવસ્થિત વિચારણા આગળ રજૂ કરી ગયા છીએ. જ્યારે વૈશ્યોના અવાંતર ભેદો, ગોભુજા, અડાળજા અને માંડવિયાના વિભાગો સ્થળનામો ઉપરથી અસ્તિત્વમાં આવ્યા હોવાનું સમજાય છે. જ્ઞાતિભેદોના અવાંતર ભેદો ઘણી વખત સ્થાનના ઉપક્રમે પડ્યા હોવાના વધુ પુરાવાઓ મળે છે. તે પરંપરાને અનુસરી મોઢ વૈશ્યોના વિભાગો પડ્યા હોવાનું, તેનાં નામો ઉપરથી જ જાણી શકીએ છીએ. મોઢેરામાંથી વૈશ્યોએ જ્યાં જ્યાં જઈ પોતાની વસાહતો સ્થાપી તે ગામના નામ ઉપરથી પોતાના વિભાગો નક્કી થયા. ગોભુજા નામ ગાયની ખરીમાંથી ઉત્પન્ન થયું, તેથી પડયું હોવાનું ધર્મારણ્યપુરાણ કહે છે.[૨] પરંતુ પુરાણકારની આ એક મૌલિક કલ્પના છે. મોઢેરાની નજદીક આવેલ ગંભૂતા જે આજે ગાંભૂથી ઓળખાય છે, તે આઠમા-નવમા સૈકાથી પણ પૂર્વકાળનું છે.[૩] આ સમયમાં મોઢેરામાંથી કેટલાક વૈશ્યો ગંભૂતા જઈ રહ્યા હશે. ગંભૂતામાંથી નીકળેલ પાટીદારો, આજે ગોભવા અટકથી ઓળખાય છે, જેઓની મોટી વસ્તી સિદ્ધપુર તાલુકાના ગામોમાંથી મળે છે. તેવી જ રીતે મોઢ વૈશ્યો પણ જે ગાંભૂમાં જઈ વસ્યા તે બધા ગોભવા પાટીદારોની માફક ગોભુજા કહેવાયા પુરાણકારે ભલે તે વૈશ્યોને કામધેનુની ખરીમાંથી ઉપજાવ્યા અને માનવેતર પ્રકૃતિમાંથી તેમની ઉત્પત્તિ જણાવી, પરંતુ ઐતિહાસિક દૃષ્ટિએ વિચારતાં તત્કાલીન પરિસ્થિતિને અનુલક્ષી આ બધા વૈશ્યો મોઢેરા નજદીકના, ગાંભૂ—ગંભૂતા ગામમાં વસ્યા, તેથી તેમની સંજ્ઞા ગોભુજા પડી હોવાનું જણાય છે. તેવી જ રીતે જે સમુદાય અડાળજા ગામમાં ગયો, તે અડાળજા કહેવાયા, અને જે સમૂહઈ મંડળી હાલના માંડળમાં જઈ વસ્યો તે માંડવિયાથી વિખ્યાત બન્યા.

---

૧ ગુજરાતના ઐતિહાસિક શિલાલેખો; ભા. ૩, પુરવણી લેખો, પા. ૧૫૮.

૨ સ્કં૦ ધર્મારણ્ય, અ. ૧૦, ૨ થી ૫.

૩ ડૉ. ભોગીલાલ. જે. સાંડેસરા, જૈન આગમસાહિત્યમાં ગુજરાત, શીલાચાર્ય, પા. ૧૭૬.

પુરાણકારે પણ આ જ હકીકત રજૂ કરી છે. આથી આઠમા-નવમા સૈકામાં લગભગ વૈશ્યોના અવાંતર ભેદો અસ્તિત્વમાં આવ્યા હોવાનું જાણી શકાય છે.

મોઢ વૈશ્યોમાંથી કેટલોક સમુદાય જૈન ધર્માવલંબી બન્યો હોવાનું મોઢગચ્છ અને મોઢ વૈશ્યોએ સ્થાપેલ જૈન પ્રતિમાઓના શિલાલેખો ઉપરથી જાણવા મળે છે. કેટલીક પુસ્તક-પ્રશસ્તિઓમાંથી પણ તે લોકોએ લખાવેલ જૈન ગ્રંથોની પ્રતો દ્વારા જાણવા મળે છે. વિક્રમના સાતમા-આઠમા સૈકાથી સનાતન હિંદુ ધર્મમાં શિથિલતા આવતાં જૈન સંપ્રદાયના સંસર્ગને લઈ અગર તો રોજીરોટીના કારણે કેટલીયે વૈશ્ય જ્ઞાતિઓ જૈનધર્મમાં દાખલ થઈ હતી. તે પ્રમાણે કેટલાક મોઢ વૈશ્યો પણ જૈનધર્મમાં દાખલ થયેલા, જેઓએ પરંપરાગત પોતાના કુલધર્મ તરીકે જૈન ધર્માવલંબી થયા હતા. સોળમા સૈકામાં પ્રાદુર્ભાવ પામેલ ગુરુવર્યથી વલ્લભાચાર્યના સદુપદેશથી કેટલીયે વૈશ્ય જ્ઞાતિઓ ફરીથી હિંદુધર્મમાં આવી ગઈ. જેઓએ વૈષ્ણવ સંપ્રદાય સ્વીકાર્યો. મોઢ જ્ઞાતિમાંથી થયેલા પ્રખર વિદ્વાન અને પ્રકાંડ પંડિત જૈનાચાર્ય આચાર્ય હેમચન્દ્રના પિતા સનાતન હિંદુ ધર્માવલંબી હતા, જ્યારે તેમનાં માતા જૈનધર્મ પાળતાં હતાં. ચૌલુક્ય કાળમાં અનેક કુટુંબોમાં આવા ધર્મભેદો પ્રચારમાં આવેલા. તેમાં માતાપિતા કે ભાઈભાઈઓમાં જુદા જુદા ધર્મો પ્રચાર પામ્યા હતા.

## ઉપસંહાર :

આટલા લાંબા વિવેચન ઉપરથી એટલું જાણી શકાય છે કે, મોઢ જ્ઞાતિની ઐતિહાસિકતા આઠમા-નવમા સૈકા સુધી લઈ જઈ શકાય છે; જોકે મોઢેરાની ઐતિહાસિકતા તો તેથી પણ પૂર્વકાળમાં એક-બે સદી પહેલાંની હોવાનું સૂચવી શકાય છે. પરંતુ મોઢેરાના નિવાસી બ્રાહ્મણોએ મોઢ સંજ્ઞા પોતાના સ્થળાંતર કાળમાં મોઢેરાનિવાસી તરીકે ઓળખાવતાં સ્વીકારી હોવાનું સમજાય છે; જ્યારે મોઢેરામાં વસતા બ્રાહ્મણો તથા વૈશ્યો મોઢેરાના બ્રાહ્મણો કે વૈશ્યો તરીકે સમાજમાં જાણીતા બનેલા, જેઓ પાછળથી ફક્ત "મોઢ" તરીકે ઓળખાયા. મોઢ જ્ઞાતિમાંથી સેંકડો વિદ્વાનો, જૈનાચાર્યો મહાપુરુષો રાજદ્વારી મહાજનો અને શ્રેષ્ઠીવર્યો થઈ ગયા છે. આ બધા વિદ્વાનો અને જૈનાચાર્યોએ કેટલાયે પ્રમાણભૂત ગ્રન્થો રચી પોતાની અદ્વિતીય પ્રતિભા રજૂ કરી છે. તે બધાની યાદી અત્રે રજૂ કરવાની જરૂર નથી, પરંતુ આ બધામાંથી રાષ્ટ્રપિતા ગાંધીજીનું નામ ભૂલી શકાય તેમ નથી. તેઓ મોઢ વણિક જ્ઞાતિમાં જન્મ્યા હતા, પણ પોતાના જીવનકાર્ય દ્વારા જંબુજ્યોતિ જ નહિ, વિશ્વજ્યોતિ બન્યા હતા.

---

# બે બૌદ્ધ પ્રતિમાઓ

કાંતિલાલ ફૂ. સોમપુરા

## [૧] નગરાની રત્નસંભવ પ્રતિમા

ખંભાત પાસેના નગરમાં રબારીવાડના એક ટેકરા ઉપર રેતિયા પથ્થરની ધ્યાનાવસ્થામાં બેઠેલી એક મોટી પ્રતિમા (૧.૪ × ૧.૧ મીટર કદની) આવેલી છે.[૧] સ્થાનિક લોકો આ પ્રતિમાને બુદ્ધનાથની પ્રતિમા તરીકે ઓળખે છે. તાજેતરમાં ડૉ. રમણલાલ મહેતાએ પ્રસ્તુત મૂર્તિ વૈરોચન બુદ્ધની હોવાનું પ્રતિપાદિત કર્યું છે.[૨] આના મુખ્ય કારણ તરીકે તેમણે પ્રસ્તુત બુદ્ધમૂર્તિના હાથ ધર્મચક્ર મુદ્રામાં હોવાનું જણાવ્યું છે. આ મુદ્રામાં હાથને છાતી પાસે આણી અંગૂઠા તથા તર્જનીનાં ટેરવાંને વર્તુલાકારે જોડવામાં આવે છે.[૩] પ્રતિમાવિધાનની પરિભાષામાં કહીએ તો તર્જની અને અંગૂઠાના વર્તુલાકાર સંયોજનમાંથી આ મુદ્રા નિષ્પન્ન થાય છે, અને મુદ્રાવાળા હસ્તની હથેલી છાતી આગળ દર્શનાર્થી સન્મુખ રહે તેમ રખાય છે.[૪] પ્રસ્તુત બુદ્ધનાથની એક પણ હસ્તની મુદ્રા આ અવસ્થામાં નથી અને તેથી ડૉ. મહેતા ધારે છે તેમ તેની મુદ્રા ધર્મચક્ર મુદ્રા નથી તે કારણે આ પ્રતિમા વૈરોચન બુદ્ધની નથી.

બૌદ્ધ પ્રતિમાવિધાનની દૃષ્ટિએ આ પ્રતિમા ધ્યાની બુદ્ધો પૈકીના એક ધ્યાની બુદ્ધ રત્નસંભવની છે. પ્રતિમાના બન્ને હાથ કંઈક અંશે ખંડિત થયેલા છે, છતાં બન્ને હસ્તની મુદ્રાઓ ઉપરોક્ત ધ્યાની બુદ્ધના મુખ્ય લક્ષણને વ્યક્ત કરે છે. પ્રતિમાના ડાબા હાથની હથેળી સ્પષ્ટતઃ પલાંઠી પર ખુલ્લી છે, જ્યારે તેનો જમણો હાથ વરદ મુદ્રામાં હોય તેમ લાગે છે. પ્રતિમાની બન્ને બાજુએ અંકિત કરેલાં સિંહનાં શિલ્પો તેનાં વાહન હોવાનું જણાય છે. આ બધાં લક્ષણો ધ્યાની બુદ્ધ રત્નસંભવનાં છે.[૫]

## [૨] તારંગાની શુક્લ-કુરુકુલ્લા પ્રતિમા

તારંગાની ટેકરી પર તારણમાતાના શૈલમંદિરની બાજુમાં ધારણમાતાના નામથી ઓળખાતું એક નાનું મંદિર આવેલું છે. ધારણમાતા તરીકે ઓળખાતી લગભગ ૧.૨ મીટર ઊંચાઈની

---

૧. ડૉ. મંજુલાલ મજમુદાર, 'ક્રોનોલોજી ઑફ ગુજરાત,' પ્લેટ ૫૬, બી.

૨. 'નગરાની બુદ્ધનાથની પ્રતિમા,' સ્વાધ્યાય, પૃ. ૧, ૩, ૩૨૩-૩૨૫.

૩. ડૉ. બી. ભટ્ટાચાર્ય, 'બુદ્ધિસ્ટ આઈકિનોગ્રાફી,' પૃ. ૪-૫.

૪. ડૉ. ગોપીનાથરાવ, હિન્દુ આઈકનોગ્રાફી, વૉ. ૧, ભા. ૧, પૃ. ૧૬-૧૭; પ્લૅટ ૫, આકૃતિ ૧૫ આ મુદ્રા ચિન્, સંદર્શન કે વ્યાખ્યાન મુદ્રા તરીકે પણ ઓળખાય છે.

૫. 'બુદ્ધિસ્ટ આઈકિનોગ્રાફી,' પૃ. ૫.



રત્નસંભવ બુદ્ધ : નગરા

ફોટો : શ્રી જમનાદાસ પંચોલીના સૌજન્યથી



બૌદ્ધ દેવી
(તારંગા, ઉ. ગુજરાત)

વિકસિત ૫ થી ૫૨ લલિતાસને બેઠેલી દેવી વરદતારા તરીકે ઓળખાય છે.[૧] આ મૂર્તિની ઓળખ માટે વિદ્વજ્જનોએ વિવરણ કરેલાં છે.[૨]

બૌદ્ધ પ્રતિમાવિધાનને લગતા ગ્રંથોમાં ડાબા હાથમાં ઉત્પલ (કમળ) અને જમણો હાથ વરદ મુદ્રામાં દર્શાવેલ તારાની પ્રતિમાના સાત જુદા જુદા પ્રકારો ગણાવ્યા છે. આ સાતેમાંથી એક પણ પ્રકાર પ્રસ્તુત મૂર્તિ સાથે બંધબેસતો નથી. ઉપર્યુક્ત સાત તારા મૂર્તિ પૈકીની માત્ર બે જ મૂર્તિઓ મુકુટમાં ધ્યાની બુદ્ધ અમોઘસિદ્ધિને ધારણ કરે છે. બાકીની પાંચ મુકુટમાં કોઈ ધ્યાની બુદ્ધને ધારણ કરતી નથી.[૩] આ કારણે તારંગાની આ પ્રતિમાને તારા કે વરદતારા તરીકે પિછાનવી યોગ્ય નથી.

પ્રસ્તુત પ્રતિમા ધ્યાની બુદ્ધ અમિતાભમાંથી નિષ્પન્ન થયેલ દૈવી શક્તિ 'શુકલ કુરુકુલ્લા'ની હોવાનો સંભવ છે. કુરુકુલ્લાની પ્રતિમાને બે, ચાર, છ કે આઠ હાથ હોય છે. બે હસ્તવાળી કુરુકુલ્લાની પ્રતિમા 'શુકલ કુરુકુલ્લાની' કહેવાય છે.[૪] આ પ્રતિમા અંગેનાં ધ્યાન-લક્ષણો બૌદ્ધ પ્રતિમાવિધાનની પ્રણાલિકામાં દર્શાવ્યાં છે તે લગભગ બધાં જ પ્રસ્તુત કહેવાતી વરદતારાની મૂર્તિને લાગુ પડે છે. શુકલ કુરુકુલ્લાની મૂર્તિ અર્ધપર્યંકાસન(લલિતાસનને મળતું આસન)માં બેઠેલી હોય છે. તે જમણા તેમ જ ડાબા હાથમાં અનુક્રમે અક્ષમાલા તથા ઉત્પલ ધારણ કરે છે. તારંગાની પ્રસ્તુત પ્રતિમાના જમણા હાથની હથેળી ખંડિત હોવા છતાં તે અક્ષમાલા ધારણ કરતી હોવાનાં ચિહ્નો પ્રદર્શિત કરે છે. તેનો ડાબો હાથ કાંડા પાસેથી ખંડિત છે, છતાં તે હાથે તેણે ઉત્પલ ધારણ કર્યું હોવાના ચિહ્ન તરીકે તૂટેલી કમળનાળ અવશેષરૂપે જળવાઈ રહી છે. મૂર્તિની પાછળના પ્રભામંડળની ઉપર અમિતાભનું યોગમુદ્રા કે સમાધિ અવસ્થામાં પદ્માસન પર બેઠેલ શિલ્પ છે.[૫] વિકસિત કમલદલથી શોભતા તેના પદ્માસન નીચે તેનું વાહન મયૂર-

---

૧ કો. ગુ. પ્લેટ, ૮૦

૨ ગદ્રે, 'બુદ્ધિસ્ટ ઈન્ફલ્યુઅન્સ ઈન ગુજરાત.' જ. ગુ. રીસર્ચ સોસા. વૉ. ૧, ૪, પૃ. ૬૭-૬૯; ડૉ. મજમુદાર,' કો. ગુ. પૃ. ૨૭૮; ડૉ. ધુ. પી. શાહ, 'ગુજરાતમાં બૌદ્ધ ધર્મ', સ્વાધ્યાય, પુ. ૧, અં. ૩, પૃ. ૩૧૭-૧૮.

ડૉ. મોરેશ્વર જી. દીક્ષિત, 'હિસ્ટરી ઑફ બુદ્ધિઝમ ઈન ગુજરાત,' જ. ગુ. રી. સો. વૉ. ૮, પૃ. ૧૧૨ વગેરે.

૩ બુદ્ધિસ્ટ આઈકનોગ્રાફી, પૃ. ૧૩૫.

૪ એ જન. પૃ. ૫૫.

૫ અમિતાભની બન્ને બાજુએ માલાધરનાં શિલ્પો છે. તથા મુખ્ય પ્રતિમા કુરુકુલ્લાની જમણી બાજુએ મૈત્રેય અને મહામાયૂરી તથા ડાબી બાજુએ અવલોકિતેશ્વર અને જાંગુલિ બોધિસત્ત્વ યુગલોનાં શિલ્પો છે. જમણી તથા ડાબી બાજુએ સૌથી નીચેનાં શિલ્પો દંડધારી હયગ્રીવ તથા અસિ અને બાણધારી ચતુર્ભુજ એકજટા હોય તેમ જણાય છે. મૂર્તિની પાટલીમાં બૌદ્ધધર્મને અભિપ્રેત સાત રત્નો—ડાબેથી જમણી બાજુએ અનુક્રમે હાથી, અશ્વ, સ્ત્રી, મણિ, ગ્રહપતિ, ચક્ર અને પરિણાયક—કોતરેલાં છે; અને તેની નીચે ઈસુની ૮-હમી સદીની લિપિમાં પ્રસિદ્ધ બૌદ્ધગાથા—'એ ધર્માહેતુ પ્રભવા' ઇત્યાદિ કોતરેલ છે.

યુગલ કોતરેલ છે. કુરુકુલ્લા દેવીનું શિલ્પ ત્રિનેત્રી બનાવવાનું કહ્યું છે. જટાબંધ ( અલકબંધ ) તે ધારણ કરે છે. બાજુબંધ, વલય, મોતીમાલા, રત્નકુંડળ, નૂપુર તથા સુંદર બારીક વસ્ત્રોથી તે વિભૂષિત હોય છે. આ બધાં લક્ષણો તારંગાની આ પ્રતિમામાં આકાર પામ્યાં છે અને આ કારણે એ નિશ્ચિત છે કે પ્રસ્તુત પ્રતિમા વરદતારાની નહીં પણ કુરુકુલ્લાની છે. વળી તે દ્વિહસ્ત હોવાને કારણ 'શુક્લ કુરુકુલ્લા' પ્રકારની છે.[1]

---

૧ 'અષ્ટસાહસ્રિકા પ્રજ્ઞાપારમિતા' નામની બે હસ્તપ્રતો ( કેમ્બ્રિજની પ્રત નં. ૧૬૪૩ અને બેન્ગાલ રોયલ એશિયાટિક સોસાયટીના સંગ્રહની પ્રત નં. એ-૧૫ ) અનુક્રમે ઈ. સ. ૧૦૧૫ અને ૧૦૭૧ની છે. આ બન્નેની યાદી ફુશે ( Foucher ) પોતાના 'એ તુદે સુર લ આઈકનોગ્રાફી બુધ્ધિક દ લ ઇન્દે' પૃ. ૧૮૯-૨૧૪માં આપી છે. આ પ્રતોમાં લાટ ( લાહ્ટ ) દેશમાં ત્રણ પ્રસિદ્ધ બૌદ્ધ તીર્થો હોવાનું નોંધ્યું છે. આ ત્રણ તીર્થસ્થળો એ—તારાપુરે-તારા, કુરુકુલ્લા શિખરે કુરુકુલ્લા અને વંકુરાનગરે ચુન્દા-દેવીઓ પૂજાતી હોવાનું સૂચવ્યું છે. ડૉ. ઉમાકાન્ત પી. શાહે તેમના 'ગુજરાતમાં બૌદ્ધધર્મ' (સ્વાધ્યાય, પુ. ૧, અં. ૩) નામના વિસ્તૃત લેખમાં આ ત્રણે દેવીઓનાં ચિત્રો (નં. ૧૬, ૧૭, ૧૮.) ઉપર્યુક્ત હસ્તપ્રતોના આધારે આપ્યાં છે. હવે જો તારંગાની ઉપર્યુક્ત મૂર્તિ કુરુકુલ્લાની હોય તો તારંગાની ટેકરીઓ પર કુરુકુલ્લા શિખર હોવાની સંભાવના ઉપસ્થિત થાય છે.

# નગરા

રમણલાલ નાગરજી મહેતા

ભારતના પશ્ચિમ કિનારા પરનો ગુજરાત રાજ્યનો સમુદ્રકિનારો દેશને જગતના બીજા ભાગો સાથે જોડનાર મહત્ત્વનો અંકોડો છે. આ સમુદ્રકિનારા પાસે નાની મોટી વસાહતો વિકસી હતી, તે પૈકી જે નાવીડા પાસે કે મોટી નદી પાસે હતી તેમણે નાની મોટી બંદરગાહો તરીકે ઇતિહાસના ફલક પર જુદે જુદે વખતે મહત્ત્વનો ભાગ ભજવ્યો છે. આવો ભાગ ભજવનાર બંદરો પૈકી મધ્યકાળમાં ખંભાતની જાહોજલાલી ઘણી હતી.

ખંભાતના ઐતિહાસિક ઉલ્લેખો નવમી સદી પહેલાં જતા નથી, આથી ખંભાતનો ઈ. સ.-ની નવમી સદી પહેલાંનો લિખિત ઇતિહાસ મળતો નથી. તેથી સવાલ ઊભો થાય છે કે ખંભાત પ્રદેશમાં નવમી સદીથી વધારે પ્રાચીન વસાહત છે કે કેમ ? અને એવી વસાહત અસ્તિત્વ ધરાવતી હોય તો તે કેટલી જૂની ગણાય ? તે વસાહતના લોકોની પ્રવૃત્તિ કેવા પ્રકારની હતી ?

આવા અનેક સવાલોના જવાબ માત્ર સાહિત્યના અધ્યયનથી મળતા નથી પરંતુ તે જવાબો જૂની વસ્તુઓ શોધી કાઢીને તેની મદદથી મેળવવામાં આવે છે. જૂની વસ્તુઓ શોધવા માટે ઠેરઠેર ફરવું પડે છે, અને ત્યારબાદ એ વસ્તુઓનો વ્યવસ્થિત ઇતિહાસ મેળવવા માટે જે તે સ્થળ પર ખોદકામ કરવું પડે છે. આવાં ઉત્ખનનને પરિણામે ઘણી નવી માહિતી મળે છે અને તે વડે ઇતિહાસ પર પ્રકાશ પડે છે.

ખંભાતની આજુબાજુ પ્રાચીન સ્થળની તપાસ કરતાં, ખંભાત શહેરમાં પ્રચલિત દંતકથાઓએ સારી સહાય કરી. અહીં એવી દંતકથા છે કે હાલનું ખંભાત વસ્યું તે પહેલાં નગરામાં અહીંની વસતી રહેતી હતી.

નગરા (૭૨° – ૩૮′ – ૩૩″ પૂ. રે. અને ૨૨° – ૪૧′ – ૧૫″ ઉ. અ.) ખંભાતની ઉત્તરે બે માઈલ જેટલા અંતરે આવેલું નાનું ગામ છે. ઉપરની દંતકથામાં કંઈક સત્ય રહેલું હોવાનો પૂરતો સંભવ છે; એમ માનીને નગરામાં પ્રાચીન વસ્તુઓ મળે છે કે કેમ, તેની શોધ થવાની શરૂઆત થઈ. છેલ્લાં ત્રીસેક વર્ષમાં થયેલી આ શોધને પરિણામે નગરા ગામમાંથી બુદ્ધની મૂર્તિ, બ્રહ્માની મૂર્તિ, સૂર્યની પ્રતિમા વગેરે મૂર્તિઓ તથા મોટી ઈંટો, માટીનાં વાસણો, સિક્કાઓ આદિ મળી આવે છે એવી માહિતી મળી.

પરંતુ આ માહિતી અંધકારમાં કેટલાંક પ્રકાશબિન્દુઓની ગરજ સારતી હતી. તેને વ્યવસ્થિત રીતે સમજવા માટે ત્યાં ઉત્ખનન કરવાની જરૂર હતી. આ ઉત્ખનન મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીના પુરાવસ્તુવિદ્યા વિભાગે ૧૯૬૩–૬૪–૬૫નાં વર્ષોમાં હાથ ધર્યું. તેને પરિણામે ખંભાત તથા નગરાની ઐતિહાસિક રૂપરેખા મળી તથા ઇતિહાસ પર જે નવો પ્રકાશ પડ્યો તેનું અત્રે સિંહાવલોકન કર્યું છે.

ઉપર જણાવ્યું તેમ નગરા ખંભાતની ઉત્તરે બે માઈલ જેટલે દૂર આવેલું આશરે ચાર હજાર માણસની વસતીવાળું ગામ છે. આજે તેનું ગામઠાણુ ૭૩ એકર ૭ ગુંઠા અને સીમનો રકબો ૩૪૩૭ એકરનો છે. આ ગામની પૂર્વે કાલીતલાવડી, દક્ષિણે ખંભાત, પશ્ચિમે નેજા અને ઉત્તરે નવાગામ તથા સાયમાની સરહદો આવેલી છે.

નગરાની સીમમાં નાની મોટી ચાળીસેક તળાવડી તથા અલંગને મળતા કાંસ છે પરંતુ અહીં એકે મોટી નદી નથી. નગરામાં આવતા કાંસ તેની પૂર્વના ચરોતરના પ્રદેશમાંથી વરસાદનું પાણી લઈ આવે છે. પાણીની સાથે આવતો કાંપ પણ આ પ્રદેશમાં ફેલાઈને ધીમે ધીમે અહીં નવી જમીન બંધાતી જાય છે.

નગરા ચરોતરની લગભગ પશ્ચિમ સીમા પર આવેલું છે અને અહીંથી ભાલ પ્રદેશની શરૂઆત થાય છે. તેથી આ પ્રદેશને ભાલબારું કહેવામાં આવે છે. ભાલમાં આવવાજવાનો રસ્તો અહીંથી જાય છે. હાલ આ રસ્તા પર હાંકેડુ ભરવાડો સૌરાષ્ટ્ર અને ગુજરાતમાં પોતાનો "માલ" સાચવવા પરિભ્રમણ કરતા હોય છે.

ચરોતર, ભાલ અને ખંભાતના રણને નામે ઓળખાતા ખારપાટની સીમાઓ પર વસેલું નગરા ગામ તેની આજુબાજુની વરખડા, આંબા, રાયણ વગેરે વૃક્ષરાજિને લીધે તેમ જ અહીંની ડાંગર, અસારીઓ, તમાકુ, કઠોળ, બાજરી વગેરે પાક આપતી કાળી તથા ગોરાટ જમીનને લીધે મનોહર સપાટ પ્રદેશમાં વસેલું દેખાય છે. અહીંની સમઘાત આબોહવા તંદુરસ્તી પોષક હોઈ સામાન્ય સુખાકારી સારી જોવામાં આવે છે.

હાલનું નગરા જોતાં તે ખાડાટેકરા પર વસેલું હોય એમ દેખાય છે, પરંતુ તે ખાડાટેકરા આજુબાજુના પ્રદેશના ધોવાણથી કે પવનથી ઊડેલી ધૂળને પરિણામે તૈયાર થયા નથી. આ ખાડાટેકરા માણસોની પ્રવૃત્તિને આભારી છે. ખંભાતથી નગરા ગામે આવતાં પ્રથમ કુંભારવાડાનો નાનો ટેકરો દેખાય છે. તેની ઉત્તરે નાની પાટીનો ટેકરો શરૂ થાય છે. તે ટેકરા પરનો સૌથી ઊંચો ભાગ ટેકરા ફળિયું છે. આ સ્થળે ટેકરા ઊતરીને સપાટ ભાગ આવે છે અને ત્યાંથી ત્રીજો ટેકરો ભરવાડવાસ પાસેથી શરૂ થાય છે. તેની પર રબારીવાસ, વાઘરીવાસ અને હનુમાનધડો આવેલો છે. (આકૃતિ ૧—આ અંકના પાછલા પૂંઠા પર જુઓ) હનુમાનધડાની ઉત્તરે આ ટેકરો ઊતરી જાય છે.

હનુમાનધડાની પૂર્વમાં વેરાઈમાતાનો ધડો, ત્રણફળી, પાટીદાર લોકોની વાડી, ઊંડાફળી વગેરે ભાગો ટેકરા પર આવેલા છે. તેની ઉત્તર તથા પૂર્વમાં એક રસ્તો જાય છે. આ રસ્તાની બીજી બાજુ પર ટેકરાઓ આવે છે. તે પૈકી રતનખાડનો ટેકરો નગરામાં ઘણી લોકકથાઓનો આધાર-સ્થંભ બન્યો હતો.

નગરા ગામના આ ટેકરાઓ પૂર્વમાં અંચવા તળાવ સુધી, પશ્ચિમે પટવા તળાવ સુધી અને ઉત્તરે કોડવા જવાની નાળ તથા સાયમા જવાની નાળ સુધી આશરે અડધા ચોરસ માઈલમાં વિસ્તરેલા છે.

આ તમામ ટેકરાઓ પર ફરતાં તેની પર પડેલાં નળિયાં, ઠીકરાં, શંખની બંગડીના ટુકડા, તથા તેની ભેખડોમાં દેખાતાં માટી, રાખ, ઈંટો વગેરેનાં વળાં પરથી આ તમામ વસ્તુઓ અને થરરચના માનવ-પ્રવૃત્તિનું જ પરિણામ હોવાની ખાત્રી થાય છે.

નગરાની આ તમામ પુરાવસ્તુની સમૃદ્ધિએ લોકોનું ધ્યાન ખેંચ્યું હતું. જ્યારે શામળ ભટ્ટની લખેલી વાર્તાઓનો પ્રચાર જનસમાજમાં વધ્યો હતો ત્યારે આ ગામને ત્રંબાવટી ગણીને ગર્ધવસેનની નગરી તરીકે સ્થાપવામાં આવ્યું તથા અહીં તાંબાનો કોટ હોવાની કલ્પના કરવામાં આવી હોવા સંભવ છે. તદુપરાંત આ કથાને આધારે આ ગામનો એકાએક દટાઈ જવાથી નાશ થયો હતો. એ કારણ આપીને ધીમે ધીમે દટાઈ ગયેલા પદાર્થોનું અસ્તિત્વ સમજાવવાનો પ્રયત્ન થયો તેમ જ બત્રીસ પૂતળીની કથામાં આવતું વિક્રમનું સિંહાસન નગરા પાસે આવેલા એક નાના ટેકરામાંથી મળી આવ્યાની કથા પણ વિકસાવી. આ નાનો ટેકરો એક મંદિરની આજુબાજુ છે અને તે મધ્યકાળ કરતાં ઘણો પ્રાચીન હોવાનો સંભવ નથી.

નગરાના પુરાવસ્તુને લોકકથા સાથે સાંકળવાના આવા પ્રયાસો બીજાં ઘણાં ગામોમાં થયેલા જોવામાં આવે છે. કામરેજમાં સાધુના શાપથી આખું ગામ દટાઈ ગયું હતું એવી કથા પ્રચલિત છે. " પટ્ટણ સો દટ્ટણ " જેવા શાપથી પાટણનો નાશ થઈ ગયો હતો, એમ માનવામાં આવે છે. આ તમામ માન્યતાઓ, જુદે જુદે સ્થળે જોવામાં આવતા પ્રાચીન અવશેષો કેવી રીતે દટાઈ ગયા તેની મધ્યકાળમાં વિકસેલી સમજૂતીઓ છે એ ધ્યાનમાં રાખવું ઇષ્ટ છે.

આમ લોકકથાઓથી સમૃદ્ધ ખંભાતનાં પ્રાચીન રહેઠાણ નગરાની ગાથા હતી. તેમાંથી પ્રાચીન પદાર્થો મળે છે તેની નોંધ ત્રીસેક વર્ષથી લેવામાં આવી છે, એમ ઉપર જણાવ્યું છે. નગરાના અવશેષોની સર્વપ્રથમ નોંધ સ્વ. રત્નમણિરાવ ભીમરાવ જોટેએ " ખંભાતનો ઇતિહાસ "માં લીધી છે. તેમાં ત્યાંથી મળેલી બુદ્ધની મૂર્તિ તથા સૂર્ય, બ્રહ્મા વગેરેની મૂર્તિઓના ફોટોગ્રાફ છાપ્યા છે અને રબારીવાસની આજુબાજુ ખંભાત રાજ્યે ખોદકામ કરાવ્યું હતું એટલી માહિતી આપી છે. ત્યારબાદ અહીંની નાનીપાટીમાં પડેલી બ્રહ્માની મૂર્તિ વલ્લભવિદ્યાનગરમાં લઈ જવામાં આવી તેની પર શ્રી. અમૃત વસંત પંડ્યાએ અભ્યાસપૂર્ણ લેખ લખ્યો છે. વડોદરા યુનિવર્સિટીના ડૉ. ઉમાકાન્ત શાહે અહીંથી ઈ. સ.ની શરૂઆતના વખતનાં માટીનાં વાસણો ખોળી કાઢ્યાં. ત્યારબાદ અહીંથી આ લેખકે લાલ અને કાળા રંગનાં નીલ-લોહિત વાસણો તથા પશ્ચિમમાંથી આવેલાં માટીનાં વાસણો વગેરે શોધી કાઢ્યાં અને એ રીતે નગરા આશરે ઈ. સ.ની શરૂઆતથી અસ્તિત્વ ધરાવતું હોવાના પુરાવા મેળવ્યા.

આમ નગરાની લોકકથાની પ્રાચીનતાને બદલે પુરાવસ્તુવિદ્યાને બળે નગરાની પ્રાચીનતાના કેટલાક અંકોડા મેળવીને અહીં ઉત્ખનન કરવામાં આવ્યું. તેની માહિતી આપીને તેને આધારે જે ઇતિહાસ મળે છે તેની અત્રે ચર્ચા કરી છે.

## ( ૨ )

નગરાનો ઇતિહાસ મેળવવા માટે હનુમાનધડો, વેરાઈમાતાનો ધડો અને રતનખાડ પર ઉત્ખનન કરવામાં આવ્યું હતું. હનુમાનધડા પર ૪ × ૧૪ મીટરના કદની એક ખાઈ ૧૪.૮૫ મીટર ઊંડી ખોદવામાં આવી હતી. વેરાઈમાતાના ધડા પરની ખાઈ ૮ × ૧૪ મીટરના કદની અને ૯.૧૫ મીટર ઊંડી હતી પરંતુ રતનખાડ પર ખોદવામાં આવેલી ખાઈ ૪ × ૨ મીટર કદની ૭.૭૦ મીટર ઊંડી ખોદવામાં આવી હતી.

આ ત્રણે ખાઈઓનાં ઉત્ખનનને પરિણામે નગરામાંથી મળતી વસ્તુઓનો આનુપૂર્વી કાળક્રમ નક્કી થયો તથા નગરાના વિકાસ અને વિસ્તાર માટે ઘણી મહત્ત્વની માહિતી પ્રાપ્ત થઈ. પ્રથમ આ ખાઈઓમાંથી મળેલા વિવિધ પદાર્થોની ચર્ચા બાદ તેની પરથી તારવેલો ઇતિહાસ રજૂ કરીશું.

( ૩ )

નગરાનાં ઉત્ખનનમાંથી મળેલી વસ્તુઓમાં બાંધેલી ઇમારતોનાં ખંડેરો ( આકૃતિ ૨ ) તેમ જ લાંબી ચૂલો ( આકૃતિ ૩ ) મહત્ત્વના અવશેષો છે. તેની સાથે માટીનાં વાસણો, પથ્થર અને કાચની વસ્તુઓ, શંખની વસ્તુઓ, લોખંડનાં ઓજારો અને વનસ્પતિ અને પ્રાણીના અવશેષો વગેરે મળે છે. આ વસ્તુઓમાં બાંધેલી ઇમારતો, ચૂલો, વગેરે પ્રમાણમાં ઓછી મળે છે જ્યારે માટીનાં વાસણો સૌથી વધુ પ્રમાણમાં મળે છે. બાકીની વસ્તુઓ પૈકી વનસ્પતિના અવશેષો પ્રમાણમાં ઘણા ઓછા મળે છે.

નગરામાંથી મળેલી ઇમારતોના અવશેષો જોતાં તેની રચનામાં માટી, ભડદાં ( કાચી ઈંટો ) પકવેલી ઈંટો, ચૂનો અને પથ્થરોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો એમ દેખાય છે. આ ઇમારતોમાં માટીની ભીંતો બાંધવામાં આવતી. તદુપરાંત માટીનો ભોંયતળિયું બનાવવામાં અને કાચી તથા પાકી ઈંટોના મકાનનાં ચણતરમાં ઉપયોગ થતો. માટીની બાંધેલી ભીંતોના અવશેષો નગરાનાં ઉત્ખનનમાંથી મળ્યા છે. આ ભીંતો નાનાં ઝૂંપડાંની હોવાનું અનુમાન તેની લંબાઈ અને જાડાઈ પરથી થાય છે.

માટીનાં ઝૂંપડાં ઉપરાંત નગરામાં માટીની મોટી પાળ બાંધવામાં આવી હતી. આવી બારેક ફૂટ ઊંચી માટીની પાળ આ ગામનું વસિયાણ થયું ત્યારે બાંધી હતી. આ પાળ ઘણી પહોળી હતી. તે તળાવની પાળ હોય એવો સંભવ છે. આ પાળ બાંધનાર લોકોને આ પ્રદેશમાં તળાવની અગત્ય સમજાઈ હતી. હાલ નગરાની આજુબાજુ આવેલાં નાનાં-મોટાં ચાલીસ તળાવો જોતાં હાલની તળાવો બાંધવાની પ્રવૃત્તિ નગરામાં કેટલી જૂની હશે તેનો ખ્યાલ આવશે. નગરાની માટીની બાંધેલી પાળ ઈ. સ. પૂર્વે છઠ્ઠી પાંચમી સદી જેટલા જૂના કાળમાં બંધાઈ છે, તેથી તે માટીની પાળવાળું આજ સુધી ગુજરાતમાં અને કદાચ ભારતમાં નોંધવામાં આવેલું સૌથી જૂનું તળાવ હોવાનું સમજાય છે. વધારે સંશોધનો થતાં આ યુગનાં અને તેનાથી જૂનાં અને નવાં બીજાં તળાવો શોધી શકાશે એમ લાગે છે.

માટીનાં ઝૂંપડાં ઉપરાંત નગરામાં સારાં મકાનો બંધાતાં હતાં. આ મકાનો ભડદાંનાં બાંધવામાં આવતાં. આવું બે ઓરડા અને ઓસરીવાળું આશરે દોઢેક હજાર વર્ષ પર બંધાયેલું મકાન તૂટી ગયું હતું. તેની ભીંતો તથા તેનું તલદર્શન શોધી કાઢવામાં આવ્યું હતું. મધ્યમ વર્ગના માણસોનું આ મકાન હોય એમ લાગતું હતું. આ મકાનમાં વપરાયેલાં ભડદાં પીળી કાંકરાવાળી માટીનાં બનાવેલાં હતાં. આ મકાન બંધાવનારની આર્થિક સ્થિતિ પાકી ઈંટોનું મકાન બંધાવી શકે એવી સમૃદ્ધ ન હતી.



આકૃતિ ૨

ઉત્ખનનમાંથી મળેલી ઇમારતો : નગરા



આકૃતિ ૩
લાંબી ચૂલ : નગરા



આકૃતિ ૪
પરિકરનો સ્તંભ
કોટેશ્વર : નગરા



આકૃતિ ૪અ
પરિકરનો સ્તંભ
કોટેશ્વર : નગરા



આકૃતિ ૫

ઠીકરા પરનું ઘોડાનું તક્ષણ : નગરા
ઈ. સ. પૂર્વે પ્રથમ સદી



આકૃતિ ૬

રોમન ઍમ્ફોરાનું તળિયું : નગરા




આકૃતિ ૭

ગેંડો



આકૃતિ ૮

સવત્સ ગાયના ચિત્રવાળી મુદ્રા



આકૃતિ ૯

બુદ્ધપસ્ય મુદ્રા



આકૃતિ ૧૫

'વેણુળિક' શબ્દાંકિત ઠીકરું : નગરા; ઈ. સ.ની શરૂઆત



આકૃતિ ૧૦

બ્રહ્મા, સાવિત્રી, ગાયત્રી, નારદ, તુમ્બુરુ (?): નગરા



આકૃતિ ૧૧

ગણપતિ: નગરા



આકૃતિ ૧૨

બુદ્ધ, રબારીવાસ: નગરા



આકૃતિ ૧૩

શંખવલય : નગરા




આકૃતિ ૧૪

હાડકાનાં ઓજારો : નગરા

આવાં મકાનોની સરખામણીમાં વધુ સમૃદ્ધ ગણાય એવાં પાકી ઈંટોનાં મકાનો બાંધનાર લોકોના બે વર્ગ નગરામાં દેખાય છે. તે પૈકી પ્રથમ વર્ગના લોકો ઈંટો પડાવીને મકાનો બંધાવતા હતા. તેમનાં મકાનો મોટા કદની (૧૮″ × ૧૧″ × ૩″) ઈંટોના બાંધવામાં આવતાં હતાં. આ મકાનોની ભીંતો સળંગસૂત્રે બંધાતી અને તેના ખૂણાઓ પણ વ્યવસ્થિત મેળવવામાં આવતા. આ મકાનોનું ચણતર માટીનું થતું અને તેમાં લાકડાના થાંભલાનો ઉપયોગ થતો.

અહીંનાં મકાનો બાંધવા માટે પાયા ખોદવામાં આવ્યા હોય એવાં થોડાં મકાનો મળ્યાં છે જ્યારે ઘણાં મકાનો પાયા ખોદ્યા વગર બાંધવામાં આવતાં હતાં. મકાનોની ઊંચાઈ લક્ષમાં રાખીને આવી જુદી જુદી મકાનો બાંધવાની પદ્ધતિનો ઉપયોગ નગરામાં થયો હોય એમ લાગે છે.

કેટલાંક ઈંટોરી મકાનોના અવશેષો પરથી દેખાય છે કે નગરાના લોકોએ મકાનો બાંધવા માટે નવી ઈંટો પડાવી નથી. પરંતુ જૂનાં તૂટી ગયેલાં મકાનોની ભીંતોની ઈંટો કાઢી લઈને નવાં મકાનો બાંધ્યાં છે. આવી રીતે મકાનો બાંધવામાં આખી ઈંટોને બદલે ઈંટોનાં રોડાં વધારે ઉપયોગમાં આવે એ સ્વાભાવિક છે, કારણ કે ઈંટો ખોદી કાઢતાં તે તૂટી જાય, અને તેનો ઉપયોગ કરવો પડે. જ્યારે રોડાંથી ભીંતો ચણવામાં આવતી ત્યારે પણ અહીંના લોકો ભીંતની બન્ને બાજુ આખી ઈંટોની દેખાય એ રીતે આખી ધારવાળાં રોડાં બન્ને બાજુઓ પર વાપરતા અને વચ્ચેના ભાગમાં ગમે તેવાં રોડાં વાપરતાં. આ પ્રકારે ઈંટો વાપરનાર લોકોની આર્થિક પરિસ્થિતિ નબળી હોય અથવા તેમના મત મુજબ તેમની જરૂરિયાત રોડાંનાં મકાનો પૂરી પાડતાં હોય.

ઈંટોરી મકાનોની ભીંત ચૂનો અને સુરખી ભેગી કરીને લીંપવામાં આવતી. આ લીંપણ બગડી જાય ત્યારે તેની પર બીજો થર ચડાવવામાં આવતો હોય એમ લાગે છે. આ મજબૂત લીંપણને ચૂનાથી ધોળવામાં આવતું હોવાના પૂરતા પુરાવાઓ મળ્યાં છે. નગરામાં આ રીતે ચૂનાનો ઉપયોગ આશરે ૧૫૦૦ વર્ષ પહેલાંનો છે પરંતુ મુસલમાન યુગમાં અહીં ચૂનાનાં પણિયારાં બનાવવામાં આવતાં હતા.

નગરામાં રહેવાનાં ઝૂંપડાં, પીઢરીઆં મકાનો, ભડદાનાં મકાનો તેમ જ ઈંટોરી મકાનો એમ વિવિધ જાતનાં મકાનો જોવામાં આવે છે. હનુમાનધડા પર મળેલાં મકાનોમાં ઝૂંપડાં વધારે હતાં, વેરાઈમાતાના ધડા પર અને રતનખાડ પર ઈંટોરી મકાનો વધારે પ્રમાણમાં હતાં. તે જોતાં નગરાની પ્રાચીન વસતીમાં પણ આર્થિક અને સામાજિક ભેદો સ્પષ્ટ થતા લાગે છે.

પરંતુ આ તમામ મકાનોનાં છાપરાં કેવી જાતનાં હતાં તે બાબત વિચાર કરતાં એમ સમજાય છે કે મોટે ભાગે આ મકાનો પર છાજ હોવું જોઈએ. મકાનોનાં છાપરાં પરનાં નળિયાં ત્રણ પ્રકારનાં છે. સૌથી જૂનાં નળિયાં થાપલા જેવાં હતાં અને તેની એક બાજુ પર બે કાણાં રાખવામાં આવતાં. બીજા પ્રકારના થાપલાની બાજુઓ ઊંચી રાખવામાં આવતી તેથી તે છાપરા પર ઊંધાંચતાં ગોઠવી શકાય. ત્રીજા પ્રકારનાં નળિયાં મુસલમાન યુગમાં મળે છે તે હાલ વપરાતી નાળો જેવાં છે. જૂનાં થાપલાઓ ઘણા ઓછા મળ્યા છે. તે પરથી લાગે છે કે નળિયાંનો ઉપયોગ છાજને મુકાબલે ઓછો હશે, પરંતુ મુસલમાન યુગમાં અર્ધગોળ હાલ વપરાતાં નળિયાંનો ઉપયોગ વધુ પ્રમાણમાં થતો હતો.

રહેઠાણનાં મકાનોમાં પથ્થરોનો ઉપયોગ નગરામાં ખાસ થયો નથી, પરંતુ આમલસાર જેવા પથ્થરો પરથી તથા કેટલીક રૂપસ્થંભ (આકૃતિ ૪; ૪અ) અને મંદિરના બીજા ભાગમાં વપરાતી મૂર્તિઓના અવશેષો પરથી જણાય છે કે મંદિરના બાંધકામમાં પથ્થરોનો ઉપયોગ મધ્યકાળમાં થયો છે.

આમ નગરાની પ્રાચીન ઇમારતો જોતાં લાગે છે કે માત્ર ધાર્મિક ઇમારતોમાં થોડોઘણો પથ્થરનો ઉપયોગ થયો છે; અને બીજી ઇમારતો માટી, ભડદાં અને ઇંટોની બનાવેલી હતી.

નગરામાં રહેતા લોકો સમૂહ ભોજનના શોખીન હોવાના પુરાવારૂપે અહીંથી ઘણી ચૂલો મળી છે. આ ચૂલ પૈકી સૌથી મોટી એકાદ ફૂટ પહોળી અને ચૌદેક ફૂટ લાંબી હોવાનું સમજાય છે. આવી ચૌદ ચૂલો નગરાનાં ઉત્ખનનમાંથી મળી છે. આ ચૂલો ઈ. સ. પૂર્વેની એકાદ બે સદીથી શરૂ કરીને છઠ્ઠી-સાતમી સદીના થરોમાંથી મળી આવી છે. આ તમામ ચૂલો આજની ન્યાતની ચૂલો સાથે સરખાવતાં સમજાય છે કે આજની ચૂલ આ પ્રાચીન યુગની સરખામણીમાં પહોળી પરંતુ વધારે ટૂંકી છે. તે પરથી અનુમાન થઈ શકે કે આજના જેવા મોટાં રાંધવાનાં વાસણોનો પ્રાચીન જમાનામાં ઉપયોગ થતો ન હતો, પરંતુ તેને બદલે ઘણાં નાનાં વાસણો રાંધવા માટે વપરાતાં અને તે બધાંને એક ચૂલ પર ચઢાવી દેવામાં .આવતાં. આ જાતની લાંબી ચૂલ ગુજરાતમાંથી અદૃશ્ય થઈ ગઈ છે, પરંતુ ભારતના આંધ્ર પ્રદેશ જેવા ભાગોમાં તે અદ્યાપિ જોવામાં આવે છે.

આ ચર્ચા પરથી સમજાશે કે નગરાના લોકોએ પોતાની આર્થિક સ્થિતિ અને જરૂરિયાત મુજબ મકાનો, બંધો, ચૂલાઓ વગેરેની રચના કરી હતી અને એ રીતે તેમણે પોતાના નગરમાં સારી વ્યવસ્થા કરી હતી.

## (૪)

નગરામાં રહેતા લોકોએ અનેક પ્રકારની માટીની વસ્તુઓ વાપરી હતી. તેમાં માટીનાં વિવિધ જાતનાં વાસણો, મુદ્રાઓ, મણકાઓ, રમકડાં વગેરેની ગણના થાય એમ છે. નગરામાં મળેલી માટીની વસ્તુઓ મોટે ભાગે સ્થાનિક બનાવટની હતી અને કેટલીક પરદેશથી આયાત થતી હતી.

સામાન્ય રીતે માટીની સૌથી વધુ વપરાતી વસ્તુઓમાં રોજિંદા વપરાશનાં વાસણોની ગણના થાય. માટીનાં વાસણો ફૂટી જાય ત્યારે તેને બહાર ફેંકી દેવામાં આવે છે. આવાં ફૂટી ગયેલાં વાસણોનાં ઠીકરાં જૂનાં ગામોમાં ઠેરઠેર પડી રહેલાં જોવામાં આવે છે. આ ઠીકરાંનો અભ્યાસ કરવાથી વાસણોના ઘાટમાં થયેલા ફેરફારોનો ક્રમ, તેમાં વપરાતી માટીનો તથા બનાવટનો ઇતિહાસ માલૂમ પડે છે. આ ઇતિહાસ જુદાં જુદાં સ્થળોને સાંકળી લેવાના મહત્ત્વના અંકોડા પૂરા પાડે છે.

નગરામાંથી મળેલાં ઠીકરાં તપાસતાં તેની જુદી જુદી ચૌદ જાતો મળે છે. તે પૈકી સાદાં લાલ, ઘૂંટેલાં લાલ, સાદાં કાળાં અને ઘૂંટેલાં કાળાં એમ ચાર જાતનાં ઠીકરાં સૌથી વધુ પ્રમાણમાં મળે છે. આ ઠીકરાં રોજિંદા વપરાશનાં વાસણોનાં છે. તે ઇતિહાસ શોધવામાં બહુ મહત્ત્વના નથી પરંતુ સ્થાનિક પરંપરા સમજવા માટે તે અગત્યનાં છે. નગરાના તમામ થરોમાંથી સાદાં તથા

ઘૂંટેલાં લાલ રંગનાં વાસણોનાં ઠીકરાં મળે છે. આ વાસણોમાં જુદી જુદી જાતનાં કોડિયાં, ઢાંકણાં, રામપાતર, લોટા, ઘડા, કલેડાં, માટલાં વગેરે દેખાય છે. ક્વચિત્ આ વાસણો પર ચિત્રકામ કરેલું દેખાય છે; અને કોઈ કોઈ વાર તેની પર આંગળી વડે પાડેલી ભાતો, તથા કોતરેલી ઘોડાની આકૃતિ (આકૃતિ ૫) વગેરે ભાતો મળી આવે છે. આ વાસણોની બનાવટ પ્રમાણમાં સાદી છે અને તેની બનાવવાની રીતમાં છેલ્લાં હજારો વર્ષમાં ખાસ ફેરફાર થયો નથી.

જેમ સાદાં લાલ અને ઘૂંટેલાં લાલ વાસણો નગરાના સૌથી પ્રાચીન યુગથી આજ સુધી મળે છે તેમ ઘૂંટેલાં અને સાદાં કાળા રંગનાં વાસણો પણ મળે છે. આ જાતનાં વાસણોમાં હાંડલી, માટલાં, ઢાંકણાં, નાની લોટી જેવાં વાસણો મુખ્ય છે. લાલ વાસણોના જેટલા ઘાટ કાળાં વાસણોમાં દેખાતા નથી. આ વાસણો પણ સામાન્ય વપરાશનાં છે.

આ સ્થાનિક વપરાશનાં વાસણો કરતાં હલકી બનાવટનાં જાડા લાલાશ પડતા ઘડા, પહોળાં મોંના હાંડલાં જેવાં વાસણો મળે છે. તેની માટી પ્રમાણમાં જાડી અને પોત ખરબચડું હોય છે. તેની ડોકની નીચે ત્રાંસી લીટીઓનાં સુશોભનો કેટલીક વાર જોવામાં આવે છે. આ વાસણો નગરાનું પ્રથમ વસીઆણ થયું ત્યારથી બનાવવામાં આવતાં.

આ વાસણોનું પોત પાછળથી વિકસેલાં ખરબચડાં લાલ અને કાળાં વાસણોમાં સચવાઈ રહેલું જોવામાં આવે છે. આ વાસણોમાં હાંડલી મુખ્ય ઘાટ છે. રસોઈ કરવા માટે આ વાસણો વપરાતાં હોવાનું સૂચન મળે છે. ઢાંકણાં, નાનાં ગોરસીઆં વગેરે વાસણો આ પ્રકારનાં ઘડતરનાં જોવામાં આવે છે.

નગરામાં મળતી હાંડલી પૈકી અબરખ છાંટેલી હાંડલી વિશિષ્ટતા ધરાવે છે. એનાં ઠીકરાં અંદર અબરખની છાંટ હોવાને લીધે સારો ચળકાટ આપે છે. આ વાસણો મુખ્યત્વે લાલ રંગનાં હોય છે અને તેના ચળકાટને કારણે તે ઓળખાય છે.

પરંતુ એનાં કરતાં સુંદર ચળકાટવાળાં ત્રણ પ્રકારનાં વાસણો નગરામાંથી મળી આવ્યાં છે. તે પૈકી પ્રથમ પ્રકારને અંગ્રેજીમાં "Northern Black Polished Ware" એવું નામ આપવામાં આવ્યું છે. ઉત્તર ભારતની બનાવટનાં આ વાસણો ગાળેલી માટીમાંથી બનાવીને એક વખત પકવ્યા બાદ તેની પર અસ્તર ચઢાવીને સંપુટમાં બકરાંની લીંડી, કોલસા કે એવા બીજા પદાર્થ સાથે પકવવામાં આવે છે. આ રીતે પકવવાથી તેની પર કાળા રંગનો ચળકાટ આવે છે. આ ચળકાટ માટી પકવવાથી જ આવે છે અને બીજી કોઈ રીતે આવતો હોવાનો સંભવ ઓછો છે. આ જાતનાં વાસણો ગુજરાતમાં બનતાં ન હતાં. તે ઉત્તર પ્રદેશ અને બિહાર તરફથી આયાત થતાં હતાં. નાના વાડકા, રકાબી જેવાં વાસણો આ પ્રકારની બનાવટમાં જોવામાં આવે છે. આ વાસણો બનાવવાનાં અઘરાં હોઈ તેની માંગ શ્રીમંત વર્ગમાં વિશેષ હોવાનો સંભવ છે. નગરામાં આ વાસણોનાં માત્ર થોડાં ઠીકરાં મળ્યાં છે.

આ વાસણો જેવાં પરંતુ લાલ રંગનાં ઓપવાળાં વાસણો પણ ઘણાં થોડાં મળે છે. તે વાસણોમાં વાડકા, કૂજા, રકાબી મુખ્ય છે. આ વાસણો દીવાનખાનામાં પેય પદાર્થ ભરવા કે પીવા માટે વપરાતાં હોવાને પૂરતો સંભવ છે. તેની સંખ્યા પણ મર્યાદિત હોઈ, તેની બનાવટમાં રખાતી સંભાળ તેને કીમતી વાસણોમાં ગણના કરવા પ્રેરે છે.

આ લાલ વાસણોની સાથે કાળા રંગનાં વાસણો મળે છે. તે ઉત્તર ભારતનાં કાળાં ચળકતાં વાસણો કરતાં તેના ચળકાટમાં જુદાં પડે છે. પરંતુ ઘણી વાર આ વાસણોને ઉત્તર ભારતનાં કાળાં ચળકતાં વાસણો તરીકે પારખવાની ભૂલો થવા સંભવ છે. આ વાસણોમાં પણ વાડકા અને રકાબી જેવા ઘાટ જોવામાં આવે છે. આ વાસણો પણ ઘણા ઓછા પ્રમાણમાં મળે છે.

આવાં સારાં ઘડતરનાં કાચનો ઓપ ચઢાવેલા વાડકા અને રકાબીઓ પણ અલ્પ સંખ્યામાં મળે છે. આ પ્રકારના ભૂરા અને લીલા રંગનો ઓપ ચઢાવેલાં વાસણોનું પ્રમાણ વધારે હોય છે. સામાન્ય લાલ રંગનાં વાસણો પર મુખ્યત્વે અંદરના ભાગમાં કાચ ચઢાવેલો હોય છે, જ્યારે બન્ને બાજુએ ઓપ ચઢાવેલા હોય એવાં વાસણો ઘણાં ઓછાં જોવામાં આવે છે.

આવાં સામાન્ય વપરાશનાં જુદાંજુદાં વાસણો ઉપરાંત વસ્તુઓ ભરી રાખવા માટેની મોટી કોઠીઓના ટુકડા નગરામાંથી મળી આવે છે. આ કોઠીઓ મોટે ભાગે જાડા કાંઠાવાળી અને દળદાર પોતવાળી હોય છે. તેની પર ક્વચિત્ માટી નરમ હોય ત્યારે તેને આંગળીઓ વડે દબાવીને ભાત પાડવામાં આવે છે. આ વાસણો વિશિષ્ટ ઉપયોગમાં લેવામાં આવે છે.

આવી મોટી કોઠીઓમાં એક પ્રકારને ‘ઍમ્ફોરા ” (આકૃતિ ૬) કહેવામાં આવે છે. આ કોઠીનો નીચેનો ભાગ અણીઆળો હોય છે અને તેની ડોક પાસે તેને પકડવાના હાથા હોય છે. આ કોઠીઓમાં પરદેશથી દારૂ, ઓલીવનું તેલ વગેરે આપણા દેશમાં આયાત થતું; અને તેથી આ જાતનાં વાસણો પરદેશ સાથેનો સંબંધ દર્શાવે છે.

માટીનાં આ તમામ વાસણો મોટે ભાગે એકરંગી હોય છે, પરંતુ નગરામાંથી કેટલાં દ્વિરંગી વાસણો મળે છે, તેનો કાંઠો કાળો અને બીજો ભાગ લાલ હોય છે. તેની આ વિશિષ્ટતા બરછટ કાળાં અને લાલ વાસણમાં દેખા દે છે, પરંતુ આ વાસણો પાતળાં તથા વધારે સારી રીતે બનાવેલાં હોય છે. તેમાં થાળી, વાડકા અને લોટા મુખ્ય છે. આ વાસણો ભારતના ઘણા ભાગોમાંથી મળે છે. તેના રંગ પરથી તેને લાલ અને કાળાં વાસણો અથવા “નીલ-લોહિત’ વાસણો કહેવામાં આવે છે.

માટીનાં વાસણો પૈકી “નીલ-લોહિત” ઉત્તર ભારતનાં ચળકતાં કાળાં વાસણો, ઍમ્ફોરા, લાલ ઓપવાળાં વાસણો અને કાચનો ઓપ ચઢાવેલાં વાસણો સમયાંકન માટે મહત્ત્વનાં છે. આ ઉપરાંત બરછટ કાળાં અને લાલ વાસણો, અબરખ છાંટેલાં વાસણો વગેરેનો સમયાંકન માટે સાવચેતીપૂર્વક ઉપયોગ કરવામાં આવે છે.

માટીનાં વાસણો ઉપરાંત નગરામાં માટીનાં અનેક પ્રકારનાં રમકડાં બનાવવામાં આવતાં. તેમાં બળદ, ગેંડો (આકૃતિ ૭), નીલગાય, ઝરખ (?), હાથી, ઘોડા, વગેરે જોવામાં આવે છે. બળદનું ઘડતર ઘણું સારું છે. તેના નાક પરથી માલૂમ પડે છે કે બળદ નાથવામાં આવતા હતા. સુંદર ખૂંધવાળા આ બળદો બનાવનાર કુંભારો ખરેખર કુશળ હતા. બળદની માફક હાથી તથા ગેંડો પણ સારી રીતે બનાવવામાં આવ્યો છે. જ્યારે નીલગાય, ઝરખ વગેરે પ્રાણીઓની આકૃતિનો સારો આભાસ ઊભો કરવામાં આવ્યો છે. તદુપરાંત પૈંડાઓ, ચકરડી, લખોટી, ગાડું વગેરે રમકડાં કે રમકડાંના ભાગો પણ નગરામાંથી મળ્યાં છે.

માટીનાં રમકડાં ઉપરાંત પૂતળીઓ મળી છે. એ માત્ર રમકડાં હતાં કે દેવીઓ હતી એ બાબત ચર્ચાસ્પદ છે. આ પૂતળીઓની બનાવટ જુદા જુદા પ્રકારની છે. તે પૈકી કેટલીક ઘણી સારી રીતે બનાવી છે. જ્યારે કેટલીક પૂતળીઓનો માત્ર કામચલાઉ ઘાટ ઘડચો છે. તેમાં આંગળી દબાવીને આંખો ઉપસાવીને નાક વગેરે અંગ-ઉપાંગો બનાવેલાં હોઈ તેનું ઘડતર ખાસ આકર્ષક નથી. માટીની બીજી ધ્યાન ખેંચતી બનાવટમાં પકવેલાં મુદ્રાંકનો છે. આ મુદ્રાંકનો પર વિવિધ આકૃતિઓ અને નામો જોવામાં આવે છે. સવત્સ ગાયનાં (આકૃતિ ૮) ઘણાં મુદ્રાંકનો નગરામાંથી મળ્યાં છે, જ્યારે બીજાં મુદ્રાંકનો પર બુદ્ધપસ્ય (આકૃતિ ૯) મહસેન, વિજયમિત્ર વગેરે નામો અને ત્રિશૂળ, વૃષભ ગરૂડ (?) વગેરે આકૃતિઓ મળે છે. આ ઉપરાંત માટીની મુદ્રાઓ પણ મળી છે. તે ધુવડની આકૃતિવાળાં મુદ્રાંકનો બનાવવા માટે વપરાતી હતી. આ મુદ્રાઓ તથા મુદ્રાંકનો પરની આકૃતિ, અક્ષરો વગેરે સુંદર રીતે ઉપસેલાં કે કંડારેલાં દેખાય છે, અને તે પરથી તેની બનાવટમાં સારી કાળજી લેવાઈ હોય એમ સમજાય છે.

માટીના મણકાઓ પણ નગરામાંથી ઘણા મળ્યા છે. તેમાં મુખ્યત્વે સોપારી ઘાટના મણકાઓ સૌથી વધુ પ્રમાણમાં છે, તેની સરખામણીમાં ગોળ ઘાટના દાણા ઘણા ઓછા મળે છે.

આમ સમગ્ર રીતે જોતાં નગરાના કુંભારોએ માટીમાંથી જાતજાતની વસ્તુઓ બનાવીને આબાલવૃદ્ધની જરૂરિયાતો પૂરી પાડી હતી. એટલું જ નહીં પણ માટીની કેટલીક વસ્તુઓ ભારતના બીજા ભાગોમાંથી તેમ જ પરદેશથી પણ આયાત થઈ હતી.

## (૫)

નગરાના લોકો માટીની વસ્તુઓનો ઉપયોગ કરે એ સ્વભાવિક હતું, પરંતુ આ પ્રદેશમાં પથ્થરનો અભાવ છે. તેથી અહીં પથ્થરનો ઉપયોગ ઘણો ઓછો થયો છે. પથ્થરોની મૂર્તિઓ, ઘંટીઓ, ખાંડણીઆ, નીશા, નીશાતરા, તથા મણકાઓ નગરામાંથી મળી આવે છે. આ તમામ પથ્થરો આ ગામમાં બહારથી લાવવામાં આવતા હતા એ એક નિઃશંક હકીક્ત છે.

નગરા ગામમાં આરસપહાણ, ખરતા પથ્થરો અને પારેવા પથ્થરની મૂર્તિઓ મળે છે. આરસપહાણની બ્રહ્મા, (આકૃતિ ૧૦) સૂર્ય, સાવિત્રી, ગણપતિ (આકૃતિ ૧૧) આદિની અનેક સોલંકી શૈલીની ગણાય એવી મૂર્તિઓ મળી આવી છે. આરસપહાણની આ તમામ મૂર્તિઓ નગરા ગામમાં ઘડવામાં આવી કે તે બહારથી લાવવામાં આવી એ પ્રશ્ન અનુત્તર રહે છે, પરંતુ અહીં દેખાતી મોટી મૂર્તિઓ લાવવા કે બનાવવામાં ઘણો ખર્ચ થયો હશે એ નિર્વિવાદ હકીકત છે. આરસપહાણની સૌથી નજીક આવેલી ખાણો નગરાથી સો માઈલ કરતાં વધુ દૂર છે, એ માહિતી ભારે મૂર્તિઓ અહીં કેવી મુશ્કેલી અને શ્રદ્ધાથી આણી હશે એ બાબત વિચાર પ્રેરે છે.

આરસપહાણની મૂર્તિઓ મોટે ભાગે હિંદુ સંપ્રદાયની છે, પરંતુ નગરામાં ખરતા પથ્થરની બુદ્ધની મૂર્તિ (આકૃતિ ૧૨) પણ અસ્તિત્વ ધરાવે છે. આ મૂર્તિ અહીં રબારીવાસમાં છે. એ સૂચવે છે કે નગરામાં બૌદ્ધધર્મ પ્રચલિત હશે અને આ બૌદ્ધધર્મીઓ ગુજરાતમાં વસતા તેમના સહધર્મીઓના સારા સંપર્કમાં રહેતા હતા. આ પથ્થર હિંમતનગર અને ધ્રાંગધ્રા તરફથી આવતો.

પારેવા પથ્થરની ખંડિત મૂર્તિઓ ઉત્ખનનમાંથી મળી છે. આ મૂર્તિ પ્રમાણમાં નાની છે. એ પથ્થર શામળાજી અને ડુંગરપુર વિસ્તારમાંથી મળે છે.

મૂર્તિઓ એક ધાર્મિક જરૂરિયાત હતી અને તેથી ઘણો શ્રમ લઈને નગરાના લોકોએ તે પોતાને ત્યાં આણી હતી, પરંતુ પથ્થરની ઘંટીઓ, નીશા વગેરે વસ્તુઓ જીવનનિર્વાહનાં અગત્યનાં અંગો હોઈ તે પણ આયાત કરવામાં આવતી.

નગરા ગામમાંથી બે પ્રકારની ઘંટીનાં પડ મળ્યાં છે. પ્રથમ પ્રકાર ગામોમાં અદ્યાપિ વપરાતી ઘટી છે, પરંતુ બીજો પ્રકાર જુદો છે. હાલ વપરાતી ઘંટી ફેરવવનો હથો તેના ઉપલા પડમાં એક બાજુ પર ઊભું કાણું પાડીને તેમાં બેસાડવામાં આવે છે, જ્યારે જૂની ઘંટીનું પડ આજની ઘંટીની સરખામણીમાં સાંકડું અને જાડું હોય છે. તેનો હાથો ઉપલા પડનાં પડખામાં ચોરસ કાણું પાડીને તેમાં બેસાડવામાં આવતો. આ બંને પ્રકારની ઘંટીઓ દળવા તથા ભરડવાના કામમાં વપરાતી.

જ્યારે થોડું વાટવાનું હોય ત્યારે ઘંટીને બદલે નીશાનો ઉપયોગ થાય છે. આવી પથ્થરની નીશાઓ નગરામાંથી મળી છે. આ નીશામાં કેટલીક પગવાળી અને કેટલીક આજના જેવી સાદી છે. આ નીશા પર ઉપયોગમાં લેવામાં આવતા ઘણા નિશાતરા પણ મળ્યા છે. મોટે ભાગે ગોળ છેદ દર્શનવાળા આ નિશાતરા વધુ વપરાશને લીધે ચપટા લંબગોળ છેદ દર્શનવાળા અને લીસા બની ગયેલા દેખાય છે.

ઘંટી અને નીશા ઉપરાંત પથ્થરનાં ખાંડણીઆ પણ નગરામાંથી મળ્યા છે. આ ખાંડણીઆનું તળિયું તૂટી જાય ત્યાં સુધી તે વાપરવામાં આવતા હતા.

આવાં રોજિંદા ઉપયોગનાં પથ્થરનાં સાધનો ઉપરાંત ચપ્પુ, અસ્ત્રાને ધાર કાઢવા માટે પથરીઓ વપરાતી તેના કેટલાક નમૂનાઓ નગરાનાં ઉત્ખનનોમાં મળી આવ્યા છે.

ધાર્મિક તથા રોજિંદા વ્યવહારમાં ઉપયોગમાં આવતી વસ્તુએ। ઉપરાંત નગરાના લોકોએ સુશોભનનો માટે પથ્થરના અનેક પ્રકારના મણકાઓનો ઉપયોગ કર્યો છે. આ પથ્થરોમાં અકીક, ચર્ટ, વૈદુર્ય, સ્ફટિક, કાર્નેલિયન આદિ વાપરવામાં આવ્યા છે. ગોળ, ચોરસ, અષ્ટકોણ, રાયણ ઘાટનાં, બન્ને બાજુ પર હાંસવાળા એમ વિવિધ ઘાટના મણકાઓ નગરાનાં ખોદકામમાંથી મળી આવ્યા છે. નગરામાં આ તમામ મણકાઓ ઘડેલા મળ્યા હતા, પરંતુ ઘડવામાં તૂટી ગયેલા, અધૂરા રહેલા કે ઘડતાં પડેલો ચૂરો વગેરે કંઈ અવશેષો મળ્યાં નથી. આજે નગરામાં મણકા સારવાનો અને થોડો ઘડવાનો ઉદ્યોગ ચાલે છે તે બીજા અવશેષો ન મળે ત્યાં સુધી પ્રમાણમાં ઘણો અર્વાચીન હોવાનું સમજાય છે.

આ મણકા બનાવવામાં વપરાયેલા પથ્થરો ગુજરાત, રાજસ્થાન, કાશ્મીર, મધ્ય એશિયાના બદક્ષાનના પ્રદેશમાંથી નગરામાં આયાત થતા હતા; જ્યારે બીજા વપરાશના પથ્થરો ગુજરાતના જુદા જુદા ભાગોમાંથી મેળવવામાં આવતા. પથ્થરો મેળવવા માટે નગરાના લોકોના સંબંધોની મર્યાદા કેટલી વિસ્તૃત હતી તેનો ખ્યાલ આ પથ્થરોનાં પ્રાપ્તિસ્થાનોની હકીકત પરથી સમજાશે.

( ૬ )

નગરામાં પથ્થરો મેળવવાની મુશ્કેલી હતી તેના કરતાં વધારે અઘરો પ્રશ્ન જોઈતી ધાતુઓ મેળવવાનો હતો. નગરાની વસાહત જ્યારે શરૂ થઈ ત્યારે લોખંડ ગાળવાનું જ્ઞાન ભારતમાં હતું. તેથી નગરા ગામની આજુબાજુનો પ્રદેશ લોખંડનાં ઓજારોથી સાફ થયો અને અહીંનો વસવાટ શરૂ થયો. સામાન્ય રીતે ધાતુઓની વસ્તુઓ ઘસાઈ જાય કે જૂની થઈ જાય ત્યારે તેને ફેંકી દેવાને બદલે એ ભંગારને ઓગાળીને તેમાંથી નવી વસ્તુઓ બનાવવામાં આવે છે, કારણ કે તદ્દન નવી ધાતુની વસ્તુઓ કરતાં ઓગાળેલી ધાતુની વસ્તુઓ પ્રમાણમાં સસ્તી હોય છે. આ હકીકત હોવાથી ધાતુની વસ્તુઓ ઓછી મળે છે. નગરામાંથી મળેલી લોખંડની વસ્તુઓમાં જાતજાતના ખીલાઓ, દાતરડાં, ભાલોડાં, છરા, ભાલા મળી આવ્યા છે. અહીંથી મળેલાં આ ઓજારોની યાદી જોતાં ખીલા, દાતરડાં અને છરી સામાન્ય વપરાશનાં સાધનો ગણાય પરંતુ ભાલોડાં અને ભાલા મારક સાધનો છે. છરી અને દાતરડાં મુખ્યત્વે સામાન્ય વપરાશનાં સાધનો કવચિત્ મારક સાધનો તરીકે વપરાય છે, પરંતુ તેનું વર્ગીકરણ એવાં સાધન તરીકે થાય નહીં.

આ લોખંડનાં ઓજારો પૈકી ભાલોડાં તથા ભાલાના વિવિધ પ્રકારો યુદ્ધનાં અથવા શિકારનાં સાધનો હોઈ નગરામાં વસતા લોકોમાં આ બન્ને અથવા એકાદ પ્રવૃત્તિ સામાન્ય હશે. નગરાનાં ઉત્ખનનમાં ઘણાં જાનવરોનાં હાડકાં મળ્યાં છે તે પૈકી કેટલાંક જંગલી જનાવરોનાં હાડકાં જોતાં અહીંના લોકોએ શિકાર માટે લોખંડનાં સાધનો વાપર્યાં હોવાનો પૂરતો સંભવ છે. અહીંની પ્રજાનો લડાયક-વર્ગ ભાલા, ભાલોડાં જેવાં હથિયારો વાપરતો હોવાની પૂરતી સંભાવના છે.

લોખંડ ઉપરાંત તાંબાની સળીઓ, તાંબાના તાર વગેરે નાની નાની વસ્તુઓ પણ નગરામાંથી મળી છે. નગરાનું જૂનું નામ ત્રંબાવટી હતું અને તેને ફરતો તાંબાનો કોટ હતો એ આખ્યાયિકાનો પાછલો ભાગ કાલ્પનિક છે, કારણ કે જગતમાં તાંબાનો કોટ બનાવાય એટલું ત્રાંબુ ગાળવામાં આવતું ન હતું, અને નગરામાંથી ત્રાંબાની મળેલી વસ્તુઓ અલ્પ પ્રમાણમાં છે જે દર્શાવે છે કે અહીં ત્રાંબાની મોટી અને પ્રચુર પ્રમાણમાં વસ્તુઓનો અભાવ હતો.

તાંબાની આવી વસ્તુઓ ઉપરાંત જુદા જુદા રાજાઓના સિક્કાઓ મળ્યા છે. અહીંથી મળેલા તાંબાના સિક્કાઓમાં ઈ. સ.ની શરૂઆતની આજુબાજુમાં પ્રચલિત મુદ્રાંકિત સિક્કાઓ તથા ત્યારપછીના સિક્કાઓ મળે છે. અહીંથી મળેલી ચષ્ટનની મુદ્રાઓમાં એક તાંબાની મુદ્રા, બીજા કોઈ રાજાની મુદ્રા તેણે ફરીથી છાપી હોય એમ દર્શાવે છે અને તેથી તત્કાલીન રાજકીય પરિસ્થિતિ સમજાય છે.

અહીંથી મળેલા સિક્કાઓમાં તાંબા ઉપરાંત ચાંદીની આહતમુદ્રાઓ તથા ક્ષત્રપ રાજાઓના સિક્કાઓ, કુમારગુપ્ત અને કદાચ "કાચ"ની મુદ્રા, વલભી રાજાઓના સિક્કા (?), ગધૈયા અને મોગલકાલીન મુદ્રાઓ છે.

નગરામાંથી મળેલી સીસાની ચોરસ અને ગોળ મુદ્રાઓ ક્ષત્રપયુગ પછી પ્રચારમાં આવી હોય એમ લાગે છે. એની એક બાજુ નંદી અને બીજી બાજુ સિંહ વગેરેની આકૃતિઓ હોય છે.

ધાતુનાં આભૂષણોમાં સીસાંનાં કુંડળો, ચાંદીનાં બોર વગેરે અહીંથી મળ્યાં છે.

સોનાની વસ્તુઓ પણ તદ્દન અલ્પ માત્રામાં મળે છે. મુસલમાન યુગની સોનાની મહોર નગરામાંથી એક કુંભારને મળી હતી. તદુપરાંત તદ્દન નાના તાર જેવી કેટલીક વસ્તુઓ મળી આવે છે.

આમ નગરામાંથી પ્રાચીન યુગમાં વપરાતી ધાતુઓમાં લોખંડ, તાંબુ, સીસું, ચાંદી, સોનું ગણાવી શકાય. આ તમામ ધાતુઓ જુદા જુદા ભાગમાંથી આવતી હતી.

નગરામાંથી મળતી બીજી વસ્તુઓમાં શંખની બંગડીઓ તથા મણકા, કાનનાં આભુષણો વગેરે ગણાવાય. નગરાની પાસે ખંભાતના અખાતમાં શંખ થતા નથી. તેથી અહીં શંખ આયાત થતા. ખંભાતની સૌથી નજીક શંખ દ્વારકાની આજુબાજુ મળી આવે છે. તદુપરાંત મલબાર તરફ અને ચોલમંડળ તરફથી પણ શંખ મળે છે એટલે આ ત્રણ પ્રદેશો પૈકી ખંભાતમાં શંખ મુખ્યત્વે દ્વારકા તરફથી આવતા હોવાનું અનુમાન થઈ શકે.

નગરામાં શંખ કાપીને તેમાંથી આભૂષણો બનાવવાનો મોટો ઉદ્યોગ ચાલતો હતો. આવો ઉદ્યોગ ગુજરાતનાં ઘણાં નગરોમાં એક વખત અસ્તિત્વ ધરાવતો હોવાના પૂરતા પુરાવા છે.

નગરામાંથી મળેલી શંખની બંગડીઓ (આકૃતિ ૧૩) સાદી તથા સુશોભિત બનાવટની હતી. સુશોભિત બંગડી પર ધાતુની પટી જડવામાં આવતી અને બંગડી પર કોતરકામ કરીને તેને આકર્ષક બનાવવામાં આવતી. શંખવલય ધારણ કરેલી સુંદરીનાં સાહિત્યમાંથી મળતાં વર્ણનો જેવાં આકર્ષક વલયો કારીગરો બનાવતા હતા એ મળેલા નમૂના પરથી લાગે છે.

શંખ ઉપરાંત હાથીદાંત અને હાડકાંની વસ્તુઓ પણ નગરામાં વપરાતી. હાથીદાંતની અંજનશલાકાઓ આંખે કાજળ સારવા કે એવા ઉપયોગમાં આવતી. તદુપરાંત બાજી રમવાના લંબચોરસ પાસાઓ પણ હાથીદાંતના બનાવવામાં આવતા.

હાથીદાંત ઉપરાંત હાડકામાંથી પણ પાસા, કુંડળ જેવી વસ્તુઓ બનાવવામાં આવતી. પરંતુ નગરાની વસાહતની શરૂઆતના દિવસોમાં લોખંડ મોંઘું હોઈ હાડકાનાં ભાલોડાં તથા સોય (આકૃતિ ૧૪) જેવી અણીદાર વસ્તુઓ પણ બનાવવામાં આવતી. આ કામ માટે નળાનાં હાડકાંને તોડીને તેનો ઉપયોગ કરવામાં આવતો. તૂટેલાં હાડકાંના કામમાં આવે એવા ટુકડાઓને થોડા ઘડીને તેને રેતી અને પાણીની મદદથી પથ્થર પર ઘસવામાં આવતા અને એ રીતે તૈયાર થયેલાં ઓજારોનો નગરાના લોકો ઉપયોગ કરતા.

## (૮)

નગરા ગામમાંથી કાચની વસ્તુઓ પૈકી બંગડીઓ, મણકાઓ વગેરે મળ્યાં છે. નગરામાં મુસલમાન યુગમાં કાચ ગાળવાનો ઉદ્યોગ હતો એમ અહીંથી મળેલા કીટા પરથી લાગે છે. કાચના મણકામાં કેટલાક સોનેરી મણકા રોમ તરફથી આયાત થતા હતા. કાચના બીજા અવશેષો મળ્યા નથી.

## (૯)

નગરામાંથી મળેલાં હાડકાંઓનું અધ્યયન કરતાં જણાય છે કે અહીં સાબર, હરણ, નીલગાય, કૂતરાં, ભૂંડ, ગધેડાં, ઢોર, ઊંટ, મરઘાં, ઉંદર, નોળિયા, કોર, કાચબા, માછલાં વગેરે અનેક

પ્રકારનાં પ્રાણીઓ અસ્તિત્વ ધરાવતાં હતાં. આ પ્રાણીઓ પૈકી સાબર, હરણ, નીલગાય વગેરે પ્રાણીઓ જંગલી હોઈ તેનો શિકાર કરીને અહીં લાવવામાં આવ્યાં હશે, જ્યારે કૂતરાં, ઊંટ, ઢોર, મરઘાં, ગધેડાં વગેરે પાળેલાં પ્રાણીઓ છે. ભૂંડ એ પણ પાળેલું પ્રાણી છે, જ્યારે ઘરમાં ધાન્ય વગેરે કે ખેતરમાં પાક બગાડનાર કોર અને ઉંદર જેવાં પ્રાણીઓનાં હાડકાં ઉપરાંત તેમણે પાડેલા દરના પણ અવશેષો ઉત્ખનન દરમ્યાન મળી આવ્યાં છે. જળચરોમાં કાચબા, માછલાં વગેરેનાં હાડકાં મળ્યાં છે તથા ઘણી જાતની છીપોલી મળી છે.

આ તમામ પ્રાણીઓ પૈકી જંગલી જનાવરોમાં નીલગાય આજે જાણીતી છે. નગરાની આજુબાજુ તેનાં ટોળાં રહે છે, જ્યારે હરણ કે સાબરનું નામનિશાન રહ્યું નથી. અહીંથી મળેલાં ગેંડાનાં રમકડાં પરથી લાગે છે કે તે પણ જાણીતું પ્રાણી હશે. ગેંડા ઉપરાંત ઝરખ જેવાં પ્રાણીનાં રમકડાં પરથી એના અસ્તિત્વ વિષે માહિતી મળે છે.

નગરાની પ્રાણીસૃષ્ટિના આ થોડા અવશેષો જાણીતા છે. તેની સરખામણીમાં વનસ્પતિ માટેની માહિતી વધુ ઓછી છે. અહીંથી મળેલાં કંસારી જેવાં પાણી ભરાઈ રહે તેવાં સ્થળે પાકતાં જાડાં બરૂ જેવાં છોડનાં બી ખૂબ રસપ્રદ માહિતી પૂરી પાડે છે. આ છોડને ઘણી ભીનાશવાળી જમીન જોઈએ છે. તે પરથી આ પરિસ્થિતિ નગરાની આજુબાજુ હોવાનો સંભવ છે. આવી જમીન ગેંડા જેવાં જનાવરોને પણ અનુકૂળ પડે છે. એ બહુ સૂચક હકીકત છે. પાણી ભરાઈ રહેતું હોય એવી વધારે જમીનમાં કયારી કરીને ડાંગરનો પાક લઈ શકાય છે, અને નગરામાં વસનાર લોકોએ ડાંગર પકવી હોય એમ ઉપલબ્ધ પુરાવાઓ દર્શાવે છે. ખેતીની પેદાશમાં ડાંગર ઉપરાંત કોદરાના અવશેષો ધ્યાન ખેંચે છે. આશરે દોઢ હજાર વર્ષ પહેલાંના આ અવશેષો પરથી જણાય છે કે કોદરી ખાવાનો તેમ જ તે પકવવાનો ચાલ નગરામાં દોઢ હજાર વર્ષ જૂનો છે. આજે પણ નગરામાં ડાંગર અને કોદરા બન્ને ધાન્ય પાકે છે. તે પરથી આ ધાન્યો વાપરવાની પરિપાટીનો ખ્યાલ આવશે. તદુપરાંત કઠોળના કેટલાક અવશેષો મળ્યા છે. નગરામાંથી મળેલા બોર અને હરડેના ઠળિયા આ બન્ને ફળોનો ઉપયોગ સૂચવે છે. બોરના ઠળિયા નાનાં બોરનું અસ્તિત્વ દર્શાવે છે. હરડે દવામાં વપરાતી ઔષધી છે અને તેના અનેક ઉપયોગો સમાજમાં જાણીતા છે.

## (૧૦)

આમ નગરામાંથી મળેલી અનેક વસ્તુઓ અહીંના જીવનવ્યવહાર પર વિવિધ દૃષ્ટિકોણથી પ્રકાશ નાખે છે અને નગરા કેટલું પ્રાચીન છે તેની માહિતી આપીને તેનો વિકાસ કેમ થયો તે બાબત જે રૂપરેખા આપે છે તેની હવે ચર્ચા થઈ શકશે.

ઈ. સ. પૂર્વે છઠ્ઠા કે પાંચમા સૈકાની આજુબાજુ નગરા ગામનું પ્રથમ વસીઆણ થયું. નગરા ગામે એક નાના ગામ તરીકે પોતાનું જીવન શરૂ કર્યું. આ ગામમાં જ્યારે લોકો રહેવા આવ્યા હશે ત્યારે ઝાડીઓ અને ઘાસનાં મેદાનોવાળો તથા પાણી ભરાઈ રહે એવાં સ્થળોવાળો જંગલમય પ્રદેશ હોવાનો પૂરતો સંભવ છે. આ સ્થળેથી જમીનો ચોખ્ખી કરીને નગરાના પ્રથમ રહેવાસીઓએ ગામઠાણ વસાવ્યું. તેમણે આજુબાજુનાં કલણો સાફ કર્યાં. આ ગામ પ્રમાણમાં નાનું હતું અને તેની આજુબાજુ ભરાઈ રહેતાં પાણી અને નાવીડાને લીધે સમુદ્રનાં ભરતી અને ઓટનાં પાણી અહીં આવતાં હશે.

આ ગામના લોકો લોખંડનાં ઓજારો વાપરતા, હાડકાંનાં ઓજારો બનાવતા અને નીલ-લોહિત, લાલ તેમ જ કાળાં વાસણોનો ઉપયોગ કરતા હતા. તેમનાં મકાનો કેવા પ્રકારનાં હતાં તે જાણવા મળતું નથી, પરંતુ માટી ખોદીને તેના બંધ તેઓ બાંધતા હતા.

આ ગામ બસો–ત્રણસો વર્ષ સુધીમાં મોટું થતું જતું હતું. અહીં શંખની બંગડીઓ બનાવવાનો ઉદ્યોગ શરૂ થયો તથા અહીં સમૃદ્ધિ વધતી જતી હતી. ગંગા નદીની ખીણમાંથી અહીં વસ્તુઓ આવતી. આ યુગમાં વ્યાપારમાં નાણાંની શરૂઆત દર્શાવતા ચાંદીના સિક્કાઓ મળ્યા છે. અહીંથી મળેલાં સાધનો ઉપરથી જણાય છે કે નગરાની વસાહતનું ખેતીવાડી પર જ આધાર રાખતા નાના ગામને બદલે ગૃહઉદ્યોગોવાળા કસબા તરીકે રૂપાંતર થતું જતું હતું. આ યુગમાં નગરામાં મોટા જમણવાર શરૂ થયા અને લોકો ચોખાનો આહાર કરતા હોય એમ લાગે છે. ચોખા ઉપરાંત શિકાર કરેલાં જનાવરોનું માંસ પણ વપરાતું. તે ઉપરાંત ખાવાપીવામાં વપરાતી બીજી વસ્તુઓ માટે વિશેષ માહિતી મળતી નથી.

પરંતુ નગરાના વિકાસનું ત્રીજું પગથિયું ઈ. સ.ની શરૂઆત પછી ભરાયું. કસબા તરીકે વિકસેલા નગરાએ આંતરરાષ્ટ્રીય બંદર તરીકેનો સ્વાંગ ધારણ કર્યો. આ પરિવર્તનમાં નગરા પાસેના કોઈ નાવિડાએ મહત્ત્વનો ભાગ ભજવ્યો. પવનની મદદથી ચાલતાં વહાણો નગરાની આજુબાજુ નાંગરતાં. એ વહાણો રોમન સામ્રાજ્યમાંથી માટીની કોઠીઓમાં આસવ, ઓલીવનું તેલ વગેરે પદાર્થો તથા કાચના મણકા અને બીજી વસ્તુઓ લાવતાં. તે પૈકી કેટલીકના નમૂના નગરામાંથી મળ્યા છે.

નગરાને મળેલા આ વેપારનો પ્રત્યક્ષ લાભ નગરા કસબાનો મોટા નગર તરીકે થયેલો વિકાસ છે. મૂળ નાનો કસબો આજુબાજુની જમીન પર વિકસ્યો અને તેણે આશરે એક ચોરસ કિલોમિટર જેટલી જગ્યામાં પોતાનો વિસ્તાર વધાર્યો. આમ માત્ર સ્થળમર્યાદામાં નગરા વિકસ્યું એટલું જ નહીં પરંતુ વ્યાપારી આબાદીની અસર નગરાના રહેઠાણમાં અને લોકોના રિવાજો તથા અહીંના ઉદ્યોગો પર પણ અસર થઈ.

હવે નગરામાં મોટી ઈંટોનાં ફળિયાબંધી મકાનો બંધાયાં અને સામાજિક વ્યવહારમાં ભોજનોએ ઘણું મહત્ત્વ ધારણ કરેલું દેખાય છે. અહીંની શંખની બનાવટોની કક્ષા ઘણી ઊંચી આવી. નગરામાં તાંબાં અને ચાંદીનું નાણું સારા પ્રમાણમાં વપરાતું હતું તેમ જ હાથીદાંત, હાડકાં અને માટીના પાસા વડે દ્યુત અને બીજી રમતો રમાતી. બાળકો માટે અનેક પ્રકારના રમકડાં બનાવવામાં આવતાં અને ગાડાં તથા પોઠો મારફતે પરદેશથી આવેલો માલ દેશના અંદરના ભાગોમાં પહોંચાડવામાં આવતો. આ વખતે "વેણુળિક" નામ સમાજમાં પ્રચલિત હતું; (આકૃતિ ૧૫).

આ યુગમાં હિંદુ અને બૌદ્ધ ધર્મના અનુયાયીઓ નગરામાં વસતા. ક્ષત્રપ જમાનાના આ મોટા નગરને આ પ્રદેશમાં રાજકીય મહત્ત્વ પ્રાપ્ત થયું હોવાના પુરાવારૂપે મૈત્રક તામ્રપત્રો તેને આ પ્રદેશનાં મુખ્ય સ્થળ તરીકે દર્શાવે છે.

નગરાની આ મહત્તા સાતસોએક વર્ષ સુધી ચાલુ રહી લાગે છે. અને ત્યારબાદ તેનાં વળતાં પાણી થયાં. નગરાની સમૃદ્ધિ તૂટી અને તેથી તેનો ઘણો ભાગ ઉજ્જડ થઈ ગયો. જ્યાં ઘરો અને

મહોલ્લાઓ હતા ત્યાં ટેકરા બની ગયા અને તે ટેકરાઓ પર ખેતરો બન્યાં. નગરાના અવશેષોમાં ધરતીકંપ, યુદ્ધે કરેલો વિનાશ, રેલ વગેરેનાં કોઈ ચિહ્નો નથી, પરંતુ એ અવશેષો કોઈ કારણથી ઉજડી ગયેલા ગામના દર્શન કરાવે છે. એક લોકકથા આ દંટતરને વિક્રમ અને ગર્દભિલ્લની વાત સાથે સાંકળીને નજરે દેખાતી વસ્તુ સમજાવવાનો પ્રયત્ન કરે છે. પરંતુ લોકકથાનો બીજો અંશ નગરાના નાશ માટેનાં કેટલાંક કારણો આપે છે. એક લોકોક્તિ જણાવે છે કે નગરા તૂટીને ખંભાત વસ્યું. આ ઉક્તિ કંઈક ઐતિહાસિક સત્ય દર્શાવે છે.

ઉપર જણાવ્યું તેમ નગરાનો નાશ આકસ્મિક કારણોથી સમજાવાય એમ નથી, પરંતુ તેના નાશનાં કારણો આર્થિક પરિબળો લાગે છે. નગરાના છેવટના દિવસોમાં તેની સમૃદ્ધિ ઘટી ગઈ હતી. જે ભાગમાં વસાહતો ચાલુ હતી ત્યાં જૂની ઈંટો ખોદી કાઢીને મકાનો બનાવવામાં આવતાં. તદુપરાંત ઘણાં મકાનો કાચી ઈંટોનાં તથા ઝૂંપડાં પણ જોવામાં આવતાં. આ તમામ એંધાણ ધીમે ધીમે ઘટતી જતી સમૃદ્ધિ સૂચવે છે. નગરાની સમૃદ્ધિ તૂટવાનું મુખ્ય કારણ તેના વેપારને પડેલો ફટકો લાગે છે.

નગરા ભારતના જુદા-જુદા ભાગો, મધ્ય એશિયા તેમ જ પશ્ચિમનાં રાજ્યો સાથે વેપારી સંબંધ ધરાવતું હતું. આ વ્યાપારમાં તેનું ખંભાતના અખાતના નાવીડા પાસેનું સ્થાન મહત્ત્વનું હતું. ખંભાતના અખાતના વિસ્તારમાં આવા નાવીડા પુરાઈ જવાની પ્રક્રિયા ઘણી જાણીતી છે. સંભવ છે કે નગરા પાસેનો નાવીડો પુરાઈ ગયો. તેથી નગરાનો સમુદ્ર સાથેનો સંબંધ તૂટી ગયો.

પરંતુ સમુદ્ર નગરાથી ઘણે દૂર ન હતો અને વ્યાપારી સંબંધો ચાલુ રાખવા માટે નગરાના લોકો સ્વાભાવિક રીતે ઇંતેજાર હતા. તેથી તેમણે સમુદ્રકિનારે વહાણો આવી શકે એવું સ્થળ શોધી કાઢ્યું. આ સ્થળ નગરાની દક્ષિણે સમુદ્ર પાસે હતું. મૂળ સમુદ્રકિનારા પાસે આજુબાજુના પ્રદેશ કરતાં થોડું ઊંચું દેખાતું આ સ્થળ ટેકરા કે ખંભ જેવું દેખાતું હતું. આ જગ્યાએ શરૂઆતમાં નગરાના લોકોએ પરું વસાવ્યું હોય અને તેને તત્કાલીન અપભ્રંશ ભાષામાં ખંભાયત, ખંભાઇચ્ચ જેવું નામ આપ્યું હોય. આ નાનું પરું તેની વ્યાપારી સગવડને લીધે ઝપાટાબંધ વિકસતું ચાલ્યું અને નગરામાંથી વ્યાપારીઓ અને બીજા ધંધાદારીઓએ સ્થળાંતર કરવા માંડ્યું. ખંભાતનો વિકાસ અને નગરાનો વિનાશ સમકાલીન ઘટના બની અને પાછળથી નગરાનું સ્થાન ખંભાતના આશ્રિત ગામ જેવું બની ગયું. સંભવતઃ ઈ. સ.ની સાતમી-આઠમી સદીમાં શરૂ થયેલા આ ફેરફારોને લીધે બેએક સદીમાં નગરાની વસતી તૂટી ગઈ લાગે છે.

નગરા સોલંકી યુગમાં અસ્તિત્વ ધરાવતું નાનું ગામ હતું. તેની સરહદો આજના ગામ કરતાં મોટી લાગતી નથી. અહીં બ્રાહ્મણો વસતા એમ તેમના બ્રહ્મા વગેરે દેવોની પ્રતિમા દર્શાવે છે. વાઘેલા રાજ્યના મંત્રીઓ વસ્તુપાળ અને તેજપાળે પણ નગરાનાં મંદિરની પ્રતિષ્ઠા કરાવી હોવાના લેખો સ્પષ્ટ રીતે નગરાનું આ યુગમાં મહત્ત્વનું સ્થળ હોવાનુ દર્શાવે છે; પરંતુ નગરાની આ મહત્તા કદાચ પારંપારિક હોવાનો વધુ સંભવ છે. નગરામાં થયેલાં ખોદકામો સોલંકી ગામની ભાગોળો પર થયાં હોઈ આ યુગના ખાસ અવશેષો ઉત્ખનનમાંથી મળ્યા નથી, એ પણ આ ગામ સોલંકીયુગમાં ઘણું નાનું થઈ ગયું હતું એ સૂચવે છે.

અહીં ખંભાતના જાહોજલાલીના ગુજરાતના મુસલમાન સુલતાનોના યુગમાં વસતી વધી

હતી. પરંતુ તે પણ થોડો વખત રહીને ઘટી ગઈ. સુલતાન કાળની ચડતીપડતીનાં આંદોલનો નગરાનાં ઉત્ખનનમાંથી પ્રાપ્ત થયેલા અવશેષો સાચવી રાખે છે.

નગરાના બ્રાહ્મણોએ પણ અહીંથી સ્થળાંતર કર્યું. આ નારદીય બ્રાહ્મણોની ખંભાતમાં સારી વસ્તી હતી. પરંતુ તેમનો લગ્નાદિ સંબંધ ઔદિચ્ય ટોળકો સાથે વધુ હોઈ આજે તે બન્ને વચ્ચેનો ભેદ ઓછો થઈ ગયો છે.

આ નારદીય બ્રાહ્મણો શૈવ હતા. તે પૈકી કોઈએ "કૌમારિકાખંડ" નામનું સ્થળ-માહાત્મ્ય ખંભાત માટે રચ્યું. આ કૌમારિકાખંડ ઈ. સ.ની ૧૬મી કે સત્તરમી સદી પહેલાંની રચના હોય એમ લાગતું નથી. આ મધ્યકાલીન સંસ્કૃતગ્રંથે શૈવ સંપ્રદાયની પ્રણાલિકાઓને અનુકૂળ થાય એવું સ્થળ-માહાત્મ્ય ખંભાત માટે આપ્યું છે. એની અંતરંગ અને બહિરંગ પરીક્ષા તેને પ્રાચીન ઠેરવતી નથી. તેથી નગરા તૂટયા પછી ખંભાત વસ્યાની પરિપાટી સત્ય હોવાના ઘણા પુરાવા છે.

## (૧૧)

નગરા તૂટીને ખંભાતનો વિકાસ પણ ક્રમશઃ થયો હોવાનું સમજાય છે. ખંભાતમાંથી મળતા પ્રાચીન અવશેષો સમુદ્રથી, પાણીઆરી દરવાજે અને ત્યાંથી ચોક, માણેકચોક તથા જુમ્મા મસ્જિદવાળા ભાગમાંથી પ્રાપ્ત થાય છે. ખંભાતનો આ સૌથી પ્રાચીન ભાગ આજ સુધી મળેલા અવશેષોને આધારે આઠમી સદી કરતાં જૂનો ગણાય એમ નથી. સોલંકી અને વાઘેલા યુગનું આ સમૃદ્ધ ખંભાત આ વિસ્તારમાં હતું. ત્યારપછીના તબક્કામાં ગવારાના રસ્તા તરફનો અને બીજો વિભાગ વિસ્તર્યો. મોગલ જાહોજલાલીમાં તેનો વિસ્તાર ઘણો વધ્યો અને તે હાલના કૉલેજ વિસ્તારથી થોડે દૂર સુધી વધ્યો હતો. પરંતુ ત્યારબાદ ખંભાત તૂટી ગયું અને પાછું ધીમે ધીમે વિકસે છે.

ખંભાતનો મધ્યકાલીન વ્યાપાર નગરાની પરંપરા પર અવલંબિત હતો. જેમ નગરાનો નાવીડો પુરાતાં તેની વસતી તૂટી તેમ ખંભાતનું બારું પુરાઈ જતાં તેના વ્યાપારને પણ ઘણો ફટકો પડયો. આ હકીકત ઇતિહાસના આવર્તન જેવી લાગે છે.

## (૧૨)

ઉપરની ચર્ચા પરથી સમજાશે કે નગરો, ગામો અને વસાહતો એ માનવ-પ્રયત્નનું ફળ છે. માનવ-પુરુષાર્થને બળે તેનો વિકાસ થાય છે અને એ પુરુષાર્થમાં ઘણી વાર સ્થાનિક પરિસ્થિતિ સહાયક બને છે. આવી પરિસ્થિતિમાં અનેક કારણે ફેરફાર થતાં નગરો તૂટે છે. તેના અવશેષો ટેકરા બનીને સચવાઈ રહે છે. તેનો જો વ્યવસ્થિત અભ્યાસ થાય તો આપણાં ગામો અને નગરોનાં જીવનનાં વિવિધ પાસાંઓ પર મહત્ત્વનો પ્રકાશ પડે છે.

# પ્રાચીન ભારતમાં 'સફરમૈના' વિભાગ*

**સ્વ. વાસુદેવ શરણ અગ્રવાલ**

લશ્કરની આગળ જઈને લશ્કર માટે માર્ગ સાફ કરનારી તથા નવા માર્ગો બનાવનારી ટુકડીને ' સફરમૈના ' કહે છે. હિન્દીમાં પ્રચલિત થયેલો આ ' સફરમૈના ' શબ્દ અંગ્રેજી ' સૈપર્સ ' અને ' માઈનર્સ ' શબ્દોનું વિકૃત રૂપ છે, જે લશ્કરી ભાષામાં ઘણાં વર્ષોથી રૂઢ થઈ ગયેલ છે. હું જ્યારે એક નિશાળિયો હતો ત્યારે એ શબ્દ મેં સાંભળેલો. આજે તો હવે તે હિન્દી ભાષામાં બરાબર ભળી ગયો છે. સફરમૈના એક રીતે તો લશ્કરના ઇજનેરી વિભાગને અધીન હોય છે; પરન્તુ લશ્કરની કૂચ વખતે એનું કાર્ય અત્યન્ત મહત્ત્વપૂર્ણ છે. પ્રાચીન ભારતવર્ષમાં પણ સૈન્યની સાથે, સૈન્યના સંગઠનમાં જ, સફરમૈનાની ટુકડી રહેતી હતી; જ્યારે બહુ મોટી સંખ્યામાં ચતુરંગિણી સેના કૂચ કરતી ત્યારે સફરમૈનાના સિપાઈઓ વહેલા આગળ જઈને સેનાને માટેનો રસ્તો તૈયાર કરતા.

વાલ્મીકિ રામાયણના અયોધ્યાકાણ્ડમાં જ્યારે ભરતની સેના ચિત્રકૂટ પ્રતિ પ્રયાણ કરી ગઈ ત્યારના વર્ણનમાં વાલ્મીકિએ સફરમૈના ટુકડીનું બયાન કર્યું છે. સંસ્કૃતમાં સફરમૈના ટુકડી અને તેના કાર્ય માટે મૂળ તેમ જ પુષ્પિકામાં નિમ્નલિખિત શબ્દો પ્રયોજાયા છેઃ—

मार्गिणः, वृक्षतक्षकाः, वर्त्मकर्मणि कोविदाः,
पथकर्म, पथशोधनं, मार्गसंस्कारः, अध्वाकरणं,
पथिकरणनिर्देशः, पथि क्रियाकरणाः, मार्गसङ्करः.

સૈનિકપ્રયાણ અને અન્ય વિષયમાં આદેશ આપતાં ભરતે સર્વપ્રથમ સફરમૈના ટુકડીને આગળ મોકલવાની આજ્ઞા આપેલી :

क्रियतां शिल्पिभिः पन्थाः समानि विषमाणि च ।
रक्षिणश्चानुसंयान्तु पथि दुर्गविचारकाः ॥

—વા. રામાયણ, અયોધ્યા., ૭૩. ૧૩.

આમાં ત્રણ વસ્તુ કહેવામાં આવી છે : (૧) સફરમૈના ટુકડીમાં પોતપોતાના હુન્નરનું જ્ઞાન ધરાવનાર અનેક પ્રકારના શિલ્પીઓ રહેતા. શિલ્પીઓનાં આ વિશેષ જૂથોનું વર્ણન આગળ ઉપર કરવામાં આવશે. (૨) આ શિલ્પીઓનું કાર્ય માર્ગની વિષમતા અર્થાત્ ખાડાટેકરાને સમતલ બનાવવાનું હતું. માર્ગની વિષમતા ટેકરા–ડુંગરા તેમ જ ખાડાખાઈઓને કારણે હોય છે; એ બન્નેને દૂર કરનાર શિલ્પીઓ, કે માર્ગસંસ્કારો, સફરમૈનાના આવશ્યક અંગરૂપ હતા. (૩) માર્ગનાં દુર્ગમ સ્થળોની જાણકારી ધરાવનાર રક્ષાદળના સૈનિકો પણ સાથે હોવા જોઈએ એવું

---

* 'સ્વાધ્યાય' માટે ખાસ લખાયેલા, મૂળ હિન્દી લેખનો ગુજરાતી અનુવાદ પ્રાચ્યવિદ્યા મન્દિરના સંશોધન અધિકારી અને અનુસ્નાતક અધ્યાપક શ્રી જયન્ત ઠાકરે કર્યો છે.

પણ આ પરથી સ્પષ્ટ થાય છે; એ અત્યન્ત આવશ્યક હતું, કેમકે ઘણુંખરું સેનાનો માર્ગ ગીચ જંગલોમાં થઈને જતો હતો અને પુલિન્દ, શબર વગેરે વનવાસીઓ લૂટ-માર ઉપર જ નિર્ભર રહેનારા હતા. આથી સ્વાભાવિક રીતે જ રક્ષાદલના આ સૈનિકો બહાદુર અર્થાત્ લડનારી ટુકડીના અંગરૂપ હતા.

ભરતનો આ પ્રકારનો આદેશ મળતાં સફરમૈનાની ટુકડીનાં જૂથોએ સર્વથી આગળ કૂચ કરી. આગળ જનારા આ લોકોમાં મુખ્ય હતા द्रष्टारः અર્થાત્ માર્ગની બાબતમાં સર્વ પ્રકારની તપાસ કરનાર નિષ્ણાત સિપાઈઓ, માર્ગની દેખભાળ કરનારા આ લોકો અત્યન્ત શક્તિશાળી વર્ગમાંથી પસંદ કરાતા; કેમકે વિકટ સ્થાનોમાં પ્રવેશી ત્યાંનાં જોખમનો સામનો સર્વપ્રથમ તેમને જ કરવો પડતો હતો. આથી તેમને 'સમર્થ' કહ્યા છે: 'समर्था ये च द्रष्टारः पुरतस्ते प्रतस्थिरे ।' ભૌગોલિક દૃષ્ટિએ માર્ગનું સર્વેક્ષણ કરનાર આ અધિકારીઓના અનુગામી તે લોકો હતા કે જે ભૂમિ તેમ જ ગન્તવ્ય સ્થાન સુધીના પ્રદેશને સારી રીતે જાણતા હોય. જમીન ક્યાં ઊંચીનીચી છે અને માર્ગ કેવા પ્રકારના વાંકાચૂંકા કે સીધા પ્રદેશમાં થઈને પસાર થાય છે, તે બાબતના જ્ઞાનના આધારે આ લોકો 'सूत्रमापन' કરતા અથવા દોરી ફેંકતા. આથી જ એમને 'सूत्रकर्मविशारद' એવું વિશેષણ આપવામાં આવ્યું છે. કોઈ પણ સ્થાન કે ભવનના નિર્માણની પહેલી ક્રિયા 'सूत्रमापन' અથવા 'सूत्रकर्म' કહેવાતી. જેમ આજના ઇજનેરો જરીબ (જમીન માપવાની સાંકળ) અને માપપટ્ટીની મદદથી નિશાની અગર દાગબેલ (કોદાળી વગેરેથી કરાતું નિશાન) કરાવે છે તથા ખૂંટીઓ રોપાવે છે—જેને આધારે બાંધકામ કરવામાં આવે છે, તેવું જ સૂત્રકર્મમાં પ્રવીણ, જમીન કે પ્રદેશનું જ્ઞાન ધરાવનાર ટુકડી કે જૂથના અધિકારીઓ કરતા. આ રીતે માર્ગની દાગ-બેલ નિશાનીઓ લાગી ગયા પછી બીજા શિલ્પીઓનું કાર્ય ક્રમશઃ શરૂ થતું. બધા નિશ્ચિત નિયમો અનુસાર પોતપોતાના કામમાં હાથ અજમાવતા.

રસ્તો બાંધનાર શિલ્પીઓમાં પહેલું સ્થાન જંગલ કાપનાર કારીગરોનું હતું. તેમને 'स्तमावितः वर्द्धकि' કહ્યા છે; કેમકે वर्द्धकि શબ્દનો મૂળ અર્થ 'કાપકૂપ કરનાર'—વાઢનાર હતો. આ વર્દ્ધકિ બે પ્રકારના હતાઃ કાષ્ઠવર્દ્ધકિ અગર દારુવર્દ્ધકિ અને શિલાવર્દ્ધકિ. આ સન્દર્ભમાં તો મુખ્યત્વે કાષ્ઠવર્દ્ધકિઓ જ અભિપ્રેત હતા. એમને રસ્તામાં ઊગેલાં મોટાં મોટાં વૃક્ષોને કાપીને માર્ગ સાફ કરવો પડતો હતો. આ પ્રકારના કારીગરોને वृक्षतक्षक કહ્યા છે. ઋગ્વેદમાં કહ્યું છે કે યજ્ઞ કરતાં પહેલાં યૂપ અર્થાત્ યજ્ઞિય સ્તંભ બનાવવા માટે યોગ્ય મોટા જાડા લાંબા પાટડા જંગલમાંથી કાપી લાવવામાં આવતા; અને એવા મોટા પાટડા મોટાં વૃક્ષોમાંથી કાપવા માટે 'यूप-व्रस्क' નામના કારીગરોને મોકલવામાં આવતા. તેઓ જાડા થડવાળાં ઊંચાં વૃક્ષોને કાપીને જમીનદોસ્ત કરતા ત્યારે તેને ઉચિત સ્થાને લઈ જવાનું કામ 'यूपवाह' તરીકે ઓળખાતા માણસો કરતા. 'यूपव्रस्क' તથા 'वृक्ष-तक्षक' સમાનાર્થક છે અને બન્નેનું કામ એક સરખું જ હતું. વિશાળ વૃક્ષોની સફાઈ કરનાર કારીગરો ત્રણ પ્રકારના હતાઃ એક કુહાડા વડે વૃક્ષના મોટા થડને કાપનાર, બીજા કુહાડીથી મોટી ડાળીઓને તોડનાર અને ત્રીજા દાતરડાં વડે નાની નાની ડાળીઓને ભાંગનાર:

केचित्कुठारैष्टङ्कैश्च दात्रैश्छिन्दन्क्कचित्क्कचित्—अयोध्या०७४.७. આ કુઠાર, टङ्क અને दात्र શબ્દો આજે પણ પૂર્વના જિલ્લાઓમાંના કઠિયારાઓની બોલીમાં પ્રચલિત છે.

જંગલમાં માર્ગમાં અવરોધો ઊભા કરનારી બીજી પણ ઘણી વસ્તુઓ હોય છે. જેમનો અલગ અલગ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. એક તો વાંસનાં જૂથ, જેમને આ ધાકડ—કઠિયારા કાપીને ઉપયોગમાં લે છે ( वंशकर्मकृत् ); બીજાં છે નાના નાના છોડનાં ઝાંખરાં, લતાઓ, વલ્લીઓ, ગુલ્મો—જેમને સમ્પૂર્ણ રીતે સાફ કરી નાખવાં એ આવશ્યક છે. ત્રીજી વસ્તુ છે પુરાણાં સૂકાં ઝાડનાં ઠૂંઠાં, જે કેટલીયે જગાએ ઊભાં હોય છે. એ ઠૂંઠાંને પણ જડમૂળથી ઊખેડી નાખવાં જરૂરી છે. જંગલમાં એક પ્રકારનાં નહીં પણ અનેક પ્રકારનાં વૃક્ષો હોય છે ( विविध-द्रुम ), અને એ બધાંને ઊખેડી નાખવાં આવશ્યક છે. કોઈ કોઈ સ્થળે માર્ગમાં પડેલા કે જડાઈ ગયેલા પથ્થરો પણ અવરોધ ઊભા કરે છે. તેમને ખોદીને અગર તો કાપીને સાફ કરી નાખવા એ પણ જરૂરી હોય છે. પાંચમી બાધા હતી વીરણના વાળા અર્થાત્ ખસ જાતિના છોડવાઓની ગીચ ઝાડીઓ, જેને મોટાં દાતરડાંના ઝટકા લગાવી મૂળમાંથી ઊખેડી નાખવામાં આવે છે. આ પ્રકારનું ઘાસ જ્યાં થાય છે ત્યાં ખૂબ ગીચ રીતે તથા બહુ લાંબીપહોળી જગાને આવરીને ઊગે છે. વર્ષાઋતુમાં જ્યાં પાણી ભરાઈ રહે છે અને પછી સુકાઈ જાય છે ત્યાં જ વીરણ કે ખસનું જંગલ જોવા મળે છે. અષાઢના પહેલા વરસાદની સાથે જ જામીને એ આખા ચોમાસા દરમ્યાન વધ્યા કરે છે. એને પૂર્વના જિલ્લાઓમાં જ્યૂર કહે છે, અને સાવરણાની સળીઓ એમાંથી જ કાર્તિક માસમાં નીકળે છે. તેનાં મૂળિયાં તે ખસ. આ ઘાસનાં રીંગણના રંગનાં સુન્દર ફૂલ ચૂંટવાની ક્રીડાને પ્રાચીન કાળમાં 'वीरणपुष्प-प्रचायिका' કહેતા હતા. આ વીરણ ઘાસને સાધારણ તીક્ષ્ણ ઉપકરણોથી કાપી કે ખોદી કાઢી શકાતું નથી. તેથી મોટા દરાતના ઝટકા વડે ખુલ્લાં કરીને પછી તેનાં મૂળિયાં બહાર ખેંચી કાઢવામાં આવે છે. જંગલને સાફ કરનાર ટુકડીની સાથે શિલ્પીઓનો એક એવો વર્ગ પણ રાખવામાં આવતો કે જે વૃક્ષરહિત સ્થળોએ માર્ગની બન્ને બાજુએ નવાં વૃક્ષો રોપવાનું કામ કરતો હતો. अवृक्षेषु देशेषु केचिद् वृक्षानरोपयन् ।—अयोध्या० ७४.७. અશોકના લેખો પરથી જણાય છે કે સારા માર્ગોના નિર્માણને માટે ફળ થતા છાયાવાળાં વૃક્ષો રોપવાં એ પણ આવશ્યક હતું.

માર્ગશોધનને માટે બીજું આવશ્યક કાર્ય જલવિષયક અનેક પ્રકારની યોજના હતી. એમાં નવા કૂવા બનાવવામાં આવતા જેના માટે 'कूपकार' શિલ્પીઓ સૈન્યમાં રહેતા. કૂવા અનેક પ્રકારના હતા. એક તો જલદી પાણી કાઢવા માટે કાચી કૂઈઓ બનાવવામાં આવતી. એમાં પકવેલી માટીની ચકરીઓ, જેને 'गण्ड' કે 'मण्डल' કહેતા તે, એકબીજીના ઉપર સજાવીને ગોઠવવામાં આવતી. આવા કૂવાઓને दिव्यावदानમાં 'मण्डलिन्' કહ્યા છે. બીજા પ્રકારના પાકા કૂવા હતા, જે ગોળા લગાવીને બહુ પરિશ્રમ તથા ચતુરાઈપૂર્વક બનાવવામાં આવતા. અશોકે પણ આવા પાકા કૂવા કોશ–કોશને અન્તરે જૂના રસ્તાઓ પર બંધાવેલા. પાકા કૂવાઓ ઉપર 'वेदिका' કે 'जगत्'–ચબૂતરા–પણ બનાવવામાં આવતા, જેને 'मण्ड' અગર 'मढ' પણ કહે છે:

उदपानान् बहुविधान् वेदिकापरिमण्डितान् ।—अयोध्या. ७४.११.

આથી પણ મોટા વિશાળ કૂવાઓને 'इनारा' કહેતા. એવા કૂવાઓ ઉપર ચારે બાજુથી ચાર પ્રવાહ એક સાથે ચલાવવા માટે ચાર ઘાટ બનાવવામાં આવતા, જેને 'चौनाया' કહેતા. આજે હિન્દીમાં 'ચૌનાયા' ખોદાવવાનો અર્થ 'કોઈ ભારે ઇમારતી કામ કરાવવું' એવો થાય છે. પુરાણા કૂવાઓની સફાઈ કરનાર કારીગરો માટેની સંજ્ઞા 'उदगार' કે 'उदकागाह' હતી. કૂવાના

થાળા પાસે 'चरही' કે 'चहबच्चा' અર્થાત્ હવાડા બનાવી પાણીથી ભરી રાખવામાં આવતા, જ્યાં પશુઓ પાણી પીવા જતા. કૂવાના મુખ પર લાકડાનું મોટું ચોકઠું લગાડવામાં આવતું. જગત્–ચબૂતરા–ની ચારે બાજુ પણ કઠેરો બાંધવામાં આવતો. કૂવા બાંધવાનું શિલ્પ ગામડાંમાં આજે પણ અસ્તિત્વ ધરાવે છે અને તે કાર્યને માટે ખાસ પ્રકારની ઈંટો મળે છે, જેને સૂજાપટ્ટીની ઈંટો કહેવામાં આવે છે.

માર્ગમાં કેટલાંક એવાં સ્થાન આવતાં જ્યાં વહેતું પાણી વ્યર્થ વહી જતું હોય. ઘણુંખરું પહાડી સ્થાનોમાં આવું બને છે. આ પાણીને રોકવા માટે અહીંના શિલ્પીઓ એક બહુ સરળ યુક્તિ કામે લગાડતા. ત્રણ બાજુના ઢોળાવ પરથી આવતા પાણીને રોકવા માટે ચોથી બાજુએ સેતુ અથવા બંધ બાંધી લેવામાં આવતો. બુંદેલખંડમાં આવા હજારો બંધ બાંધેલા છે, જેમને ગામના ઉદ્યમી લોકો એક ચપટી બજાવતાં તૈયાર કરી લેતા હતા. વરસાદના પાણીને પણ ખેતીને માટે આખું વર્ષ સાચવી રાખવા માટે આવા જલાશયો બહુ ઉપયોગી હતા. ભરતની સેનામાં બંધ બાંધવામાં કુશળ કારીગરો હતા, જેમણે જ્યાં આવશ્યક હતું ત્યાં સેતુ કે બંધ બાંધવાનું કામ કર્યું:

बबन्धुर्बन्धनीयांश्च क्षोद्यान्संचुक्षुदुस्तदा ।—अयोध्या. ७४–१०

રસ્તાઓમાં કોઈ કોઈ સ્થળે પાણીના નાના-મોટા ખાબોચિયાં કે તળાવ પણ ભરાઈ જાય છે. એમાંના પાણીને જરૂર હોય ત્યાં વહાવી લઈ જવાય છે. બંધિયાર પાણીને આ રીતે બહાર વહેવડાવી લઈ જવાની પ્રક્રિયાને 'परिवाह' કહેતા હતા. કોઈ કોઇ સ્થળે તો નાળાં પણ નહેરો જેવાં મોટાં અને ઊંડાં હતાં [ बहूदक परिवाह ]. કવચિત્ એવું પણ બને છે કે નહેર-નાળાંનાં વહેતાં પાણીને બંધ દ્વારા રોકીને વિશાળ ભૂમિપટમાં સંગૃહીત કરવામાં આવે છે. આને માટે રાજસ્થાન, બુંદેલખંડ અને દક્ષિણમાં અદ્યપર્યન્ત 'सागर' શબ્દ પ્રચલિત છે. આવાં તળાવ કે જળાશયો અનેક પ્રકારના હોય છે:

चक्रुर्बहुविधाकारान्सागरप्रतिमान्बहून् । अयोध्या. ७४–११.

માર્ગમાં અવરોધ ઊભો કરનાર કીચડ-કાદવને સાફ કરવાનું કામ અઘરું છે; પરન્તુ તેને માટે અલગ વિશેષજ્ઞ શિલ્પીઓ હતા, જેમણે કાદવને પૂરી દઈને રસ્તા સરખા બનાવી દીધા (संचुक्षुदुः). જો રસ્તા પરના તળાવ કે જળાશયમાંથી પાણી ઉભરાઈ જતું હોય તો તેના બંધને તોડીને પાણીને વહાવી દેવું જરૂરી બને છે.

बिभिदुर्भेदनीयांश्च—अयोध्या० ७४–१०.

નાળાં-તળાવનું કામ કરનાર શિલ્પીઓને 'खनक' કહેતા. તેમનું મુખ્ય કામ કોદાળી-પાવડાની મદદથી માટીને ખોદી નાખવી તથા ભરવી એ હતું. કુહાડા-કુહાડીથી જંગલોને સાફ કરનારાઓને 'यन्त्रक' કહેવામાં આવતા. 'खनक' અને 'यन्त्रक' સફરમૈના ટુકડીનાં બહુ મહત્ત્વપૂર્ણ અંગો ગણાતાં. જેને પહાડી હિન્દીમાં 'झेरा' કહે છે એવા જીર્ણ કૂવાઓને માટીથી પૂરી દઈને રસ્તાને સરખો બનાવવો તે આ खनकोનું કાર્ય હતું.

લશ્કરની કૂચને લાયક અગર સામાન્ય મુસાફરોને માટે પણ જે માર્ગ બનાવવામાં આવતો તેનું એક આવશ્યક અંગ પડાવે પડાવે બનાવવામાં આવતાં વિશ્રાન્તિગૃહો હતાં, જ્યાં મુસાફરો

સગવડ પ્રમાણે થોભી શકતા. રાજાને માટે તો તેને યોગ્ય નિવાસો ઊભા કરવામાં આવતા. જ્યારે સમ્રાટ હર્ષ પોતાની સૈનિક યાત્રાએ ગયા ત્યારે તેમને માટે સરસ્વતીના તીર પર પહેલા પડાવને માટે વાંસ-વેલીઓ અને કુશ-ચટાઈઓ વગેરે સામગ્રી વડે એક બહુ મોટી કુટિર બનાવવામાં આવી હતી. બાણે તેને 'कायमान' કહી છે. 'काय'નો અર્થ હતો સેના અને 'मान' એટલે ઘર. મહાભારતમાં વર્ણન આવે છે કે જ્યારે મદ્રદેશના રાજા શલ્ય પોતાની રાજધાની સાકલથી પાંડવોને મળવા માટે વિરાટનગર આવવા નીકળ્યા ત્યારે દુર્યોધને તેમને થોભવા માટે દરેક પડાવે સુખદાયક નિવેશો બનાવડાવ્યા હતા જો કે દુર્યોધનની આ માટે કોઈ જવાબદારી ન હતી, પરન્તુ તેની ઇચ્છા શલ્યનું મન પોતાના તરફ વાળી લેવાની હતી. તેણે કોઈક રીતે શલ્યને જણાવી પણ દીધું કે આ સર્વ પ્રબન્ધ તેના તરફથી કરાયો હતો. તે જ રીતે અહીં પણ બહુ સ્પષ્ટ રીતે વર્ણન કરાયું છે કે માર્ગમાં ભરતને માટે સ્થળે સ્થળે નિવેશો અગર રાજભવનો બનાવવામાં આવ્યાં હતાં. અશોક વગેરે સમ્રાટો પણ જ્યારે પ્રયાણ કરતા હશે ત્યારે આવો જ પ્રબન્ધ તેમને માટે થતો હશે.

લશ્કરને માટે જે માર્ગ બનાવવામાં આવ્યો તેને વિષે ઘણી વાતો કહેવામાં આવી છે. પહેલાં તો એ કે રસ્તાની ફરસ ઉપરના ભાગમાં ચૂનો કૂટીને બનાવવામાં આવેલી. બીજી વાત એ કે એ રસ્તાની બન્ને બાજુએ સ્થળે સ્થળે પુષ્પવૃક્ષો અને છોડ લગાવવામાં આવ્યાં હતાં, જેના ઉપર જાતજાતના પક્ષીઓ કલરવ કરતા હતા. ત્રીજું, વૃક્ષો ઉપર થોડે થોડે અંતરે નિર્દેશનને માટે પતાકાઓ ફરકાવવામાં આવી હતી. ચોથું, તેના ઉપર સુગંધી પાણી છાંટવામાં આવ્યું હતું. માર્ગના જે ભાગમાં રાજાનો નિવેશ બનાવવામાં આવતો તે જ સ્થળે આ પ્રકારની સજાવટ કરવામાં આવતી હોવાનો પૂરો સંભવ છે. આવા બહુ શોભાયુક્ત સ્થાનમાં રાજાનું નિવાસસ્થાન ઊભું કરવાનો આદેશ 'युक्त' નામના અધિકારીઓને આપવામાં આવ્યો. 'युक्त' અધિકારીઓનો ઉલ્લેખ પાણિનિએ પણ પોતાના એક સૂત્રમાં કર્યો છે. તે જમાનામાં અને કૌટિલ્યના સમયમાં પણ જુદા જુદા વિભાગોના અધિપતિઓને 'अध्यक्ष' કહેવામાં આવતા અને તેમના હાથ નીચે કામ કરનાર મુખ્ય સરકારી અફસરો 'युक्त' કહેવાતા. આ રીતે નિવેશનિર્માણનો પ્રબંધ કરવાના સુનિશ્ચિત નિયમો હતા; અને युक्त અધિકારીઓ તે અનુસાર જ પોતાનું કાર્ય કરાવતા. એ સહેલાઈથી સમજી શકાય તેમ છે કે શાસનના પ્રત્યેક વિભાગમાં युक्त અધિકારીઓને માટે આવા નિયમો રાખવામાં આવતા હોવા જોઈએ.

आज्ञाप्याथ यथाज्ञप्ति युक्तास्तेऽधिकृता नराः ।—अयोध्या. ७४–१३.

માર્ગ પરનાં જે રમણીય સ્થાનોમાં સ્વાદિષ્ટ ફળોનાં ઝાડ રોપેલાં હતાં ત્યાં ભરતને માટે નિવેશો બનાવવામાં આવ્યાં. પાંચસો પાંચસો શકટો સાથે વ્યાપારાર્થે સફર ખેડતા શ્રીમન્ત અને સંમાન્ય સાર્થવાહો, શ્રેષ્ઠીઓ કે મહાજનો પણ આ જ નિવેશોમાં થોભતા એમ જાણવા મળે છે. એમ પણ કહેવામાં આવ્યું છે કે ભરતને માટે રાજકીય આવાસનું સ્વરૂપ આપવા માટે આ નિવેશોને વિવિધ પ્રકારની ભૂષાઓથી સજાવવામાં આવ્યા હતા. લશ્કરની સાથે જ્યોતિષીઓ પણ હતા. તેમણે આવાસોની સ્થાપના અથવા રચનાને માટે શુભમુહૂર્ત દર્શાવ્યું:

नक्षत्रेषु प्रशस्तेषु मुहूर्तेषु च तद्विदः ।—अयोध्या० ७४. १५.

તે રાજભવનની આજુબાજુ એક ખાઈ (परिखा) ખોદવામાં આવી, આ ખાઈની અંદર

એક પ્રાકાર કે પરકોટો રચવામાં આવ્યો. ખાઈની બહાર પુલની પાસે માટીના ઢગલા (पांसुचय, मृत्कूट) બનાવવામાં આવ્યા, જેની મદદ લઈ રાજરાણી અને ઉચ્ચ અધિકારીઓ હાથી પર ચઢતાં. પ્રાકાર કે પરકોટામાં પ્રતોલી બનાવવામાં આવતી. આ પ્રતોલીની બન્ને બાજુ બે મોટા અટ્ટાલક કે બૂરજ રાખવામાં આવતા અને ત્યાં દ્વાર (कपाट) કે મહાદ્વાર (महाकपाट) લગાવવામાં આવતું. આ મહાદ્વારનાં બન્ને બારણામાં મોટા મોટા ઇન્દ્રકીલ અર્થાત્ ભૂમિમાં ચોંટી જાય તેવા ઊભા ડંડા લગાવવામાં આવતા, અને મધ્યમાં એક વ્યોંડા કે આડો ડંડો લગાવાતો જેને અર્ગલા કહેતા. ઇન્દ્રકીલ એટલે આજની મોટી સિટકિની. આ રીતે બે મોટા ઇન્દ્રકીલ અને તેમની ઉપર લગાવેલી અર્ગલાનું જે ચિત્ર બને છે તેને પ્રતોલીનું ઉપમાન આપવામાં આવ્યું છે:

तत्रेन्द्रकीलप्रतिमाः प्रतोलीवरशोभिताः ।—अयोध्या० ૭૪. ૧૭.

'પ્રતોલી'ને આજે હિન્દીમાં 'પૌર' અને રાજસ્થાની બોલીમાં 'પોલ' કહે છે જે લગભગ નગરદ્વારનો જ પર્યાય છે. તેની બેઉ બાજુએ બે ઊંચા બૂરજ અને ઉપર તેમને જોડનારી આડી કમાન બનાવવામાં આવે છે, તેનું જ સાદૃશ્ય 'इन्द्रकीलप्रतिमाः' શબ્દથી સૂચવવામાં આવ્યું છે. રાજમહેલોમાં કેટલાય પ્રાસાદો અને તે પ્રાસાદોમાં સૌધ કે સર્વોપરિ કમરા બનાવવામાં આવતા, તેમનું સ્પષ્ટ ચિત્ર પ્રાચીન ભારતીય પ્રાસાદોના વર્ણનમાં જોવા મળે છે. આ સૌધો ઉપર પતાકાઓ લગાવવામાં આવતી. તેમને જોતાં જાણે દેવોનાં વિમાનો વિચરી રહ્યાં હોય તેવો ખ્યાલ આવતો. આવા ઊંચા આવાસોથી યુક્ત માર્ગ એવો દેખાતો હતો કે જાણે દેવવિમાનો કે દેવગૃહોથી યુક્ત ઇન્દ્રની અમરાવતી નગરી:

समुच्छ्रितैर्निवेशास्ते बभुः शक्रपुरोपमाः ।—अयोध्या० ૭૪. ૧૯.

આ રીતે તે માર્ગ અયોધ્યાથી શરૂ કરી છેક પ્રયાગમાં ગંગા સુધી અને ત્યાંથી આગળ ચિત્રકૂટ પર્યન્ત બનાવવામાં આવ્યો. આ પ્રમાણે શુભશિલ્પીઓ વડે નિર્મિત તે રાજમાર્ગ સર્વ પ્રકારે સુશોભિત લાગવા માંડ્યો.

# પીડા-દુઃખનું ક્રિયાવિજ્ઞાન

## ( Physiology of Pain )

જે. ડી. પાઠક

સુખદુઃખ મનમાં ન આણીએ, ઘટ સાથે રે ઘડિયાં,
ટાળ્યાં તે કોઈનાં નવ ટળે, રઘુનાથનાં જડિયાં.

અંગ્રેજી શબ્દ pain—પેઈનના પીડા, વેદના, શૂળ, દર્દ, દુઃખ એવા અનેક પર્યાયો અપાયા છે. 'પેઈન'—સંવેદના (સેન્સેશન), અનુભૂતિ (પર્સેપ્શન) તેમ માનસિક અવસ્થા-ઊર્મિ (ફીલિંગ)—ત્રણે છે, પરંતુ મુખ્યત્વે તો તે સંવેદના છે.

માનસિક વ્યથાથી વિમુખ એવી માત્ર અનુભૂતિ જ તરીકે કોઈ પણ પીડાનું અસ્તિત્વ સ્વીકારવું મુશ્કેલ છે. દુઃખ શબ્દ શારીરિક પીડા કરતાં માનસિક અવસ્થા વધારે દર્શાવે છે. એટલે અત્રેની ચર્ચામાં શારીરિક સંવેદનાના સંદર્ભમાં 'પીડા' અને તેની સાથે સંકળાયેલી માનસિક અવસ્થા માટે દુઃખ શબ્દનો ઉપયોગ કરીશું તથા પીડા(પેઈન)ના ક્રિયાવિજ્ઞાનની ચર્ચા તેની સંવેદનાના ક્ષેત્ર પૂરતી મર્યાદિત રાખીશું. ક્રિયાવિજ્ઞાનમાં **સંવેદનાના** અનેક **પ્રકાર** પાડવામાં આવેલા છે.

જ્ઞાનેન્દ્રિયો—આંખ, કાન, નાક, જીભમાંથી મળતી જોવાની, સાંભળવાની, ગંધની કે સ્વાદની સંવેદનાઓને વિશિષ્ટ સંવેદનાઓ (Special senses—સ્પેશિયલ સેન્સિસ) તરીકે ઓળખવામાં આવી છે.

સ્નાયુ, સાંધા, અસ્થિ, પેશી આદિમાંથી મળતી શરીરના અંગસ્થાન સંબંધી, સંવેદનાઓને ઊંડી (deep—ડીપ) કે ગતિબોધક (kinesthetic—કાઈનેસ્થેટિક) સંવેદનાઓ કહી છે.

જઠર, આંતરડાં, વાહિની, મૂત્રપિંડ આદિ ઊંડા અવયવોમાંથી પ્રાપ્ત થતી સંવેદનાઓને અંત્યસ્થ (visceral—વીસરલ) સંવેદનાઓ તરીકે સંબોધી છે.

અને ત્વચા આદિમાંથી મળતી સંવેદનાઓને બાહ્ય (superficial—સુપરફિશિયલ) **સામાન્ય સંવેદનાઓ** ગણી છે. સ્પર્શ, શીત, ઉષ્ણ અને પીડા—એ ચાર સામાન્ય સંવેદનાઓના વિશિષ્ટ, સ્વતંત્ર પ્રકાર સ્વીકારવામાં આવ્યા છે, પરંતુ પીડા(પેઈન) ખરેખર એ ચાર પૈકીની એક અનોખી વિશિષ્ટ સંવેદના છે?

પેન્સિલની અણી અડકાડતાં સ્પર્શની, તેને સહેજ ભારથી મૂકતાં દબાણની, પછી જોરથી ભોંકતાં પીડાની સંવેદના ઊપજે છે. સહેજ હૂંફાળું પાણી પ્રિય લાગે છે, એથી ઊનું ગરમીનો ખ્યાલ આપે છે, ઊકળતા જેવું દઝાડે છે અને પીડા કરે છે.

આવા અનુભવ ઉપરથી પહેલી શંકા એ ઊપજે છે કે પીડા તે કોઈ, સ્પર્શ, ઉષ્ણ, શીતની જેમ વિશિષ્ટ, નિરપેક્ષ, સ્વતંત્ર સંવેદના છે, કે અન્ય સામાન્ય સંવેદનાની આખરી સ્થિતિ છે?

ક્રિયાવિજ્ઞાનમાં પીડાને સ્વતંત્ર નિરપેક્ષ સંવેદના તરીકે સ્વીકારી છે તેનાં અનેક કારણો આપવામાં આવ્યાં છે :

૧ શરીરમાં કેટલાક સ્થળેથી પીડાની સંવેદના મળતી નથી, જો કે બીજી સંવેદના ત્યાંથી આવતી પરખાય છે, દા. ત. મોંમાં ગાલની અંદર બીજા મોલર–ચર્વણદંત આગળના ભાગમાંથી, ગર્ભાશય (યૂટેરસ)ના આગલા ભાગમાંથી પીડાની સંવેદના મળતી નથી.

શિશ્ન (પીનીસ) પીડા પારખે છે, સ્પર્શ નહીં. નેત્રની સ્વચ્છા (કોર્નીઆર), કાનનો પડદો (ટિંપેનિક મેમ્બ્રેન) ને દાંતની ભીતર(પલ્પ)માંથી કેવળ પીડાની સંવેદના મળે છે, સ્પર્શ કે શીતોષ્ણનો ત્યાં અભાવ છે.

સ્પર્શ તથા પીડાનાં સંવેદનબિન્દુઓ એક જ સ્થળે હોતાં નથી. પીડાની સંવેદના ધડમાંથી, સ્પર્શની ઊપાંગોમાંથી વધારે સારી રીતે મળે છે.

જે વિભાગ કે અંગ વધારે હલનચલન કરી શકતું હોય એ સ્પર્શની સંવેદના વધારે સારી રીતે પારખે છે, દા. ત. જીભ, આંગળાં, હથેળીમાં, છાતી, ગરદન કે ખભા કરતાં સ્પર્શની સંવેદના વધુ તીવ્ર હોય છે.

સંવેદક તંત્રિકા (સેન્સરી નર્વ) કપાયા પછી પુનરુત્થાન પામતી હોય ત્યારે તેના ક્ષેત્રમાં પીડાની સંવેદના પહેલી પાછી આવે છે, પછી સ્પર્શની, ખાસ કરીને સુકુમાર સ્પર્શની. કેટલાંક નિશ્ચેતક ઔષધો—દા. ત. કોકેનના ઈંજેકશન પછી પ્રથમ પીડાની ને પછીથી લાંબે ગાળે સ્પર્શ, શીતોષ્ણની સંવેદના લોપ થાય છે.

રજ્જુ (સ્પાઈનલ કોર્ડ)ના મધ્ય ભાગમાં જ્યાં પીડાના તંતુઓ સામે પાર વ્યત્યય કરે છે ત્યાંના વિભાગની વિકૃતિમાં—એક સિરિંગોમાયેલિયા નામના વ્યાધિમાં—કેવળ પીડા નષ્ટ થાય છે, સ્પર્શ નહીં. આવી વિઘટિત સંવેદનસ્થિતિ દર્શાવે છે. પીડા એ મૂળભૂત સ્વતંત્ર નિરપેક્ષ સંવેદના છે.

બીજો પ્રશ્ન એ કરાય કે પીડા એક જ સંવેદના છે કે તેના પણ સ્વતંત્ર વિવિધ **પ્રકાર** છે?

આપણા રોજિંદા વ્યવહારમાં કોઈ પીડા સોયની જેમ ભોંકાતી, કોઈ ઝબકારા મારતી, દઝાડતી, કોરી કાઢતી, લપકારા મારતી વર્ણવીએ છીએ. જઠરની ચાંદીમાં પેટમાં આગ લાગતી હોય એવી વેદના થાય છે. ગૂમડું થયું હોય ત્યારે તે જગાએ લપકારા મારે છે. પ્લુરસીમાં છાતીમાં શૂળ ભોંકાય છે. આંતરડામાં ગરબડ થતાં ચૂંક આવે છે. કેટલાક દરદમાં છાતી પર મોટો ભાર દબાવતો હોય એમ લાગે છે, વગેરે.

આ બધી પીડાઓનો મૂળભૂત પ્રકાર તો એક જ છે પરંતુ સાથે સાથે અન્ય સંવેદનાઓ મિશ્રિત બનતાં નવા નવા પ્રકારોની પીડા હોય એમ જણાય છે એવો ક્રિયાવિજ્ઞાનીઓનો મત છે.

દા. ત. પીડા ઉપરાંત ઉષ્ણુતાના સંવેદકો ઉત્તેજાતાં, દઝાડતી હોય એવી પીડા થાય છે. પીડા સાથે સ્પર્શ આવતાં ધબકારા મારતી પીડા માટે ઘણી વાર બે કે ત્રણ કે વધુ સંવેદનાઓનું વિવિધ પ્રમાણુમાં મિશ્રણ થયું હોય છે. તેથી પીડા અનેક જાતની લાગે છે, એ સૌને પીડાના સ્વતંત્ર નિરપેક્ષ પ્રકારો ન લેખતાં મિશ્રિત સંવેદનાઓ માનવામાં આવે છે.

## બાહ્ય અને ઊંડી પીડા :

શરીરનાં બાહ્ય પડોમાંથી આવતી સંવેદનાઓ વધુ સ્પષ્ટ હોય છે તે આપણે સહેલાઈથી પારખી કાઢીએ છીએ; એટલું જ નહીં પરંતુ તેમનું સ્થાન પણ ચોકસાઈથી કરી શકીએ છીએ. તે પ્રત્યે આપણું ધ્યાન વહેલું ખેંચાય છે ને મન તે તરફ ચોંટેલું રહે છે. બાહ્ય પીડાની સાથે શરૂઆતમાં પેશીઓ જરા તંગ બની વધુ સહેલાઈથી પ્રતિક્રિયાઓ કરે છે, નાડીના ધબકારા વધી પડે છે. ટૂંકમાં, બાહ્ય પીડા પ્રત્યે આપણે વધુ સજાગ હોઈએ છીએ.

ઊંડા અવયવો સામાન્ય સંવેદનાઓથી વંચિત હોય છે. તેમાં ક્વચિત્ પીડા થાય છે એ ઊંડી પીડા, અસ્પષ્ટ ને ઝાંખી, હોય છે. તેમનું સ્થાન કહી શકતા નથી. ઘણી વાર તેમના મૂળ-સ્થાન કરતાં કોઈ દૂરના તેના સંબંધમાં રહેલા સ્થળમાંથી સંવેદના આવતી લાગે છે. આવી અન્યત્રાનુભૂત પીડાની સંવેદના( referred pain–રીફર્ડ પેઈન )ની વિગતવાર ચર્ચા પછીથી આવશે. તેની સાથે સ્વાનુકંપી( સિંપેથેટિક )નાં લક્ષણો અચૂક મળે છે. દા. ત. ચૂંક, આંકડી, શૂળની સાથે આઘાત, નાડી મંદ પડવી, ચક્કર આવવાં, અંગો શિથિલ થવાં આદિ લક્ષણો સામાન્યતઃ હોય છે જ.

## પીડાની તપાસ :

પીડા માપવા માટે પ્રમાણભૂત માપદંડ હજુ મળ્યો નથી. આથી પીડાના સંશોધન અર્થે વિવિધ રીતો અજમાવાઈ છે. તેમાં (૧) પીડાની પારખ, (૨) પીડા પ્રત્યે પ્રતિકાર—બે બાબતની તપાસ થાય છે.

પીડા ઉપજાવવા ટાંકણી, સોય જેવી અણીદાર વસ્તુ ભોંકી, અગર વીજળીનો કરંટ આપી, કે વીજળીના દીવાથી અમુક સમય પ્રકાશનું બિમ્બ પડવા દઈ કે ઊંડા અવયવોમાં સેલાઈન દાખલ કરી ક્યારે પીડાની સંવેદના કેટલી માત્રાના ઉદ્દીપનથી ઊપજે છે—તેનો અભ્યાસ થાય છે. પીડાના સંશોધનમાં અનેક આવી રીતો અજમાવામાં આવી છે.

પીડા પ્રત્યે પ્રતિકાર માપવા પીડાકારક ઉદ્દીપન આવી વ્યક્તિના મોં કે ચહેરામાં થતો ફેરફાર, દર્દથી ' અરે ' બોલી ઊઠવું, પરસેવો થવો કે નાડીની ગતિનાં ફેર પડવો નિમિત્ત નૈમિત્તિક વચ્ચે લાગલો સમય અને ઉદ્દીપનની માત્રાનો સંબંધ માપી જોવામાં આવે છે.

આવી તપાસમાં પીડાની સંવેદના ( સેન્સેશન ) સાથે પીડાની અનુભૂતિ ( પર્સેપ્શન ) બંને બાબતો મિશ્ર થયેલી હોય છે. પીડા પ્રત્યેના પ્રતિકારમાં વ્યક્તિગત તફાવત ખૂબ મળે છે, છતાં નવાઈ જેવું એ છે કે સામાન્યતઃ મનુષ્ય તેને થતી પીડા લગભગ સરખી રીતે પારખી શકે છે. એક જ વ્યક્તિની જુદા જુદા દિવસે સરખા સંજોગોમાં પીડા પારખવાની શક્તિ ખાસ બદલાતી નથી. શરીરના વિસ્તાર ઉપર પીડાનું સ્થાન બરાબર કહી શકાય છે પરંતુ પીડાના ઉદ્દીપનનું

કારણ આંખો બંધ કરી હોય તો પારખી કઢાતું નથી. દા. ત. કોઈ બિન્દુએ ટાંકણી ભોંકી હોય કે ધીકતા તારનો છેડો અડકાડ્યો હોય કે વીજળીથી આંચકો આપ્યો હોય તો પીડાનું કારણ કહી શકાતું નથી. પીડા એવી સંવેદના છે કે જેનું પૃથક્કરણ પીડાને લીધે નહીં પરંતુ બીજી સંવેદનાની મદદથી કરી શકીએ છીએ.

એક જ વ્યક્તિમાં, બીજે ધ્યાન ખેંચાતાં પીડાના ઉદ્દીપનની માત્રા ૪૦%થી પણ વધારે વધારવી પડે છે. અન્યત્ર પીડા થતાં મૂળ વિભાગની પીડા વીસરી જવાય છે. ડામ દેવાથી, ફોલ્લો પાડવાથી મૂળ પીડા ભૂલી જવાય છે.

તેવી જ રીતે ઊંઘ, થાક કે ઔષધોની અસરથી પીડાનું ઉદ્દીપન ઘણું વધારવું પડે છે, જ્યારે કેટલીક અવસ્થામાં કોઈ પણ સંવેદના પ્રત્યે આપણે વધારે સજાગ પણ બની જઈએ છીએ.

## પીડાનું ઉદ્દીપક, કારણ:

કોઈ પણ પ્રકારનું ઉદ્દીપન ઊતક( ટિશ્યુ )નો નાશ કરે એવડું પ્રબળ બને ત્યારે તે પીડાની સંવેદના ઉત્પન્ન કરે છે. પીડાનું ઉદ્દીપક ઊતક માટે હાનિ કરનારું જ હોય છે. તે જેમ લાંબો કાળ વધારે રહે એમ વધારે નુકસાનકર્તા નીવડે છે. પીડા આથી સંવેદનાઓમાં લાલબત્તી છે. એ દર્શાવે છે કે સ્થળ ભયમાં છે; ત્યાંનું જોખમ જલદી દૂર કરવું જોઈએ.

અન્ય સંવેદનાઓની જેમ પીડાના ગ્રહિતાથી માંડી તેને મસ્તિષ્ક સુધી લઈ જનારી સંસ્થામાંથી પીડાના આવેગો હવે યોગ્ય યંત્રો વડે નોંધી શકાય છે. પ્રત્યેક આવેગ વૈદ્યુત સ્થિતિમાન( પોટેંશિયલ )માં બારીક ફેરફાર કરે છે. તેને યોગ્ય રીતે વધારી, ( એમ્પ્લીફાઈ કરી ) ઓસિલોસ્કોપમાં જોઈ શકાય છે. તેમના અભ્યાસથી આવેગોના ઉદ્ભવ, પ્રકાર, માત્રા તથા પ્રચાર વિષે ઘણી માહિતી મળે છે. તેની અનુભૂતિ કે ઊર્મિથી અલગ એવી પીડાની સંવેદનાની જ તપાસ માટે આ રીતો વધારે પ્રમાણભૂત છે. સ્પર્શ આદિ અન્ય સંવેદનાઓમાં ઉદ્દીપન ચાલુ હોય તોપણ આવેગો નોંધાતા નથી. સૌથી પ્રથમ શરૂઆતમાં તે આવેગો ધોધમાર આવતા લાગે છે પરંતુ થોડીક વારમાં મંદ પડી જાય છે

પીડાના આવેગો, એથી ઊલટું, જ્યાં લગી ઊદ્દીપન ચાલુ હોય ત્યાં લગી એટલા જ મોટા ને એટલી જ પરંપરામાં ( દર સેકંડે ૫–૧૦ની સંખ્યામાં) આવ્યા કરે છે. અર્થાત્ તેમાં અનુકૂલન આવતું નથી.

સામાન્ય સંવેદનાની વાત કરતાં, સ્પર્શ પ્રત્યે તત્કાલ, શીત અને ઉષ્ણ પ્રત્યે થોડા સમય પછી, આવી અનુકૂલનની સ્થિતિ મળે છે, પરંતુ પીડા પ્રત્યે તો પીડાનું કારણ ચાલુ રહે ત્યાં સુધી ચાલુ રહે છે. (જુઓ ચિત્ર ૧).

રોજના અનુભવમાં આ વાત આપણે સારી રીતે જાણીએ છીએ. કપડાં પહેરતાં કે ચશમા ચઢાવતાં કે ઘડિયાળ બાંધતાં શરૂઆતમાં તેમની હાજરીનો ખ્યાલ આવે છે. પછી તો તે અંગ ઉપર છે કે નહીં તે ભૂલી જવાય છે; જ્યારે હથેળીમાં વાગેલો કાંટો જ્યાં સુધી કાઢી ના નંખાય ત્યાં સુધી ભોંકાયા કરે છે.

### પીડાના સંવેદક—ગ્રહીતા ( receptor—રીસેપ્ટર ) :

પીડા સૌથી આદિ અને અણઘડ( પ્રિમિટિવ ) સંવેદના છે. ઉત્ક્રાંતિમાં તે સૌથી પ્રથમ પ્રાપ્ત થઈ લાગે છે. તેવી જ રીતે તેના ગ્રહીતા પણ એવા જ અણઘડ( પ્રિમિટિવ ) અને સાદામાં સાદા છે. અન્ય સંવેદનાના ગ્રહીતા જેવા વિકસેલા નથી.




ગ્રહીતાનુ ઉદ્દીપન થતાં આવેગોની પરંપરા
સ્પર્શ પ્રત્યે તરત અનુકૂલન મળે છે, પીડા પ્રત્યે બિલકુલ નહીં

ચિત્ર ૧

પીડાના ગ્રહીતા સાદા છૂટાછવાયા આમતેમ પડેલા તંત્રિકાના( નર્વ ) તંતુઓના છેડા છે. ઘણીખરી તંત્રિકા( નર્વ )ને સામાન્ય રીતે બે બાહ્ય પડ હોય છે. મેડયુલરી—સ્નેહનું મધ્ય પડ ને ન્યુરીલેમાનું સૌથી બાહ્ય પડ. તે મૂળ તંતુને વીંટળાયેલાં હોય છે, વીજળી લઈ જવા માટે તારને પડ હોય છે એમ. તે પડ વિસંવાહક હોઈ વીજળીના તારની જેમ તેનું વિસંવાહન (ઇન્સ્યુલેશન) કરે છે.

પીડા પારખનાર તંતુઓ તેની તંત્રિકા( નર્વ )માંથી વિખૂટા પડી, આ પડ રહિત ખુલ્લા બની, અહીં તહીં લગભગ બધે પથરાયેલા મળે છે. તેમને છેડે નાની ગાંઠો જેવી જાડી રચના મળે છે. આથી વધુ કારીગરીવાળી કોઈ વ્યવસ્થિત રચના તેમના પર દેખાતી નથી.

આવા છૂટાછવાયા ઠેર ઠેર પડેલા તંતુઓ જ માત્ર પીડાની જ સંવેદનાના ગ્રહીતા (રીસેપ્ટર) છે એ સંપૂર્ણ રીતે સાબિત થતું નથી. કાનમાં પણ આવા તંતુઓ મળે છે; તો યે

કાનમાંથી સ્પર્શ, શીત, ઉષ્ણ ને પીડા—એ સઘળી સામાન્ય સંવેદનાઓ પામી શકાય છે. આ ગ્રહીતા(રીસેપ્ટર) અન્ય સંવેદકો કરતાં કેટલીક બાબતોમાં જુદા પડે છે. પીડાનું કારણ ચાલુ હોય ત્યાં સુધી તેમાંથી આવેગો મળતા રહે છે ને તેમાં અનુકૂલન (એડેપ્ટેશન) આવતું નથી એ વાત આવી ગઈ છે.

સ્પર્શ તથા શીત કે ઉષ્ણના બીજા ગ્રહીતાઓને ઑક્સિજન, રક્ત ઓછું મળતાં જડ બને છે. તે હવે સરળતાથી.સંવેદના આપતા નથી, જ્યારે પીડાના ગ્રહીતા આવા સંજોગોમાં વધુ સજાગ ને તીવ્ર બને છે. તેમને લોહી ઓછું મળતાં ઇજા વધુ કષ્ટમય બને છે. આ છૂટા તંતુઓ પીડાની સંવેદના શી રીતે પકડી કાઢે છે એ કહેવું કઠણ છે.

ઊતકને હાનિકર્તા હોય ને તેનો લગભગ નાશ કરે એવી અવસ્થા ઊપજી હોય ત્યારે પીડાની સંવેદના પ્રકટે છે. ઈજાને લીધે કોઈ રાસાયણિક પદાર્થ પેદા થઈ ગ્રહિતાને ઉદ્દીપન આપતો હશે એમ મનાય છે. લુઈસે પીડાની સંવેદના પામનાર ને વહી જનાર સંસ્થાને નુકસાનકર્તા (Noci-fencer–નોસિફેન્સર) સંસ્થા તરીકે ઓળખાવી હતી. ચામડી સહેજ છૂંદાય એટલે થોડી સેકંડમાં તેની આસપાસનો પ્રદેશ આળો થઈ જાય છે ને કલાકેક સુધી તે અતિ સંવેદનશીલ રહે છે. કીલ ઈજાથી બહાર પડતા તત્ત્વને પોલિપેપ્ટાઈડ વર્ગનું માને છે. ફોલ્લો પડ્યો હોય ત્યારે કેટલીક વાર તેમાં જમા થયેલો રક્તરસ તે સ્થળે પીડા કરતો નથી, કારણ કે ત્યાંના સ્થાનીય તંતુઓ નાશ પામ્યા હોય છે. પરંતુ એ જ ફોલ્લામાંથી થોડોક રસ ચેપવાળા બીજા સ્થળે મૂકતાં અત્યંત પીડા આપે છે.

પીડાના ગ્રહીતાની અનુવેદ્યતા(permeability—પર્મીએબીલિટી) અનુસાર તેમાં આવાં રાસાયણિક દ્રવ્યો સરળતાથી કે મુશ્કેલીથી પસાર થતાં હશે. તે પ્રમાણે પીડાની સંવેદના મંદ કે તીવ્ર બનતી હશે, એવો એક પ્રસ્તાવ છે, ઈજાથી તંતુઓની અનુવેદ્યતા વધતી હશે. રિસ્ટામિન, હાઈડ્રોક્સિ ટ્રિપ્ટેમિન, રક્તના પ્લેટલેટ(બિમ્બાણુ)માંથી નીકળતા પદાર્થ આવા ગુણ ધરાવે છે. તે તંતુઓની અનુવેદ્યતા ફેરવી નાખે છે. તેમની હાજરીમાં સામાન્ય સંવેદના પણ અત્યંત ઉત્કૃષ્ટ બની પીડા આપવા સમર્થ બને છે. સાથે સાથે તેના પુરાવારૂપે તેમાંથી પ્રકટતા વૈદ્યુત સ્થિતિમાન(પોટેન્શિયલ)ના સ્પાઈકની સંખ્યા તથા પ્રમાણ વધે છે. ટૂંકમાં તંતુઓમાં થતા રાસાયણિક સ્થાનિક ફેરફારોથી સંવેદના સરળતાથી પકડાતી હોય એમ સંભવે છે. ચામડી છૂંદાતાં તે આળી બને છે, પરંતુ સાથે સાથે તે પહેલાં નિશ્ચેતક ઔષધ દાખલ કરી ત્યાંના તંતુઓ જડ કરી નાખ્યા હોય તો ચામડી આળી બનતી નથી. પીડાના તંતુઓ, ગ્રહિતા(રીસેપ્ટર)નો અતિશય ઉશ્કેરાટ સ્થાનીય અતિ સંવેદનશીલતા(હાઈપર સેન્સિટિવનેસ)નું કારણ બને છે, એમ મનાય.

આ ઉપરથી નિશ્ચેતક ઔષધોનું મહત્ત્વ સહેજે સમજી શકાય છે. કોઈ પણ સ્થાન બહેરું કરી શસ્ત્રક્રિયા કરવી જોઈએ; તો દર્દીને નિરર્થક પીડા વેઠવી ન પડે.

અકસ્માત પછી દરદીને તત્કાળ પીડા રહિત કરાય તેમ તેનો ઈજા પ્રત્યેનો પ્રતિકાર, ને અકસ્માત સહન કરવાની તથા તેમાંથી સ્વસ્થ થવાની ક્રિયાને વેગ મળે. અસાધ્ય દરદમાં પણ કોઈ પણ સારવારનો હેતુ, દરદીની પીડા હળવી કરવાનો હોવો જોઈએ.

આપણી તંત્રિકાઓમાં

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| જાડા | अ | પ્રકારના | તંતુઓમાં | દર સેકંડે | ૨૫ થી ૧૨૫ | મીટર |
| મધ્યકદના | ब | ,, | ,, | ,, | ૭ થી ૨૦ | ,, |
| પાતળા | क | ,, | ,, | ,, | ૨ | મીટરથી |

ઓછી ગતિથી આવેગો મોકલાવાય છે.

**પીડાના તંતુઓ :**

પીડાની સંવેદના આવા ગ્રહીતા( રીસેપ્ટર )માંથી તેમની સાથે જોડાયેલા તંતુઓ દ્વારા તંત્રિકા ( નર્વ ) મારફતે રજ્જુ ( સ્પાઈનલ કોર્ડ ) તરફ જાય છે. પીડાની સંવેદના વહી જનારા તંતુઓ પણ તેના ગ્રહીતાની જેમ સાદા, અણઘડ ( પ્રીમિટિવ ) છે. તેમને માયેલિનનું પડ હોતું નથી, એટલે કે તેઓ બીજા તંતુઓ કરતાં પાતળા હોય છે, તેમાં સંવેદનાઓ મુકાબલે મંદ ગતિથી આગળ ધપે છે, જ્યારે સ્પર્શાદિની સંવેદનાના તંતુઓ જાડા શીઘ્રવાહી છે.

પીડાની અંશતઃ સંવેદના જાડા તંતુઓ દ્વારા પણ જાય છે, પરંતુ બહુધા તો પાતળા તંતુઓ મારફતે તે વહે છે. આથી આપણને વાગે છે ત્યારે પીડા બે તબક્કે થાય છે—એક વાગ્યા પછી તરત જ ને બીજી થોડી પળો ગયા પછીથી. પહેલી સંવેદના, સ્પર્શની જેમ મસ્તિષ્ક તરફ વધુ પરિચય ને વિશ્લેષણ અર્થે અને બીજી ચેતક( થેલેમસ )માં પરખાતી હોવાનું જણાય છે.

**પીડાનો પથ** ( Pathway of pain impulses ) **:**

સાથેના ચિત્રમાં દર્શાવ્યું છે તે મુજબ ટૂંકમાં ગ્રહીતા (રીસેપ્ટર)—છૂટા તંતુઓ—તંત્રિકા ( નર્વ )—પશ્ચમૂલગંડ( પોસ્ટ રૂટ ગેન્ગ્લીઅન )—પશ્ચમૂળ ( રૂટ ) રજ્જુ( સ્પાઈનલ કોર્ડ )—તેમાં પશ્ચશૃંગ કોશિકા ત્યાંથી અનુપ્રસ્થ તંતુઓ—રજ્જુ ચેતકપથ (સ્પાઈનો થેલેમિક ટ્રેક્ટ) —સ્કંધ ( બ્રેન સ્ટેમ—મેડયુલા, પોન્સ, મિડબ્રેન )—ચેતક( થેલેમસ )માં વિરમે છે.

પીડાની સંવેદના જડ પ્રકારની છે ને તે ચેતક( થેલમસ )માં મુખ્યત્વે પરખાય છે. કંઈક અંશે એ સંવેદનાથી મસ્તિષ્ક પણ પરિચિત થાય છે; ( જુઓ ચિત્ર ૨ ). તેના પથમાં અગત્યનાં સ્થળે સંવેદનાની વિશિષ્ટતા જોઈ જઈએ.

પશ્ચમૂળ( પોસ્ટીરીઅર રૂટ ) માર્ગે પીડાના તંતુઓ રજ્જુ( સ્પાઈનલ કોર્ડ )માં પ્રવેશે છે. તેના ઉપર ગંડ ( ગેન્ગ્લીઅન ) આવેલો છે, જેમાં રહેલી કોશિકા( સેલ )માંથી આ તંતુઓ નીકળ્યા હોય છે.

ગેન્ગ્લીઅનના અધિકતર છંછેડાવાથી તંત્રિકા( નર્વ )ના તંતુઓને છેડે પીડા અનુભવાય છે, ને મોતીના બિન્દુ જેવો પીટકો થઈ આવે છે. હર્પિસ—વિસર્પિકામાં ( સામાન્ય ભાષામાં બરો ઝર્યો હોય ત્યારે ) તેના ત્વચાવિસ્તારમાં આવાં પીટકો મળે છે. તે ઉપરથી વિવિધ તંત્રિકા ( નર્વ ) તતુંઓના વિસ્તારનું ક્ષેત્ર પારખી કઢાયું છે.

રજ્જુ તરફ જતા પશ્ચમૂળના તંતુઓ કપાતાં તે વિભાગમાંથી પીડા ઉપરાંત સંવેદનાઓ જતી રહે છે, તેમ ત્યાં કોઈ પ્રતિક્રિયા મળતી નથી. તંત્રિકાના વિકારમાં ઝંઝણી, ઝળકારા થાય છે ને તેને દબાવતાં પીડા થાય છે. સામાન્ય સંવેદનાની તંત્રિકાના રોગમાં પીડા કરતાં સ્પર્શ વધુ




ચિત્ર ૨

જતો રહે છે જ્યારે તંત્રિકાના મૂળ( રૂટ )ના છેદમાં સ્પર્શ કરતાં પીડાની સંવેદના વધુ જડ બને છે. કરોડરજ્જુ( સ્પાઈનલ કોર્ડ ) તરફ જતા પશ્ચમૂળ( રૂટ ) સાંકડી જગામાંથી પસાર થતા હોવાથી છીંક કે ખાંસી ખાતાં કે દબાણ થતાં કરોડ આગળ અસહ્ય દરદ થઈ આવે છે.

**રજ્જુ**( સ્પાઈનલ કોર્ડ )માં પીડાના તંતુઓ પ્રવેશી પશ્ચશૃંગે( પોસ્ટ હોર્ન )માં વિરમી અનુપ્રસ્થ થઈ સામેના પડખાના રજ્જુ ચેતકપથ( સ્પાઈનો થેલેમિક ટ્રેક્ટ )માં જોડાય છે.

આમ ડાબા પડખામાંથી આવતી સંવેદના જમણા પથમાં અને જમણાની ડાબા પથમાં ગોઠવાય છે. પીડાના તંતુઓ તરત સામી દિશામાં ઓળંગતા હોવાથી, રજ્જુનો મધ્ય ભાગ નષ્ટ થતાં દરદીને પીડાની સંવેદના, તે વિભાગમાં મળતી નથી જ્યારે સ્પર્શની એ જ બાજુના પથમાં થઈ જતી હોવાથી ચાલુ રહે છે. સિરિંગોમાયેલિયા નામના રોગમાં દરદીને બંને હાથમાં પીડા માલૂમ પડતી નથી પરંતુ તે સ્પર્શ પારખી શકે છે.

કેટલીક વાર અસહ્ય પીડાના આખરી ઉપચાર અર્થે આ પથનો છેદ કરવામાં આવે છે ત્યારે દરદીના શરીરના નીચલા વિસ્તારમાંથી પીડા જતી રહે છે.

**સ્કંધ** ( બ્રેનસ્ટેમ–મેડયુલા, પોન્સ, મિડબ્રેન )માં આ પથ અન્ય સામાન્ય સંવેદનાઓ લાવનાર પથ સાથે જોડાય છે. તેને ફ્લિટ કે–માર્ગ કહે છે. આ પથ કપાતાં સામેના અર્ધશરીર વિસ્તારમાંથી સઘળી સામાન્ય સંવેદના જતી રહે છે ( hemian aesthesia—હેમિ એનેસ્થેસિયા ).

**ચેતક ( થેલેમસ )** : તે આદિ સંવેદનાઓનું સર્વોચ્ચ કેન્દ્ર છે. મસ્તિષ્કનો વિકાસ થયા પછી પણ જડ, અણુઘડ સંવેદનાઓ( પીડા, અસ્પષ્ટ સ્પર્શ, અતિશય ઉષ્ણ કે શીત) ચેતક( થેલેમસ )માં પરખાય છે, તથા સઘળી સંવેદનાઓ અહીં વિરમે છે. અહીં વિરમ્યા પછી વધારે વિશ્લેષણ માગતી નૂતન સુકુમાર સંવેદનાઓ મસ્તિષ્ક તરફ જાય છે.

થેલેમસથી આપણને બાહ્ય જગતનો અસ્પષ્ટ પરિચય મળે છે, એટલું જ નહીં પણ, થેલેમસ તેવી સંવેદનાઓને ભાવ, ઊર્મિ, લાગણીના રંગે રંગી આપણને તેમની અનુભૂતિ ( પર્સેપ્શન ) આપે છે. એથી ચેતક–થેલેમસ–પરિચય આપે એવા, વાસ્તવમાં હોય એવા નહીં, જગતની માહિતી મળે છે.

મસ્તિષ્કના જે ઘણા વિસ્તારો જોડે ચેતક( થેલેમસ )ને અનેક સંબંધો છે. સામાન્ય રીતે મસ્તિષ્ક જેને વશ રાખે છે એવા આવેશો, ચેતક( થેલેમસ ) અનિયંત્રિત બને ત્યારે બેકાબૂ બને છે. થેલેમસની વિકૃતિવાળો દરદી સહેજ પીડા થતાં રડી ઊઠે છે, સહેજ ગલીપચી થતાં ખડખડાટ હસી પડે છે. તે સુખ તેમ દુઃખનું અધિકતર પ્રદર્શન કરે છે, આવેશમય બને છે.

ઉપરાંત થેલેમસના હ્રાસમાં સુકુમાર સંવેદનાઓ તો જતી જ રહે છે. અંગસ્થાનનો પરિચય ન થતો હોવાથી તેવા દરદીનું હલનચલન અસ્થિર અને વિચિત્ર બને છે.

## ઊંડી પીડાની સંવેદના :

બાહ્ય આવરણોમાંથી આવતી સંવેદના કરતાં ઊંડી સંવેદના જુદી પડે છે. બાહ્ય પડમાંથી પીડાની સંવેદનાનું સ્થળ, કારણ આદિ વિગતવાર બાબતો નિશ્ચિત રીતે કહી શકાય છે, સાથે સાથે સ્વાનુકંપીની ઉત્તેજનનાં લક્ષણો–નાડીનો ઝડપી વેગ, રક્તદાબનો વધારો મળે છે.

પેશી, કંડરા, સંધિ, અસ્થિ, આદિમાંથી આપણને અંગસ્થાન સંબંધી સ્પષ્ટ માહિતી મળે છે, પરંતુ પીડાની સંવેદના તો અસ્પષ્ટ ને અનિશ્ચિત હોય છે અને ક્ષોભકારી પણ નીવડે છે. તેમાં નાડી મંદ પડે છે, રક્તદાબ નીચો જાય છે.

ઊંડા અવયવો—જઠર, આંતરડાં હૃદય, ફેફસાં, વૃક્ક, મસ્તિષ્ક, અસ્થિ, ધમની, આદિ સામાન્યતઃ સંવેદનાવિહીન હોય છે. આ વાત ઘણા વખતથી જાણીતી છે. ૪૦૦ વરસ પહેલાં વિલિયમ હાર્વેએ રાજા ચાર્લ્સ સમક્ષ એક ઉમરાવના ખુલ્લા થયેલા હૃદયને અડકી દબાવી આનું પ્રત્યક્ષણ કરાવ્યું હતું. ઑપરેશનમાં ઊંડા અવયવોને કાપતાં, ખેંચતાં, દબાવતાં કે ચીરતાં કંઈ થતું નથી પરંતુ આ ઊંડા અવયવોને ઢાંકતાં આવરણો—પરિહૃદ્, પરિતન, પરિપુફુસ, પર્યસ્થિ—અતિ સંવેદનશીલ હોય છે.

આ ઊંડા અવયવોમાંથી મળતી પીડાની વિશિષ્ટતાઓ જોઈ જઈએ.

પેશી (મસલ): તેમને જોરથી દબાવતાં પીડા થાય છે; તેમ ઑક્સિજનની અછતથી પેશીમાં અત્યંત પીડા ઊઠે છે. દા. ત. બાહુની આસપાસ સખત પાટો બાંધી તેનું પરિવહન અટકાવીએ તો હાથ થોડોક હલાવતાં સખત દુઃખે છે. પાટો છોડતાં ને પરિવહન ફરી સ્થાપિત થતાંવેંત તેની પીડા જતી રહે છે. લુઇસ માને છે કે આ વેળા ઑક્સિજનની ખામીમાં કોઈ પીડાતત્ત્વ જમા થઈ પેશીમાં પીડા કરે છે. પરિવહન સ્થાપિત થતાં તે તત્ત્વ જતું રહે છે. એન્જાઈનામાં હૃદયની વાહિની સાંકડી થાય છે. (T.A.O.)માં પગની ધમની સાંકડી બને છે. પેશીઓમાં હલનચલનથી પીડા થાય છે, આરામથી તે હળવી બને છે તે આ કારણે.

અત્યંસ્ત્ય પોલા અવયવો—જઠર, આંતરડાં, એપેન્ડિકસ—સામાન્યતઃ પીડારહિત છે. તેમાં સખત ખેંચાણ થતાં પીડા થાય છે, તે પણ આવા કોઈ કારણે.

તેમાંથી આવતી વેદના અસ્પષ્ટ, અનિશ્ચિત ને ક્ષોભકારી હોય છે, એ આગળ જોઈ ગયા.

આ પીડા બહુધા મૂળ સ્થળને બદલે તેની તંત્રિકાના સંબંધમાં હોય એવા શરીરના કોઈ બીજા કોઈ બાહ્ય ભાગમાંથી આવતી હોય એમ લાગે છે. આવી પીડાને અન્યત્રાનુભૂત પીડા (referred pain—રીફર્ડ પેઈન) કહે છે.

આ અન્યત્રાનુભૂત પીડાનું કારણ આમ અપાયું છે:

સામાન્યતઃ મસ્તિષ્ક ઊંડા અવયવો—વિભાગોમાંથી આવતી પીડાથી પરિચિત હોતું નથી. રોગમાં એમાંથી આવેગોની પરંપરાઓ આવે છે, જે અંતે તેમના સંબંધમાં રહેલા રજ્જુ-વિભાગ—(સ્પાઈનલ સેગમેંટ)ને અતિશય છંછેડે છે. આ છંછેડાયેલો વિભાગ અતિ સંવેદનશીલ, (hyper sensitive—હાઈપર સેન્સિટિવ) બને છે. તેની સાથે સંકળાયેલ ત્વચાવિચાર આળો બને છે અને તેની સાથે સંકળાયેલી પેશીઓ પ્રતિક્રિયાથી તંગ બને છે. મસ્તિષ્ક ઊંડા અવયવોના આવેગો પીછાનતું ન હોવાથી તેને તો સંબંધમાં રહેલા ત્વચાવિસ્તારમાંથી એ આવેગો આવતા હોય એમ લાગે છે.

દા. ત. એપેંડિકસનું દર્દ નાભિ આગળ પ્રથમ મળે છે ને ઉદરની પેશીઓ પાટીઆ જેવી કઠણ થાય છે. યકૃત (લિવર)નો સોજો ખભામાંથી આવતો લાગે છે, હૃદયનો ખભા ને હાથમાંથી, મૂત્રપિંડનો વળાં ને ગોળીમાંથી વગેરે.

અગત્યના ઊંડા અંત્યસ્ત્ય અવયવો, તેમનો રજ્જુમાં સંબંધ તથા અતિસંવેદનશીલતાનું સ્થાન ને લક્ષણ નીચેના કોઠામાં દર્શાવ્યું છે.

( ક્રિયાવિજ્ઞાન પુ. ૧, પૃ. ૩૩૨ ઉપરથી. )

| અવયવ | રજ્જુમાં સંબંધનો વિભાગ | પીડા |
|---|---|---|
| હૃદય | ૩–૫-e, ૧–૨ T | ડાબા ખભા ને હાથમાં |
| જઠર | ૭–૮–૯ T | ઉદરના ઉપલા ભાગમાં બંને બાજુએ |
| આંતરડાં | ૯–૧૨ T | ઉભય બાજુએ, ડાબી તરફ વધારે |
| યકૃત-લિવર | ૮–૧૦ T | જમણે પડખે, |
| ઉરોદર પટલ ( ડાયાફ્રામ ) | | ખભામાં |
| પિત્તાશય–ગોલ બ્લેડર | ૯ T | જમણે પડખે, ઉદરના ઉપલા ભાગમાં |
| વૃષણ–ટેસ્ટીસ | ૧૦ T | કમરમાં |
| મૂત્રાશય–બ્લૅડર | ૧૧–૧૨–T | ઉદરના નીચલા ભાગમાં |
| પ્રોસ્ટેટ, ઓવરી | | ,, |

( e = સર્વાઈકલ, ગ્રૈવ    T = થોરેસિક, વક્ષ )    ( જુઓ ચિત્ર ૩ )



ચિત્ર ૩

આંતરડામાંથી ઊંડી પીડાના તંતુઓનો સિંપેથેટિક ને સ્પાઈનલ કોર્ડનો સંબંધ
આ પીડા તે વિભાગના ત્વચાવિસ્તારમાં માલૂમ પડે છે ને પેશી તંગ કરે છે.

**મસ્તિષ્ક ને પીડા :**

પીડાની સંવેદના આદિ, અણઘડ, જડ છે, તે થેલેમસમાં બહુધા પરખાય છે. તે પૈકીના થોડાક આવેગો ક્વચિત્ મસ્તિષ્કને પણ પહોંચે છે. એથી ઊલટું, વધુ વિશ્લેષણ અર્થે સઘળી નૂતન સુકુમાર સંવેદનાઓ થેલેમસમાંથી મસ્તિષ્કને અવશ્ય મોકલાવાય છે. તેથી આપણે વસ્તુને વિગતવાર વધારે પીછાની શકતા થયા છીએ.

સ્પર્શ આદિની નૂતન સંવેદનાઓ પ્રાપ્ત થતાં મનુષ્ય પીડાની સંવેદના ઓછી માત્રાના ઉદ્દીપનથી પણ પારખી કાઢતો થયો છે, અને સાથે સાથે તેને વધારે વેઠી શકતો પણ થયો છે. આપણા કરતાં પ્રાણીઓને પીડા ઘણું વધારે વાગે ત્યારે થાય છે; પરંતુ જ્યારે તેને પીડા થાય છે ત્યારે આપણા કરતાં પણ વધુ કષ્ટમય બને છે. તેમને આપણા કરતાં વધારે દુઃખ થતું હશે એવો અર્થ તારવી શકાય.

મસ્તિષ્કના સંબંધોથી પીડાને પ્રમાણસર પારખી, અનુરૂપ વર્તન યોજીએ છીએ. મનુષ્ય પોતાના મગજના કાબુ પ્રમાણે સુખદુઃખને વશ રાખે છે, વેઠે છે. આવેશોને વશ ન થતાં મનુષ્ય પોતાના સંસ્કાર, શિક્ષણ, વિકાસ મુજબ તેમને અંકુશમાં રાખવાનું સાધી શકે છે. સામાન્ય માનવ પીડાથી નકામો બી મરે છે, લાગણીથી વિહ્વળ બને છે; ઉત્તમ કોટિનો વહેલો પીડા પારખે છે પણ તેથી વિવશ થતો નથી. પહેલો લાગણીને વશ થઈ વર્તે છે, બીજો લાગણીઓને વશ રાખે છે.

ચેતક( થેલેમસ ) મસ્તિષ્કના અગ્રખંડ સાથે અનેક તંતુઓથી જોડાયેલું છે.

ગાંડપણમાં કેટલાક દર્દી બેકાબૂ, તોફાની ને વિનાશક બને છે. કેટલાકમાં તે વિશાદમય રહે છે ને આપઘાત તરફ વળે છે. આવી મુશ્કેલ પરિસ્થિતિમાં ઉપરના તંતુઓ—થેલેમસ ને મસ્તિષ્કના અગ્રખંડ વચ્ચેના—કાપી નાખવામાં આવે છે. આને લ્યૂકોટોમીનું ઑપરેશન કહે છે. લ્યૂકોટોમી પછી તોફાની બેકાબૂ ગાંડો, શાંત ને કહ્યાગરો બને છે. આપઘાત તરફ વળેલાનો વિશાદ હળવો થાય છે ને હવે પહેલાંની જેમ તે આવેશ ને દુઃખમાં ડૂબી નથી જતો. ટૂંકમાં, તેનું જીવન ને વર્તન સહ્ય ને સહેલાઈથી દેખભાળ કરી શકાય એવું બને છે.

પીડાની સંવેદનાનું જીવનમાં મહત્ત્વ; **પીડાનો હેતુ :**

પીડા એક નિરર્થક અનિચ્છનીય સંવેદના તો નથી જ. તેનો હેતુ પ્રાણીનું રક્ષણ કરવાનો છે. આથી તે સઘળી સંવેદનાઓમાં ઉત્ક્રાંતિમાં પ્રથમ પ્રાપ્ત થઈ છે અને હજુ અગ્રસ્થાને રહી છે. પીડાની હાજરીમાં અન્ય સંવેદનાઓ પર ધ્યાન ચોંટતું નથી; બીજી બધી બાબતો વીસરી જવાય છે.

સામાન્ય પ્રતિક્રિયાઓ પણ પીડા પ્રત્યે પ્રથમ થાય છે. એક પગ તીણા પથ્થર પર પડે ને બીજો ધીકતા અંગારા પર, તો પીડાવાળો દાઝતો પગ પહેલો ઉપાડી લઈશું ને પથ્થરવાળો ખૂંચતો હોવા છતાં તેના પર ભાર મૂકી ઊભા રહીશું.

પીડાને લીધે જ અનેક રોગો પારખી શકાય છે. જે રોગોમાં પીડા થતી નથી હોતી ત્યાં તે અસાધ્ય બને ત્યાં સુધી વેઠી લઈએ છીએ. દરેક રોગમાં થતી પીડા વિશિષ્ટ પ્રકારની હોય છે.

તેના અભ્યાસથી રોગનું નિદાન કરવું સરળ બને છે. કોઈ પણ સારવારનો હેતુ, દરદીનું દુઃખ—પીડા હળવી કરવાનો હોવો જોઈએ. અસાધ્ય દર્દમાં પણ તેનું જીવન બને એટલું સહ્ય ક્ષમ્ય ને સુખી થવું જોઈએ.

પીડા કોને ગમે છે ? પણ વિકૃત મન કેટલીક વાર પીડાને આવકારે છે. મેસોકીસ્ટ (masochist) સ્વપીડામાં રાચે છે, સેડિસ્ટ (saddist) પરપીડનમાં આનંદ માણે છે. સમાજને તે જોખમરૂપ નીવડે છે, એવા અસ્વસ્થ મગજના માણસોની વાત દૂર મૂકીશું.

બાકી સામાન્ય મનુષ્યને પીડા એક નિરર્થક, હાનિકર્તા, જીવનને કષ્ટમય કરતી સંવેદના લાગી છે. માનવીની પીડા જોઈ બુદ્ધે ગૃહત્યાગ કર્યો ને અનેક વૈરાગ્ય તરફ વળ્યાની ઇતિહાસ સાક્ષી આપે છે. જન્મથી મૃત્યુ પર્યંત મનુષ્યને પીડા વેઠવાની રહે છે. આથી મહાન ફિલસૂફ શોપનહાર તો એવા નિર્ણય પર આવ્યા હતા કે જીવનમાં જેને સુખ કહીએ છીએ, માત્ર દુઃખનો અભાવ છે, સુખ જેવી કોઈ positive સ્વતંત્ર અનુભૂતિ નથી.

આધુનિક જીવન ને સંસ્કૃતિ માનવજીવનને પારાવાર અજંપો ને ઉશ્કેરાટ અર્પે છે. તેમાંથી રાહત મેળવવા આજનો મનુષ્ય ચા, કૉફી, તંબાકુ, દારૂથી માંડી ઍસ્પિરિન, બાર્બિચ્યુરેટ ને (ટ્રાન્કવીલાઈઝર્સ) વર્ગનાં ઔષધોનો આશ્રય લે છે. સામાન્ય જાહેરાતો મારફતે ઔષધ બનાવનારાઓ એ પ્રત્યે તેમને સીધી કે આડકતરી રીતે દોરે છે.

પણ પીડાનો સાચો ઇલાજ આ નથી જ. તે તો તેના તરફ યોગ્ય વલણ કેળવવામાં છે. મહાન ધર્મો ને સંસ્કૃતિઓ પીડા-દુઃખ પ્રત્યે યોગ્ય વલણ રાખવાનું શીખવે છે. જીવનની તડકી છાંયડી સહન કરી, ઉચ્ચતર જીવનવ્યવસ્થા કેમ યોજવી એમાં જીવનની સફળતાનું રહસ્ય રહેલું છે. ગીતા શીખવે છે:

मात्रास्पर्शास्तु कौन्तेय शीतोष्णसुखदुःखदाः ।
आगमापायिनोऽनित्यास्तांस्तितिक्षस्व भारत ॥

સામાન્ય પીડાઓનો ઇલાજ આ છે. ઍસ્પિરિન, આસવ, અફીણ કે 'ટ્રાન્કવીલાઈઝર્સ' નહીં. સઘળી પીડા હેતુરહિત નથી. ક્રિયાવિજ્ઞાનની દૃષ્ટિએ તો જીવની સૌથી અગત્યની, અગ્રગણ્ય, સંરક્ષણ માટેની પ્રાપ્તિ છે. પીડા ન હોત તો જીવન કદાચ શક્ય ન હોત.

# ગ્રન્થાવલોકન

**પ્રાસાદમંજરી :** સંપાદક—પ્રભાશંકર ઓઘડભાઈ સોમપુરા, પ્રકાશક: શ્રી. બલવંતરાય પ્ર. સોમપુરા અને ભ્રાતાઓ.(ઈ. સ. ૧૯૬૫); ગુજરાતી વિવરણ સાથે રૂા. ૬–૫૦; પૈ. પ્રાપ્તિ-સ્થાન: સ્થપતિ પ્રભાશંકર ઓ. સોમપુરા, ગોરાવાડી, શિલ્પીનિવાસ–પાલિતાણા (સૌરાષ્ટ્ર).

શ્રી. પ્રભાશંકરભાઈએ સૂત્રધાર નાથજી-વિરચિત 'વાસ્તુમંજરી' નામક ગ્રન્થમાંનો 'પ્રાસાદમંજરી' નામક વિભાગ બહાર પાડી પ્રાચીન હિંદુ સ્થાપત્યના અભ્યાસીઓની સુંદર સેવા બજાવી છે, અને પ્રાચીન ભારતીય શિલ્પસ્થાપત્યના પ્રસિદ્ધ ગ્રન્થોમાં એક અગત્યનો ઉમેરો કર્યો છે.

આ પહેલાં તેઓએ શ્રી. વિશ્વકર્માપ્રણીત 'દીપાર્ણવ' નામક મોટા શિલ્પગ્રન્થનું ટીકા-ટિપ્પણસહ સંપાદન કરી ગુજરાતી સાહિત્યની જ નહિ પણ ભારતીય શિલ્પસાહિત્યની મોટી સેવા બજાવી હતી.

આ 'પ્રાસાદમંજરી'ની તેઓએ બે આવૃત્તિ એકસાથે બહાર પાડી છે–એક ગુજરાતી વિવરણ સાથે અને બીજી હિન્દી વિવરણ સાથે. આ એમની વિશાલ દષ્ટિનું દ્યોતક છે, કેમ કે ફક્ત ગુજરાતી આવૃત્તિ હોય તો આ ગ્રન્થ અન્ય વિદ્વાનોને અને ભારતીય પરપ્રાન્તીય જનતાને સુલભ ના રહેત. આ ઉપરાંત શ્રી. મધુસૂદન ઢાંકીકૃત અંગ્રેજી અનુવાદ પણ પ્રસિદ્ધ કર્યો છે.

આ ગ્રન્થના મૂલકર્તા સૂત્રધાર નાથજી પોતે પંદરમા સૈકાના સુપ્રસિદ્ધ સ્થપતિ અને ગ્રન્થકાર સૂત્રધાર મંડનના નાના ભાઈ થાય.

શ્રી. પ્રભાશંકરભાઈએ પ્રસ્તાવનામાં ભારતીય વાસ્તુવિદ્યાનો ટૂંકો ઇતિહાસ આપી હિંદુ, જૈન તેમ જ બૌદ્ધ પ્રાચીન સાહિત્યમાં તે અંગે મળતી કથાઓ વગેરેનો ટૂંક સાર આપ્યો છે તેમાં વૈદિક, તેમ જ સ્મૃતિસંહિતા ગ્રન્થોમાં પણ ઉપલબ્ધ પ્રમાણો નોંધ્યાં છે. ભારતના જુદા જુદા પ્રદેશોમાંના પરંપરાગત શિલ્પીવર્ગ વિષે તેમણે આપેલી ટૂંકી માહિતી સવિશેષ નોંધપાત્ર છે.

શ્રી પ્રભાશંકરભાઈ પોતે પરંપરાગત શિલ્પસ્થાપત્યના સારા જ્ઞાતા હોઈ આ વિદ્યા તેમના લોહીમાં આવેલી છે અને આજે જ્યારે પ્રાચીન શિલ્પગ્રન્થોમાં વપરાયેલી પરિભાષા સમજવી કઠિન છે ત્યારે પ્રભાશંકરભાઈ જેવા વિદ્વાને ઉદાર દષ્ટિ વાપરી શ્રી. મધુસૂદનભાઈ ઢાંકી જેવા લાયક વિદ્વાનને એ બધું પરંપરાગત જ્ઞાન આપી ગુજરાતની તેમ જ ભારતીય કલાની મોટી સેવા બજાવી છે, એટલું જ નહિ પણ જ્યારે સામાન્ય રીતે હિન્દુ બ્રાહ્મણો અને સ્થપતિઓ પોતાના હસ્તકના પ્રાચીન ગ્રન્થો બધાને બતાવતા પણ નથી હોતા ત્યારે શ્રી. પ્રભાશંકરભાઈએ પોતાના ઘરમાંની કુલક્રમાગત પ્રાચીન પ્રતિઓની આખી યાદી આ પ્રસ્તાવનામાં આપી દીધી છે. આ યાદી બહુ અગત્યની છે અને એમાં કેટલાક અપ્રસિદ્ધ અને જવલ્લે જ મળતા ગ્રન્થો પણ છે.

પ્રસ્તુત 'પ્રાસાદમંજરી' એ મૂળ 'વાસ્તુમંજરી' નામના ગ્રન્થના ત્રણ સ્તબકો (પ્રકરણો)-માંનું વચલું પ્રકરણ છે. ગ્રન્થકર્તા સૂત્રધાર નાથજી અને તેમના પિતા સૂત્રધાર ખેતા તેઓ ભારદ્વાજ ગોત્રના સોમપુરાના વડીલો મૂળ ગુજરાતના પાટણના વતનીઓ હતા અને મહારાણા કુંભાએ તેઓને મેવાડમાં નિમંત્રી ચિતોડગઢ ઉપર વસાવ્યા હતા. આ ગ્રન્થની રચના કુંભારાણા પછી તેમની ગાદીએ આવેલા રાયમલ્લજીના રાજ્યકાલમાં (વિ. સં. ૧૫૩૦-૬૬) થઈ હતી.

સૂત્રધાર ખેતા(ક્ષેત્રા)ના બે પુત્રો મંડન અને નાથજી. મંડનના બે પુત્રો હતા–ગોવિંદ અને ઇશર. ઇશરના પુત્ર સૂત્રધાર છીતા. સૂત્રધાર ગોવિંદે કલાનિધિ, ઉદ્ધાર ધોરણી અને દ્વાર-દીપિકા નામક ગ્રન્થો લખ્યા. પ્રાચ્ય વિદ્યામંદિરના સંગ્રહમાં આ કલાનિધિનાં થોડાંક જ પાનાં છે.

આ ગ્રન્થને અનેક રેખાંકનો, ફોટાઓ વગેરેથી સુસમૃદ્ધ કરેલો છે, જેથી મૂળ ગ્રન્થનું વસ્તુ સમજવું સરળ થઈ પડે છે. ગ્રન્થની કિંમત એમાં છાપેલાં અનેક રેખાંકનો અને ફોટાઓની દૃષ્ટિએ ઓછી જ ગણાય. ગુજરાતની પ્રત્યેક લાયબ્રેરીએ પ્રભાશંકરભાઈનાં બેઉ મહત્ત્વનાં સંપાદનો–'દીપાર્ણવ' અને 'પ્રાસાદમંજરી'–વસાવવાં જોઈએ અને એમની આ સેવાઓને ગુજરાત રાજ્યે ઉત્તેજન આપવું જોઈએ એવું મારું નમ્ર માનવું છે.

**ઉમાકાન્ત પ્રેમાનંદ શાહ**

* * * *

**વૉર્ડ નં. ૭** [નવલકથા]: લેખક: વેલેરી તારસિસ, અનુ: સુભદ્રા ગાંધી: પ્રકાશક: વિશ્વમાનવ, રામજી મંદિરની પોળ, વડોદરા. કિં. રૂ. ૩=૦૦

જે ધરતી પર જીવનની એક નક્કી કરેલી ઢબ (pattern) પ્રમાણે જ સૌએ જીવવાનું છે એમ રાજ્યકર્તાઓએ ઠરાવ્યું હોય અને જ્યાં તેમના ઠરાવેલા આચાર વિચાર અંગે ત્યાં વસતા કોઈ પણ માનવીના મનમાં સંશય જાગે અને કદાચ એ પ્રગટ થાય તો એ માનવીનો અક્ષમ્ય અપરાધ ગણાય અને એવા માનવીને એનું સ્વાસ્થ્ય બગડેલું છે એમ ગણી રાજ્યસત્તા એને હંમેશને માટે કારાગારવાસી બનાવે એવી, બહારના જગતને હંમેશનો કોયડો થઈ પડે એવી સોવિયેટ ધરતીની આ કથા છે. 'નવલકથા' શબ્દ આવી કથા માટે કદાચ ન યોજી શકાય. જે કાંઈ એ પ્રદેશમાં બન્યું છે અને બની રહ્યું છે, જેમને વેઠવું પડયું છે અને જેઓ અત્યારે પણ એ નિર્ઘૃણ તંત્રની ભીંસ નીચે અનેક પ્રકારની યાતનાઓ વેઠી રહ્યા છે એમનાં સાચાં નામો કદાચ આમાં નહિ હોય એ સૌ કાલ્પનિક નામો હશે, પણ તેટલા ખાતર આ દાસ્તાન—કથાને નવલકથા ભાગ્યે જ કહી શકાય. આ વર્ણનસામગ્રી તો નરી સત્યકથાની જ લાગે છે.

આ સત્યકથા જગત આગળ મૂકવા માટે લેખકને પારાવાર વેઠવું પડયું છે; અને છતાં ય સ્વતંત્ર જીવનની, મુક્ત જીવનની ઝંખનાને એ વરેલો હોઈ એણે પોતાના દેશમાં આવું જીવન જીવનારની જે દશા થાય છે એ વિષે પૂરી સમાનતા રાખીને એ દેશમાંના 'ઘોર કુત્સિત'નો પરિચય કરાવ્યો છે. પોતાના દેશમાં તો એનાં લખાણ પ્રસિદ્ધ થાય અને વંચાય એવી તો સ્થિતિ જ કયાં હતી? એટલે તારસિસે ૧૯૬૦માં 'બ્લ્યુ બોટલ' નામની પોતાની નવલકથાની

હસ્તપ્રત છૂપી રીતે પરદેશ મોકલી દીધી અને મોકલ્યા પછી પોતાના દેશમાં એ વાત એણે ગુપ્ત રાખી નહિ અને એનું પરિણામ તો પછી અનિવાર્ય હતું: એ નવલકથાની પરદેશમાં પ્રસિદ્ધિ થાય તે પહેલાં તો દેશના શાસકોએ એને 'પાગલખાનાનો સભ્ય' ગણી એને ગાંડાની હૉસ્પિટલમાં દાખલ થવાની ફરજ પાડી.

'વૉર્ડ નં. ૭'ના કથાપ્રસંગો કરુણતાથી સભર છે. લોકશાહીમાં જીવતા માનવીને કદાચ આવા પ્રસંગોની સચ્ચાઈ વિષે શંકા થાય એટલા બધા એ સાચા છે. જે દેશમાં ઈ.સ. ૧૯૧૮ની ક્રાન્તિ પછી નવી રાજ્યસત્તા સ્થપાઈ. જે દેશની આર્થિક પ્રગતિ એ પછીનાં વર્ષોમાં કૂદકે અને ભૂસકે વધતી ગઈ અને જે દેશ પોતાની પછાત સ્થિતિમાંથી જગતના દેશોને આશ્ચર્યમાં મૂકી દે એ રીતે એક બળવાન રાષ્ટ્ર તરીકે બહાર આવ્યો, અને જે દેશે પોતાની સાધનસંપત્તિનો ઉપયોગ અન્ય દેશોને વત્તેઓછે અંશે સહાયભૂત થવામાં કર્યો અને જે આજે જગતની મહાપ્રજાઓમાં આગલી હરોળનું સ્થાન અધિકારપૂર્વક ભોગવે છે, જેણે અમેરિકા જેવા દેશના વૈજ્ઞાનિક સંશોધન-ક્ષેત્રે બરોબરી સાધી છે, એટલું જ નહિ પણ અનેક દૃષ્ટિએ એણે પોતાની આગવી સિદ્ધિઓ પ્રાપ્ત કરી છે એવા દેશનું શાસન આટલું બધું જડ અને આત્માવિહાણું હશે એની કલ્પના આવવી ખરેખર મુશ્કેલ છે; પણ એ દેશની આંતરિક સ્થિતિની સાચી કથા કહેનાર હવે માત્ર તારસિસ એકલો જ નથી, એ કથા બોરીસ પેસ્તરનાકથી માંડીને બીજા અનેકોના મુખે કહેવાઈ છે.

'બ્રેકનેક સ્પીડે' 'પ્રગતિ' સાધવાની આંધળી ઝનૂનના ખપ્પરમાં રાજસત્તાએ અનેકોનો ભોગ લીધો છે. એ સૌ સ્વતંત્ર માનવીના ચિત્કારની આ કથા છે. એ તંત્રમાં માનવીનું માનવી તરીકે કશું જ મૂલ્ય નથી. એણે તો ઝડપથી દોડતા રથના રાક્ષસી પૈંડાના એક નાનામાં નાના આરા તરીકે જ હંમેશને માટે રહેવાનું. અહીં મૂલ્ય છે કોઈ પણ હિસાબે સધાતા બલની ઉપાસનાનું. કમ્યુનિસ્ટ સરમુખત્યારી એટલે પ્રચંડ બલની અવિરોધ પ્રતિષ્ઠા. એનું સૂત્ર છે, 'અમને જ ભજો, અમારા સૂચવેલા રાહે ચાલો અને અમારું જ સદાય સ્તવન કરો, નહિ તો નાશ પામો.' આવી સત્તાના હાથમાં માનવીનું તેજ અનિવાર્ય રીતે જ વિલાય.

અત્યારના રશિયન રાજ્યશાસનની લોખંડી નાગચૂડમાં સમાઈને નહિ જીવનારા–તેને પડકારનારા–સ્વતંત્ર માનવીઓની આ કથા છે, જેમાં સ્વાધીનતા ગુમાવનારા વૉર્ડ નં. ૭ના અનેક 'દરદીઓએ' ફરજિયાત રીતે એમિનોડિનની ગોળી ખાઈને જીવવાનું હતું.

લેખક જણાવે છે તેમ 'અહીંના દાક્તરોએ પણ એમના આ દરજ્જાને માન્ય કરી લીધેલો હતો. દાક્તર તરીકેનું એમનું શિક્ષણ ગમે તેટલું કાચું હોવા છતાં એમને એક વસ્તુ સ્પષ્ટ રીતે સમજાઈ ગઈ હતી કે, માંદા માણસો સાથે આપણે કામ લેવાનું નથી. હકીકતે અહીં કોઈ દર્દી નહોતા કે નહોતા કોઈ દાક્તર. અહીં તો કેવળ જેલરો હતા, ને એમણે અનાડી નાગરિકો સાથે કામ લેવાનું હતું.'

આલ્માઝોવ, પૉલ ઝાગોગુલીન, નિકોલાઈ, મુરેની, વોલોદ્યા, તોલ્યા, સિલિન, ગોલિન, ઝેન્યાદીઆમની, કોલ્યા–આ સૌ પાત્રોની કહાણી લગભગ એક જ પ્રકારની છે; પણ વૉર્ડ નં. ૭માં સૌ એક નવા જ પ્રકારની ખુમારીથી રહે છે. એમની પણ એક દુનિયા છે જે ક્રમશઃ વધતી જ

જાય છે. એક જ આશાતંતુ પર સૌ જીવી રહ્યા છે, 'આજે આપણે હજાર હોઈશું તો આવતી કાલે હજારમાંથી લાખ થવાના છીએ. આપણા જેવા લોકોની હસ્તિ જાહેર કરવા માટે કંઈ છાપામાં જાહેરખબર આપવાની જરૂર નથી......અલબત એ હસ્તિને ટકાવી રાખવાની તજવીજ આપણે જરૂર કરવી પડવાની છે. એક દિવસ એવો આવશે કે જ્યારે આપણે બધાં ભેગાં મળીને એક એવી તો જબરી હોળી પેટાવી દઈશું કે એને ઓલવવા માટે ઓરો આવે એવો એક પોલિસમેન આ ધરતી પર જડશે નહિ.'

એ દિવસ આવવાનાં કોઇ એંધાણ અત્યારે તો વરતાતાં નથી. ફાસીવાદી સરમુખત્યારશાહી તંત્ર નીચે સ્વતંત્ર જીવનની ઝંખના કરતાં કેટલાં માનવીનો ભોગ લેવાશે એ કોણ કહી શકે? 'વૉર્ડ નં. ૭'ના મુખે જ કહેવાયું છે, 'રશિયા એક અજાયબ દેશ છે......આજે જન્મોત્સવ ઉજવાતો હોય તો આવતી કાલે એની સ્મશાનયાત્રા નીકળી હોય!—આ જ તો આપણો સમગ્ર ઇતિહાસ છે.' સમગ્ર આંતરિક પરિસ્થિતિનું નિદર્શન કરાવવા માટે આ એક જ વાકય પૂરતું છે.

રશિયા વિષેની જાણકારીનાં પુસ્તકોમાં આ એકનો ઉમેરો અધિકારી અનુવાદક દ્વારા રજૂ થાય છે એ આનંદનો વિષય છે.

પુસ્તકમાં 'બિમાર', 'કારકીર્દી', 'જીંદગી', 'સત્તાધિશો', 'કોર્શાષ', 'દિવાલ', 'મધ્યકાલિન', 'નીકટતા', 'ચિહ્ન', 'શિખામણ', 'હસ્તિ' જેવા શબ્દોની જોડણી કઠે તેવી છે.

**ભાઈલાલ પ્ર. કોઠારી**

* * * *

**ચરિત્રસાહિત્ય : સ્વરૂપ અને વિકાસ :** લેખક : ડૉ. ઉપેન્દ્ર ર. ભટ્ટ, અનડા પ્રકાશન, અમદાવાદ-૧; પૃ. ૨૭૬, મૂલ્ય : આઠ રૂપિયા.

જીવનચરિત્ર-આત્મચરિત્રનો પ્રકાર, અર્વાચીન યુગમાં, નાટક–નવલકથા–નવલિકા કે નિબંધની જેમ આપણે ત્યાં સાહિત્યપ્રકાર તરીકે સ્વતંત્ર રીતે તો પશ્ચિમના પ્રભાવથી વિકસ્યો છે–એટલે લેખકે 'પશ્ચિમના શિષ્ટમાન્ય ચરિત્રગ્રંથોનો, તેમનાં સાહિત્યસ્વરૂપ અને કલાવિધાનનો, તેમ જ પશ્ચિમમાં સાહિત્યપ્રકાર લેખે જીવનચરિત્રના વિકાસ'નો–પૂર્વતૈયારી રૂપે ઠીકઠીક અભ્યાસ કરી ઉચિત રીતે ગ્રંથનાં પ્રથમ બે પ્રકરણોમાં જીવનચરિત્ર–આત્મચરિત્ર–કલાસ્વરૂપનાં ઘટકતત્ત્વો–તેનાં વ્યાવર્તક લક્ષણોની ચર્ચા કરી છે. જીવનચરિત્રનું સાહિત્યસ્વરૂપ એ પ્રથમ પ્રકરણમાં લેખકે તેના પ્રેરકહેતુઓ ને વૃત્તિઓ, ચરિત્ર અને ઇતિહાસ, જીવનચરિત્ર પ્રથમ વિજ્ઞાન, પછી કલા, જીવનચરિત્ર અને નવલકથા, ચરિત્રનિરૂપણની કલા, ચરિત્રકારની અનેક મુશ્કેલીઓ વગેરેની ચર્ચા કરી તેનું લક્ષણ આમ આપ્યું છે : "જીવનચરિત્ર એટલે વ્યક્તિના જીવન અને વ્યક્તિત્વનું તેના બાહ્યાંતર વિકાસ અને સિદ્ધિ-અસિદ્ધિ સાથે તેના જ યુગની પશ્ચાદ્‌ભૂમિકા ઉપર સાહિત્ય બની શકે એવી શૈલી વડે કરાવેલું કલાયુક્ત જીવન-ચિત્રણ". 'આત્મચરિત્રનું સાહિત્યસ્વરૂપ' એ નામના બીજા પ્રકરણમાં જીવનચરિત્ર ને આત્મચરિત્રનો ઝીણો ભેદ નિરૂપી, સાહિત્યપ્રકાર લેખે તેની દુઃસાધ્યતા ચર્ચી, આત્મકથાની સાચી કસોટીઓ દર્શાવી છે અને તેના પ્રેરક હેતુઓમાં આત્મ-

નિવેદન, અનુભવની ઉપકારકતા, આપવડાઈને અંજલિ, સુખદુઃખ કહેવાની સ્વાભાવિક વૃત્તિ, 'માણ્યું તેનું સ્મરણ', પુરાવૃત્ત રચવાની વૃત્તિ, કાવ્યશાસ્ત્રવિનોદ, ચિત્તની સ્વસ્થતા, આત્મ-સમર્થન, અમરત્વ પામવાની અભિલાષા, વેપારીવૃત્તિ, વગેરેનો ખ્યાલ સદૃષ્ટાંત આપ્યો છે. 'પ્રાચીન–મધ્યકાલીન સાહિત્યમાં ચરિત્ર' એ નામના ત્રીજા પ્રકરણમાં લેખકે 'ભારતીય પ્રજાની ઇતિહાસ પ્રત્યેની ઉદાસીનવૃત્તિ'ને ચરિત્રસાહિત્યના અભાવનું મુખ્ય કારણ કહ્યું છે. 'જાગૃતિયુગનું ચરિત્રવાઙ્મય' એ નામના ચોથા પ્રકરણમાં લેખક જાગૃતિયુગ કે સંસારસુધારાયુગનાં ચરિત્રને આ રીતે મૂલવે છે: "મુખ્યત્વે એ બધાં ચરિત્રો માહિતીપ્રધાન છે, કલામય સાહિત્યકૃતિઓ તરીકે આ ચરિત્રોનું મૂલ્ય બહુ અલ્પ છે. ચરિત્રસાહિત્યના પ્રારંભકાળની આ સર્વ કૃતિઓ હોવાથી અપરિપક્વ પરિસ્થિતિની ક્ષતિઓ તેમાં નજરે પડે એ સ્વાભાવિક છે." 'પંડિતયુગનું ચરિત્ર-વાઙ્મય' એ નામના પાંચમા પ્રકરણમાં સંખ્ય અને સત્ત્વ, વૈવિધ્ય અને ગુણવત્તાની દૃષ્ટિએ ચરિત્રસાહિત્યે સાધેલા વિકાસની લેખક સમીક્ષા કરે છે. જાગૃતિયુગનાં ચરિત્રો મોટે ભાગે માહિતી-પ્રધાન હતાં જ્યારે કલાની દૃષ્ટિએ પંડિતયુગનાં ચરિત્રમાં સમુચિત સત્ય માહિતી ઉપરાંત ચરિત્ર-કલાનાં અનેક અનિવાર્ય તત્ત્વો ઉમેરાય છે, અને ચરિત્રાત્મક અભ્યાસગ્રંથ, સુંદર વ્યક્તિચિત્રો ને તત્કાલીન તાદૃશ યુગચિત્રો પણ સુલભ બને છે. 'ગાંધીયુગનું ચરિત્રવાઙ્મય'એ નામના છઠ્ઠા પ્રકરણમાં લેખકે તે યુગની નાનીમોટી લગભગ ચારસો કૃતિઓનું વિહંગાવલોકન કર્યું છે ને ચરિત્ર-ક્ષેત્રે તે યુગે દર્શાવેલ વિકાસ, વિવિધતા ને વિપુલતા નિર્દેશ્યાં છે. 'આત્મચરિત્ર–સાહિત્ય' એ નામના સાતમા પ્રકરણમાં લેખકે છેલ્લાં સો વર્ષમાં આ સાહિત્યપ્રકારે સાધેલી પ્રગતિનો ઐતિહાસિક દૃષ્ટિએ ખ્યાલ આપ્યો છે. આત્મચરિત્રના વાઙ્મયને મુખ્યત્વે સાહિત્યકારોએ જ સમૃદ્ધ કર્યું છે એ વિધાન સાથે આપણે સંમત થઈ શકીએ તેમ છીએ. પણ ગુજરાતી ચરિત્ર-ગ્રંથોની સંખ્યા અને ગુણવત્તા પરત્વે એમણે દર્શાવેલ સંતોષ કેટલે અંશે યોગ્ય છે તે પ્રશ્ન વિચારવા જેવો છે. 'અન્ય ચરિત્રોપકારક સાહિત્ય'એ નામના આઠમા પ્રકરણમાં જીવનચરિત્ર અને આત્મચરિત્રને ઉપકારક નીવડે તેવી સામગ્રી—જેમ કે રેખાચિત્રો, સંસ્મરણો, જીવનરેખા, રોજનીશી–ડાયરી, પત્રો વગેરેનો આછો ખ્યાલ આપ્યો છે ને અઢી પાનાના 'ઉપસંહાર' નામના નવમા ને છેલ્લા પ્રકરણમાં લેખકે તેમના મહાનિબંધનું સમાપન આ પ્રકારના વિધાન સાથે કર્યું છે: "ગુજરાતી ચરિત્રવાઙ્મયે આ સદીમાં જીવનચરિત્રના ક્ષેત્રમાં સંખ્યાબળમાં ઘણી પ્રગતિ કરી છે, પણ ગુણવત્તામાં તો પ્રગતિ કરી છે આત્મચરિત્રે....જોકે જીવનચરિત્રના ક્ષેત્રે હજુ આપણને આપણા આન્દ્રે મોર્વા, લિટન સ્ટ્રેચી, એમિલ લડવીગ કે ફિલિપ ગ્વેડાલા મળવા તો હજુ બાકી છે."

એકંદરે, ચરિત્રસાહિત્યના સ્વરૂપની ચર્ચા કરતાં શરૂનાં બે પ્રકરણો પર્યેષણાપ્રધાન છે તો એ સાહિત્યનો વિકાસ આલેખતાં બાકીનાં પ્રકરણો મોટે ભાગે માહિતીપ્રધાન કે રૂપરેખાત્મક છે. સામાન્ય કૃતિ માટે વિસ્તારથી અને સફળ કૃતિ માટે પ્રમાણમાં સંક્ષેપમાં પતાવવાની રીતથી લેખક ક્યાંક ક્યાંક પ્રમાણભાન ચૂકી ગયા હોય તેમ પણ લાગે છે. કેટલેક સ્થળે પુનરાવર્તન દોષ પણ થવા પામ્યો છે. ક્વચિત્ કઢંગી વાક્યરચના, અનુસ્વારોનો દુરુપયોગ, શબ્દદોષ–વગેરે પણ જોવા મળે છે. મુદ્રારાક્ષસોનો તો આ ગ્રંથમાં પાર નથી અને છતાં 'શુદ્ધિપત્રક' આપ્યું નથી. મણિલાલ નભુભાઈ દ્વિવેદીના 'આત્મવૃત્તાંત'માં વર્ષોની ગણતરીમાં પૃ. ૧૮૮–૧૮૯ અને પૃ. ૧૯૧ ઉપર

વિગતદોષ રહી જવા પામ્યો છે. ક્યાંક ક્યાંક રચનાબંધ શિથિલ લાગે છે. આ ગ્રંથ લખવામાં લેખકે ઘણો શ્રમ ઉઠાવ્યો લાગે છે પણ એના પ્રકાશન પરત્વે આવશ્યક કાળજી નહીં રાખવાનું આ સ્વાભાવિક પરિણામ છે. વાડીલાલ મો. શાહ અને હરગોવિંદદાસ કાંટાવાળાનાં અપ્રગટ આત્મ-વૃત્તાંત પ્રગટ થવાં જોઈએ, પ્રો. ગજ્જરની અંગ્રેજી ડાયરીઓનું પ્રકાશન થવું ઘટે, ભોળાનાથ દિવેટીયાની ફારસીમાં લખાયેલી ડાયરીઓનો ને દાદા માવલંકરની મરાઠી રોજનીશીનો ('માવલંકરની રોજનીશી' 'અભ્યાસ' માસિકમાં ક્રમશઃ છપાય છે તે આનંદની વાત છે) ગુજરાતી અનુવાદ થવો જોઈએ–વગેરે લેખકે કરેલાં સૂચનો અમલમાં મૂકવા જેવાં છે. છેલ્લાં સો વર્ષના ચરિત્રસાહિત્યનો વિકાસ આલેખતાં લેખકને નાનીમોટી અનેક કૃતિઓ સંબંધે પોતાના નિર્ણય બાંધવા પડ્યા છે અને કહેવું જોઈએ કે એમના નિર્ણયો મોટેભાગે તર્કોપપન્ન છે.

**રણજિત મો. પટેલ (અનામી)**

*　　*　　*　　*

## સાભાર સ્વીકાર

**જૈન ઇતિહાસની ઝલક** :—લેખક: પદ્મશ્રી મુનિ જિનવિજયજી, પ્રકાશક: અશોક કાંતિલાલ કોરા, ૪૮ ગોવાલિયા ટેન્ક રોડ, મુંબઈ–૨૬; પ્રાપ્તિસ્થાન: ગૂર્જર ગ્રન્થરત્ન કાર્યાલય, ગાંધી રસ્તો, અમદાવાદ, પૃ. ૧–૧૯૨ + ૧૬; કિંમત રૂા. ૨=૦૦.

**ગુજરાતી ભાષાનું ધ્વનિસ્વરૂપ અને ધ્વનિપરિવર્તન** :—લેખક: ડૉ. પ્રબોધ બેચરદાસ પંડિત, પ્રકાશક: ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ–૯, પૃ. ૧–૩૦૮ + ૧૦; કિંમત રૂા. ૧૦=૦૦.

**સરકારી વિત્તવ્યવસ્થા** :—એક આર્થિક વિશ્લેષણ—લેખક: ડૉ. જોન એફ. ડયૂ; અનુવાદક: હસમુખરાય કે. ત્રિવેદી; પ્રકાશક: ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ–૯, પૃ. ૧–૭૫૬ +૨૪, કિંમત રૂા. ૨૦=૦૦.

**સામાજિક મનોવિજ્ઞાન** :—લેખક: વિ. સ. વણીકર, પ્રકાશક: ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ–૯, પૃ. ૧–૨૫૨ + ૧૦, કિંમત રૂા. ૩=૫૦.

**આયોજન અને અર્થતંત્ર** :—લેખક: પ્રા. આર. એ. અમીન; પ્રકાશક—ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ–૯, પૃ. ૧–૧૭૮ + ૬; કિંમત રૂા. ૨=૫૦.

**સંજય** :—લેખક: શ્રી કનૈયાલાલ દવે; પ્રકાશક—એમ. પી. એમ. મુંબઈ; પૃ. ૧-૯૬; કિંમત રૂા. ૪.

**ગાંધી, માર્ક્સ અને ક્રાંતિનું વિજ્ઞાન** :—અનુવાદક—ભોગીલાલ ગાંધી; પ્રકાશક—વિશ્વમાનવ, રામજી મંદિર પોળ, વડોદરા; પૃ. ૧-૨૨૮ + ૧૨; કિંમત રૂા. ૫.

**ગુજરાત ઇતિહાસ સંદર્ભસૂચિ, ખંડ ૩** :—સંયોજક—ડૉ. નવીનચન્દ્ર આ. આચાર્ય: પ્રકાશક—ગુજરાત ઇતિહાસ પરિષદ, અમદાવાદ; કિંમત રૂા. ૨.

વાચકોને પુસ્તકોની સૃષ્ટિમાં રમમાણ રાખનારું માસિક

# "ગ્રંથ"

તંત્રી : યશવંત દોશી

## "ગ્રંથ"ના કેટલાક વિભાગો

* પ્રગટ થતાં લગભગ તમામ ગુજરાતી પુસ્તકોની સમીક્ષા
* મહત્ત્વનાં અંગ્રેજી પુસ્તકોની સમીક્ષા
* હિન્દી અને બીજી ભારતીય ભાષાઓનાં અત્યંત મહત્ત્વનાં પુસ્તકોની સમીક્ષા
* અંગ્રેજીમાં લખનારા ભારતીય લેખકોનાં લખાણોનું વિવેચન
* આધુનિક યુરોપીય સાહિત્યના વિકાસ વિષે અભ્યાસયુક્ત લેખમાળા
* વિવિધ વિષયો ઉપર વાંચવા જેવાં પુસ્તકોની સંદર્ભસૂચિ
* ઇતિહાસ-સર્જક પુસ્તકો
* એક વર્તમાન ગુજરાતી નવલકથાકારના લેખનની સમીક્ષા કરતી લેખમાળા
* જગતની એક શ્રેષ્ઠ સાહિત્યકૃતિ અને તેના લેખક વિષે વિવેચનાત્મક લેખ
* એક ઉત્તમ અથવા અત્યંત લોકપ્રિય અથવા અતિશય ચર્ચાસ્પદ બનેલી કૃતિનો સાર
* ગ્રંથપાલો જેની ઉપરથી સીધાં કાર્ડ બનાવી શકે તેવી વર્ગીકૃત પદ્ધતિએ અપાતી નવાં પુસ્તકોની યાદી

ઉપરના વિભાગો જોતાં પ્રત્યેક પુસ્તકપ્રેમીને ખાતરી થશે કે 'ગ્રંથ'નું વાચન શાથી અનિવાર્ય છે.

**વાર્ષિક લવાજમ ૧૦ રૂપિયા**
**પરદેશમાં ૨૦ શિલિંગ**

પરિચય ટ્રસ્ટ
૧૯-૨૧, હમામ સ્ટ્રીટ,
**મુંબઈ-૧**

SMALL SAVINGS

can be

# A BIG

# INVESTMENT

—through

## THE BANK OF BARODA

4% INTEREST ON SAVINGS ACCOUNT

7½% INTEREST ON FIXED DEPOSITS ACCORDING TO PERIOD

Just one rupee is enough to open a Savings Account with The Bank of Baroda Ltd.....and get the chance to save for the things you want most! *Plus* all the facilities our Savings Account offers —4% Interest....150 withdrawals a year, without limit and without notice! *These facilities are also available to those who are 14 and above!*

You can earn a steady income on your capital through the Bank of Baroda Fixed Deposits—acceptable for periods of 3 months to 9 years or more. *Interest is paid twice yearly.. on 30th June and 31st December.* On Fixed Deposits for 9 years and over, the Interest is high as 7½% per annum.

**FREE MAIL TRANSFER**
**If you wish, you can transfer funds in India from your Account with The Bank of Baroda to another account-holder of the Bank free of charge once a day—up to Rs. 10,000 to major branches and Rs. 2,000 to small branches!**

*For full particulars, call at your branch of The Bank of Baroda Limited.*

## THE BANK OF BARODA LTD.

( Estd. 1908 ) **Regd. Office : Baroda**

*Branches* : Over 240 branches in India and in East Pakistan, London, East Africa, Fiji Islands, Mauritius and Guayana.

શિક્ષણ, સાહિત્ય, કળા અને સંસ્કારવિષયક અભ્યાસપૂર્ણ લેખો પ્રસિદ્ધ કરતું તથા લોકસભાના પ્રથમ અધ્યક્ષ સદ્દગત દાદાસાહેબ માવળંકરની અપ્રગટ 'રોજનીશી'માંથી; 'વિચારાંકુર;' 'મધપૂડો' જેવા નિયમિત વિભાગો પ્રગટ કરતું અને ઇતિહાસ, રાજકારણ તથા અન્ય સમાજવિદ્યાઓ–વિષયક મનનીય વાચનસામગ્રી પીરસતું વિચાર અને વિવેચનનું સામયિક

# અભ્યાસ

સંપાદક : **પુરુષોત્તમ ગણેશ માવળંકર**

'અભ્યાસ'માં પ્રગટ થયેલ વિવિધ લેખમાળાઓને પુસ્તકાકારે પ્રસિદ્ધ કરતા હોઈ આજ દિન સુધી પ્રગટ થયેલ 'અભ્યાસ' પુષ્પ તરીકે ઓળખાતાં નીચેનાં પુસ્તકો ઉપલબ્ધ છે :

| | | રૂ. પૈ. |
|---|---|---|
| * ભારતમાં આંકડાશાસ્ત્ર (બીજી આવૃત્તિ) | —ડી. એસ. સેવક | ૪=૦૦ |
| * ભારતમાં સાંસ્કૃતિક ઇતિહાસની રૂપરેખા | —જયદેવ મો. શુકલ | ૪=૫૦ |
| * સામાન્ય મનોવિજ્ઞાન | —વિ. સ. વણીકર | ૨=૫૦ |
| * ભારતીય અર્થકારણની રૂપરેખા | —ન. ઉ. રાજગુરુ | ૪=૦૦ |

* 'અભ્યાસ' ૧૯૬૧ થી દર મહિનાની છેલ્લી તારીખે પ્રસિદ્ધ થાય છે.

* અગાઉના ચાર વર્ષના પૂરા સેટની દરેકની કિ. રૂપિયા બાર. ટપાલખર્ચ, સેટ દીઠ રૂપિયા બે.

* વાર્ષિક લવાજમ દેશમાં રૂ. ૧૦/-. પરદેશમાં રૂ. ૧૫/- અગર શિલિંગ ૨૦/-. મ. ઑ. યા ચેકથી નીચેના સરનામે જ મોકલશો :

**'અભ્યાસ' કાર્યાલય, માવળંકર હવેલી, ભદ્ર, અમદાવાદ–૧**

# ખાંસીને દૂર કરો!

# ખાંસી

## માટે સત્વર, સચોટ, હાનિરહિત ઈલાજ

# ગ્લાયકોડીન

## ટર્પ વસાકા

આ ૬ વિશિષ્ટતાઓને લીધે ગ્લાયકોડીન ખાંસીનો શ્રેષ્ઠ ઈલાજ છે:




૧. વિવિધ પ્રકારની ખાંસીમાં એકધારી રીતે અસરકારક
૨. ડૉક્ટરોએ માન્ય રાખેલી સુયોજિત 'ફોર્મ્યુલા'
૩. બાળકો સહિત સૌને મનપસંદ મધુર સ્વાદ
૪. સૂચિત પ્રમાણમાં હાનિરહિત
૫. ચાર કિફાયત 'સાઈઝ'માં વેચાણ
૬. એલેમ્બિકની વિશ્વસનીય ઉત્કૃષ્ટતા

Alembic

**૩૦ ઉપરાંત વર્ષોથી ખાંસીનો ઘરગથ્થુ ઈલાજ**

GTV 1282 GUJ EVEREST



# સંઘરી રાખેલું સોનું



## દેશના વિકાસ-કાર્ય માટે ઉછીનું આપો

દેશને સોનાની જરૂર છે—ઉદ્યોગ માટે, ખેતી માટે અને સંરક્ષણ માટે. તમારું પડતર સોનું દેશને ઉપયોગમાં આવતું નથી, રાષ્ટ્રના ઉજ્જવલ ભાવિ અર્થે તેનું રોકાણ કરો— સુવર્ણ બૉન્ડમાં રોકો. રાષ્ટ્ર-નિર્માણ અર્થે તમારું સોનું વપરાય છે ત્યારે તે વધુ ઝળહળે છે. સુવર્ણ બૉન્ડના રૂપમાં તે વિશેષ મૂલ્યવાન બને છે.

**સ્ટેટ બૅન્ક**

**આપની સેવામાં**

LPE Aiyars. S. 91 GI

જ્યોતિ

## પાવર બીલમાં બચાવ

પંપ રચના, પાણીની આવક, ટકાઉ-પણું અને ચાલુ ખર્ચની દૃષ્ટિએ જ્યોતિ વર્ટીકલ ટરબાઈન પંપ ભારતભરમાં અગ્રીમ સ્થાને છે.

૪" થી ૨૪"વ્યાસના નલકૂપ માટે સુયોગ્ય.
કાર્યશક્તિઃ કલાકે ૪,૦૦,૦૦૦ ગેલન પર્યંત.
ચઢાવઃ ૩૦૦ ફૂટ સુધી.



*Quality is our Creed*

**જ્યોતિ લિમિટેડ,**
**વડોદરા-૩**

JY-884-GJ EVEREST

## શ્રી સયાજી સાહિત્યમાલા

| | | રૂ. ન.પૈ. |
|---|---|---|
| ૧ | **કહેવત કથાનકો**—પ્રણવતીર્થજી | ૬=૫૦ |
| ૨ | **પ્રો. ત્રિ. ક. ગજ્જરની જીવનકથા**—ડૉ. અશ્વિન ત્રિવેદી અને બીજા | ૪=૭૫ |
| ૩ | **ગુજરાતી ભાષાશાસ્ત્ર** (ભાગ ૨, ખંડ ૩)—કે. કા. શાસ્ત્રી | ૮=૦૦ |
| ૪ | **આપણું વિશ્વ**—છોટુભાઈ સુથાર | ૬=૮૦ |
| ૫ | **આપણી ખનિજસંપત્તિ**—ન. મૂ. શાહ | ૩=૦૦ |
| ૬ | **ભારતીય સંસ્કૃતિ**—(મૂળ લેખક: સ્વ. રમણલાલ વ. દેસાઈ) સંક્ષેપકાર: કિશોરકાન્ત યાજ્ઞિક | ૩=૦૦ |
| ૭ | **મીરાંબાઈ–એક મનન**—ડૉ. મંજુલાલ મજમુદાર | ૬=૭૫ |
| ૮ | **કૈલાસ**—સ્વામી પ્રણવતીર્થજી | ૧૦=૦૦ |
| ૯ | **અંબિકા, કોટેશ્વર અને કુંભારિયા**—કનૈયાલાલ ભાઈશંકર દવે | ૪=૨૫ |
| ૧૦ | **ઐતિહાસિક લેખસંગ્રહ**—પંડિત લાલચંદ ભ. ગાંધી | ૧૪=૦૦ |
| ૧૧ | **હરિભદ્રસૂરિ**—પ્રો. હીરાલાલ ર. કાપડિયા | ૮=૫૦ |
| ૧૨ | **માનવસર્જિત વસ્ત્રતંતુઓ**—શ્રી. પદ્મકાન્ત ર. શાહ | ૮=૦૦ |
| ૧૩ | **ભવાઈના વેશની વાર્તાઓ**—શ્રી. ભરતરામ ભા. મહેતા | ૨=૪૦ |
| ૧૪ | **શ્રીમદ્ ભાગવત (ગુજરાતી અનુવાદ)**—નાગરદાસ અમરજી પંડ્યા | ૬=૦૦ |
| ૧૫ | **ગુજરાત સ્થળનામ સંસદ વ્યાખ્યાનમાલા** | ૭=૦૦ |
| ૧૬ | **આધુનિક ગુજરાતના સંતો**—ડૉ. કેશવલાલ ઠક્કર | ૭=૦૦ |

## શ્રી સયાજી ગ્રામવિકાસમાલા

| | | |
|---|---|---|
| ૧ | **ઘઉં**—માર્તંડ શિવભદ્ર પંડ્યા | ૩=૦૦ |
| ૨ | **આબાદીને માર્ગે**—કેશવલાલ વ્યાસ | ૧=૭૫ |
| ૩ | **લોકનાટ્ય અને ગામડું**—જશવંત ઠાકર | ૧=૨૦ |
| ૪ | **ગુજરાતની જમીનો અને તેનું સંરક્ષણ**—કાન્તિલાલ સી. પટવા | ૨=૩૦ |
| ૫ | **સમાજશિક્ષણ**—શાન્તિલાલ શાહ | ૨=૮૦ |

પ્રાપ્તિસ્થાન :

યુનિવર્સિટી પુસ્તકવેચાણ વિભાગ,

**મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી પ્રેસ,
રાજમહેલ દરવાજા પાસે, રાજમહેલ રોડ,
વડોદરા**

# સ્વાધ્યાય

## સ્વાધ્યાય અને સંશોધનનું ત્રૈમાસિક

૧. વર્ષમાં ચાર અંક બહાર પડશે—દીપોત્સવી અંક, વસન્તપંચમી અંક, અક્ષય-તૃતીયા અંક અને જન્માષ્ટમી અંક.

૨. **લવાજમ :**

—ભારતમાં....રૂ. ૧૨=૦૦ ન.પૈ. (ટપાલ ખર્ચ સાથે)

—પરદેશમાં, યુનાઈટેડ સ્ટેટ્સ ઑફ અમેરિકા માટે....૩ ડૉલર

યુરોપ અને અન્ય દેશો માટે....૨૨ શિલીંગ

૩. આખા વર્ષના ગ્રાહકો વર્ષની શરૂઆતથી જ નોંધવામાં આવશે.

૪. **જાહેરાતો :**

આ ત્રૈમાસિકમાં જાહેરાતો આપવા માટે લખો—

સંપાદક, 'સ્વાધ્યાય', પ્રાચ્યવિદ્યા મન્દિર, પોસ્ટ બૉકસ નં. ૭૫, વડોદરા.

૫. **લેખકોને વિજ્ઞપ્તિ**

'સ્વાધ્યાય'માં પ્રસિદ્ધ થવા માટે, પાનની એક જ બાજુએ, શાહીથી સુવાચ્ય અક્ષરે લખેલા લેખો મોકલવા લેખકોને વિનંતી છે; શકય હોય તો લેખ ટાઈપ કરી મોકલવા વિનંતી છે.

પ્રાચ્યવિદ્યા મંદિર,
પો. બૉકસ નં. ૭૫,
**વડોદરા.**

**સંપાદક**

મુદ્રક: શ્રી રમણલાલ જીવણલાલ પટેલ, મૅનેજર, ધી મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઑફ બરોડા પ્રેસ (સાધના પ્રેસ), રાજમહેલ રોડ, વડોદરા. પ્રકાશક: ડૉ. ભોગીલાલ જ. સાંડેસરા, નિયામક, પ્રાચ્યવિદ્યા મન્દિર, મ. સ. વિશ્વવિદ્યાલય, વડોદરા, નવેમ્બર ૧૯૬૬.



હનુમાન ધડો : નગરા
જુઓ નગરા વિષેનો લેખ, પૃ. ૧૦૨
[ આકૃતિ ૧ ]